# કૃપાસિંધુ સંતો

(દલિત-પિડિત સમાજના ઉદ્ધારક સંતો)

## હરીશ વટાવવાળા

—: પ્રકાશક :—

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ.

મો. નં. ૯૮૭૯૪ ૪૪૭૬૩

Krupasindhu Santo
By : Hareesh Vatavwala

Published by : M. M. Sahitya Prakashan,
Mahavir Road, Anand.

2010

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૦

© હરીશ વટાવવાળા

મૂલ્ય :

ટાઈપ સેટીંગ :

: પ્રકાશક :

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ.

મો. નં. ૯૮૭૯૪ ૪૪૭૬૩

: મુદ્રક :

**અર્પણ પ્રિન્ટરી**

રાધાસ્વામી ચેમ્બર, ભાલેજ રોડ, આણંદ.

ફોન : (૦૨૬૯૨) ૨૫૫૯૬૨

## :: અર્પણ ::

સાધુ ઈશ્વરચરણ સ્વામી
અને
સાધુ ત્યાગવલ્લભસ્વામીને

જે છું, જેવો છું, તમારી સામે છું,
લોકની માફક નહીં, મ્હોરા સજું.

—હરીશ વટાવવાળા

## હરીશ વટાવવાળાનું લેખન - સર્જન

| | |
|---|---|
| નવલકથા | : ઓગળતી ભીનાશનાં મૃગજળ (૧૯૯૧)<br>ડૂમો (૨૦૦૩) અહીં આંસુ ત્યાં દર્પણ (૨૦૦૪)<br>આયનામાં એકલતા (૨૦૦૯)<br>ભીની ભીની સાંજ (૨૦૧૦)<br>પછીત (૨૦૧૦) |
| કવિતા | : સૂરજ ઊગવાની ક્ષણ (૨૦૦૩)<br>દર્પથી દર્પણ (૨૦૦૦)<br>મોરપીંછ મંજીરા (૨૦૧૦) |
| જીવનલક્ષી | : અશક્યને શક્ય બનાવો (૨૦૦૬-૨૦૦૮-૨૦૧૦)<br>અંધકારમાં તેજકિરણ (૨૦૦૭) |
| બાળ-સાહિત્ય | : વિક્રમ -વેતાળની કિશોર કથાઓ (૨૦૦૫-૨૦૦૮-૨૦૧૦) |
| વિવેચન | : અંગત-સંગત (૨૦૦૩)<br>અક્ષરનો ઉત્સવ (૨૦૦૪)<br>અનાગત (૨૦૦૯) |
| સંશોધન | : ગઝલ : પરંપરા, પરિવર્તન અને પ્રયોગ (૨૦૦૫) |
| ચિંતન | : આત્મજ્યોતિના અજવાળાં (૨૦૧૦) |
| સંત ચરિત્ર | : પરબ્રહ્મના ચરણમાં (૨૦૦૬) |

| | | |
|---|---|---|
| સંત સત્સંગ | : | ઊંચી મેડી સંતની (૨૦૧૦) |
| | | કૃપાનિધિ સંતો (૨૦૧૦) |
| | | ત્યાગમૂર્તિ સંતો (૨૦૧૦) |
| | | સંગમ તીર્થ સંતોઃ (૨૦૧૦) |
| | | કૃપાસિંધુ સંતો (૨૦૧૦) |
| ચરિત્ર | : | અમીર નગરીનો ફકીર બાદશાહ : ઈન્દુલાલ યાજ્ઞિક* (૨૦૧૦) |
| સંપાદન | : | વિશ્વકવિતા (૧૯૯૫) |
| | | આંખ મીંચુ ત્યાં તમે યાદ આવ્યાં (૨૦૦૫) |
| | | (કવિ ડાહ્યાભાઈ પટેલની પ્રતિનિધિ ગઝલો.) |
| | | ધ્વનિ -પ્રતિધ્વનિ (૨૦૦૮) |
| | | (કવિ ડાહ્યાભાઈ પટેલની પ્રતિનિધિ ગઝલોના આસ્વાદ) |
| | | મોહન પરમાર : વાર્તા આસ્વાદ અને અધ્યયન (૨૦૦૮) |
| | | શિક્ષણ સંવાદ (૨૦૧૦) |
| | | (ડૉ. પ્રતાપ પંડ્યાના શિક્ષણ વિષયક લેખો) |
| સેલ્ફ ડેવલપમેન્ટ | : | કાર્યક્રમનું સંચાલન કેવી રીતે કરશો ?* (૨૦૦૯-૨૦૦૯) (૨૦૧૦-૨૦૧૦) |

* આ નિશાનીવાળા પુસ્તકો : ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગે 'વાંચે ગુજરાત' યોજના અંતર્ગત પસંદગી કરેલ છે.

# સંત દ્વારેથી...

સંતો સમાજના સંસ્કૃતિ રક્ષક, ધર્મરક્ષક અને સમાજરક્ષકો છે. સાથે સાથે ભક્તિસાહિત્યની પણ ચિંતા કરતા રહ્યા છે. અહીં એવા સંતોના જીવનચરિત્રોને આલેખવામાં આવ્યાં છે કે જેમણે પોતાનું સર્વસ્વ શ્રીહરિચરણે ન્યોછાવર કરી દીધું હતું. આ સંતોમાં ભગવાનનો આશરો અને સ્વરૂપનિષ્ઠા, ભક્તિ ને વિરક્તિ, તપ અને ત્યાગ, સેવા અને સમર્પણ, શ્રદ્ધા અને મુમુક્ષુતા, દૃઢ નિશ્ચય, અટલ ટેક, કથાવાર્તા અને ભક્તિનું વ્યસન જેને વળગ્યું છે તેવા નિર્માની અને મન, વચન, કર્મથી ઈશ્વરની ભક્તિ કરી ઈશ્વર સાથે એક તાર થઈને નાતો બાંધી આ જન્મ તો સુધાર્યો છે. પણ અનેક જન્મોનું ભાથું તૈયાર કરવાની ભૂમિકા પણ તૈયાર કરી લીધી છે. એટલું જ નહિ, દલિત-પીડિત સમાજના ઉદ્ધાર માટે પોતે પીડા ભોગવી છે અને લોકોનો ઉદ્ધાર કર્યો છે. લોકોના દુઃખો દૂર કર્યાં છે, વ્યવહારો સાચવ્યા છે અને દલિતોની પડખે ઊભા રહ્યા છે.

સંતોનું જીવન હંમેશા પ્રેરણારૂપ રહ્યું છે તેમના દ્વારા કેટલાંકના જીવનમાં અદભૂત પરિવર્તનો આવ્યાં છે અને જીવન આદર્શરૂપ બની ગયાં છે. આ યુગ ભૌતિકયુગ છે. લોકો ભૌતિક સંપત્તિ ભેગી કરી રહ્યાં છે. લોકોમાંથી ભક્તિ અને આધ્યાત્મિકતા વિસરાઈ ગઈ છે. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારનો લોપ થઈ રહ્યો છે, ત્યારે 'ત્યાગીને ભોગવો' એમ ઈશાવાસ્યમ્ ઉપનિષદમાં

કહેવાયું છે એ ઉત્તમ ત્યાગભાવ અહીં આલેખવામાં આવેલ સંતોમાં જોવા મળે છે. એટલું જ નહિ, સામાજીક, રાજકીય અને ધાર્મિક સંઘર્ષો વચ્ચે પણ આ સંતોએ ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ કર્યું છે. જીવતરનું પૂરું મૂલ્ય સમજીને પ્રતીક્ષણ જાગૃત અવસ્થામાં જ જીવ્યા છે.

આ સંતોએ સમાજને નવી દિશા ચીંધવા, સમાજને સદ્‌માર્ગે વાળવાના, વ્યસનમુક્ત કરવાના, રાષ્ટ્રભાવના બળવત્તર કરવાના અને સંસ્કૃતિનું રક્ષણ કરવાના સતત પ્રયત્ન અને પ્રયાસ કર્યા છે. જાતિ- જ્ઞાતિના ભેદ ભૂલાવીને લોકોને સદ્‌માર્ગે વાળ્યા છે. મધ્યકાળમાં ધર્માંતરની પ્રવૃત્તિ સતત ચાલી રહી હતી ત્યારે પણ પ્રજામાં ભક્તિઆંદોલનો જગાવી ધર્મરક્ષક અને સત્ય પથદર્શક જ્યોતિર્ધર સંતોએ વિશ્વને અભિનવ સંદેશો આપી માણસનું હિત ઈચ્છ્યું છે. તેમજ ભારતની ગરિમાનું અને એના ગૌરવનું સતત રક્ષણ કર્યું છે.

સંતોએ તો ધાડપાડુઓ, ડાકુઓ, ઘરફોડ ચોરો, લુંટારાઓ તેમજ કાઠી દરબારો અને અન્ય લોકોમાંવ્યાપી ગયેલા વ્યસનો જેવાં કે : દારૂ, તાડી, અફિણ, ગાંજો, તમાકું અને માંસાહાર, તેમજ સ્ત્રી-પુરુષોના અવૈદ્ય સંબંધો, પ્રાણી હિંસા, નર બલિદાનો અને ભુવા-જાગરિયા, ફકીરો, બની બેઠે લા સાધુ-બાવાઓની ભ્રમજાળમાં અને ચમત્કારોમાંથી પ્રજાને છોડાવીને સમાજ જીવનની સાચી દિશાનો માર્ગ બતાવ્યો છે. પ્રજા શુદ્ધ, પારદર્શી, અને પરિશુદ્ધ જિંદગી જીવે તે માટે સંતશ્રી મેઘમાયા, સંતશ્રી વેમન, સંતશ્રી ચોખામેળા, ગુરુ રવિદાસ, કબીરજી, ભીમ સાહેબ, ભાણ સાહેબ, ત્રિકમ સાહેબ, દાસી જીવણ, મોરાર સાહેબ, ખીમ સાહેબ વગેરે સંતોએ સમાજની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે. દલિત અને પિડીત વર્ગમાંથી આવતા આ સંતોએ સમાજ ઉત્થાનનાં કાર્યો કર્યાં છે.

આવા અનેક સંતોએ હમેશાં લોક કલ્યાણની ચિંતા કરી લોક માનસને ઘડવાનું, વ્યવહારો અને વર્તણૂંકમાં સુધારો કરવાનું, સાદી અને સરળ જિંદગી જીવવાનું અને લોકને સાચી દિશા બતાવવામાં સદ્‌કાર્યો કર્યાં છે લોકોની મૂંઝવણો દૂર કરી માર્ગદર્શક બન્યા છે તો લોકોના સારા- નરસા પ્રસંગો અને વ્યવહારો પણ સાચવ્યા છે. પ્રજામાં રહેલાં દૂષણો દૂર થાય અને પ્રજા કઈ રીતે અને કેવી રીતે સદ્‌માર્ગે વળે તે માટે સતત પ્રયત્નો કર્યા છે. એટલું જ નહિ, ચિંતનશીલ પણ રહ્યા છે.

જ્ઞાનની અને સેવાની પરબ લઈને બેઠેલા આ સંતોએ કેટલાંયના જીવનમાં જ્ઞાનની તૃષા છીપાવી છે, જ્ઞાનનો પ્રકાશ પાથર્યો છે અનેસાચી દિશા બતાવી છે. તો દલિત-પીડિત પ્રજાને સહારો આપી પ્રજા વચ્ચે મૂકી પ્રતિષ્ઠીત કર્યા છે. એવા જાણીતા છતાં ઈતિહાસના અતિતમાં ખોવાઈ ગયેલા સંતોના દિવ્યજીવન અને તેમનાં દિવ્યકાર્યોનું અક્ષરદેહમાં પુનઃસ્થાપન કરી તેમનો અભ્યાસયુક્ત અને તુલનાત્મક પરિચય કરાવવાનો પ્રયત્ન કર્યો છે.

અહીં આ ગ્રંથમાં નથી તેવા કેટલાક સંતોના જીવનચરિત્રો મેં મારા અન્ય ગ્રંથો : 'ઊંચી મેડી સંતની, કૃપાનિધિ સંતો, ત્યાગમૂર્તિ સંતો, અને સંગમતીર્થ સંતોમાં સમાવેશ કરેલ છે. જેનું પ્રકાશનઃ 'સાહિત્ય સંગમ' સાહિત્ય પ્રકાશન, સૂરત દ્વારા કરવામાં આવ્યું છે તેમ છતાં કેટલાક ઉત્તમ સંતો રહી જવા પામ્યા હોય, તેવું પણ બન્યું છે.

અહીં કોઈ એક જ ધર્મ, સંપ્રદાય, મઠ, પીઠ, ફિરકાઓના સંતોનો પરિચય નથી પણ જે સંતોએ ધર્મક્ષેત્રે, આધ્યાત્મિક ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, અનેસાહિત્ય ક્ષેત્રે ઉચ્ચ ભૂમિકાએ રહીને અદ્વિતીય કાર્યો કર્યાં છે. એવા સંતોનો પરિચય કરાવ્યો છે. તેમાં ઘણું ઘણું સંશોધન કરીને સત્યને તારવવાનો પ્રયત્ન કર્યો છે. એના માટે વર્ષો સુધી અભ્યાસનું તપ કર્યું છે. એ અભ્યાસને કારણે સાહિત્યજીવનની મારી નવી જ દિશા ખૂલી છે. જેને કારણે આપણા સંતોનો તુલનાત્મક અભ્યાસ પણ રજૂ થયો છે. તેમ છતાં તેમના ઘણાં ઉત્તમકાર્યો અને તેમના વિશિષ્ટ વ્યક્તિત્વને પ્રકાશમાં લાવવાનું હું કદાચ ચૂકી ગયો હોઉં તેવું પણ બન્યું હોય ! મધ્યકાળ અને અર્વાચીન કાળના સંતો માટે અભ્યાસ કરનાર અભ્યાસુ માટે આ ગ્રંથ 'કૃપાસિંધુ સંતો' તેમજ ઉપર જણાવેલ અન્ય ગ્રંથો ઘણાં જ અભ્યાસલક્ષી અને ઉપયોગી બની શકે તેમ છે.

મારા આ પ્રયત્નમાં ઘણા મિત્રોનો સહકાર મળ્યો છે. પરંતુ મને સંતોના જીવન અને કવન વિશે લખતો કરવા માટે મિત્ર સતીશ ડણાકે તેમના તંત્રી પણા હેઠળ પ્રકટ થતા જીવનલક્ષી સામયિક 'જલારામદીપ'માં 'સંતચરિત્ર દર્શન' કૉલમ અંતર્ગત લખવાનું ન કહ્યું હોત તો અહીં નિર્દેશીત અને અનિર્દેર્શિત સંતોનાં ચરિત્રો હું આલેખી શક્યો ન હોત ! બીજું કે સુરતથી પ્રકટ થતા લોકપ્રિય દૈનિક 'ગુજરાત મિત્ર'ની સોમવારની 'સત્સંગ' પૂર્તિમાં દર સપ્તાહે 'સંત સત્સંગ' કૉલમ લખવા માટે આગ્રહ કરનાર મુરબ્બી સ્વ. નવીનચંદ્ર પંડ્યા અને 'ગુજરાત મિત્ર'ના નિવાસી તંત્રીશ્રીએ ઉશ્કેર્યો ન હોત તો પણ હું સંતોનાં જીવનચરિત્રોનું આલેખન કરી શક્યો ન હોત ! આજે હું આ બધા મિત્રોના પ્રયત્નોથી લોકપ્રત્યક્ષ થયો છું અને મારી સાહિત્યક્ષેત્રે એક આગવી ઓળખ ઊભી કરી શક્યો છું.

'કૃપાસિંધુ સંતો' ગ્રંથને પ્રકાશ આપવાનું અને મારા કાર્યને લોક પ્રત્યક્ષ કરવાનું કાર્ય 'એમ.એમ. સાહિત્ય પ્રકાશન' સંસ્થા-આણંદના સંવાહક શ્રી યાકુબભાઈ મલેકે કર્યું તે બદલ તેમનો આભાર વ્યકત કરું છું.

—હરીશ વટાવવાળા

તારીખ : ૧૨-૦૬-૨૦૧૦

'અક્ષરા'
એ/૬૦, વિષ્ણુકુંજ - ૧,
રાજેશ ટાવર પાછળ, ગોત્રી રોડ,
વડોદરા- ૩૯૦૦૨૩.
મોબાઈલ નંબર : ૯૫૭૪૧૧૮૩૬૯
ટે.નં. : (૦૨૬૫)૨૩૯૭૨૭૮ (નિ.)

# : અનુક્રમણિકા :


| | | |
|---|---|---|
| ૧. | સંતશ્રી મેઘમાયા | ૧ |
| ૨. | સંતશ્રી વેમન | ૧૧ |
| ૩. | સંતશ્રી નામદેવ | ૨૧ |
| ૪. | સંતશ્રી ચોખામેળા | ૩૧ |
| ૫. | સંત કવયિત્રી લલ્લેશ્વરી | ૪૦ |
| ૬. | સંત કવયિત્રી તોરલ | ૪૭ |
| ૭. | ભક્ત કવિ ગુરુ રવિદાસ | ૬૨ |
| ૮. | કબીરજીનો રહસ્યવાદ | ૭૬ |
| ૯. | યુગદ્રષ્ટા કબીરજી | ૯૨ |
| ૧૦. | કબીરજીનાં પદોમાં કાગડો | ૧૦૨ |
| ૧૧. | કબીરજી અને વ્યસનમુક્તિ | ૧૦૪ |
| ૧૨. | દેવાયત પંડિત | ૧૧૬ |
| ૧૩. | ભક્ત કવયિત્રી મીરાંબાઈ | ૧૨૮ |
| ૧૪. | સંત કવયિત્રી બાવરી સાહિબા | ૧૩૫ |
| ૧૫. | આત્મજ્ઞાની સંતશ્રી લોયણ | ૧૪૪ |
| ૧૬. | સંત બહેણાબાઈ પાઠક | ૧૫૭ |
| ૧૭. | સંત તુકારામ | ૧૬૨ |
| ૧૮. | સ્વામી શ્રી સુંદરદાસજી | ૧૭૧ |
| ૧૯. | સંતશ્રી ભીમ સાહેબ | ૧૭૯ |
| ૨૦. | સંતશ્રી દાદા મેકરણ | ૧૯૦ |
| ૨૧. | ત્રિકમ સાહેબ | ૨૦૯ |
| ૨૨. | ભક્ત કવિ સંતશ્રી નિરાંત મહારાજ | ૨૨૩ |
| ૨૩. | મહાત્મા મૂળદાસજી | ૨૩૫ |
| ૨૪. | ભક્તરાજ દાસીજીવણ | ૨૪૨ |
| ૨૫. | મોરાર સાહેબ | ૨૫૦ |
| ૨૬. | ભાણ સાહેબ | ૨૫૫ |
| ૨૭. | રવિ સાહેબ | ૨૬૪ |
| ૨૮. | પ્રેમાનંદ (પ્રેમસખી) | ૨૭૦ |
| ૨૯. | ભક્ત કવિ મીરમુરાદ | ૨૭૪ |
| ૩૦. | સંત દેવ ડુંગરપુરી | ૨૮૩ |
| ૩૧. | ખીમ સાહેબ | ૨૯૧ |
| ૩૨. | સંત કવયિત્રી ગંગાસતી | ૩૦૦ |
| ૩૩. | ભગિની નિવેદિતા | ૩૦૯ |
| ૩૪. | શ્રી શ્રી આનંદી મા | ૩૧૭ |
| ૩૫. | શ્રી શ્રી મા આનંદમયી | ૩૨૧ |
| ૩૬. | મા હરેશ્વરી દેવી. | ૩૩૪ |

# ૧. સંતશ્રી મેઘમાયા

(અગિયારમી સદીનો ઉત્તરાર્ધ)

ઈ.સ. ૧૧૩૮નો સમય એ સમયે ગુર્જર ગાદી ઉપર સિદ્ધરાજ જયસિંહનું રાજ હતું અને આનર્ત પ્રદેશની પાટણનગરી એ ગુજરાતનું પાટનગર હતું. એ સમયે પાટણમાં દલિતવર્ગમાં 'મેઘમાયા' નામના સંત થઈ ગયા. એમની જન્મ સાલ મળતી નથી પણ અવસાનનો સમય પ્રાપ્ત થાય છે. તે સંવત ૧૧૯૪ના મહાસુદ બીજના દિવસે માયાદેવ સરસ્વતી તીરે છેલ્લો શિવપાટ આરાધ્યો. મહા માસના છઠના દિવસે સિદ્ધરાજ જયસિંહે તેમનું ભવ્ય સામૈયું કર્યું અને સાતમના દિવસે સહસ્ત્ર લીંગ તળાવમાં હાલ જ્યાં માયા ટેકરી નામનું સ્થળ આવેલું છે, તે જગ્યાએ માયાદેવનું બલિદાન અપાયું. રાજાએ માયાદેવના બલિદાનને વીર માયાદેવના બલિદાન તરીકે સ્વીકાર્યું અને તેમની સમગ્ર જાતિને 'મેઘવાળ' જાતિ એવું નામ આપ્યું. એનો એ અર્થ એવો તારવી શકાય કે મેઘને વાળીને પાટણમાં અમિવર્ષા કરાવી.

આ સંતનો જન્મ થતા પહેલાં તેમની માતા ખેમીબાઈને એકનું એક સ્વપ્નું સાત દિવસ સુધી સતત આવવા લાગ્યું. લોકોક્તિ અનુસાર વહેલી સવારે ખેમી બાઈ મીઠી નિદ્રા માણી રહ્યાં હોય ત્યારે તેમને સ્વપ્નામાં એક ઊગતા સૂર્ય જેવી પ્રકાશિત જ્યોત દેખાતી હતી. એ જ્યોત ઘરનાં દ્વારા બંધ હોવા છતાં ઘરમાં પ્રવેશે







અને ઘરમાં માટીની ઓટલી ઉપર સ્થિર થાય અને આખું ઘર ઝળહળી ઊઠે. થોડો સમય ઝળહળાટ રહે અને પછી એનું સમન થઈ જતું હતુ ! આમ સતત સ્વપ્નામાં બનવાથી તેમણે સ્વપ્નાની વાત તેમના પતિ ધમરશીને કરી. તેમના પતિ મનોમન જાણી ગયા કે સિદ્ધાત્માનો મારે આંગણે અવતરવાના છે. પણ તેમના મનની વાત તેમણે તેમની પત્નીને કરી નહિ. એમણે તો એમ કહ્યું કે, 'પ્રસુતિના સમયે દરેક સ્ત્રીને અવનવાં સ્વપ્નાં આવતાં જ હોય છે. !' એમ કહી વાતને ટાળી દીધી. પરંતુ ખેમીબાઈએ આ સ્વપ્નાને જીવનભર યાદ રાખ્યું. પુરા માસે પુત્રનો જન્મ થયો. પુત્રના જન્મ સમયે સર્વત્ર તેજ છવાઈ ગયું. બધું ઝળાંહળાં થઈ ગયું. પણ આ માયાવી સ્વપ્નાંને કારણે પુત્રનું નામ પણ માયા રાખ્યું. પણ આ વાત સમય જતાં વિસરાઈ ગઈ.

માયા દસ વર્ષનો થયો ત્યારે દલિતોની વસ્તીમાં 'શરણપંથી' સાધુઓ આવ્યા અને તેમણે ખેમીબાઈને ત્યાં ઉતારો કર્યો. આ સંપ્રદાયના મુખ્ય આચાર્ય બસવ દક્ષિણ ભારતના મ્હૈસુર રાજ્યમાં રહેતા હતા. આ સંપ્રદાયવાળા 'બસવપુરાણ'ને માને છે તેઓ માને છે કે, જાતિભેદ મુદ્દલ પાળવો નહિ, શિવ તથા તેના નંદીને ભજવાથી કલ્યાણ થાય છે. ગળામાં શિવલિંગ રાખવું, માંસાહાર કરવો નહિ, કોઈ વસ્તુ ઈશ્વર-લિંગ-ને અર્પણ કર્યા વિના

ખાવીકે વાપરવી નહિ. મૂળે તો આ સંપ્રદાય (શરણપંથ) લિંગાયત પંથ અથવા તો શિરશૈવ સંપ્રદાયમાંથી અલગ થયેલો સંપ્રદાય છે. પરંતુ બસવેશ્વરે શિવલિંગ પુજા કાયમી રાખી. બસવેશ્વર પોતે જ રાજ્યનો સત્તાધારી હતો. રાજ્ય સત્તા પોતાના હાથમાં હોવાથી શામ, દામ, દંડ, અને ભેદથી પંથની વૃદ્ધિ કરવા પ્રયત્ન કર્યો. જાતિભેદ તેમના રાજ્યમાં નહોતો. સર્વેને માટે આ સંપ્રદાયમાં દાખલ થવાના દરવાજા ખુલ્લા રાખ્યા. તેથી દરેક જાતિએ આ સંપ્રદાય સ્વીકાર્યો અને દલિત - સવર્ણો (બ્રાહ્મણ) સર્વ એક પંગતે બેસી જમતા પણ ખરા. રાજ્યનો ખજાનો બસવેશ્વરના હાથમાં હોવાથી તે પોતાના સંપ્રદાયના અનુયાયીઓને મદદ પણ કરતો હતો. જેને કારણે ચોર, વ્યભિચારી, દુવ્યર્સની, કુછંદી, લાલચુ, આળસું અને દલિતવર્ગ વિશેષ જોડાયો. ઊંચ-નીચ કે છૂત-અછૂતના ભેદ આ સંપ્રદાયમાં નથી. જે આ સંપ્રદાયમાં આવે તેની જાતિ આપોઆપ નષ્ટ થઈ જતીહતી. તેવું આ પંથના લોકો માનતાં હતાં.

દશ વર્ષના માયાને જોઈને 'શરણપંથ' ના સાધુઓને લાગ્યું કે, આ તો કોઈ અલૌકિક આત્મા છે અને ખેમીબાઈ પાસેથી માયાના જન્મ પહેલાં આવેલા સ્વપ્ના વિશે વાત સાંભળી અને 'શરણપંથ' ના સાધુઓએ માયાના ભવિષ્યની આગાહી કરી કે આ કોઈ મહાન સંત, અને સમાજસુધારક થશે અને જ્ઞાતિ-જાતિનું નામ ઉજ્જવળ કરશે. તેમજ અસ્પૃશ્ય સમાજનો ઉદ્ધાર કરશે.







માયાએ અને તેમનાં માતા-પિતાએ પણ 'શરણપંથ'નો સ્વીકાર કર્યો. ત્યારપછી સાધુઓએ માયાને 'માયાદેવ' એવું નામાભિધાન કર્યું. માયાદેવને 'શિવ પાટ' આરાધનાના ગુરુપદે સ્થાપીને અસ્પૃશ્ય સમાજમાં પાટ પરંપરાને આગળ ચલાવવાનો આદેશ આપ્યો.

માયાદેવ વિશે આજે પણ કેટલીક નિશાનીઓ પ્રાપ્ત થાય છે.જે 'માયાવેલ' અને 'પાટ ઉત્પત્તિ'ની કથામાં સચવાયું છે. એમનો જન્મ સમય લગભગ વિક્રમની અગિયારમી સદીના ઉત્તરાર્ધની આસપાસના સમયમાં થયેલો જણાય છે. તેમના પૂર્વજો હાલના ધોળકા પાસેના ધવલપુર ગામના છેવાડે રહેતા હતા અને જ્યારે સિદ્ધરાજે સહસ્ત્રલિંગ તળાવ બંધાવવાની શરૂઆત કરી તે સમય દરમિયાન આખાય સમાજ સાથે પાટણના સિમાડે સરસ્વતી નદીના પૂર્વ કિનારે આવીને વસ્યા.

આ સમય એવો હતો કે અસ્પૃશ્ય સમાજની કોઈ પણ વ્યક્તિને સવારે કે સાંજે ગામમાં પ્રવેશ બંધી હતી. તેમનો તો કોઈ સ્પર્શ ન કરે પણ તે પણ કોઈનો સ્પર્શ ન કરી શકે ! ગામમાં પ્રવેશતાં મુખેથી અવાજ કરવાનો અને ધૂળમાં રસ્તા પર પડતાં પગલાંની છાપ ભૂંસવા માટે કમરે ઝાંખરું બાંધવું પડે. કોઈનીય ઉપર પડછાયો ન પડી જાય તેની કાળજી રાખવી પડતી. એવે સમયે મેઘમાયાનો જન્મ થયો હતો.

મેઘમાયાએ પચીસ વર્ષની ઉંમરે ગુરુપદ મેળવી સમગ્ર અસ્પૃશ્ય જાતિઓના તેઓ ગુરુ થયા અને 'શરણપંથ' ના સાધુ થયા. ત્યારબાદ તેમણે પાટણ શહેરના પૂર્વ સીમાડાએ વહેતી સરસ્વતી નદીને કાંઠે પ્રથમ શિવપાટની આરાધના કરી. તેમાં તમામ અસ્પૃશ્ય જાતિઓને નિમંત્રી તેમને કંઠી બાંધી શિષ્યો બનાવ્યા. એ રીતે જોઈએ તો વીર માયાદેવ અસ્પૃશ્યોના સર્વ પ્રથમગુરુ કહેવાયા.

માયાદેવ ગુરુપદે સ્થપાયા તેથી હિન્દુ સમાજમાં અને ખાસ કરીને બ્રાહ્મણોમાં ખળભળાટ મચી ગયો. માયાની પાછળ 'દેવ' શબ્દ મૂકવામાં આવ્યો તેથી બ્રાહ્મણો ખૂબ જ ક્રોધે ભરાયા અને અસ્પૃશ્યોમાં થતી જ્ઞાતિ સમાનતાની વાતોનો સખત વિરોધ કર્યો. આ વિરોધ તે વખતના ગુજરાતના મહારાજ સિદ્ધરાજ જયસિંહ આગળ રજૂ કર્યો. સિદ્ધરાજે બ્રાહ્મણોને આશ્વાસન આપી યોગ્ય ઉપાય કરશે એમ જણાવ્યું. સિદ્ધરાજે ગુપ્તચરો મારફતે માયાદેવ વિશેની સઘળી માહિતી એકઠી કરી. તેમણે વિચાર્યું કે જો માયાદેવને જેલમાં પુરવામાં આવશે કે તેની હત્યા કરવામાં આવશે તો અસ્પૃશ્યો પાટણ -ગુજરાત - છોડીને જતા રહેશે. જેથી મેલું ઉપાડવું, સફાઈ, ઢોર ખેંચવા વગેરે કામો કોણ કરશે ? જેને કારણે રાજ્યમાં ગંદકીનો નિકાલ થશે નહિ અને રોગ ચાળો ફાટી નીકળશે. તેથી તેમણે મંત્રીઓની તથા રાજગોરની સલાહ લઈ યોગ્ય ઉપાય પ્રયોજવા







વિચાર કર્યો. દરમિયાન સહસ્ત્રલીંગ તળાવનું કામ પૂર્ણ થયું. આ કામ તે સમયમાં શિલ્પ અને સ્થાપત્યમાં પ્રવિણ ઓડજાતિ દ્વારા શહસ્ત્રલીંગ તળાવનું બાંધકામ કરાવ્યું. તળાવ તો ખોદાઈ ગયું. શિવજીને અર્ઘ્ય અર્પણ કરી તેની ચારે તરફ સહસ્ત્ર લીંગની સ્થાપના કરી. શિલ્પ અનેસ્થાપત્યથી સુશોભિત આવું તળાવ આજે પણ ગુજરાતમાં અન્ય નથી. તળાવનું ખોદકામ પૂર્ણ થયું. પણ સિદ્ધરાજની દૃષ્ટિ રૂપ રૂપના અંબાર સમી જસમા ઓડણ ઉપર ઠરી. જસમા ઓડણ તો સતી હતી. એણે રાજાને રોક્યો. તે પરણિત હતી એમ પણ રાજાને જણાવ્યું તેમ છતાં રાજા માન્યો નહિ. એટલે રાજાએ કરેલી છેડતી તે સહન કરી શકી નહિ. તેને લાગ્યું કે રાજાએ સમગ્ર ઓડ જાતિનું અપમાન કર્યું છે. જેને કારણે તેને હાડોહાડ લાગી આવ્યું અને રાજાને શ્રાપ આપતાં જણાવ્યું કે, 'જે તળાવ અમારી જાતિ દ્વારા ખોદાવ્યું છે, તે તળાવમાં પાણી ટકશે નહિ.' અને ખરેખર એમ જ બન્યું. એ વર્ષે ખૂબ જ વરસાદ પડ્યો. વર્ષાઋતુ પૂરી થતામાં તો તળાવનું પાણી શોષાઈ ગયું ! રાજાને ફાળ પડી કે જસમા ઓડણનો શ્રાપ સાચો પડ્યો છે. શ્રાપના નિવારણ માટે રાજાએ રાજયના પંડિતો અને બ્રાહ્મણોની સભા બોલાવી અને સલાહ આપવા જણાવ્યું. બ્રાહ્મણો 'માયા દેવ' પ્રત્યે ગુસ્સામાં તો હતા જ. એટલે તેમણે સલાહ આપતાં જણાવ્યુંકે, 'કોઈ બત્રીસ લક્ષણા પુરુષનું બલિદાન અપાય તો સહસ્ત્રલીંગ તળાવમાં પાણી ટકી શકે !'

અને એવો આ આનંર્તપ્રદેશ પાણીની તંગીથી ટળવળતો પ્રદેશ હતો. માનવો, પશુ, પંખી માટેની તંગીનું નિવારણ થતું હોય તો ઘણા લોકો પોતાનું બલિદાન આપવા તૈયાર હતા. પરંતુ બ્રાહ્મણોને તો માયાદેવનું બલિદાન જોઈતું હતું. જેથી અસ્પૃશ્યોમાં જાગૃતિ ફેલાતી અટકી જાય ! તેમણે માયાદેવને બત્રીસ લક્ષણો પુરુષ તરીકે જાહેર કરાવી દીધા અને માયાદેવ માનવતાના આ કાર્ય માટે પોતાનું બલિદાન આપવા તૈયાર છે. તેવું જાહેર કરાવી દીધું. તે સમયે દલિતોને પોતાનો નિર્ણય લેવાનો અધિકાર પણ નહોતો !

માયાદેવ બ્રાહ્મણોની ચાલાકીને સમજી ગયા  પણ જો તેઓ ભાગી જાય તો તેમના સમજાની દરેક વ્યક્તિને સહન કરવાનું થાય અને કદાચ અસ્પૃશ્યોની રાજા કતલ પણ કરાવી નાંખે તો ! આ વિચાર આવતાં જ તેઓ બલિદાન આપવા તૈયાર થયા અને તેની જાણ રાજાને પણ કરી. પણ તેમણે કેટલીક શરતો રજૂ કરી, એ શરતો તે :

(૧) જાતિપ્રથાના રૂપની સંમતિ માંગી.

(૨) હિન્દુ સમાજની જાતિઓ પ્રમાણે તેમની પણ જાતિઓ હોય અને તે જાતિઓ વચ્ચે કોઈ પણ જાતનો ભેદ ન હોય. એ રીતે એમણે જ વૈષ્ણવી સાધુ, વણકર, ચમાર, તૂરી, સેનવા ... વગેરે એમ અઢારે વરણની માંગણી કરી.

(૩) ગામના સિમાડે નહિ, પણ ગામની નજીક વસવાટ.





(૪) ગળામાં થૂંકવા માટે લટકાવવામાં આવેલ કુલડીને દૂર કરવી.

(૫) પગલાં ભૂંસવા માટે કમરે બાંધવામાં આવતું ઝાડૂ દૂર કરવું.

(૬) ગામમાં પ્રવેશતાં ‘પોષ-પોષ’ અવાજ ન કરવાની છૂટ આપવી.

(૭) માથે પાઘડી કે ફાળિયું બાંધવાની છૂટ આપવી.

(૮) બાંડ્યા - આંગડીની પાછળ ત્રીજી બાંય લટકાવામાંથી મુક્તિ.

રાજાએ માયદેવના બલિદાનના બદલામાં બધી જ શરતો માન્ય રાખી. સાથે ઘર આંગણે તુલસી ક્યારો રાખવાની પણ છૂટ આપી. સંવત ૧૧૯૪ના મહા માસની બીજના દિવસે માયાદેવે સરસ્વતી તીરે છેલ્લો શિવપાટ આરાધ્યો અને સાતમના દિવસે સહસ્ત્રલીંગ તળાવની મધ્યમાં હાલ જ્યાં માયા ટેકરી છે તે જગ્યાએ માયાદેવનું બલિદાન અપાયું  અને રાજાએ તેમની સઘળી જાતિને ‘મેઘવાળ’ જાતિ એવું નામ આપ્યું.

સૌ પ્રથમવાર અસ્પૃશ્ય જાતિઓ ગુજરાતના પાટનગર પાટણના કિલ્લાની અંદરની બાજુએ અઘારા દરવાજા પાસે વસાવવામાં આવી. પછી તો આ માયા દેવને લોકો વીર માયાદેવ, મેઘમાયા, માયાદેવ વગેરે નામથી સમાજ ઉદ્ધારક સંત તરીકે દલિત જાતિઓણાં પ્રચલિત થયા.

જે રીતે ઈશ્વરને સૌ એક છે તેમ સંતને મન પણ પ્રાણીમાત્ર એક છે. ત્યાં ધર્મભેદ, વિચાર ભેદ, વ્યક્તિભેદ, જ્ઞાતિભેદ, જાતિભેદ કે પ્રાણીભેદ નથી. સંતો તો સમદૃષ્ટિ અને તૃષ્ણાત્યાગી છે, નરવું-ગરવું તીર્થસ્થાન છે. કપરા માર્ગેથી સરળ માર્ગે લઈ જનાર રાહબર છે, લોકોની આસ્થામાં શ્રદ્ધાનો દીપ પ્રકટાવનાર છે, લોકોને ધર્મજડતામાંથી મુકતકરી ધર્મવ્યવહારનું શિક્ષણ આપે છે. સમાજમાંથી વહેમ, અંધ શ્રદ્ધા, અજ્ઞાન, જડતાને હટાવીને જ્ઞાનની જ્યોત પ્રકટાવે છે, સમાજમાં ચેતનાનો સંચાર કરે છે, સમાજનું ઘડતર અને ચણતર કરે છે. સંત કોઈ જ્ઞાતિ, કૂળ, સમાજમાંથી ભલે આવતા હોય પણ સંસારનો ત્યાગ કરી સંત થયા પછી જ્ઞાતિ,કૂળ, સમાજના બંધન તેને નડતા નથી. એ બંધનમુક્ત થઈ જાય છે. જે બંધનમુક્ત થાય છે તે સંતકોટિએ પહોંચી શકે છે. તેમની હૈયાસૂત્રમાં ધરતીની સોડમ અને તાકાત રહેલાં છે. સામાજીક સંવાદિતા ને સમરસતા સ્થાપી ધાર્મિક, આધ્યાત્મિક, સાહિત્યીક અને રાજકીય ક્ષેત્રે તેમનું કાર્ય દૃષ્ટિ, પ્રેમ અને લાગણીનાતંતુ વડે સમાજજીવન અને ધર્મશ્રદ્ધાને દૃઢિભૂત કરીને જાતિ-જાતિ વચ્ચેના ભેદ ભૂલાવી દે છે.

હિન્દુ - મુસલમાન એ વિસ્તારા,<br>
સર્વે એક જનુનીના જાયા,<br>
આયાં આવી સૌ હુવા જુજવા,<br>
મારા સાયને દરબાર એક.







એ રીતે 'માયાદેવે' કોઈ એક જ્ઞાતિ માટે બલિદાન નથી આપ્યું. પણ સમગ્ર પ્રાણીમાત્રના ઉદ્ધાર માટે, સમગ્ર પ્રાણી માટેના સુખ માટે બલિદાન આપ્યું છે. અને તેમણે તેમનું સંતપણું દિપાવ્યું છે.

□

---

* પૂરક માહિતી : શ્રી દલપત ચૌહાણ અને 'ભારતનો ધાર્મિક ઈતિહાસ' (પ્રથમ આવૃત્તિ સન ૧૯૧૯.)

# ૨. સંતશ્રી વેમન

(બારમી સદી)

ભારતભૂમિ સંતો, ભક્તો અને મહાપુરુષોની પવિત્રભૂમિ છે. અનેક મહાનપુરુષોએ આ ભૂમિમાં અવતાર લીધો છે. જેમણે ધાર્મિક, સામાજિક રાજકીય પરિવર્તનમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. ભારત પ્રાકૃતિક, સાંસ્કૃતિક અને ધાર્મિક વિવિધતાથી ભરપૂત છે. વૈપુલ્ય અને વૈવિધ્ય સભર વારસામાંથી વિવિધક્ષેત્રની મહાન વિભૂતિઓ વિશ્વ પ્રસિદ્ધ થઈ છે. આ વાતાવરણમાં જ ભિન્ન ભિન્ન પ્રવાહોમાં ભક્તિ ધારા વહી છે. સંતો તો પરંપરા પ્રમાણે આવે અને જાય છે. પોતાની માર્મિક વાણીથી જીવન સત્યોને, રહસ્યોને અને જીવન કઈ રીતે જીવવું તેનું માર્ગદર્શન આપી સમાજને સાચી દિશાએ લઈ જાય છે.

આ ભક્તિ આંદોલન મધ્યકાળમાં દક્ષિણ ભારતમાંથી મહારાષ્ટ્ર, ગુજરાત, ઉત્તર ભારત અને ભારતના અન્યપ્રદેશોમાં પહોંચ્યું હતું. દક્ષિણ ભારતના તેલંગણા પ્રદેશમાં ખેતીનો અને વણાટનો વ્યવસાય કરતા એક શુદ્ર કુટુંબમાં સંત વેમનનો જન્મ થયો હોવાનું મનાય છે. તેમને તેલુગુ ભાષાના સર્વશ્રેષ્ઠ કવિ માનવામાં આવે છે. તેમનો જન્મ ક્યારે થયો તે વિશે કોઈ ચોક્કસ માહિતી મળતી નથી. કેટલાંકનું કહેવું છે કે તેઓ બારમી સદીથી પંદરમી સદીની વચ્ચે થઈ ગયા. તો કેટલાક સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં થઈ ગયા. એમ માને છે.







જેના જીવનમાં અહમ્ ઓગળે છે. તેનું ભગવાન કામ કરે છે અને જીવ કામ કરે છે. એવું નાટક ભજવાય છે.એ રીતે વેમને અહમ્‌ને ઓગાળી નાખ્યો અને તેમના જીવનમાં ભગવાને પ્રવેશ કર્યો. બાલ્યાવસ્થાથી જ એમને રામાયણ અને મહાભારતની કથા સાંભળવી ગમતી.સાથે સાથે કઠપૂતળી અને રામલીલાનો ખેલ પણ તેમને જોવા ગમતા હતા. તેમના કંઠમાં માધુર્યનો રસ સતત વહ્યા કરતો હતો. જેને કારણે તેઓ સારું અને મધુર ગાઈ શકતા હતા. નાની વયે જ માતાનું અવસાન થતાં પિતાએ ફરીથી લગ્ન કર્યું. અપર મા એમના વાતે વાતે ખોડો કાઢતી અને વિના કારણ લડ્યા કરતી હતી. એટલું જ નહિ, વાસી ખાવાનું આપતી અને ઘરનું બધું જ કામ તેમને કરવું પડતું હતુ. તે ઉપરાંત કપડાં વણવાની સાળ પર પણ તેમને બેસવું પડતું. આમ તો તેમની બધી જ પ્રકૃતિ કંઈક અંશે કબીરને મળતી આવતી હતી. વણાટનું કામ કરતાં કરતાં આત્માના તાર સાથે પોતાનો નાતો પાકો કરતા હતા.

અપરમાના અસહ્ય ત્રાસથી કંટાળી તેઓ યુવાન વયે ખરાબ મિત્રોના સંગે કુછંદે ચડી ગયા. એટલી હદ સુધી કે તેઓ વેશ્યાગમન પણ કરવા લાગ્યા. જેને કારણે નાચગાન કરતી એક રૂપાંગનાના મોહમાં પડ્યા અને બરબાદીના પંથે વળ્યા. ધનના

અભાવને કારણે પેલી રૂપાંગનાએ તેમને તરછોડી દીધા. આ અપમાનથી તેમને લાગી આવ્યું અને પડતીના પગથિયે પડતાં પોતાની જાતને સંભાળી લીધી. સારા માર્ગે વળે એમ ધારીને તેમના પિતાએ તેમનાં લગ્ન કર્યાં. પણ દુભાર્ગ્યવશ એમને પત્ની ઝઘડાખોર અને કંકાસી મળી. જેને કારણે કુટુંબમાં કલેશ થવા લાગ્યો. અને સુખ-શાંતિ છીનવાઈ ગયાં. ગરીબીને દૂર કરવા એ હલકી ધાતુમાંથી સોનું બનાવવાનો કીમિયો શીખવા રસાયણ વિદ્યા જાણનારા લેભાગુ ઠગો પાસે ગયા અને તેઓ ત્યાં છેતરાયાં. આમ તેમની સતત અવહેલના થવા લાગી. ઠોકરો ખાઈ ખાઈને એમના જીવનનું ઘડતર થવા લાગ્યું. હલકી ધાતુમાંથી સોનું બનાવવાનો કીમિયો તો પ્રાપ્ત ન થયો પણ એક સંતને કારણે તેમનો જીવનરાહ બદલાઈ ગયો. તેમનું તે પછીનું જીવન સુવર્ણમય થઈ ગયું. સંતે તેમને કહ્યું : ‘ તું ખોટી અને હલકી વસ્તુ માટે નિરર્થક ભટકી રહ્યો છે. સોનું સોનું શુ કરે છે ? હું તને સોના કરતાંય કિંમતી વસ્તુ બતાવું !’ અને વેમને એમની વાત માની લીધી અને જીવનને કૃતાર્થ કરવાનો કીમિયો ગુરુપાસેથી મળ્યો. તેમનું જીવન સંપૂર્ણ રીતે બદલાઈ ગયું. ઘૃણાસ્પદ વ્યક્તિત્વમાંથી બદલાઈને મહાન સંત બની ગયા !

પરિણામે સમાજને એક ઉત્તમ કવિ, મહાન સંત અને ઉત્કૃષ્ટ યોગી મળ્યા. તેમના ક્રાંતિકારી વિચારોએ તત્કાલીન સાંપ્રદાયિક સંકુચિત સિદ્ધાંતોના પાયા હચમચાવી દીધા. ધર્મ અને







સંપ્રદાયોમાં એમને જે ન ગમ્યું તેનો હિંમતપૂર્વક વિરોધ કરતા રહ્યા. ગૃહસ્થી અને સંન્યાસીના આચાર-વિચારના ભેદોને સ્પષ્ટ કર્યા. આદર્શ પિતા, માતા, પતિ, પત્ની, પડોશી અને સત્ મનુષ્યના કર્તવ્ય વિશે લોકોને સમજણ આપી તો વૈરાગીના જીવનની અને તેના વ્રત-નિયમોની પણ સમજણ આપી. પ્રાણહીન મૂર્તિપૂજા અને પોપટિયા શાસ્ત્રપઠનનો પણ તેમણે વિરોધ કર્યો. નાત-જાત, ઊંચ-નીચના ભેદભાવો મિટાવી અસ્પૃશ્યતા દૂર કરવા સતત પ્રયત્નો કરતા રહ્યા.

તેઓ વારંવાર કહેતા હતા : ‘ જીભને મીઠો લાગતો અનાજનો એકએક કણ વર્ષાએ માનવીને આપેલો ઉપહાર છે, વરસાદ પોતે પણ માનવીનો આહાર છે. ગીતાજીમાં કહ્યું છેતેમ જે સ્પર્શ, રસ, રૂપ, શબ્દ અને ગંધની લીલાનો પાર પામી જાય છે. એનો જ મહિમા ગવાય છે. એનું જ શાસન આ જગત પર રહેશે. પાલખીમાં બેઠા કરતાં એને ઉપાડવાનો મહિમા સમજવો જરૂરી છે. જીવવા જેવું જે જીવન જીવે છે તેને લોકો માનની દૃષ્ટિથી જુએ છે.’ અહીં મને સંત નામદેવની આ પંક્તિઓ યાદ આવે છે.

આતમરામ દેહ ધરિ આયા,
તામે હરિ હું દેખૌ,
કહત નામદેવ બલિ બલિ જૈહૌ,
હરિ ભજિ ઔર ન લેખૌ.

અર્થાત્ : આતમરામે આ દેહ ધારણ કર્યો છે તો કેવળ હરિને ભજો. મન અને હૃદયથી હરિને ભજવાથી સંકલ્પો કે સંશયો દૂર થાય છે. એવી બંધનમુક્ત પરિસ્થિતિ સર્જાશે ત્યારે આખું જગત હરિમય બની જશે.

આવા ક્રાંતિકારી, જ્ઞાનિ કવિ વેમનના ચાર હજાર જેટલા પદો મળી આવે છે. એમની ક્રાંતિકારી, જ્ઞાનસભરવાણીનો ઉદ્ઘોષ આજે પણ સંભળાય છે. તેઓ કહેતા : ''ધર્મો ઘણા છે, પણ કોઈકાયમનો નથી. વેદોમાં કહ્યું છે તેમ : **''धारयती ईति धर्मः।** '' કાયમની માત્ર એક જ વસ્તુ છે. આપણા સારાં-નરસાં કામો. એ જ તમારી ચડતી કે પડતી કરશે. કોઈપણ ધર્મની પાસે સત્યનો ઈજારો નથી. કેટલાક સાધુ-સંતો તો ધર્મને ધંધો બનાવી બેઠા છે. એમનાથી ચેતજો, એ લોકો તો માછલીની રાહ જોતા બગલા જેવા છે. હૃદયના ઊંડાણમાંથી ઊઠેલી વેદના અને વ્યથાને એમને આખા બોલા બનાવી દીધા હતા. જે એમના પદોમાં પણ એ વિદ્રોહ જોવા મળે છે. વેમનની આ વાણી તો ચાબખો પડે અને સોળ ઊઠે તેવી છે.

'ધર્મની પાસે સત્યનો ઈજારો નથી.' એ સંદર્ભે વાત કરીએ તો : **''साधवः सत्य तीर्थेः ।''** સામાન્ય રીતે સરળ માણસો સત્ય પકડતા હોય છે. આ સત્ય શું છે ? તો સત્ય એટલે પ્રામાણિક અને સાચો પ્રેમ. સત્ય ઉપર કરવાનો તે, હંમેશાં સત્યાન્વેષી રહેવું તે સત્ય.







સંસારી અને સંન્યાસી બંનેને સતત સંઘર્ષ કરવો પડે છે. સંઘર્ષ માટે તેમને શક્તિની જરૂર પડે છે. સંસારીઓનો સંઘર્ષ બહુધા બાહ્ય પરિબળો સામે હોય છે. તેમને આર્થિક, પારિવારિક, સામાજીક, વગેરે અનેક સમસ્યાઓ સામે ઝઝૂમવું પડે છે. પરિશ્રમ કરવો પડે છે. પરિશ્રમીને જ સંપત્તિરૂપી શક્તિ પ્રાપ્ત થાય છે. જ્યારે સંન્યાસીઓનો સંઘર્ષ મોટે ભાગે અંતર્મુખી સામે હોય છે, તેથી તેમને આત્મશક્તિ કેળવવી પડે છે. આત્મ બોધ માટે પરિશ્રમ કરવો પડે છે. ઉપનિષદમાં પણ કહેવાયું છે. : **''नायं आत्मा बलहीने न लभ्यो ।''** ટૂંકમાં, શક્તિ વિના સિદ્ધી મળતી જ નથી. જીવનમાં અંધારું દૂર કરવું હોય તો આત્માનો દીવો પ્રજ્જવલિત કરવો પડે. જ્યાં સુધી આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી અજ્ઞાન દૂર થતું નથી. કોઈનું આંધળું અનુકરણ કરવાથી કશો જ લાભ થતો નથી. આ સંદર્ભે સંત વેમન કહે છે : 'કૂતરાની પૂંછડી પકડીને ગંગાને પાર કરી શકાતી નથી. મચ્છર હાથીને બચાવી શકવાનો છે ? શું દૂધ વડે ધોવાથી કોલસો સફેદ થવાનો છે ? કોઈપણ વ્યક્તિ તમારો માર્ગદર્શક બની શકે છે. બાળકના હાથમાં મશાલ હશે તો શું તે ઓછું અજવાળું આપશે ? જીવન જીવવાથી સાચી કળા જ મોટામાં મોટી કળા છે. જેને એ જાણતો નથી તે સમજણ અધૂરી છે. ઘાસ ખાનારાને ફળના સ્વાદની શી ખબર પડે? માટે જ અર્થ જાણ્યા, વગર વેદો અને શાસ્ત્રોનું રટણ કરવું એ ગળાની વ્યર્થ કસરત છે.'

સંત વેમને મૂર્તિપૂજાનો સખત વિરોધ કર્યો છે : ''જે નથી સાંભળતો કે નથી દેખતો એવા પથરામાં ઈશ્વરને જુઓ છો. એની ભક્તિ કરો છો, એને સ્વાદિષ્ટ અન્નકૂટ ધરો છો, કિંમતી વસ્ત્રો અને કીંમતી ઘરેણાં પહેરાવો છો, એને ઝૂલે ઝૂલાવો છો, લાડ કરો છો, પણ જે સાંભળે છે અને જુએ છે એવા પ્રાણીઓમાં ઈશ્વરને નથી જોતા એ કેવું ! પથરાના બળદની પૂજા કરનારા જીવતા બળદને ભૂખે મારે છે ! નિર્જીવ મૂર્તિની સામે હાથ જોડીને બેસી રહેછે અને જીવતાં ભગવાન - માતા-પિતા ને તિરસ્કારે છે ! જેણે પોતાના મા-બાપને જાણી લીધાં એણે ભગવાનને જાણી લીધા.''

સંતશ્રી વેમન ભગવાન વિશે પોતાના વિચારો વ્યક્ત કરતાં કહે છે : ''ભગવાન અંદર છે તેમ બહાર પણ છે તેમ કહીશું તો તે અંદર પણ નથી અને બહાર પણ નથી.તો શું ભગવાન નથી ? ના, એવું નથી એનું કારણ એ છે કે, એના વગર મનુષ્ય શરીરની બધી જ ક્રિયા : ખાવું, પચાવવું, તેનું લોહી બનાવવું, હૃદય ચલાવવું, લોહીનું ભ્રમણ કરાવવું વગેરે કોઈ પણ ક્રિયા થઈ શકતી નથી. તેથી ભગવાન અંદર નથી એમ કહેવું પણ ખોટું છે અને જ્યારે ભગવાન બહાર નથી એમ બોલીએ છીએ ત્યારે સૃષ્ટિમાં સૌન્દર્ય ક્યાંથી હોય ? આ સૃષ્ટિમાં જે લીલોતરી છે. તે ભગવાનના અસ્તિત્વ વગર શક્ય જ નથી. આ સૃષ્ટિનું સૌંદર્ય જ ભગવાનનું સ્વરૂપ છે. પછી મૂર્તિપૂજા કરવી વ્યર્થ છે. અંદરના અને બહારના સૌંદર્યને ખીલવનારો જ ભગવાન છે.''





''**सत्यं ज्ञानमनन्तम्**'' એ બ્રહ્મનું સ્વરૂપલક્ષણ છે. ભગવાન સત છે અને અસત પણ છે. ''**न संतनारूदुच्यत ।**'' તે સત નથી અને અસત નથી. તો શું છે ? એના માટે શું બોલાય ?તે ખરેખર પ્રશ્ન જ છે. ભગવાન ક્યાં છે ? કહીએ તો અંદર છે, એમ કહીએ તો બહાર છે. ખરી રીતે અંદર પણ નથી અને બહાર પણ નથી. આખા શરીરને ચીરફાડ કરવા છતાં પણ ભગવદ્તત્ત્વ મળતું નથી. તે અંદર નથી તેમ બહા પણ નથી. તે કોઈના હાથમાંય ન આવે ? આ સંદર્ભે મને શ્રીમદ ભગવદ ગીતાનો આ શ્લોક યાદ આવે છે :

**''अच्छेद्योऽयम अदाह्योयम् बलेद्योऽशोष्य ऐव च ।**
**नित्यः सर्वगतः स्थानुरचलोऽयम् सनातन ः ।।''**

(શ્રીમદ્ ભાગવદ્ગીતા :અઃ૨ઃ૨૪)

અર્થાત્ : 'આ આત્મા અવ્યયરહિત હોવાથી છેદી શકાતો નથી. બાળી શકાતો નથી., શોષી શકાતો નથી. સર્વવ્યાપી સ્થિર અચલ છે અને સનાતન એટલે ચિરંતન છે.' એમ ભગવાન શ્રીકૃષ્ણજીએ પણ કહ્યું છે. તે લેબોરેટરી ટેસ્ટમાં આવે જ ક્યાંથી ? તે કદી બદલાય નહીં તેવું પરબ્રહ્મછે. એને જાણવા માટે ભગવાનને ઓળખી એની ભક્તિ કરવી એજ મહત્ત્વનું છે. શંકરાચાર્યજીએ પણ આ સંદર્ભે કહ્યુ છે : **एतं जीवन्ति येन व्यहरति पटवः येन सौभाग्य भाजम् ।** તેનો વિચાર જ લોકો કરતા નથી. માણસ બીજો બધો વિચાર કરે છે. પણ પોતાનું જીવન કોણ ચલાવે છે. તેનો જ વિચાર

કરતો નથી. આ સંદર્ભે ભગવાન કહે છે :**''યે યથા માં પ્રપદ્યન્તે તાર-તથૈવ યજામ્યહમ્ ।''** અર્થાત્: 'જેવી તારી ભૂમિકા હું જોઈશ તેવી સામેની ભૂમિકા હું લઈશ.' સાધકે તત્ તત્ ભૂમિકા મેળવવા માટે યુગાનુયુગ પરિશ્રમ કરવો પડે છે. જ્યારે ભગવાનને પોતાની ભૂમિકા તરત જ મળી જાય છે. આપણે યાચક થઈએ તો તે દાતા થાય છે. ભગવાન પાસે માગવામાં એક આકર્ષતા છે. માગ્યા વગર મળતું નથી. પછી લાગે છે કે યાચક કરતાં સેવક બનવું 'હું ભગવાનનું કામ કરીશ અને તેની સેવામાં સમાધાન મેળવીશ' એ વૃત્તિને સતત દૃઢ કરતા રહેવી જોઈએ.

સંત વેમને સુખ વિશે પણ કહ્યું છે : **''સુખાનઃકુતો વિદ્યા કુતો વિદ્યાર્થીનઃ સુખમ્ ।''**સુખમાં, એશ આરામમાં કંઈ વિદ્યા પ્રાપ્ત થાય ? કંઈક અગવડે તો ભોગવવી જ જોઈએ. સુખાસીન માણસોને વિદ્યા-જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત થાય ? સુખાસીનતાથી કર્મયોગ ઢીલો થઈ જાય છે. કર્મ પ્રત્યે આળસુ થઈ જવાય છે. લક્ષ્મી મેળવવા માટે જો જન્માંતરનો કર્મયોગ કર્યો હશે તો પણ સુખાસીનતાથી તે ઢીલો થઈ જાય છે. તેની પકડ ઢીલી થઈ જાય છે. આળસ આવવાથી વિવેકનો નાશ થાય છે. ગીતામાં પણ ભગવાને કહ્યું છે : **'પ્રમાદાલક્ષ્ય નિંદ્રાભિઃ તન્નિબધ્નાતિ ભારત ।'** 'હે ભારત ! પ્રમાદ, આળસ ને નિદ્રા માણસને બાંધે છે.'







મૂર્તિપૂજાનો વિરોધ કરતા સંત વેમન ભગવાનમાં તો શ્રદ્ધા રાખે છે. તેમને દંભ સામે, ખોટા રીત-રિવાજો સામે, અને અંધશ્રદ્ધા સામે વાંધો છે તેમ છતાં, તેમના જીવનમાં બનેલો આ પ્રસંગ પણ નોંધવા જેવો છે.

એકવાર એમણે ચીભડાં પકવ્યાં અને પોતાના શિષ્યોને એમાંથી થોડાંક ભેટ આપ્યાં. શિષ્યોએ ચીભડાં ચીર્યાં તો એમાંથી સોનાના બીજ નીકળ્યાં. શિષ્યો આશ્ચર્યચકિત થઈ ગયા ! સોનાના લોભથી કેટલાક લોકો બીજા ચીભડાં ચોરી ગયા. તો એમાંથી કીડા નીકળ્યા !

આવા ઉત્તમ કવિ, મહાનસંત અને ઉત્કૃષ્ટ યોગી સંત વૈમનના ક્રાંતિકારી વિચારોએ લોકોમાં ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધામાં વિશ્વાસ સંપાદન કર્યો અને સાચા ઈશ્વરની પરખ કરાવી.

□

# ૩. સંતશ્રી નામદેવ

(તેરમી સદી)

મહારાષ્ટ્રમાં સંત જ્ઞાનદેવ, તુકારામ, ચોખામેળા, જનાબાઈ, સખુબાઈ, એકનાથ અને તુકડોજી મહારાજ જેવા મહાન સંતો થયા. મહારાષ્ટ્રના એ સંતોમાં નામદેવનું નામ વિરક્તિ અને નિર્લિપ્તતા માટે વિશેષ જાણીતું છે. આ સંત વૈષ્ણવ સંપ્રદાય 'વારકરી'માં એક વ્રતનિષ્ઠ વૈષ્ણવ ભક્ત તરીકે જાણીતા છે. આ સંતકામ, ક્રોધ, લોભ, મોહ અને માયા તેમજ દુર્જનની સંગતથી દૂર રહ્યા હતા અને શાસ્ત્રોમાં કહ્યા મુજબનું સંયમી જીવન જીવી નિષ્કામભાવે પોતાના કર્તવ્યમાં રત રહ્યા હતા. એ રીતે એમણે આધ્યાત્મિક સાધના કરી. નાનકે પણ તેમના એક પદમાં કહ્યું છે :

સાધો ! મનકા માન ત્યાગો<br>
કામ,ક્રોધ સંગત દુર્જન કી,<br>
તાતે અહનિસ ભાગો.

કોઈપણ દેશની સાચી સંપત્તિ સંતજનો છે. તેઓ જે સમયે પ્રકટ થાય છે, એ સમયના જન-સમુદાય માટે એમનું જીવન માર્ગદર્શક હોય છે. એટલે જ કહેવાયું હશે કે : ''अलख पुरूष की आरसी साधु का ही दह ।''

ભગવાનના દર્શનથી પણ વધારે લાભ ભગવાનનાં ચરિત્ર સાંભળવાથી થાય છે અને ભગવાનનાં ચરિત્ર સાંભળવા કરતાં







પણ ગુણાતીત સંતોનું જીવન-ચરિત્ર વાંચવા - સાંભળવાથી અધિક લાભ થાય છે. વાસ્તવમાં વિશ્વકલ્યાણ માટે જે સમયે જે ધર્મની આવશ્યકતા હોય છે એનો આદર્શ રજૂ કરવા માટે સ્વયં ભગવાન સંતોના રૂપમાં અવતાર લઈને આવિર્ભૂત થાય છે.

આત્મસાક્ષાત્કાર અથવા પરમ તત્ત્વને જાણવા માટે નામદેવે ભક્તિમાર્ગ અપનાવ્યો. તેઓ નિમ્નોક્ત શાસ્ત્રવચનમાં વિશ્વાસ ધરાવતા હતા કે –

''यद् दुस्तरं यद दुष्करं यद दुष्प्राप्यम् ।<br>
तत्सर्वं तपसा प्राप्यं तपो हि दुरति क्रमम् ।।''

અર્થાત્ : 'જેને સહેલાઈથી તરી ન શકાય, કરી ન શકાય અને પામી ન શકાય, તે બધું તપ વડે (ભક્તિ દ્વારા) પ્રાપ્ત કરી શકાય છે, કારણ કે તપ (ભક્તિ)નું અતિક્રમણ થઈ શકતું નથી.'

ભક્ત નામદેવ વ્રત - ઉપાસના કરનાર વૈષ્ણવ ભક્ત હતા. અને આમેય વૈષ્ણવો વ્રત, ઉપવાસ, અને ઉપાસના દ્વારા ભગવાન શ્રી વિષ્ણુની આરાધના કરતા હોય છે. ''व्रतोपासनादिना ब्राह्मणे र्विष्णुरेवाध्य:'' એ રીતે નામદેવ પણ 'એકાદશીનું વ્રત' પૂરી નિષ્ઠા અને શ્રદ્ધાથી કરતા હતા. વૈષ્ણવગ્રંથ 'તત્ત્વ સાગર' માં કહેવાયું છે કે આ વ્રત અત્યંત પાવનકારી અને પરમપદને આપનારું વ્રત છે :

एकादशीसमं किंचिद् जीवनं न च विद्यते ।<br>
स्वर्गमोक्षप्रदा ह्येषा राज्यपुत्र प्रदायिनी ।।

અર્થાત્

'એકાદશી સમાન બીજું કોઈ વ્રત પાવનકારી નથી. એ વ્રતના આચરણથી સ્વર્ગ, મોક્ષ, રાજય તથા પુત્રની પ્રાપ્તિ થાય છે.' અને તે પણ કેવો પુત્ર ? **'राज्यपुत्र'** તો રાજા જેવો પુત્ર ! પ્રાપ્ત થાય છે.

'વાર કરી' સંપ્રદાયના નામકરણ પણ એકાદશીનું વ્રત જ છે. આ સંપ્રદાયનો શ્રદ્ધાવાન ભક્ત અષાઢ અને કાર્તિક સુદ એકાદશીના દિવસે 'પંઢરપુરવાસી ભગવાન શ્રી વિઠોબા' અથવા 'વિઠલ'ના દર્શન કરવા અવશ્ય જાય છે. એકાદશીનું વ્રત કરીને વિઠોબાના દર્શન કરવા થતી યાત્રાને 'વારી' કહે છે. અને એ 'વારી' કરનાર ભક્તને 'વારકરી' કહેવામાં આવે છે. 'વિઠલ' એ પરમ કરૂણામય ભગવાનશ્રી વિષ્ણનું જ એક સ્વરૂપ છે. આચાર્ય કાશીનાથે 'વિઠલ' શબ્દને સમજાવતાં કહ્યું છે કે, ''**विदा ज्ञानेन ठान् शन्यान् लाति गृहणाति ईति विठ्ठलः ।**'' અર્થાત્ : જ્ઞાનથી શૂન્ય એવા અજ્ઞાની જનોને પણ જે અપનાવી લે તેને 'વિઠલ' કહેવાય.

સંત નામદેવ 'વાર કરી' સંપ્રદાયના ચૂસ્ત અનુયાયી અને ભગવાન શ્રી વિઠોબાના ભક્ત હતા. તેઓ પણ એકદાશી વ્રત પૂરી નિષ્ઠા અને શ્રદ્ધાથી કરતા હતા. આ વ્રત તેઓ સંપૂર્ણ નિરાહાર રહીને કરતા હતા. આ વ્રતની પ્રેરણા તેમને શિવભક્ત ગુરુ વિસોબા પાસેથી મળી હતી.

ભક્તગોરા કુંભારે નામદેવને ટોણો મારીને કહ્યું હતું કે, નામદેવ તો 'કોરું માટલું' છે. આથી નામદેવે શ્રીવિષ્ણુની આજ્ઞાથી







ભગવાના નાગેશ્વરના મંદિરમાં સેવા-અર્ચના કરતા વિસોબા પાસે ગયા અને ભગવાન વિષ્ણુ અને શિવની એકતા અને સર્વવ્યાપકતાનો (નામદેવ)ને જ્ઞાનબોધ આપવા માટે વિનંતી કરવા નામદેવ ગયા. એ સમયે વિસોબા શિવલીંગ પર પગ મૂકી સૂઈ ગયાહતા. આ દશ્ય જોઈ નામદેવ આશ્ચર્યચકિત થઈ ગયા. તેઓ તો અંદર અને બહારથી વ્યાકુળથઈ ઉઠ્યા. તેમનાથી રહેવાયું નહિ અને પૂછ્યું :

'આ શું ? ભગવાન શિવજી પર પગ મૂકી સૂઈ જવાય ?'

'ભાઈ, મારું શરીર અશક્ત છે.' વિસોબાએ તો શાંત ચિત્તે ઉત્તર આપ્યો, ''મારે મન તો શિવજી અને વિષ્ણુ બંને સમાન છે, બંને સર્વશક્તિમાન અને સર્વવ્યાપક છે. છતાં તારાથી આ દશ્ય જોઈ ન શકાતું હોય તો મારો પગ ખસેડી નીચે મૂકી દે.''

નામદેવે તો વિસોબાનો પગ શિવલીંગ પરથી નીચે મૂક્યો ત્યાં જ બીજું શિવલીંગ પ્રકટ થયું. ત્યાંથી પગ ઉપાડી ત્રીજી જગ્યાએ મૂક્યો તો ત્યાં ત્રીજું શિવલીંગ દેખાયું. આમ, જ્યાં જ્યાં પગ ઉપાડીને મૂકે ત્યાં ત્યાં શિવલિંગ નીકળવા લાગ્યાં. એવી સ્થિતિ નિર્મિત થતાં નામદેવને વિષ્ણુ ભક્તિનું જે અભિમાન થયું હતું તે ઓગળી ગયું અને તેઓ ભક્તરાજ વિસોબાના ચરણોમાં ઝૂકી પડ્યા. વિસોબાએ તેમને બેઠા કર્યા અને કહ્યું : ''જે રીતે વિષ્ણુની સર્વવ્યાપકતા છે, તેમ ભગવાન શિવજી પણ સર્વવ્યાપક છે. એકાદશીનું વ્રત પંઢરીનાથને પ્રિય છે. તેમન નાગનાથને પણ વહાલું

છે, માટે હરિહરને એક માની જે વ્રતનિષ્ઠાથી જીવન વિતાવે, તે જ સાચો ભક્ત બની શકે છે.''

તે દિવસથી ભક્ત નામદેવે વિસોબાને પોતાના ગુરુ માન્યા અને એકાદશીનું વ્રત સંપૂર્ણ રીતે નિરાહાર તથા નિષ્ઠાપૂર્વક કરવાનો સંકલ્પ કર્યો.

નામદેવ એકાદશીનું વ્રત તો નિરાહાર કરે જ, પણ અન્ય દિવસોમાં પણ સાત્વિક આહાર, નિયમોનું ચૂસ્ત પાલન, ધાર્મિક સાહિત્યનું વાચન, ધાર્મિક સ્થળોની યાત્રા, બ્રહ્મચર્યનું પાલન, ગંદા વાતાવરણનો ત્યાગ વગેરે દ્વારા સાત્વિક જીવન જીવતા હતા. પ્રભુ પરાયણ હોવાથી તેમના અંતઃચક્ષુ ખૂલી ગયાં હતાં. તેઓ એક અસાધારણ માનવી અને સાચા સંત હતા.

●

એક દિવસ સંત નામદેવ પંઢરપુર વિઠોબાના દર્શને પધાર્યા ત્યારે લોકો એક અત્યંજને તેમની પાસે આવતા અટકાવતા હતા. કેટલાક નિષ્ઠૂર અને રૂઢિચૂસ્ત લોકો તો તેને અસ્પૃશ્ય ગણીને કાઢી મૂકતા હતા. આ જોઈને નામદેવ આ દલિત માણસની પાસે ગયા અને લોકોનેકહેવા લાગ્યા. '' આ વ્યક્તિએ તમારું શું બગાડ્યું છે ? એને શું કામ કાઢી મૂકો છો ?'' ત્યારે એક વ્યક્તિએ કહ્યું : ''આ માણસ તો અછૂત છે, એને મંદિરમાં કઈ રીતે જવા દેવાય ?'' આ સાંભળીને નામદેવ પેલી વ્યક્તિનો હાથ પકડીને કહ્યું : ''આ રીતે







જવા દેવાય, ચાલ ભાઈ હું તને વિઠોબાના દર્શન કરાવું.'' લોકો તો નામદેવના આ વર્તનથી આશ્ચર્યચકિત થઈ ગયા ! પણ પેલા દલિતે તો વિઠોબા મંદિરના ગર્ભગૃહમાં ગયા વગર જ દૂરથી દર્શન કર્યા. એણે મનથી વિચાર્યું કે, 'વિઠોબા જાતે મંદિરના ગર્ભગૃહમાંથી બહાર આવી મને દર્શન દે તો જ દર્શન કરવાં અને તે અત્યંજ ત્યાંથી પાછો વળી ગયો. આ સંત તે બીજું કોઈ જ નહિ, મહારાષ્ટ્રના મહાન સંત ચોખામેળા (તેરમી સદી) હતા. એમણે નામદેવને તે દિવસથી જ મનથી ગુરુ માની લીધા હતા.'

ચોખામેળાએ શ્રીહરિને અંતરમાં શ્રદ્ધાપૂર્વક સ્થાપ્યા હતા. તેઓ દરેક કામમાં, શયનમાં, જાગતાં પ્રભુસ્મરણ કરતાં હતાં. ભોજન ભગવાનને અર્પણ કર્યા બાદ જ જમતા, અન્નગ્રહણ કરતી વખતે પ્રભુને નિવેદન કરતા હતા કે, ''આ ધર્મઢોંગીઓને, પંડાઓને અને ધર્મચૂસ્તોને સદ્‌બુદ્ધિ આપો.'' આ લોકો ચોખામેળાનો સખ્ત વિરોધ કરતા. તેમના પ્રત્યે લોકોની આગ ભભૂકી ઊઠી ? આ બધું જોઈને ભક્તનું અંતર દ્રવી ગયું, પણ ભક્ત પ્રત્યે ભગવાન સદા ખુશ રહેતો.

ચોખામેળા (તેરમી સદી) તો પવિત્ર આત્મા હતા. પંઢરપુરમાં વિઠાબાએ ભક્તની અનહદ પ્રેમ ભાવના જોઈને તેઓ મનુષ્ય સ્વરૂપે મંદિર આગળ આવ્યા. ભક્ત નિત્યની જેમ દૂર રહીને પ્રભુના દર્શન ભાવથી કરતા ! તે વખતે વિઠોબાએ ભક્તનો હાથ ઝાલીને મંદિરમાં ગર્ભગૃહમાં લઈ ગયા અને ભક્તને તેમની સામે બેસીને ભજનો

ગાવા જણાવ્યું ? : ''તારા સુંદર ભજનો મને ઘણા વખતથી સાંભળવા મળ્યાં નથી ! મને તે સાંભળવા ખૂબ ગમે છે.''

મનથી ગુરુ માની લીધેલા નામદેવનું પણ તેઓ સતત સ્મરણ કરતા હતા. તેમણે કઠોર તપશ્ચર્યા આદરી અને પહાડ પણ પીગળી જાય તેથી તેમની ભક્તિને કારણે વિઠોબાએ સાક્ષાત દર્શન આપ્યા અને ભક્તને માટે ગર્ભગૃહની બહાર ખડે પગે ઊભા રહ્યા ! તેઓ મનોમન સમજવા લાગ્યા કે, 'ગુરુ નામદેવને કારણે જ મને ભગવાનની પ્રાપ્તિ થઈ છે !' અને ગાવા લાગ્યા કે :

શિષ્ય છું આપનો, નાથ ! મારા તમે,
માહરાં કર્મના બંધ છોડો !
'હું ગુરુ', 'તું લઘું' એમ બોલે બધા,
પંથ સાચો ન કો' એ બતાવ્યો ;
વિત્ત હરતા બધા, ચિત્ત નવ બદલતા,
આપ તો હૃદયનાં દ્વાર ખોલો !

ત્યારે ગુરુ નામદેવ પદ પુરું કરતાં કહ્યું કે :

'આત્મ-ઉદ્ધાર આત્મા થકી નીપજે,'
કૃષ્ણ ગીતા વિશે એમ બોલ્યા !

નામદેવના અભંગો આજે પણ મહારાષ્ટ્રના લોકમુખે સચવાયાં છે.

એક દિવસ નામદેવની વ્રતનિષ્ઠાનું પારખું કરવા ભગવાન વિઠોબાએ વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈ તેમના ઘર આંગણે 'ભિક્ષાન્ન દેહિ'







કહીને ઊભા રહ્યા. નામદેવે તો એકાદશી વ્રત કર્યું હતું. તેમણે કશું જ રાંધ્યુ ન હતું. તેમણે પેલા બ્રાહ્મણને નમ્રતાથી કહ્યું : ''મહારાજ, આજ મારે એકાદશીનું વ્રત છે અને એકાદશીનું વ્રત હું નિરાહારથી કરું છું.''

''પરંતુ મને ખૂબ જ ભૂખ લાગી છે. ઘણો દૂરથી ચાલતો ચાલતો અહીં આવ્યો છું. હવે ભૂખને કારણે મારાં ગાત્રો ઢીલાં પડી ગયાં છે. કદાચ હું મરી જઈશ માટે મારા માટે ભોજન બનાવો.''

''મહારાજ, એકાદશીને દિવસે કશું રાંધવું નહિ, અને કશું ખાવું નહિ, એવું મેં વ્રત રાખ્યું છે. પરંતુ એક રસ્તો છે, હું તમને ચોખા આપું તે તમે રાંધીને ખાશો ?''

''ના, મારાથી ઊભા પણ રહી શકાતું નથી. ખૂબ જ થાકી ગયો છું. ભૂખ ખૂબ લાગી છે અને ભોજન કર્યા વિના અહીંથી હું જવાનો નથી ! તમારે ભોજન બનાવવું જ પડશે !''

''મહારાજ, હઠ ન કરો. હું વ્રતનિષ્ઠ વૈષ્ણવ ભક્ત છું. તમારા હઠાગ્રહને વશ થઈ હું મારા વ્રતમાંથી ચલિત નહીં થાઉં. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે, ધીરપુરુષ ન્યાય અને નીતિના માર્ગેથી કોઈપણ સંજોગોમાં વિચલિત થતા નથી.''

''તો સાંભળો, હું પણ વ્રતનિષ્ઠ બ્રાહ્મણ છું મેં પણ મનોમન નિશ્ચય કર્યો છે કે આજે તમારા હાથનું ભોજન કરવું છે. તમે નહીં જમાડો, તો હું ભૂખ્યો-તરસ્યો અહીં જ બેસી રહીશ !'' એમ કહીને પેલા ભિક્ષુક ભૂદેવ પલાંઠીવાળી ત્યાં જ બેસી ગયો.

અતિથિ બ્રાહ્મણને દુઃખી થતા જોઈને ભક્ત નામદેવને પણ દુઃખ થયું. પરંતુ તેઓ પોતાના વ્રતધર્મને વળગી રહ્યા અને પ્રભુના નામનું સ્મરણ કરવા લાગ્યા.

સાંજ પડી, નામદેવ સંધ્યાવંદન કરવા લાગ્યા અને ભૂદેવને પણ સંધ્યાવંદન કરવા માટે આગ્રહ કર્યો, પરંતુ તેઓ કશું બોલ્યા વિના આંખો મીચીંને પડી રહ્યા. થોડીવાર પછી તેઓ લાંબા પગ કરીને સૂઈ ગયા.

રાત્રિના સમયે ભક્ત નામદેવને ત્યાં વૈષ્ણવ ભક્તો એકઠા થયા. દ્વાર પર સૂતેલા બ્રાહ્મણ દેવતાને જોઈ ભક્તો પૂછવા લાગ્યા. નામદેવની વ્રતનિષ્ટા સૌ જાણતા હતા. તેથી તેઓ અતિથિ દેવને સમજાવવા લાગ્યા, પરંતુ તેમણે કશો જવાબ આપ્યો નહિ. અંતે કંટાળી સૌ ભક્તજનો ભજન ગાવા લાગ્યા. અર્ધરાત્રિ સુધી ભજન-કિર્તન ચાલ્યાં. નામદેવ ભક્તોને વિદાય કરી પથારીમાં પડ્યા. પરંતુ તેમનું ચિત્ત તો પેલા ભૂખ્યા ભૂદેવમાં હતું. તેઓ પથારીમાંથી ઊભા થયા અને ભૂદેવ પાસે ગયા ત્યારે પરોઢ થઈ હતી. ભક્ત નામદેવ નાહી, ધોઈ પ્રાતઃ પૂજા કરી ઠાકોરજીને ભોગ ધર્યો અને ઉતાવળે પગલે અતિથિદેવ પાસે જઈ ભોજન માટે પધારવા વિનંતી કરવા લાગ્યા. કશો જ પ્રત્યુત્તર ન મળતાં તેમને બેઠા કરવા પ્રયત્ન કરવા લાગ્યા. પણ આ શું ? અતિથિના નાડીના ધબકારા બંધ પડી ગયા હતા !







''પ્રભો ! આ શું થયું ? વ્રતનું રક્ષણ કરવા જતાં બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું !'' તેમની આંખમાંથી ચોધાર આંસું વહેવા લાગ્યાં.

બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત કરવા તેમણે પણ અતિથિદેવની સાથે ચિતામાં બળી મરવાનો નિશ્ચય કર્યો અને સૌ સત્સંગીઓને બોલાવી અંતિમયાત્રાની તૈયારી કરી.

જયારે અગ્નિદાહની ક્રિયાનો આરંભ થયો, ત્યારે બ્રાહ્મણના વેશમાં નિશ્ચેતન પડેલા ભગવાન વિઠોબા પોતાના મૂળ સ્વરૂપે પ્રગટ થયા અને નામદેવને કહ્યું : '' નામદેવ, તારી વ્રતનિષ્ટાથી હું પ્રસન્ન થયો છું. ઈચ્છિત વરદાન માગ.'' ત્યારે નામદેવ માત્ર એટલું જ બોલ્યા : ''મારી ભક્તિ અવિચલ રહે !''

□

# ૪. સંત ચોખામેળા

(૧૩મી સદીનો પૂર્વાધં)

મહારાષ્ટ્ર પ્રદેશમાં પંઢરપુરની બાજુમાં સાંગલી રજવાડાના મંગળબેડા નામે ગામમાં એક ધર્મપરાયણ અને ભાવના પરાયણ મહાર - દલિત - જાતિમાં 'ભક્ત ચોખા મેળા'નો જન્મ ૧૩મી સદીના પૂર્વાર્ધમાં થયો. ફાગણ માસની પૂર્ણિમાએ પ્રકટાવવામાં આવતી 'હોળી' માટે સવર્ણ જાતિના લોકો અગ્નિ આ 'મહાર' જાતિના ઘરમાંથી લઈ આવે છે અનેહોળી પ્રકટાવે છે. આ રિવાજ આજે પણ ગ્રામ પ્રદેશોમાં પ્રચલિત છે.

તે સમયમાં ભણતર તો નહિવત્ જ હતું. તેમાંય વળી પછાત અને દલિતવર્ગને કેળવણી કોણ આપે ? જેમને લોકો સ્પર્શ કરવામાં પણ અભડાઈ જતા હોય ત્યાં અભ્યાસ કે કેળવણી આપવાનો સવાલ જ કયાંથી ઉદ્‌ભવે ? એવે સમયે તો નિશાળમાં પણ દલિતોને છેલ્લે અને તેય ધૂળમાં ભણવા બેસાડવામાં આવતા હતા ! આવી સ્થિતિમાં સંત ચોખામેળા અક્ષરજ્ઞાનથી વંચિત રહ્યા હતા; પરંતુ તેમના આંતરજ્ઞાનનાં દ્વારા ખૂલી ગયાં હતાં. તેમનામાં અગમનિગમનું જ્ઞાન અદ્‌ભૂત હતું. પ્રભુપરાયણ હોવાથી તેમના આંતર ચક્ષુ ખૂલી ગયાં હતાં. તેઓ દલિત જાતિમાં જન્મ્યા, પરંતુ અસાધારણ માનવી બની ગયા. તેઓ એક સાચા સંત અને ભક્ત હતા.







એ સમયમાં જ્યારે માણસ માણસ વચ્ચે છૂતાછૂત હતી. બ્રાહ્મણવાદ વકર્યો હતો. દલિતવર્ગને અડવાથી તો આભડછેટ લાગે તેવું સમજનારી આ પ્રજા દલિતોની પાછળ ઝાડું બાંધી એમના પગલાં પણ લૂછી નાંખે, અરે ! રસ્તા પર થૂંકવાની પણ મનાઈ ! થૂકવું હોય તો ગળે બાંધેલી કુલડીમાં થૂંકવાનું ! આવું જંગલીપણું તે સમયના બ્રાહ્મણવાદથી વકર્યું હતું. આજે આપણે આ જાણીએ છીએ ત્યારે મનમાં થાય છે કે શું માણસને માણસ તરીકે જીવવાનો કોઈ અધિકાર જ નહિ ? એવા સમયે સંત ચોખામેળાની શું સ્થિતિ હશે ! તેની કલ્પના કરવી ઘણી કઠીન છે. સંત હોવા છતાંય મંદિરે દર્શન કરવા જઈ શકતા ન હતા ! નરસિંહ મહેતા નાગર હતા અને હરિજન વાસમાં જ્યારે તેઓ ભજન કરવા ગયા ત્યારે તેમની નાગરી નાતે એમનો તિરસ્કાર કરી જ્ઞાતિ બહાર મૂક્યા હતા ! આ સ્થિતિથી તેઓ વાજ આવી ગયા અને તેમણે ગાયું : 'ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તો કરશું દામોદરની સેવા રે....'

સંત ચોખામેળા તો પોતે જ દલિતવર્ગમાં જન્મ્યા હતા ! એમને જો મંદિમાં ભગવાનના દર્શન કરવા હોય તો મંદિરની બહાર પગથિયાં પાસે ઊભા રહી, અથવા તો ઘણે દૂરથી ધજાના દર્શન કરવા પડતા ! તે સમયે દલિતોને તો મંદિરના પગથિયે કોઈ ચડવા દેતું ન હતું. એક દિવસ સંત નામદેવ પંઢરપુર વિઠોબાના દર્શને

પધાર્યા, ભક્ત ચોખામેળાને તેની જાણ થઈ અને તેઓ પંઢરપુર પહોંચી ગયા ! નામદેવને મળવા પ્રયત્નો કર્યા; પરંતુ રૂઢિચૂસ્તો તેમને નામદેવ પાસે જવા દેતા ન હતા. તેથી તેમણે દૂરથી જ નામદેવના દર્શન કર્યા. તેઓ મનોમન વિચારતા હતા કે પ્રભુના બનાવેલા આ રમકડાં - માણસો - નામદેવને મળવા દેતાં નથી. આ તો એક પ્રકારનો અત્યાચાર જ કહેવાય ! એ દિવસથી જ સંત ચોખામેળાએ નામદેને મનથી જ ગુરુ માની લીધા. પછી તેમણે કઠોર તપશ્ચર્યા આદરી. અનેક કષ્ટો સહન કરતા રહ્યા અને વિઠોબાની ભક્તિ પ્રેમભાવથી કરવા લાગ્યા. અહીં આપણને એકલવ્યની યાદ આવે છે.

ચોખામેળા ભજનો ગાતા, તે પ્રત્યે લોકો નફરત અને ઘૃણા કરવા લાગ્યા. તેમને તુચ્છકારતા, દૂર ચાલ્યા જવાનું કહેતા, કેટલાક તો તેમને હડધૂત પણ કરતાં. એનું કારણ માત્ર એટલું જ કે તેમના થકી દેવનું પવિત્રસ્થાન અપવિત્ર બની જતું હતું ! પરંતુ ચોખામેળા તો કહે છે :

મંદિર છોડીને ક્યાં જાવું રે, સંતો મારા
મંદિર છોડીને ક્યાં જાવું ?
ઘરઘરમાં તું પ્રાણ થકી,
એ ઘરને મંદિર પ્રમાણું
રે સંતો મારા, મંદિર છોડીને ક્યાં જાવું ?





આમ, કહીને ચોખામેળા પ્રભુ પ્રત્યે આતુર દૃષ્ટિએ જોતાં જણાવે છેકે : ‘‘હે ઠાકોર ! હું તો તારા દ્વારનો કૂતરો છું ! લોકો મને હડધૂત કર્યા કરે છે, છતાં પણ હું તો તારા દ્વારના પગથિયે જ પડ્યો રહું છું. આ સિવાય મારે બીજે જવાનો આરો ક્યાં છે ? તારો દીન સેવક અંત્યજ હોવા છતાંય હું તો તારી ભક્તિ કરીશ. દુનિયા-પૃથ્વી-પર મેઘવર્ષા થાય છે ત્યારે જમીન પર પડેલું પાણી ઊંચી જગ્યાએ ટકતું નથી, પણ જ્યાં નિચાણ હોય ત્યાં જ પાણી ભરાય છે. તમે મને પ્રસાદ માત્રથી મારા જીવનને શાંત કરો. મારામાં રહેલા અંધકારનો નાશ કરો. તમારી કૃપા સૌની ઉપર વરસો એવી પ્રાર્થના કરું છું.’’

ચોખામેળાએ હરિને અંતરમાં શ્રદ્ધાપૂર્વક સ્થાપ્યા. તેઓ ક્ષણે ક્ષણે ભગવાનનું સ્મરણ કરતા રહ્યા. ભોજન ભગવાનને અર્પણ કર્યા બાદ જ પોતે આરોગતા. પાણી પણ ભગવાનને અર્પણ કર્યા પછી જ પોતે પીતા. આ બધું તત્કાલીન પંડિતો, બાવાઓ, સંતો અને ધર્મચૂસ્તોને ન ગમી. બધા મળીને સંત ચોખામેળાનો સખત વિરોધ કરવા લાગ્યા. સૌનો આક્રોશ વધી ગયો. આ બધું જોઈને ભક્તનું અંતર ખૂબ જ નારાજ થઈ જતું ! પણ ભક્ત પ્રત્યે ભગવાના સદા ખુશ રહેતા.

સંત ચોખામેળા તો એક પવિત્ર આત્મા હતા. પંઢરપુરના વિઠોબાએ ભક્તની અનહદ પ્રેમભાવના જોઈ તેઓ મનુષ્ય સ્વરૂપે

મંદિર આગળ આવ્યા. ભક્ત તો નિત્યની જેમ દૂર રહીને પ્રભુના દર્શન ભાવથી કરતા ! તે વખતે ભગવાન વિઠોબાએ ભક્તનો હાથ ઝાલીને મંદિરમાં લઈ ગયા ! પ્રભુએ ભક્તને મંદિર સામે બેસીને ભજનો ગાવા જણાવ્યું ! ''તારા સુંદર ભજનો મને ઘણા સમયથી સાંભળવા મળ્યાં નથી ! મને તે સાંભળવાં ખૂબ જ ગમે છે. બીજાના ભજનમાં ભાવના કે પ્રેમ હોતો નથી, જે તારા ભજનમાં છે. બીજાના ભજનોમાં નરી સ્વાર્થવૃત્તિ હોય છે, જે તારા ભજનમાં નથી. માટે તું પ્રેમથી મારી સામે ભજન ગા !''

સંત ચોખામેળા તો પ્રેમથી ભગવાન વિઠોબા સામે ભજનો ગાવામાં મસ્ત બનીને ખોવાઈ ગયા. તેમને પોતાના દેહનું પણ ભાન ન રહ્યું ! સર્વેશ્વરને ચરણે ગાંડાઘેલા થઈને નાચવા લાગ્યા ! તે ખૂબ જ ભાવવિભોર બની ગયા! ભક્તિમાં તરબોળ બની ગયા. નિષ્કામ ભક્તિથી પ્રભુને ખૂબ જ આનંદ થયો. ભગવાન વિઠોબા રાજી થઈને ગળામાંનો પુષ્પહાર ભક્તને પહેરાવી દીધો ! ભગવાનનો હાર ભક્તના ગળામાં શોભાયમાન બની રહ્યો. પ્રભુએ ભક્તને જણાવ્યું કે, ''હવે તારે દરરોજ મારી મૂર્તિ આગળ ભજનો ગાવાં, જેથી મારા અંતરમાં ક્ષુધા ઓછી થશે, અને તૃપ્તિ થશે.'' સંત ચોખામેળા તો ભક્તિમાં અને ભજનમાં તરબોળ થઈ ગયા. લોકોના કાને વાત પહોંચી કે સંત ચોખામેળા તો મંદિરમાં મૂર્તિ સમક્ષ જઈને ભજનો ગાય છે !





એક રાત્રે પંડાઓ, પંડિતો અને ધર્મઢોંગીઓને ગાવાનો અવાજ સંભળાયો ! ત્યાં સંત ચોખામેળા ભાવવિભોર બનીને વિઠોબાની મૂર્તિ સમક્ષ ભજનો ગાતા હતા. દ્વેષીઓથી આ સહન ન થયું. તેમણે ભેગા થઈને ભક્તની ઉપર લાકડીઓથી હુલમો કર્યો, પરંતુ જેને સાક્ષાત ભગવાન સહાય એનું રક્ષણ પણ એ જ કરે છે. ભક્તને કંઈ જ ના થયું; આશ્ચર્યની ઘટના તો એ બની કે, સ્વયમ્ મૂર્તિમાંથી લોહીની ધારા વહેતી લોકોએ નજરોનજર જોઈ ! આ જોઈને તેઓ સ્તબ્ધ બની ગયા ! સંત ચોખામેળાને માર મારીને મંદિર બહાર ફેંકી દીધા ! પરંતુ ભગવાને ભક્તની સહાય કરી. બીજા દિવસે પ્રભુ વિઠોબાની મૂર્તિ સમક્ષ આવીને તેઓ ભજન ગાતા હતા ! ધર્મગુરુની ધર્મઝનૂની બ્રાહ્મણો તેમજ ધર્મઢોંગીઓએ ફરી ભક્તના હાલહવાલ ખરાબ કરી નાખ્યા. તેમ છતાંયે તેમને કોઈ અસર વર્તાતી ન હતી ! પ્રભુકૃપાથી તેઓ બચી ગયા ! તેમણે કહ્યું : ''હે પ્રભુ ! આ દુનિયામાં કોણ જાતિવાન અને કોણ કુળવાન, એ સમજાતું નથી ! અજ્ઞાન માણસો તેને લીધે દુઃખી થાય છે. તેઓ સમજી શકતા નથી, જેથી દુઃખી થતા હોય છે! હે પ્રભુ, તમારા પ્રેમનો એક અંશ જો મારા જીવનમાં મળી રહે તો પણ મને જે વર્ગમાં જન્મ આપ્યો છે, ત્યાં હું જન્મ જન્માંતર રહું તો પણ મને લેશ માત્ર ક્ષોભ નથી !''

સંત ચોખામેળા જેમ જેમ ભગવાન વિઠોબાની ભક્તિ કરતા રહ્યા તેમ તેમ લોકો તેમને વધુને વધુ હેરાન કરવા લાગ્યાં. એની પરવા કર્યા વિના ચોખામેળા તો ભગવાન વિઠોબાની મૂર્તિ સમક્ષ ભજનો, અભંગો ગાવા લાગ્યા. તેથી સૌએ ભેગા મળી બાદશાહને ફરીયાદ કરી. બાદશાહે તો ચોખામેળાને દોષિત ઠેરવી મૃત્યુદંડની સજા ફરમાવી, પરંતુ સર્વેશ્વર વિઠોબાએ સંતને ઉગારી લીધા! અને પંઢરપુરના મંદિરમાંથી ચાલ્યા ગયા! લોકોએ મંદિરમાં જોયું તો ભગવાન વિઠોબાની મૂર્તિ ગાયબ થઈ ગયેલી જોઈ ! લોકોને ચોખામેળા ઉપર શક ગયો કે, જરૂર આ ચોખામેળાએ જ પ્રભુની મૂર્તિ ચોરી લીધી હશે ! જેથી લોકો ચોખામેળને શોધવા નીકળી પડ્યા ! એક જણે તો સંત ચોખામેળાને એક ખાડામાં મરેલા ઢોરની ખાલ ઉખાડતો જોયો ! તે આ જોઈને તો ડઘાઈ જ ગયો, પણ ત્યાં જવાની કોઈની હિંમત ન હતી, પરંતુ થાય શું ? ત્યાં ગયા વગર તો છૂટકો ન હતો ? સૌએ જોયું તો મરેલા ઢોરને બદલે ત્યાં વિઠોબાની મૂર્તિ પડી હતી ! એક જણાએ જવાની હિંમત કરી એટલે તેની સાથે બીજા પણ જવા તૈયાર થયા. જેમ જેમ આગળ વધતા ગયા તેમ તેમ દુર્ગંધને બદલે સુગંધ આવવા લાગી ! બધાની સરખી અનુભૂતિથી સૌ ડઘાઈ ગયા ! આ તે કેવી કમાલ ? પ્રભુની અનુભૂતિને ભૂલીને બધા સંત ચોખામેળાને મારવા લાગ્યા. અને કહેવા લાગ્યા કે, ‘‘વિઠોબાની મૂર્તિ તેં જ ચોરી લીધી છે,







અને ક્યાંક સંતાડી દીધી છે, કેમ અમને બતાવતો નથી ?’ ત્યારે સંત ચોખામેળાએ કહ્યું : ‘‘જરા આઘા ખસો, હું તો આ મરેલા ઢોરની ખાલ ચીરું છું, મને અડશો તો તમો અભડાઈ જશો ? પ્રભુ તો મંદિમાં બિરાજમાન છે, નાહકના તમે શોધો છો ? તમારી શ્રદ્ધા છે તો મંદિરમાં જ ભગવાન મળશે, આપ સર્વે ત્યાં જઈને તપાસ કરો, મને શ્રદ્ધા છે કે તે તમને મંદિરમાં જરૂર મળશે ! આપ સૌ મારાં વચનોને સત્ય માની, શ્રદ્ધા રાખી મંદિરમાં જાવ ત્યાં જરૂર મળશે !’’

લોકો તો મંદિરમાં દોડી ગયાં. જોયું તો મંદિરના ગર્ભગૃહમાં ભગવાન વિઠોબાની મૂર્તિ બિરાજમાન હતી ! આ જોઈને બધાં આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં ! લોકોને હકીકતની જાણ થતાં ચોખામેળાની ક્ષમા માગી ! તેઓએ જણાવ્યું કે : ‘‘અમે તમને ખૂબ જ અન્યાય કર્યો છે, માટે અમને ક્ષમા કરો !’’ ચોખામેળા તો જ્ઞાની અને ભક્ત હતા. તેમણે નમ્રભાવે કહ્યું : ‘‘ભાઈઓ ! મારા પર કોઈ જ ઘા પડ્યા નથી. જે કંઈ પ્રહાર થયા છે તે ભગવાન વિઠોબા પર થયા છે ! માટે આપ વિઠોબાની ક્ષમા માગો. આપ સૌએ ભગવાનનો અપરાધ કર્યો છે. એમની માફી માગી લો. એમાં જ આપ સૌનું કલ્યાણ છે !’’ ત્યારબાદ સૌએ મંદિરે જઈને પ્રભુની ક્ષમા માંગી લીધી ! આથી સૌને પોતાની ભૂલ સમજાઈ અને બાદશાહ પાસે જઈને સર્વ હકીકતથી વાકેફ કરી દેહાંતદંડની સજા

માફ કરાવી. આમ, ભક્ત ચોખામેળા સાચા અને પવિત્ર સંત તરીકે પરિપક્વ થઈને બહાર આવ્યા. લોકોએ પોતાના શીશ નમાવી તેમને વંદન કર્યાં, તેમનો જયજયકાર બોલાવ્યો !

તેઓ ભક્તિ સાથે સાંસારિક કાર્યોમાં પણ એટલા જ ભાવથી રસ લેતા હતા. એક દિવસ તેમના ગામની એક ઊંચી દીવાલ તૂટી પડી. તેના સમારકામ માટે લોકો તૈયાર થયા ! તેઓની સાથે ભક્ત ચોખામેળા પણ કામમાં લાગી ગયા. આ કામ ઘણું જ મુશ્કેલ હતું. છતાંય પ્રેમથી, હોંશથી કરતા હતા. તેઓ સૌથી આગળ રહેતા. અથાક મહેનત બાદ દીવાલ ઊભી થઈ ગઈ, પરંતુ તૈયાર થયેલ દીવાલ અચાનક તૂટી પડી. તેમાં સંત ચોખામેળા દટાઈ ગયા ! અને નિર્વાણ પામ્યા. આ ઘટના ઈ.સ. ૧૩૩૮ની સાલમાં બનવા પામી. આમ સાચા, નિર્મોહી સંત અક્ષરધામમાં ભગવાનના સાન્નિધ્યમાં પહોંચી ગયા.







# ૫. સંત કવયિત્રી લલ્લેશ્વરી

## (ચૌદમી સદી)

તનમન ગયસ બો તસ કુનય
બુઝસ સતચ ગંટા વઝાન
તથા જાયી દારનાયિ દારન રટમ્
આકાશ તુ પ્રકાશ કોરુમ સરૂ

—લલેશ્વરી

અર્થાત :

'જ્યારે તનમનથી હું એના ધ્યાનમાં ખોવાઈ ગઈ ત્યારે મને સત્યની ઘંટડી વાગતી સંભળાઈ. ત્યારે મેં મારી ધારણા (શકિત)ને ધારણ (આત્મસાત) કરી લીધી અને આકાશ તથા પાતાળના રહસ્યને જાણી ગઈ.'

—લલેશ્વરી

ચૌદમી સદીની આ કાશ્મીરી સંત કવયિત્રી રાજસ્થાનની મીરાંબાઈનો પૂર્વજન્મ હતો. એમ કોઈ કહે તો માનવાનું મન થાય. એટલી હદે આ બંને વચ્ચે સામ્ય છે. અનેક ચમત્કારોથી સભર લલ્લેશ્વરીના જીવનમાં દુઃખ અને યોગનો મહિમા છે : કવનમાં ભક્તિ અને સમર્પણ ગુંથાયાં છે.

‘‘લલ્લેશ્વરી હજી પાણી ભરીને કેમ ન આવી ?’’ એવી માતાની ભંભેરણી સાંભળી પતિ ઓમ પંડિત હાથમાં ડંડો લઈ ઘાટ તરફ ગયો. લલ્લેશ્વરી માથે ઘડો મૂકી આવતી હતી. ઓમ પંડિતે ઘડામાં ડંડો માર્યો, ઘડાના ટુકડા થઈ નીચે પડ્યા, પરંતુ આશ્ચર્યજનક ઘટના તો એ બની કે પાણી હતું એમનું એમ ઘડાના આકારે લલેશ્વરીના માથે રહ્યું. એ પાણી એણે ઘરના પાણિયારાના પાત્રમાં ઠાલવ્યું અને વધ્યું તે બારી બહાર ફેક્યું. ત્યાં તળાવ બની ગયું. આજે પણ શ્રીનગરથી નવ માઈલદૂર લલમાગ - લલતળાવ - છે. એક કિંવદંતી એવી છે કે, ‘લલ્લેશ્વરીએ બારી બહાર ફેંકેલા જળમાંથી આ તળાવ બન્યું છે.’

લલ્લેશ્વરીનો ઘટ તૂટી ગયો : પરંતુ ઘટના આકારમાં જળ યથાવત્ રહ્યું અર્થાત્ લલ્લેશ્વરીનો આત્મા જે દેહ -ઘટ-માં વસતો હતો એ નથી, પણ એમાંનું જળ તો એ ભાવકના હૃદયપાત્રમાં ઠાલવી ગઈ છે. એ જેમનું તેમ છે.

વ્યક્તિ જયારે પરમાત્મા સાથે અનુસંધાન કેળવે છે. ત્યારે એ સત્યની વધુ નજીક પહોંચે છે. જે સત્યને જાણે છે તે જ્ઞાની છે. જીવન અંગેના સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચાર કરી શકે છે. લલ્લેશ્વરી એના આગમન અને ઉદ્દેશ વિશે સંપૂર્ણ જાગ્રત હતી. એટલે જ તે આંતરમનથી સંપૂર્ણ સ્વસ્થ હતી. એના વાઙ્મય અને વ્યક્તિત્વ વચ્ચે આવતાં આડંબર, જૂઠ, અભિમાન વગેરે આવરણોનો ત્યાગ કરી માત્ર સત્યને લઈ જીવ છે. જે સત્યને સાથે રાખી જીવે છે તેને







સહન કરવું પડે છે. પણ એ આંતરમનથી પૂર્ણ સ્વસ્થ હોય છે અને સુખી હોયછે. લલ્લેશ્વરીના પતિએ ક્રોધાવેશમાં આવી જઈ ઘડામાં લાકડી મારી, ઘડો તૂટી ગયો, પણ જળ ઘડાના આકારે જેમનું તેમ લલ્લેશ્વરીના માથે રહ્યું. કારણ કે, લલ્લેશ્વરીએ કામ, ક્રોધ, લોભ, મોહ, માયા અને મત્સરનો ત્યાગ કર્યો હતો. એમ કહો કે, આ અનિષ્ટ તત્ત્વો એને વળગ્યાં ન હતાં. લલ્લેશ્વરીું દિવ્ય સ્વરૂપ અને આત્મા વિશેના જ્ઞાનને પામી ગઈ હતી. આત્માની અમરતાને એ પામી ચૂકી હતી. પરંતુ જયારે જ્ઞાનદૃષ્ટિનું ઓજસ આત્માને માર્ગે કાપવામાં સહાયક બને છે. ત્યારે અજ્ઞાન અને અહંકારનો અંધકાર નિઃસહાયક થઈ અવરોધો ઊભા કરે છે. મનને દુષણરહિત બનાવવું આવશ્યક છે. પણ તે બોલવામાં જેટલું સહેલું છે. તેથી અધિક તો એને (મનને) દૂષણરહિત કરવું ઘણું અઘરું છે.

સદ્‌વિચારોની એકાગ્રતાને તોડવા કુવિચારોની જડ ઊખેડી નિર્મળ વિચારોના ઝરણાને મનની સરિતામાં વહાવી હૃદયરૂપી સાગર સુધી પહોંચાડવા અને હૃદયના પ્રાંગણમાં ઊભરાયેલા આ વિચારોને મન દ્વારા કાર્યવંત કરવા તે જ સાચો પુરુષાર્થ છે. વ્યક્તિ જયારે તન અને મનથી આત્માના રહસ્યો ઉકેલવા પ્રયત્ન કરે છે, ત્યારે એનામાં સત્યની ઘંટડી વાગી ઊઠે છે. એના કાર્યમાં સૌરભ અને વિચારોની સુવાસથી એની વાણી હૃદયસ્પર્શી બને છે. આવી વ્યક્તિ આત્મામાં સ્થિર અને પ્રકૃતિમાં રત રહી સ્વસ્થતા અનુભવે છે.

આત્માના સત્યનાં સાક્ષાત્કાર લલેશ્વરીને ત્રણ પરિમાણોથી થયાં છે : (૧) નિર્ગુણ બ્રહ્મ (૨) જીવ માત્રના હૃદયમાં રહેલો પરમાત્મા અને (૩) પૂર્ણ પુરુષોત્તમ ભગવાન. સંપૂર્ણ સત્યને સમજવાથી માણસ પૂર્ણ પુરષોત્તમની સમીપ આવે છે તો આવો આપણે આત્માના સત્યના સાક્ષાત્કારના પરિમાણોની ઓળખ કરી લઈએ.

આત્મા પંચમહાભૂતોમાં રહે છે. મનુષ્યનું મન જ્યાં દોરાય છેત્યાં મનુષ્ય દોરાય છે. ''**मन एवम् मनुष्याणाम् ।**'' એટેલ જ કહ્યું હશે : 'કોઈ માણસ એમ વિચારે કે હું ગૃહસ્થ નથી. તો તેને સંન્યાસી માનવો. તેવી જ રીતે '**ब्रह्म वेद ब्रह्मैव भवति**' એટલે કે 'બ્રહ્મ' ને જાણનારા બ્રહ્મ બને છે. આત્મ સાક્ષાત્કાર એ તમામ સાધના તથા માણસના અનિશ્ચિત પ્રારબ્ધનું લક્ષ્ય સ્થાન છે.'

પંચમહાભૂતોમાં વસતા આત્મા તમામ કર્મોનો કર્તાહર્તા છે. તમામ પ્રવૃત્તિઓનો દૃષ્ટા અને જ્ઞાતા છે. આમ છતાં નિર્ગુણ છે. અને બધા ગુણદોષથી પર છે. આત્માને આંખથી, વાણીથી, કાનથી અને બીજી ઈન્દ્રીઓથી આત્મસંયમથી કે બીજાં કાર્યોથી સમજી શકાય તેમ નથી. જ્ઞાનના નિર્મળ જ્યોતથી જ્યારે માણસનો આત્મા શુદ્ધી પામે ત્યારે 'ધ્યાન' દ્વારા તે નિરાકાર, નિર્ગુણ બ્રહ્મ કોણ છે તે પામી શકાય છે.







શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું છે : 'આત્મતત્ત્વને જાણનારો વિદ્યા અને વિનયથી સંપન્ન એવો બ્રાહ્મણ, ગાય,હાથી, કૂતરા અને ચાંડાળએ તમામને એક જ દૃષ્ટિએ નીરખે છે.' જે 'બ્રહ્મ' ને જાણે છે તે બ્રાહ્મણ. નાત, જાત, કે સામાજીક મોભાની દૃષ્ટિએ ઊંચ કે નીચ વગેરેના ભેદભાવ વગેરે પરમાત્મા અથવા આત્મા સર્વમાં વ્યાપ્ત છે.'

જ્યારે વ્યક્તિ જાગ્રત થાય છે ત્યારે તેની ઈન્દ્રીઓ જેવી કે : નાક, કાન, આંખ, ચામડી વગેરે દ્વારા નામ અને સ્વરૂપથી અનુભવ કરે છે. તેનો અંતરાત્મા જાગ્રત અવસ્થામાં 'વિશ્વમ્' સ્વપ્નાવસ્થામાં 'તેજસ્' અને સુસુપ્તાવસ્થામાં 'પ્રજ્ઞા' અવસ્થાની અનુભૂતિ કરે છે. ત્રણે લોકમાં અનંત પ્રકાશમાં અને છે...ક બ્રહ્માથી કીડી જેવા સૂક્ષ્માતિસૂક્ષ્મ તમામ જીવોમાં અંતર્યામી એવો આત્મા એ જ પરમાત્મા છે, બ્રહ્મા છે. એ જ સમગ્ર સર્જનનો અનંત જાગ્રત સાથી છે. એજ ઉત્પત્તિ, સ્થિતિ અને લયના સર્જનહાર છે.

નામ અને સ્વરૂપના માધ્યમથી ઊભા કરાતા ભેદ, વિચારો સાચે જ એક ભ્રમ છે. જે એના હૃદયમાં એવી દૃઢ અનુભૂતિ કરે છે કે 'હું જ તે બ્રહ્મા - પરમાત્મા છું. તે જ મારો ગુરુ છે. આપણે તો આત્મનિરીક્ષણથી, આત્મપરીક્ષણથી 'સ્વ' ની શોધ કરીને આત્માને ઓળખી પરમાત્મા થવાનું છે.'

આ પરમાત્માની પ્રાપ્તિ થાય તો સુખ આપોઆપ જ મળી જાય છે. પછી સુખની શોધમાં દોડવાની જરૂર નથી. તેને આપણી અંદરથી જ શોધવાનું છે. આપણે જેટલી અપેક્ષાઓ થોડી રાખીએ તેટલું સુખ વધુ પ્રાપ્ત થાય છે. ભૌતિક સુખ તો ક્ષણિક છે, પરંતુ આધ્યાત્મિક સુખ જ આપણને 'બ્રહ્મપદ'ની પ્રાપ્તિ કરાવે છે. આ આધ્યાત્મિક સુખ તો પ્રગટે છે આપણી અંદરથી જેટલી જિજીવિષા ઓછી, જેટલી અપેક્ષાઓ ઓછી તેટલું સુખ વધુ. આમ તો સુખ અંદરથી ઉદ્ભવતું અમૃત છે.

શરૂઆતમાં મૂકેલ લલ્લેશ્વરીની પંક્તિઓને ફરીથી યાદ કરી લઈએ. આ સત્યની ઘંટડી તે કઈ ? એના ધ્યાનમાં એટલે કોના ધ્યાનમાં ? શું આત્મસાક્ષાત્કાર થયા પછી બધા જ રહસ્યોનો તાગ મેળવી શકાય ? આ પ્રશ્નોમાં રહેલ વિભાવનાને સ્પષ્ટ કરવા માટે, એના રહસ્યોને પામવા માટે અને એના સત્યને પામવા માટે આપણા વેદો અને ઉપનિષદો પાસે જવું પડે. અંતિમ તત્ત્વરૂપ આત્મા માટે છન્દોગ્યમાં 'સત્' અને 'સ્વ' એમ બે શબ્દો પ્રયોજ્યા છે. તેનો અનુભવ સૌ કોઈને ગાઢ સુષુપ્તિની અવસ્થામાં થાય છે :

**यत्रै तत्पुरुषः स्वपिति नाम सता सोम्य**
**तदा सम्पन्नो भवति, स्वभपितो भवति,**
**तस्यो देनम् स्वपिती न्यायक्षते, स्वम् हि**
**अपीतो भवति ।**

(છન્દોગ્ય ઉપનિષદ : ૬:૮:૧)







અર્થાત્ :

''જ્યારે આ પુરુષ સૂઈ જાય છે ત્યારે સોમ્ય એ સત્ સાથે એકરૂપ થાય છે. 'સ્વ' માં વિલિન બને છે. તેથી એને 'સ્વપતિ' એમ કહે છે, કેમકે, એ 'સ્વ' માં લય પામે છે.'

લલેશ્વરી પણ તનમનથી એના (આત્માના) ધ્યાનમાં ખોવાઈ ગઈ ત્યારે એને સત્યની ઘંટડી વાગતી સંભળાઈ અને આકાશ (આત્માનું બાહ્યસ્વરૂપ) ને જાણી ગઈ. લલેશ્વરી 'સ્વ' માં લય પામીને આત્માના સત્યસ્વરૂપને પામી ગઈ.

ઉપનિષદો પણ 'આત્મા વિશ્વનું કારણ હોવાથી તેના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય' એવી પ્રતિજ્ઞા કરે છે. બધા તત્ત્વોના નિરીક્ષણ,પરીક્ષણ ઉપરાંત મન, તેની પ્રવૃત્તિઓ, તેમજ ચેતન આત્માનું જ્ઞાન તર્ક સંગ વિચારણાથી થઈ શકે.

□

# ૯. સંત કવયિત્રી તોરલ

(ઈ.સ. ૧૩૫૬નો સમય)

ભારતે સમસ્ત દુનિયાને સભ્યતા, સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનનો પહેલો પાઠ શીખવ્યો છે. જુદી જુદી પ્રજાઓ ઉપર, તેમની સંસ્કૃતિ ઉપર અને ધાર્મિક વિચારણા ઘડવામાં હિંદે પરોક્ષ રીતે કે પ્રત્યક્ષ રીતે મોટો ભાગ ભજવ્યો છે. ભારત તેના દરેક પ્રકારના વિકાસનું ઉદ્‌ગમસ્થાન ગણાતું હતું. અહીં શોણ અને ગંગા નદીના તટે પાટલીપુત્રમાં વહાણો લાંગરવામાં આવતાં હતાં. અહીંના વહાણો દૂર પૂર્વના દ્વીપો સુધી જતાં હતાં. તે ફક્ત વેપાર જ ખેડતા પણ સાથે સાથે અહીંની પ્રજાના સંસ્કારો,તત્વજ્ઞાન, ભક્તિ અને ધર્મના વિચાર પણ લઈ જતા હતા. પૂર્વના દ્વીપો - જાવા, સુમાત્રા, બાલિ, હિંદી ચીન, - સિયામ વગેરે ઉપર આજે પણ સ્પષ્ટપણે હિંદી સંસ્કૃતિની છાપ છે એટલું જ નહિ, ધર્મ અને ભક્તિ સંસ્કાર ઉપર પણ હિંદનો પ્રભાવ છે.

ભારતની ધાર્મિક ક્રાંતિના પૂર પણ જગત ઉપર છવાતા જતા હતા. ગ્રીક અને રોમન ઈતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે, સિકંદર બાદ ત્યાંની પ્રજાએ ''રાજાના દૈવી અધિકાર'' અને ''સીતમ'' વિરુદ્ધ માથું ઊંચકેલું અને'ધર્મપુત્ર' તરીકે વિલાસી રાજાઓને ઉખાડી ફેંકવામાં આવેલા. આ બધી વિચારધારાઓના મૂળનું સિંચન તો હિંદના બનાવોએ કરેલું.







ભારતની ધાર્મિક અને ધર્મની વિચાર ધારાઓને વહેતી રાખવામાં સંતોએ ભગીરથ કાર્ય કર્યું છે. પોતાના સદ્‌ચારિત્ર્યના બળે અને ત્યાગ અને જ્ઞાનના  બળે. ધર્મ અને સંસ્કૃતિ બંનેની પ્રતિષ્ઠા થઈ.

હિંસા અને અહિંસાની વાત આવે છે ત્યારે અહિંસાની જ પ્રતિષ્ઠા થાય છે. શાસ્ત્રોમાં પણ ''અહિંસા પરમોધર્મ''ની ઊક્તિ પ્રચલિત થઈ છે. હિંસા તો ઘૃણા અને પરસ્પરની નફરતને વધારે છે. અહિંસા પરસ્પરને સમજવાની તક આપે છે અને પરસ્પરના પ્રેમમાં વધારો કરે છે. પૂજ્ય મહાત્મા ગાંધીએ પોતાના વ્યાપક પ્રયોગવડે એ સાબિત કર્યું છે 'અમારું માનો નહીં તો બોમ્બ ફેંકીને ખતમ કરી દઈશું.' એ તત્ત્વ અહિંસામાં નથી. પરંતુ અહિંસામાં તો માનવજીવનનું મૂલ્ય અંકાય છે. શોષણ અને જુલ્મમાંથી મુક્તિનો માર્ગ બતાવવામાં આવે છે.

ભારતનો ઈતિહાસ પ્રજાકિય ઐક્યથી ભરેલો છે અહીં જુદાજુદા ધર્મના લોકો સાથે રહેછે. અહીં જુદી જુદી પ્રજાનો સંગમ થયો છે. અને તેમાંથી સર્જાઈ છે અલગ છતાં પણ અખંડ માનવજાતિ....! ભારતનું માનવતાનું સ્વતંત્ર માનવનું ગીત. દરેક પ્રજામાં ચેતના જગાવે છે. પરંતુ આ ચેતનાનું વહેણ તો ધર્મરક્ષક સંતો તરફથી આવ્યું છે. સમયે સમયે સંતોએ ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ કરવામાં અને પ્રજાને સદ્‌માર્ગે વાળવાનું કાર્ય કર્યું છે.

## કૃપાસિંધુ સંતો

મધ્યકાળ જ્ઞાન અને ભક્તિ પરંપરાનો યુગ કહેવાયો છે. સાથે સાથે અંધશ્રદ્ધાનો યુગ પણ કહેવાયો છે. આ અંધશ્રદ્ધામાંથી પ્રજાને બહાર લાવી ભક્તિમાર્ગે વાળવામાં સંતોએ ઘણું કાર્ય કર્યું છે. જેને કારણે ભારતીય સંસ્કૃતિ જળવાઈ રહીછે. મધ્યકાલીન સમયમાં 'બળિયાના બેભાગ' જેવી પરિસ્થિતિ હતી.તે સમયે કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાત નાના નાના રજવાડાંઓમાં વહેંચાયેલા પ્રદેશો હતા.આ રજવાડાઓના રાજાઓ, નવાબો, હાકેમો પ્રજા ઉપર સીતમ ગુજારવામાં કશું જ બાકી રાખતા ન હોતા તો બહાર વટિયાઓ, ચોર, લૂંટારાઓ ધાડપાડુઓ વગેરે પણ પ્રજાને હેરાન કરતા હતા. અંધશ્રદ્ધા પણ વ્યાપકપણે વિસ્તરી હતી. સ્ત્રીઓને મિલકત ગણવામાં આવતી હતી.

આ સમયમાં લોકો અંધશ્રદ્ધાળુ અને ધર્માંધ હતાં. તલવારની અણીએ ધર્મપરિવર્તન કરાવવામાં આવતું હતું. એવા નાજુક સમયમાં પ્રજામાં એકતાની ભાવના જાગ્રત કરવામાં સંતોએ આગેવાની લઈને હિન્દુ, મુસ્લીમ, અંત્યજ અને દલિત - પિડીત પ્રજા ઉપર સમભાવ રાખી સર્વજીવોનું કલ્યાણ કરવા માટે અને સમાજમાં રહેલ દુષણો, અંધશ્રદ્ધા, ધર્માંધતા દૂર કરવા માટે જાતિ, પંથ, ધર્મ, સંપ્રદાય વચ્ચે કોઈપણ જાતનો ભેદભાવ રાખ્યા વગર પ્રજાને ધર્મ અને અધ્યાત્મ માર્ગે વાળવામાં સંતો સતત જાગ્રત રહ્યા છે.





## કૃપાસિંધુ સંતો

આજથી લગભગ સાતસો વર્ષ પહેલાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં જેસલ જાડેજાની હાક પ્રવર્તતી હતી. જેસલ દેદાવંશમાં ભયંકર બહારવટિયો થયો. જેસલનું મૂળ વતન કંથરોટ પણ કોઈ કારણસર સ્થળાંતર કરીને તે અંજાર આવેલ. અંજારની બહાર આંબલીનું જંગલ આવેલ હતું. તે 'કજ્જલીવન' તરીકે ઓળખાતું હતું. આ વન જેસલ જાડેજા માટે અભેદ કિલ્લો કે આશ્રય સ્થાન હતું.

કચ્છના જામ રતા રાયધણના ચાર કુંવરો : દે દો, ઓઢો, ગજણ અને હોથા. આમાંથી મોટા પુત્ર દેદાના વંશમાં જેસલ થયા. જેસલના વંશના આજે પણ 'જેસર' તરીકે ઓળખાય છે. જેસલનો વંશ આ પ્રમાણે આગળ વધ્યો છે : જેસલના કુંવર હોથી, હોથીના નારણજી, નારણજીના રાઉ, રાઉના ચાંદાજી, ચાંદાજીના જેસલ (બીજા) તેને અંજારનું કીડાણું ગામ ગિરાસમાં મળેલું.

જેસલે લગ્ન કર્યા હોય તેવો ઉલ્લેખ મળતો નથી. પણ દુલેરાય કારાણીનો મત મુજબ તોરલને લાવતા પહેલાં લગ્ન કર્યા હોય અને તે સ્ત્રીથી વંશ વધ્યો હોય તે બનવા જોગ છે. વળી, તોરલને પણ કોઈ સંતાન હોય તેવો ઉલ્લેખ મળતો નથી.

જેસલના ભાઈ વિશળભાને જેસલના ત્રાસ અને અમાનુષી વર્તન માટે લોકોએ ફરિયાદ કરી ત્યારે વિશળભાએ જેસલને કાઢી મૂક્યો. આથી તો તે વધારે ખુંખાર થયો. પાપ કરવામાં એણે પાછી પાની કરી નહિ. બહેન-દીકરીઓના શીયળ

લૂંટ્યા, લગ્નની જાનો લૂંટી, વરરાજા અને કન્યાઓના સંહાર કર્યા, ગાયોનો સંહાર કર્યો, તરસી ગાયોને પાણી પીતાં વાળી, પશુ, પક્ષી, વગેરેનો સંહાર કર્યો. છેલ્લે છેલ્લે પોતાના બનેવી વીરસિંહ વાઘેલા, ભાણેજ રામસિંહ અને બહેનની પણ હત્યા કરી. આમ જેસલે કચ્છમાં હાહાકાર વર્તાવી દીધો. જેસલના અપકૃત્યે માઝા મૂકી.

પણ—

શ્રીમદ્ ભગવદ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે :

**यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।**

**अभ्युत्थानम् धर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥**

(અ:૪:૭)

અર્થાત્ :

'હે ભારત ! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું પોતાના રૂપને સર્જું છું. એટલે સાકાર રૂપે લોકો સમક્ષ પ્રગટ થાઉં છું.'

એ રીતે પ્રજાનું રક્ષણ કરવા અને જેસલ જેવા ખૂંખાર બહારવટિયા સામે તોરલ આવ્યાં.

જેસલના પગીઓએ જેસલને ખબર આપ્યા કે સાસતિયા કાઠીની ઘોડી પાણીદાર છે. તે દિવસથી જેસલના મનમાં એ ઘોડી વસી ગઈ અને ઘોડીને મેળવવાના પ્રયત્નો શરૂ કર્યા. તે એકલો જ સોનગઢ તરફ રવાના થયો.







જેસલ સોનગઢ સાસતિયાના મહેલ પાસે આવ્યો ત્યારે સાધુ, સંતોની મંડળી ભજનમાં મસ્ત હતી. એકવારનો ભયંકર લૂંટારો સાસતિયો ખોળામાં રામસાગર લઈને ભજન ગાઈ રહ્યો હતો. જેસલે જોયું તો સિંહ ઘાસ ખાઈ રહ્યો હતો. તે વિચારવા લાગ્યો, આવું બને જ કેમ ? હાથમાં બંદૂકને સ્થાને રામસાગર ! અને ક્રૂરવાણીને સ્થાને ભક્તિની પરાવાણી ! પણ જેસલને તો સાસતિયાની ઘોડી લઈ જવી હતી. તે ઘોડી જ્યાં બાંધી હતી ત્યાં લપાતાં-છૂપાતાં આવ્યો. કોઈ જોઈ ન જાય તે માટે તે મગરની ચાલે પેટે ઘસાતાં આગળ વધ્યો. ઘોડીની નજીક આવતાં જ ઘોડી હણહણી અને ખીલો ઉખાડી નાંખ્યો. તોરલ ઘોડીની હણહણાટીથી બહાર આવ્યાં અને ખીલો ફરીથી ખોડી દીધો. જેસલ ઘાસમાં સૂઈ ગયો હતો અને હાથમાં ખીલો પરોવાઈ ગયો, પણ ઊંહકારો સરખોય ન કર્યો.

ભજનો પૂરાં થતાં પ્રભાતિ ગવાયા પછી તોરલ પ્રસાદ વહેંચવા ઊભાં થયાં. પ્રસાદ તો વહેંચાઈ ગયો પણ એક વ્યક્તિનો પ્રસાદ વધ્યો. સૌને નવાઈ લાગી. નક્કી કોઈ અહીં માણસ હોવું જોઈએ. બધા ઘોડી પાસે આવ્યા. સાસતિયાના પગ સાથે કશુંક અફળાયું. દીવો લઈને જુએ છે તો કાળા વસ્ત્રમાં વીંટળાયેલ જેસલ ! જેસલના હાથમાંથી ખીલો કાઢે છે અને પૂછ્યું : ''કોણ છો ?''

''હું જેસલ જાડેજા.''

‘‘કચ્છવાળા ?’’

‘‘હા, થડકયા નથી ને ?’’

‘‘ના...રે, જાડેજા ! મેં પણ તમારા જેવાં ઘણાં કૂકર્મો કર્યાં છે. પણ સતીનો સ્પર્શ થતાં હું કથીરમાંથી કંચન થઈ ગયો છું. મેં કૂકર્મો કરવાનું છોડી દીધું છે.’’

‘‘છોડી જ દે ને ! એમનાં કર્મોથી એમના જીવનમાં કયાંય શાંતિ નહોતી. પાપના નરક સમું રૌરવ નરકમાં નાંખનારું તેમનું કર્મ હતું’’ તોરલે વાત પૂરી કરી.

‘‘અહીં શા માટે આવ્યા ? અને તેય વળી છુપાઈ છુપાઈને આવ્યા !’’ સાસતિયાએ જેસલ જાડેજાને કહ્યું.

‘‘આ તોળી ઘોડી અને તોળી તલવાર લેવાની ઉમેદ પૂરી કરવી હતી.’’ જેસલે સાસતિયાની સામે જોઈને કહ્યું.

‘‘તો, ભાઈ ! માણસના જીવનની આશા પૂરી થતી નથી, જયાં સુધી હૈયું હરિભક્તિના રંગે રંગાઈ જાય ત્યાં સુધી.’’

તોરલે જેસલને ઘરમાં બોલાવીને પ્રભુનો પ્રસાદ આપ્યો.

‘‘જાડેજા ! હું અક્કરમી હતો. ચોરી, લૂંટ, નિર્દોષોનો સંહાર કરવો એ મારું કર્મ અને દારૂ, અફીણ, ગાંજો પીવો એ મારું નિત્યનું વ્યસન થઈ ગયું હતું. પણ જયારથી તોળાં દે આવ્યાં ત્યારથી પ્રભુભક્તિથી આ બધું છોડાવી દીધું અને હું ભકિતમાં તલ્લીન થઈ ગયો હવે તો ઈશ્વરનો અને આ તોળાં દે નો જ આશરો છે. મારો







મારગખોટો હતો. એની પ્રતીતિ આ તોળાં દે એ મને કરાવી અને હું સદ્માર્ગે વળ્યો.’’ સાસટિયાએ બે હાથ જોડીને જેસલ સામે જોઈને કહ્યું,

નવાઈ પામી જેસલે પૂછ્યું : ‘‘તો, સાસટિયા મારો મારગ ?’’

‘‘તમારો મારગ કેદી સાચો હતો ? તમારા દુષ્કૃત્યોની વાતો અમે ઠેઠ અહીં સુધી સાંભળવા મળતી હતી.’’ તોરલે તરત જવાબ આપતાં કહ્યું.

સાસતિયો વિચારતો હતો હતો કે : ‘આ માણસે અનેક પશુ, પક્ષી અને માનવોની હત્યા કી છે. ન કરવાનાં પણ ઘણાં દુષ્કૃત્યો કર્યાં છે. શું કરવું ? આ અત્યાચાર અને માનવહત્યા અટકાવવા કંઈક તો રસ્તો કાઢવો પડશે.’

સાસતિયાએ તોરલની સામે જોઈને કહ્યું : ‘‘તોરાંદે, તમે મને હત્યારાને ધર્મમાર્ગ વાળ્યોને ?’’

‘‘પણ.... ઈ તો મારો ધર્મ હતો !’’

‘‘એ ધર્મ હજુ છે કે ગયો ?’’

‘‘ના, કાઠીરાજ ! હું બધાંને સરખા ગણીને તેમના કલ્યાણની ચિંતા કરું છું.’’

‘‘તો, તમે, અનેક પશુ, પક્ષી અને માનવના ભલા માટે જેસલ જાડેજા સાથે જાઓ, તેમના ભેળા વસી તમે તેમનું અને કચ્છનું કલ્યાણ કરો.’’ સાસતિયાએ તોરલની સામે જોઈને કહ્યું.

‘‘અરે, આ શું બોલો છો ? સાસતિયા ? કોઈ પોતાની સ્ત્રી બીજાને આપે ખરો ? તમે ઘેલા થયા છો ?’’ જેસલે સાસતિયાને વારતાં કહ્યું.

‘‘હા, ભાઈ ! ધર્મ માર્ગ અને અન્યના કલ્યાણની ભાવના એ ધર્મઘેલાનો પંથ છે, કાઢિયાણી તમારી સાથે આવશે તો જરૂર તમારામાં પરિવર્તન આવશે. એમ થવાથી ઘણા જીવ ઉગરશે, અધર્મ અટકશે અને એનું પુણ્ય અમને મળશે, એટલે હું તમને ત્રણેય ‘તો’ આપું છું. તોરાંદે, તોળી ઘોડી અને તોળી તલવાર.’’

સાસટિયાએ આ ત્રણેય મૂલ્યવાન અને પ્રાણથી પણ પ્યારી વસ્તુઓ આપીને સાસટિયો તો ભવસાગર તરી ગયો. સાસટિયાએ ભજન ઉપાડ્યું :

તોરલે ત્રણ નર તારિયા, સાસતિયો ને સધીર,
જેસલ જગનો ચોરટો, પલમાં કીધો પીર.

જેસલ અને સાસતિયા જેવા, ક્રૂર અને હત્યારા, તો સધીર શેઠ જેવા કામીને સન્માર્ગે વાળનાર સતી તોરલમાં અદ્‌ભૂત નારી શક્તિના દર્શન થાય છે.

આમ તો, તોરલ ક્યાંના ? તેમના માતા-પિતા કોણ ? એનો કોઈ જ ઉલ્લેખ મળતો નથી. પણ, તોરલ સોનગઢના કાઠીરાજ સાસતિયાનાં ધર્મપત્ની હતાં અને કાઠીરાણી હતાં. તે ઈતિહાસ દ્વારા જાણી શકાય છે.







સાસતિયો પણ ક્રૂર અને ભયંકર ડાકુ હતો. તેની ધાક પણ પાંચાળની ધરા ધ્રુજતી હતી. ચોરી, લૂંટફાટ, અને જોરજુલ્મ કરવાનો તેનો ધંધો હતો. પણ તોરલના પગલાં પડતાં જ તેનામાં અણધાર્યું પરિવર્તન આવ્યું અને શેતાનમાંથી સંત થઈ ગયો. અને તેને આંગણે સંત સમાગમ અને ભજન-કિર્તન થવા લાગ્યાં.

‘એ...જી જેસલ ગળતીએ માઝમ રાત....’ ભજનનો ઉપાડ થતાં જ જેસલ ભાવાવેશમાં આવી ગયો અનેકહેવા લાગ્યો : ‘‘હવે ભજન બંધ કરો, મારાથી સંભળાતું નથી. હવે જેસલ હરિને ઓરડે તો શું કોઈના ઓરડે ખાતર નહીં પાડે, બહેન દીકરીઓના શિયળ બચાવશે, કોઈની પણ હત્યા નહીં કરે.’’

‘‘કાં, જાડેજા ! જોયોને ચમત્કાર, દિલમાં દર્દ ઉપાડ્યુંને ? હરિનો મારગ એ કલ્યાણનો મારગ છે.’’ સાસતિયે તોરલ તરફ નજર કરીને કહ્યું : ‘‘સતી ! તમે તો કાલે જાડેજા સાથે જવાનાં છો, છેલ્લી વાર તમારા કંઠે એક ભજન સાંભળવું છે.’’

તોરલે રામસાગર હાથમાં લીધો અને ભજન ઉપાડ્યું.

એ...જી, જેસલ તમે રે હીરો ને અમે લાલ
જાડેજા હો.... તમે રે હીરો ને અમે લાલ....
એક રે દોરામાં દોનું પ્રોવિયા....

પછી સાસતિયે ઘોડી અને તલવાર તૈયાર કર્યાં, તેમાં તલવાર તો જેસલે લીધી નહિ, પણ ઘોડી લઈ તોળાંદે સાથે રવાના

થયો. સાસતિયો અને સાધુની મંડળી થોડે સુધી વળાવા ગયા અને વિદાય આપતાં કહ્યું : ''સતી ! પધારજો.''

''કાઠીરાજ ! હવે તો અલખના ધામમાં મળીશું.'' કહી તોરલે સાસતિયા સામે હાથ જોડ્યા અને છૂટાં પડ્યાં.

સાસતિયાનો આ મહાત્યાગ હતો, વિરક્તિ હતી. અન્યના કલ્યાણની ન મૂલવી શકાય તેવી ભાવના હતી. પોતાની સ્ત્રીનું દાન કરવું તે નાની સૂની વાત ન હતી. અહીં મને જલારામ બાપાએ માતા વીરબાઈનું દાન કરીને પ્રભુ થઈને પૂજાય છે. એ ઘટના યાદ આવે છે. પણ આ મહાત્યાગી સાસતિયા માટે ઈતિહાસે નોંધ લીધી નથી.

જેસલ તોરલને લઈને જોડિયા બંદરે આવ્યા, માછીને આવવામાં થોડીવાર હતી. એટલે તોરલે રામસાગર હાથમાં લીધો અને ભજન ઉપાડ્યું :

જેસલ કરી લે વિચાર, માથે જમ કેરા માર;
સ્વપ્ના જેવો છે સંસાર, તોળી રાણી કરે છે પોકાર
આવો ને જેસલ રાય, આપણ પ્રેમ થકી મળીએ રે...
સાચા સંત હોય ત્યાં ભળીએ રે...

જેસલની ક્રૂરતા તોરલના શબ્દે શબ્દે નીતરતી હતી.

''ખરું છે, સતી ! ભેદું વગર ભરમ ભાંગે નહિ, અને ભરમ ભાંગ્યા વગર કલ્યાણ પંથ કેમ સૂઝે ?''







માછીઓ આવતાં જ એક વહાણમાં ઘોડી ચડાવી અને એકમાં જેસલ, તોરલ બેસી કચ્છના તુણા બંદર તરફ રવાના થયા. સાથે અન્ય મુસાફરો પણ હતાં.

અચાનક સમુદ્રમાં તોફાન ઉપડ્યું, વહાણ તો હાલક-ડોલક થવા લાગ્યું.

''તોળાં દે બચાવો, હું મરી જઈશ.'' જાડેજા ભયભીત થઈ ગયો. પહેલીવાર એને મૃત્યુની ભીષણતાનો ખ્યાલ આવ્યો. ''તોળાં દે ! હું અધર્મી ને અધર્મ છું, મને બચાવો.''

''જાડેજા ! પાપમાંથી બચવું હોય તો, પાપનો એકરાર કરો.''

પાપ તારું પ્રકાશ જાડેજા, ધરમ તારો સંભાળ રે,
તારી બેડલીને બૂડવા નહીં દઉં, જાડેજા રે એમ તોરલ કહે છે જી...

પછી જાડેજા જેસલને એનો જવાબ આપતાં કહે છે...

લૂંટી કુંવારી જાન, તોળી રાણી; લૂંટી કુંવારી જાન રે...
દસ-વીલું મોડબંધા મારિયા
મેં તો દસ-વીસું મોડબંધા મારિયા
એમ જેસલ કહે છે જી...

એમ જેસલે એક પછી એક પોતાનાં પાપ પ્રગટ કરવા લાગ્યો. કબૂલવા લાગ્યો અને સમુદ્રનું તોફાન સમી ગયું. જેસલ અને તોરલ બંને તુણા બંદરેથી અંજાર આવ્યાં, પોતાનાં બધાં હથિયાર ભાંગી નાખ્યાં. પછી તો જેસલને ઓરડે સાધુ, સંતોની પંગતો જામવા લાગી, રાત્રે ભજન - કીર્તન થવા લાગ્યાં. જેસલ તો

એઠાં વાસણ ધોવાનું, કપડાં ધોવાનું વગેરે ઘરકામ પણ કરવા લાગ્યો. આમ તે નિર્માની થઈ ગયો.

જેસલ તોરલને ગુરુભાવથી જ જોવા લાગ્યો. તોરલ તો નિજારપંથનાં પ્રવાસી હતાં. નિજારપંથમાં વ્યભિચાર કે વિકારને સ્થાન નથી.

એકવાર સાધુ જેસલને ત્યાં જમવા આવ્યા, પણ ઘરમાં કાંઈ હતું નહિ. એટલે સધીર શેઠને ત્યાં સીધું - સામાન લેવા ગયાં. સધીર શેઠ તો અતિ કામી પુરુષ હતો. એટલે રાતવાસો કરવાની શરતે સીધું -સામાન આપ્યું.

વચન પ્રમાણે રાત્રે તોરલ સધીર શેઠને આવાસે આવ્યાં. જેસલ તોરલને સધીર શેઠના મકાન સુધી મૂકવા આવ્યો.

વરસાદ ચાલુ હતો પણ સતીના કોરાં વસ્ત્રો જોઈ સધીર શેઠને નવાઈ લાગી. સતીએ શેઠને કહ્યું : ''શેઠ ! આ કાયા તો હાડ, ચામડાની અને મળ, મૂત્રથી ભરેલી છે. તેના પર મોહ રાખવો નકામો છે.'' આમ, ઘણી રીતે સમજાવ્યો. શેઠને વાત સાચી લાગી અને તે પણ તોરલનો શિષ્ય બની ગયો અને ભક્તિના રંગે રંગાઈ ગયો, પછી તો પોતે પણ સાધુ, સંતોને દાન કરવા લાગ્યો, ભૂખ્યાને ભોજન અને રહેનારને આશરો આપવા લાગ્યો.

જેની ધાકથી કચ્છની ધરતી ધ્રુજી ઊઠતી એવા જેસલને એકવાર તોરલે પોતાનાં કપડાં ધોવા માટે આજ્ઞા કરી. જેસલે આજ્ઞા માની અને માથે પોટકું મૂકીને ગામની ભાગોળે આવેલ તળાવે ગયા.







લોકોએ જોયું તો તે સાંભળે તે રીતે ટીકા પણ કરવા લાગ્યાં, એટલું જ નહિ મશ્કરી કરવા લાગ્યા. પણ જેસલનું હૃદય પરિવર્તન થઈ ગયું હતું. એ જેમ જેમ કપડાં ધોતો હતો તેમ તેમ તોરલ એનાં પાપ ધોઈ રહ્યાં હતાં. જેસલ અંદર ને અંદર પસ્તાવો કરી રહ્યો હતો. તેનાં પાપ તેને જંપવા દેતાં ન હતાં. કપડાં ધોતાં ધોતાં તે ગાઈ રહ્યો હતો. :

રોઈ રોઈ કોને સંભળાવું, તોળાંદે...
ઊંડા દુઃખ કોને સંભળાવું, એમ જેસલ કહે છે જી...
એ..... રૂદિયો રૂવે ને માંહ્યલો ભીતરતો જલે...

ત્યારે સતી તોરાંદે એને સાંત્વના આપીને શાંત કરતાં હતાં.

એક સમયે મારવાડના માલાજાળથી સતી રૂપાંદે - માલદેવજીનું વાયક આવ્યું. પણ જેસલે કરેલા પાપ તેને હજી પણ ડંખતાં હતાં : '' તોરાંદે, સંતસભામાં હું પાપી શોભું નહી. આપ જાવ...'' તોરલે ઘણો આગ્રહ કર્યો પણ જેસલ મારવાડ ન ગયા. તોરલ અને સધીર શેઠ મારવાડ ગયાં. તે પછી જેસલે સમાધિ લેવાનું નક્કી કર્યું અને તેમણે સમાધિ લીધી.

મારવાડમાં તોરલને જાણ થાય છે અને તેઓ પાછાં વળે છે. સાથે રૂપાંદે - માલદે પણ આવે છે. જુએ છે તો જેસલે સમાધિ લઈ લીધી હતી. પણ તોરલ જયારે મારવાડ ગયા ત્યારે વચન આપ્યું હતું કે, ''તમારા હું કોઈ નિર્ણય લઈશ નહીં.''

એ યાદ આવતાં તોરલે રામસાગર હાથમાં લીધો અને જેસલની સમાધિ પાસે બેસીને ગાવા લાગ્યાં :

જાડેજા હો... વચન સંભારી વેલા જાગજો,
જાડેજા હો... તાલ તંબુરો સતીના હાથમાં

સમાધિ હલે છે. તોરલ માટી ખસેડાવે છે, જેસલ બહાર આવે છે પછી તોરલ પણ સમાધિ લઈ લે છે.

લોકવાયકા એવી છે કે, જેસલ-તોરલની સમાધિ થોડી થોડી એકબીજાની નજીક આવતી જાય છે. કહેવત છે કે : ''જેસલ હટે જવ ભર અને તોરલ હટે તલ ભર'' એમ કહેવાય છે કે, આ બંને સમાધિ જ્યારે એક થઈ જશે ત્યારે પ્રલય થશે.

આજે પણ જેસલ-તોરલના ભજનો લોકોના હૃદયને ભીંજવે છે.

□







# ૭. ભક્ત કવિ ગુરુ રવિદાસ

(ઈ.સ. ૧૩૭૭ થી ૧૫૮૪)

ઐસી જિનિ કરી હો મહારાજ...
દ્રી માંહી બૈઠે તુમ દેખો બિગરત હૈ યોં કાજ.
દ્રુપદ સુતા કી તુમ કું દેખત, ખૈંચ લઈ સબ લાજ...

—રવિદાસ

આ પદના સર્જક તે સંત રવિદાસ. સ્વામી રામાનંદે એકવાર પોતાના એક બ્રહ્મચારી શિષ્ય પર ક્રોધ વરસાવી તેને ચમારકુળમાં જન્મ લેવાનો શાપ આપ્યો હતો. આ બ્રહ્મચારી શિષ્યનો પુનઃજન્મ તે સંત રવિદાસ, રવિદાસ સ્વામી.

સ્વામી રામાનંદજીનો જન્મ તેરમી સદીના ઉત્તરાર્ધમાં એટલે કે વિક્રમ સંવત ૧૩૫૬ માં પ્રયાગમાં થયો હતો. તેમના શિષ્યોમાં : અનંતાનંદ સ્વામી, કબીર, સુખાનંદ, સુર સુરાનંદ, ભાવાનંદ, ગાલવાનંદ, યોગાનંદ, નરહર્યાનંદ, પીપા, રવિદાસ, ધન્ના, સેન અને સુરસુરી હતા.

રામનામનો મંત્ર દેશભરમાં ગુંજતો કરવા રામાનંદજીએ ધન્ના, કબીર, રવિદાસ અને સેનને ઉત્તર ભારતમાં, સુરસુરાનંદને પંજાબમાં, ભાવાનંદને દક્ષિણમાં, નરહર્યાનંદને ઓરિસ્સા તરફ, ગાલવાનંદજીને કાશ્મીરમાં અનેપીપા તથા યોગાનંદજીને ગુજરાતમાં રહી ધર્મપ્રચાર અને પ્રસારનું કાર્ય કરવાની આજ્ઞા કરી.

રામાનંદજીએ ૧૧૧ વર્ષનું દીર્ઘાયું ભોગવી વિક્રમ સંવત ૧૪૬૭ માં નિર્વાણ પામ્યા. તેમના શિષ્યોએ રામાનંદજીની આજ્ઞામાં રહીને ભારતના ચાર પ્રદેશમાં સામાજીક સમરસતા, સમાજસેવા અને રામનામનો મંત્ર ગૂંજતો કર્યો. વીજળીના ચમકારાની માફક સમગ્ર દેશમાં ભક્તિ આંદોલન ખૂણે ખૂણે ફેલાઈ ગયું. રામાનંદના એક એકથી ચઢિયાતા શિષ્યોમાં સંત રવિદાસ શાંત, સિદ્ધ અને શ્રેષ્ઠ ગણાતા. ભક્તિ આંદોલનમાં રવિદાસનું નામ આજે પણ ખૂબ આદરપૂર્વક લેવામાં આવે છે.

રવિદાસનો જન્મ મહાસુદ પૂનમ વિક્રમ સંવત ૧૪૩૩ ના રોજ ચંદ્રવંશી પરિવારમાં કાશી પાસેના ભાંડુર ગામમાં થયો હતો. આ ગામનું પ્રાચીન નામ મંડૂઆ ડીહ હતું. એ કાશીથી પશ્ચિમ બાજુ ચારેક કિલોમીટરના અંતરે આવેલું છે. સદીઓથી ચમાર જ્ઞાતિના લોકો અહીં રહેતા હતા. આ સ્થળથી થોડે દૂર 'લહરતારા' નામનું તળાવ આવેલ છે. રવિદાસના ગુરુભાઈ સંત કબીરના જન્મ સાથે પણ એ સંકળાયેલ છે. આ તળાવની આસપાસ આજે પણ રવિદાસીઓની ખૂબ મોટી વસ્તી છે.

રવિદાસના પિતાનું નામ રઘુ (ભવિષ્ય પુરાણ ખંડ : ૪ઃઅઃ૧૮ ઃ શ્લોક ૫૭માં રવિદાસના પિતાનું નામ માનદાસ સૂચવાયું છે ઃ જુઓ ઃ मानदासस्य पुत्रां रविदास ईति विश्रुतः ।) અને માતાનું નામ કરમાદેવી હતું. જન્મથી બાળક રવિદાસ ખૂબ તેજસ્વી







અને અત્યંત સુંદર હતા. એ રવિવારે જન્મ્યા હોવાથી તેમનું નામ રવિદાસ રાખવામાં આવેલું. માતા કરમાદેવી ખૂબ ધાર્મિક અને રામભક્ત હતી. રોજ ગંગા સ્નાન કરી રામજીની પૂજા કરતી હતી. એટલું જ નહિ, પંચ ગંગાઘાટ પર સ્વામી રામાનંદના સત્સંગમાં પણ રોજ જતી હતી. સ્વામીજીની પરમ કૃપા અને આશીર્વાદથી જ રવિનો જન્મ થયો હતો. એવું તે માનતી હતી.

રવિદાસના જન્મ વિશે એક લોકોકિત એ પણ છે કે, ગંગાઘાટે આવેલા સ્વામી રામાનંદના 'શ્રીમદ આશ્રમ'માં કાશીનગરીમાં ઘેર ઘેર ફરીને માંગેલી ભિક્ષામાંથી ભોજન વ્યવસ્થા ચાલતી હતી. કોઈ એક ઘરેથી આવેલું ભોજન સ્વીકારવામાં આવતું ન હતું. બધી જ નાતજાતના ઘરેથી ભિક્ષામાં ભોજન લેવામાં આવતું અને એમાંથી આશ્રમમાં રહેતા શિષ્યોનું ભોજન થતું હતું. એક આશ્રમનિવાસી એક શિષ્ય કાશીનગરીમાં ભિક્ષા માંગવા ગયો. ધોધમાર વરસાદ વરસતો હતો. ક્યાંયથી અન્ન મળે એમ ન હોતું. એવામાં એક દંપતીએ પેલા આશ્રમવાસીને આશ્રમ માટે પોતાના ઘરેથી ભોજન લઈ જવા પ્રાર્થના કરી. આશ્રમવાસીને પણ લાગ્યું કે, ભયાનક વરસાદમાં ભોજન મળે એમ લાગતું નથી. ઘરે ઘરેથી ભિક્ષા માગવાને બદલે ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરી એક જ ઘરેથી ભોજન લઈ આશ્રમે પહોંચી ગયો. આશ્રમના નિયમનો ભંગ થતાં જ ધ્યાનમગ્ન બેઠેલા સ્વામી રામાનંદના માનસપટ પર એક શિશુનો

ચહેરો ઘૂમતો રહ્યો. પરોઢિયે સ્વામીજીને જ્ઞાન થયું કે ગઈ કાલે એક જ ઘરેથી અન્ન આવ્યું છે અને પ્રૌઢ દંપતીએ પુત્રેષણાની કામનાથી આશ્રમમાં ભોજન સામગ્રી મોકલી છે. સવારની પ્રાર્થના સભામાં પેલા આશ્રમવાસી બ્રહ્મચારીને રામાનંદજીએ શાપ આપ્યો : ''તારે જ પેલા દંપતીના ઘરે પુત્ર તરીકે જન્મ લેવાનો છે.'' એ આશ્રમવાસી બ્રહ્મચારીએ જ રવિદાસ તરીકે રઘુના ઘરે જન્મ લીધો. આ સંતને કેટલાક રઈદાસ, રવિદાસ કે રોહિદાસના નામથી સંતસાહિત્યમાં ઓળખે છે.

ગુરુ રામાનંદની આજ્ઞાથી તેમણે હિન્દુ સમાજમાં સમતા, મમતા અને સમરસતાનું વાતાવરણ તૈયાર કર્યું હતું અને ''ૐ રામાય નમઃ'' મંત્રનો શંખનાદ કર્યો હતો. તેમને મન કોઈ ઊંચ કે નીચ, છૂત - અછૂત, હિન્દુ - મુસ્લિમ, ધર્મ-ધર્મ વચ્ચે કોઈપણ પ્રકારે ભેદભાવ ન હોતો. ધર્મ, નીતિ અને પવિત્રતા તેમની વાણી દ્વારા પ્રસારી સર્વત્ર શાંતિ સ્થાપી માણસ - માણસ વચ્ચે ભેદની રેખાને ભૂસી નાંખી માનવતાના મૂલ્યો વધારી હિન્દુ ધર્મનો પ્રવાહ અખંડિત રાખ્યો.

સંત રવિદાસનો સમય એટલે રાજકીય ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, અને ધર્મક્ષેત્રે અંધાધૂંધી અને અરાજકતાનો સમય. ગમે તે ભોગે સત્તા, સાહ્યબી અને સીમાડા વધારવા સૌ પ્રયત્ન કરી રહ્યા હતા. સામ્રાજ્યનો વિસ્તાર કરવામાં પ્રજાનો સદ્ભાવ અને સહકાર મેળવવાનું ચૂકી ગયા. રાજકીય અસ્થિરતાની અસર સમાજ ઉપર







પણ પડી હતી. લોકો મનફાવે તેવું વર્તન કરતાં હતાં. કોઈનો કોઈની ઉપર અંકુશ ન હતો. ચોર, લૂંટારા, અને ધાડપાડુઓનો ત્રાસ વધી ગયો હતો. પ્રજાના જાન-માલની સલામતી રહી ન હતી. સમાજજીવન સાવ તળિયે ગયું હતું. નૈતિક મૂલ્યોનું અધઃપતન થઈ ગયું હતું. સમાજને સતત ભયમાં રાખવામાં આવતો હતો. પરસ્પર પ્રેમ અને સહકારની ભાવના નષ્ટ થઈ ગઈ હતી. પોતાનો સ્વાર્થ સિદ્ધ થતો હોય તો સગાભાઈનું કે બાપનું પણ ખૂન કરતાં માણસ અચકાતો ન હતો. સ્વાર્થ સિદ્ધિ એ જ પરમ ધ્યેય બની ગયુ હતું. સ્ત્રીઓની સલામતી ન હતી. બાળલગ્નો, વૃદ્ધલગ્નો, કજોડાં, બહુપત્નીત્વ, વગેરે સામાન્ય બની ગયાં હતાં. તે સમયે સ્ત્રીને એક મિલકત સમજવામાં આવતી હતી. ઘરની બહાર પગ મૂકવાની એને છૂટ ન હતી. સ્ત્રી માત્ર ઉપભોગનું સાધન બની ગઈ હતી. તેને કારણે કુટુંબ કંકાસ અને ઝઘડા વધી ગયા હતા. સતી થવાનો રિવાજ પ્રચલિત હતો. શિક્ષણનો અભાવ તેથી અજ્ઞાની પ્રજામાં વહેતી વશીકરણ અને મંત્ર તંત્રની અસર લોકો ઉપર પ્રવર્તાવવામાં આવી હતી. બીક અને ભયનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું. પ્રજા અનેક પ્રકારના વ્યસનોનો ભોગ બની ગઈ હતી. પરિણામે પ્રજામાં સાત્વિકતા લુપ્ત થઈ ગઈ હતી. અથવા તો સદ્સંસ્કાર સદ્વિચાર અને લાગણીનો અભાવ હતો. અધમતા માણસને ભરખી ગઈ હતી.

મધ્યકાળમાં ધર્માંતરની પ્રવૃત્તિ સતત ચાલતી રહી છે. મુસ્લિમ શાસકો અને ધર્મગુરુઓએ તેમની સત્તાના મદમાં ઘણા હિન્દુઓને મુસલમાન બનાવી મુસ્લિમ ધર્મ અપનાવવા તલવારની અણીએ હિંદુઓ ઉપર દમન ગુજારીને પોતાની ધાક જમાવી હતી. સિકંદર લોદીનો આ સમય હતો. મંદિરો તોડી ત્યાં મસ્જીદો ઊભી કરવામાં આવતી હતી. બહેન - દિકરીઓનાં અપહરણ થતાં હતાં. અને તેમની આબરૂ લૂંટાતી હતી. ધર્મગ્રંથોને સળગાવી દેવામાં આવતા હતા. આ વિદેશી આક્રમકો ધર્મ, સંસ્કૃતિ અને સમાજને નષ્ટ-ભ્રષ્ટ કરવો તેને ધાર્મિક જેહાદ સમજતા હતા. આક્રમકોના આતંક અને અત્યાચારથી પ્રજા ત્રાસી ગઈ હતી. ભારતના રાજા-મહારાજાઓ અંદરો-અંદર લડવામાંથી ભાગ્યે જ સમય મળતો જેને કારણે પ્રજા ઘોર અંધકારમાં અટવાવા લાગી હતી. એવે સમયે રવિદાસે લોકોમાં હિન્દુધર્મમાં જાગૃતિ લાવી લોકોને ધર્માભિમુખ કરી ભક્તિના માધ્યમથી સંગઠિત કર્યા. જેના કારણે શોષક સિકંદર લોદી ભડક્યો અને તે કાશી આવ્યો. એ વખતે રવિદાસની ઉંમર સો વર્ષની હતી. સમાજ ઉપર એમનો ખૂબ પ્રભાવ હતો. લોદીએ રવિદાસને દરબારમાં બોલાવ્યા. એમને રામનો મહિમા ગાવાનું બંધ કરવાનો આદેશ આપ્યો. રવિદાસે ના પાડી દીધી. આથી અકળાયેલા લોદીએ એમને મુશ્કેરાટ બાંધી હાથીના પગ નીચે કચડવાનો હુકમ કર્યો. મદમસ્ત હાથી રવિદાસના દિવ્ય તેજથી







પ્રભાવિત થઈ તેમની આગળ માથું નમાવીને ઊભો રહી ગયો. શાહ સિકંદર લોદીએ પોતાની ભૂલ સ્વીકારી માફી માગી અને માનસહિત વિદાય કર્યા.

આજ સમયમાં રવિદાસ અને ગુરુ નાનકદેવની મુલાકાત વારાણસીમાં થઈ. બંને વચ્ચે ધર્મ,સમાજ, અને સંસ્કૃતિને બચાવવા શું થઈ શકે તેની ઘણી ચર્ચા થઈ. પરિણામે ગુરુનાનકદેવે 'ગુરુ ગ્રંથ સાહેબ'માં રવિદાસના ૩૯ પદ સંગ્રહિત કર્યા છે.

પૂર્વજન્મના પૂણ્યને કારણે પ્રભુભક્તિ જન્મદત્ત હતી. પરિણામે કેળવ બાર વર્ષની વયે રવિદાસને અનેક ધર્મગ્રંથો કંઠસ્થ હતા. તેમને પરંપરાગત સંસ્કાર, સત્સંગ અને વ્યક્તિગત અનુભવ દ્વારા વેદ, ગીતા, ઉપનિષદ, રામાયણ, મહાભારત, ભાગવત, પુરાણની ખૂબ સારી જાણકારી હતી. રવિદાસ જન્મજાત ભક્ત હોવાના કારણે બહારના ભણતરને વ્યર્થ ગણ્યું. દિવસનો મોટાભાગનો સમય એ સાધુ-સંતોની સંગતમાં ગાળતા હતા. ક્યાંય પણ રામધૂન કે સત્સંગ થતાં એ પલાંઠી વાળીને બેસી જતા હતા. એ માનતા કે માનવજીવન લઈને જેણે રામની સેવા કરી નથી, એનો મનુષ્ય અવતાર એળે ગયો છે.

રવિદાસને સ્વામી રામાનંદ જેવા એક સાચા ગુરુ મળી ગયા હતા. સહન કરવા પડતાં સામાજીક અપમાનથી પેદા થયેલી હીન ભાવના રવિદાસના મનમાંથી રામાનંદના સાન્નિધ્યથી દૂર થઈ અને ચિત્ત નિર્મળ બની ગયું.પ્રખર રામભક્ત બની ગયા.

તેમના પિતાનો વ્યવસાય ચામડાં રંગવા અને જોડાં સીવવાનો હતો. રવિદાસ ચમાર જાતિમાં જન્મ્યા હોવાનો સંકેત તેમના એક પદમાંથી પ્રાપ્ત થાય છે :

એક નજર સૌં સભકું દેખઈ, સરિષ્ટિકા સિરજનહારા,
સબ ઘટ વ્યાપક અલખ નિરંજન કહિ રવિદાસ ચમારા.
મસ્જીદ સૌં કહું ધિન નહી; મંદિ સૌ નહિ પિઆર,
દોઉ મહં અલ્લાહ રામ નહીં, કહ રવિદાસ ચમાર.

સંત રવિદાસના ગુરુ તો રામાનંદ સ્વામી હતા પણ તેમનાં પદોમાં અરબી-ફારસી શબ્દોનો પ્રયોગ થયેલો જોઈ શકાય છે. અને તે સમયમાં ફારસીનું જ્ઞાન પણ આવશ્યક મનાતું હતું. એટલે તેમણે કોઈ મૌલવી કે ફારસી ભાષાનું જ્ઞાન ધરાવતી વ્યક્તિ પાસે જ્ઞાન મેળવ્યું હશે. તેમ માની શકાય. જુઓ એ સંદર્ભે રવિદાસનું આ પદ :

ખાલીક સિકસ્તા મૈં તેરા,
દે દીદાર ઉમેદવાર બેકરાર જાઉં મેરા.
અવલિ આકિંર ઈલત આદમ, મૌજ ફરિસ્તા બંધ,
જિસકી પનહ પીર પૈકબર, મૈં ગરીબ કયા બંદા.
તું હાજરા હુજરિ જોગ યેક, અવર નહીં દૂજા,
જિસકે ઈસક આસિરા નહીં, કયા નમાજ કયા પૂજા.
નાલીદો જ હતો જ બેબખત, કિમી જમતગાર તુમ્હારા,
દમમાદા હરિ જવાબ ન પાવૈ, કરૈ 'રવિદાસ' બિચારા.







સંત રવિદાસ ભજન - ભક્તિમાં રત હોવાથી તેમના પિતા હમેશાં ગુસ્સે થતા.,પિતાના ગુસ્સાની રવિદાસ પર કોઈ અસર થતી નહીં. એમને તો રામનામની ધૂન લાગી હતી. પિતાને લાગ્યું કે, રવિદાસ પર ભક્તિનો રંગ કંઈક વધુ ઘેરો થવા લાગ્યો છે. પુત્રને સંસાર પ્રત્યે સાવ ઉદાસીન અને વિરક્ત જોઈ એમને ચિંતા થવા લાગી. તેમણે કિશોર વયના રવિદાસજીને જલદીથી સાંસારિક બંધનમાં બાંધવાનું વિચાર્યું અને એમના લગ્ન લોના નામની યુવતી સાથે કરી દીધાં. પત્ની લોના પણ રવિદાસની પ્રવૃત્તિમાં મદદ કરતાં હતાં. રવિદાસનો સ્વભાવ સાવ સાધુ જેવો હતો. એટલે ઘણીવાર તો જોડા - ચંપલનો ગ્રાહક જેટલા પૈસા આપે તે ગણ્યા વગર ગલ્લામાં નાંખી દેતા હતા. સેવા કરવામાં અને ભક્તિ કરતા રહેવામાં તેઓ આનંદ માણતા હતા. એક સાચા સંતની માફક પ્રભુપ્રેમમાં મગ્ન રહેવાની સાથે સાંસારિક સુખ અને ધનસંપત્તિને સહેજ પણ મહત્ત્વ આપતા ન હતા.

સંત રવિદાસ ગુરુ રામાનંદ પાસેથી આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરી, કેટલાક દર્શન શાસ્ત્રોનો અભ્યાસ કરે છે. તેમનાં પદોમાં ભક્તિ, ધર્મ, ઊંચ-નીચ, જ્ઞાન-વૈરાગ્ય જેવા વિષયો જોવા મળે છે :

જન્મજાત કૂંછાંડિ હરિ, કરની જાન પરધાન,
દહિયો વેદ કો ધરમ હૈ, કરે રવિદાસ લખાન.

બાહમન તરી બેસ સૂદ રવિદાસ જનમ તે નાંહિ,
જો ચાહઈ સુબરન કઉ, પાવઈ કરમન માંહિ.

રવિદાસ જન્મ કે કારન, હોત ન કોઈ નીચ,
નરકૂ નીચ કરી ડારિ હૈ, ઓછે કરમ કૌ કીચ.

રવિદાસ બાહમન મતિ પૂજિએ, જઉ હોવે ગુનહીન,
પૂજહિ ચરન ચંડાલ કે, જઉ હોવે ગુન પરવીન.

રવિદાસ આધ્યાત્મિક પ્રવચનની સાથે સાથે ભજનકીર્તન અને પોતાના ગુરુ રામાનંદના વિચારોનો પ્રચાર કરતા હતા. આ બધી પ્રવૃત્તિની વચ્ચે જીવનનિર્વાહ માટે જોડા સીવવાનું કામ પણ ચાલુ જ રહેતું. સંત રવિદાસનો સત્સંગ પ્રવાહ અને તેમની વાણીની સિદ્ધિ સાંભળીને કેટલાક લોકો ઈર્ષ્યા કરવા લાગ્યા અને તેમનાં ધર્મ પ્રવચનો સાંભળી સમસમી ઊઠ્યા. શુદ્ર થઈને વેદોનું ગાન કરે છે ! રામ નામનો મહિમા ગાય છે, તિલક કરે છે. આ ધર્મવિરોધી કૃત્ય છે. અંતે કાશીના પંડિતોએ રવિદાસના ધર્મોપદેશના કાર્યને ધર્મ વિરુદ્ધ ગણાવી કાશી નરેશ શ્રી વિરસિંહદેવ બધેલાને ફરિયાદ કરી : ' તમારા રાજ્યમાં એક શુદ્ર ઠાકુર પૂજા કરે છે, ભગવાનની આરતી ઉતારે છે, ધાર્મિક પ્રવચનો કરે છે. જે રાજાના રાજ્યમાં એક શુદ્ર દ્વારા આવાં કામો થતાં હોય એ રાજા પાપી છે. એ નરકનો અધિકારી છે.' રાજાએ પંડિતોને સાંભળીને રવિદાસને દરબારમાં બોલાવ્યા. કાશી નરેશે રવિદાસને અને પંડિતોને સાંભળ્યા પણ રવિદાસના તર્ક આગળ પંડિતોનું કશું જ ન ચાલ્યું અને પંડિતો હારી ગયા. રવિદાસે ખૂબ વિનમ્ર ભાવે કહ્યું : ''રાજન્, હું નીચ કુળમાં







જન્મ્યો એ વાત સાચી, પરંતુ શુદ્ર એ ભગવાનનું સંતાન નથી ? એના હૃદયમાં રામ નથી ? સૌ કોઈના શરીર પંચમહાભૂતમાંથી બનેલાં છે. સૂર્ય સૌને ભેદભાવ વગર એક સરખો પ્રકાશ આપે છે, વાયુ સૌના માટે જીવનદાતા છે. હું માનું છું કે, જે રામનો મહિમા નથી કરતો એ સૌથી નીચ છે.પ્રભુભક્તિ કોઈ ઊંચ કે નીચ જ્ઞાતિનો ઈજારો નથી. એના પર તો રાજા, રંક, વિદ્વાન-અભણ, નર-નારી, સૌનો સમાન અધિકાર છે. મારા ગુરુએ તો મને કહ્યું છે : 'હરિ કો ભજે સો હરિ કા હોય, જાત પાત પૂછે નહીં કોય.' પ્રભુનો દરબાર તો સૌના માટે ખુલ્લો રહે છે. જન્મથી તો બધા જ શુદ્ર છે. કર્મથી જ એ ઓળખાય છે.'' સંત રવિદાસના તર્કયુક્ત અને પ્રખર વૈદિક વિચારો સાંભળીને કાશીનરેશ ખૂબ જ પ્રભાવિત થયા.

રવિદાસે દંભી પંડિતોને ભરી સભામાં પડકાર ફેંક્યો. એમણે કહ્યું : ''તમે લોકો એમ માનતા હોય કે ઈશ્વરભક્તિ, પૂજાપાઠ કેવળ તમારો જ અધિકાર છે, તો આ બાજોઠ પર હું ઠાકોરજીની મૂર્તિ મૂકું છું. આપ સાચા હૃદયથી ભગવાનની ભક્તિ કરો છો તો હાક મારો, મૂર્તિ તમારા ખોળામાં સામેથી આવી જશે અને ન આવે તો તમારે પાલખીમાં બેસાડી મને કાશીનગરમાં ફેરવવો પડશે. હું પણ ભગવાનને બોલાવીશ અને મૂર્તિ જો મારા ખોળામાં ના પડે તો હું, તમને પાલખીમાં બેસાડી કાશીમાં ફેરવીશ. શરૂ કરો પૂજા.... બોલો મંત્રો !'' પંડિતો તો રવિદાસની વાત સાથે સહમત

થઈ ગયા. ભક્ત અને ભગવાનની કસોટી શરૂ થઈ. એક તરફ મિથ્યા આડંબર હતો તો બીજીતરફ સાચા હૃદયની ભક્તિ હતી !

પંડિતોએ વેદમંત્રો શરૂ કર્યા.એક પ્રહર વીતિ ગયો પણ મૂર્તિ ખસી નહીં. છેવટે રવિદાસે ભજન લલકાર્યું :

એસી જિનિ કરી હો મહારાજ....

દ્રી માંહિ બઈઠે તુમ દેખો, બિગરત હૈ યોં કાજ.

દ્રુપદ સુતા કી તુમકું દેખત, ખૈંચ લઈ સબ લાજ...

રવિદાસ તો ભક્તિભાવમાં મસ્ત બની ગયા. ભક્ત અને ભગવાન એકાકાર બની ગયા અને રવિદાસની આંખમાંથી અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. કીર્તન પુરું થતાં જ મૂર્તિ કૂદીને રવિદાસના ખોળામાં આવી પડી. પંડિતો ભોંઠા પડ્યા અને પ્રતિજ્ઞા મુજબ પંડિતોએ રવિદાસને પાલખીમાં બેસાડી સમગ્ર કાશીનગરમાં ફેરવ્યા.

રવિદાસ પરમાત્માને પામી ચૂક્યા હતા, છતાં પોતાનું ધર્મકાર્ય છોડ્યું નહીં : બહાર ગામ ન ગયા હોય તો પોતાની ઝૂંપડીના આંગણમાં બેસીને લોકોના જોડા સીવતા અને પ્રભુકીર્તન પણચાલુ રાખતા. એક દિવસ કુંડમાં ચામડાં ધોતા હતા. ત્યારે યાત્રાળુઓના સંઘના કોઈ ભક્તે રવિદાસની મશ્કરી કરતાં પૂછ્યું : ''ભગત ! ગંગાજીની યાત્રાએ આવવું છે ?'' ત્યારે રવિદાસે કહ્યું : ''ભાઈ, હું તો ગરીબ માણસ છું, મારું ગંગાજી આવવાનું ગજું નથી, પણ ઊભા રહો, મારું એક કામ કરજો. આ શ્રીફળ લેતા જાવ







અને ગંગામૈયાને કહેજો, રોહિદાસે મોકલ્યું છે અને હાથમાં લે તો જ આપજો.'' અને સંઘ ગંગા તટે આવી ઊભો રહ્યો. એક જણાએ ગંગાતીરે ઊભા ઊભા કહ્યું : ''માતાજી રોહીદાસ ચમારે આ શ્રીફળ મોકલ્યું છે, આપ હાથથી લ્યો તો જ આપવાનું કહ્યું છે.'' યાત્રિકોના આશ્ચર્ય વચ્ચે ગંગાજીમાંથી બે હાથ બહાર નીકળ્યા અને ફેંકેલું શ્રીફળ તેમાં ઝિલાયું, યાત્રિકોનો સંઘ તો સ્તબ્ધ બની ગયો. એટલું જ નહી સંત રવિદાસને એંધાણીમાં આપવા માટે ગંગાજીએ એક સોનાનું કંકણ ગંગા તટે ફેક્યું. ભલે આ બનાવને આજે આપણે ચમત્કારમાં ખપાવીએ પણ ભક્તિ અને શ્રદ્ધાની તાકાત અવર્ણનીય હોય છે.

મધ્યકાલીન સંત કવયિત્રી મીરા અને ચિતોડની મહારાણી ઝાલીબાઈ પણ સંત રવિદાસની શિષ્યા બને છે, જેનો ઉલ્લેખ મીરાના પદમાંથી મળે છે :

મીરાને ગોવિંદ મિલ્યાજી, ગુરુ મિલ્યા રૈ દાસ,

મીરા કે પ્રભુ તુમ હી સ્વામી, શ્રી રૈદાસ સત્‌ગુરુજી...

મેરો મન લાગ્યો હરિસો, અબ રહુંગી ન અટકી,

ગુરુ મિલિયા રૈ દાસજી, કીન્હી જ્ઞાનકી ગુટકી.

મીરા અને ચિતોડની મહારાણી ઝાલીબાઈ રવિદાસનાં શિષ્યા બન્યાં. પછી, રવિદાસના જીવનું જોખમ વધ્યું. જાતિભેદમાં માનના વિરોધી તત્ત્વોએ રાજાને કાન ભંભેરણી કરવા લાગ્યા જેને કારણે રવિદાસને ધમકીઓ મળવા લાગી અને તેઓએ કાશી છોડી ગુજરાતમાં સોરઠ પ્રદેશના ગીરના ગાઢ જંગલ વચ્ચે આવેલ સરસાઈ ગામે ધૂણી ધખાવી.

ગુરુની ખોજ કરવા નીકળેલી મીરા પણ સરસાઈ આવે છે અને રવિદાસનો ભેટો થાય છે. રવિદાસ મીરાને ઘરે પાછા જવા સમજાવે છે :

એ જી તમારે મીરા, સેવાના છે રે શાલીગ્રામ
મીરાબાઈ ! પાછાં ઘરે જાઓ રે,
મીરાબાઈ તમે રે રાજાની કુંવરીને
અમે છીએ જાતીના ચમાર
મીરાબાઈ પાછાં ઘરે જાઓ...

ગુજરાતીમાં સંત રવિદાસની ચાર-પાંચ રચનાઓ મળે છે. જ્યારે હિંદીમાં લગભગ ૮૭ જેટલાં ભજનો પ્રાપ્ત થાય છે. આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી પોતાનાગ્રંથ 'હિન્દી' સાહિત્યમાં ઉલ્લેખ કરીને કહે છે : ''આંડબર રહિત શૈલી અને સંપૂર્ણ આત્મસર્પણના ક્ષેત્રમાં સંત રવિદાસ સાથે બહુ ઓછા સંતોની સરખામણી કરી શકાય. જો હાર્દિક ભાવોનું સંપ્રેક્ષણ કાવ્યનો ઉત્તમ ગુણ હોય તો નિઃસંદેહ રવિદાસનાં પદો આ ગુણથી સમૃદ્ધ છે.''

સંત રવિદાસને મીરા ચિતોડ લઈ જાય છે. અને વિક્રમ સંવત ૧૫૮૪ માં એટલે કે ૧૫૧ વર્ષની ઉંમરે બ્રહ્મલીન થયા. આજે પણ એ જગ્યાએ ''રોહીદાસની છતરી'' નામનું તીર્થ મોજુદ છે.

□







# ૮. કબીરજીનો રહસ્યવાદ

કબીરજી

પ્રાકટ્ય : વિક્રમ સંવત ૧૪૫૬ - ઈ.સ. ૧૪૦૦

નિર્વાણ : વિક્રમ સંવત ૧૫૭૫ - ઈ.સ. ૧૫૧૯

આયુષ્યકાળ : ૧૧૯ વર્ષ

બ્રહ્મની આધ્યાત્મિક અથવા પ્રાકૃતિક સ્વરૂપની સાથે આત્માની ભાવાત્મક એકતાની અનુભૂતિ એ કબીરજીનો રહસ્યવાદ છે.

ભક્તિયુગના સાહિત્યની નિર્ગુણવાદી ધારાની જ્ઞાનમાર્ગી અને પ્રેમમાર્ગી એ બંને શાખાઓના મૂળ આધારનો જ રહસ્ય સાધનાનો સ્વીકાર થયેલો છે. રહસ્યવાદને જે બે રૂપમાં માનવામાં આવે છે. તે સાધનાત્મ રહસ્યવાદ અને ભાવાત્મક રહસ્યવાદ. એમાંથી પ્રથમ સ્વરૂપ વિશુદ્ધ આધ્યાત્મિક સાધના અંતર્ગત અદ્વૈતવાદી ક્રિયા-પ્રક્રિયા જોઈ શકાય છે. જ્યારે બીજું સ્વરૂપ વિષય અંતર્ગત અદ્વૈત-વાદી છે. રહસ્યવાદનો સંબંધ ચાહે વિશુદ્ધ અધાત્મ અથવા અદ્વૈત સાધનોથી હોય અથવા તો ભાવાત્મક સાધાનાથી હોય. વસ્તુતઃ તો તે સત્યની જ શોધ છે.

વખતોવખત વિદ્વાનોએ રહસ્યવાદની પરિભાષા ઉકેલવા/ઓળખવા અનેક પ્રયત્નો કર્યા છે. પરંતુ નિર્ણાયક

ભૂમિકાએ આજ સુધી કોઈ જ આવ્યું નથી. મૂળતઃ તો રહસ્યવાદનો સંબંધ આધ્યાત્મિક સાધનોની સાથે જ સ્વીકાર થયો છે. કહેવાય છે કે, બ્રહ્મના આધ્યાત્મિક અથવા પરા પ્રાકૃતિક સ્વરૂપ સાથે આત્માની ભાવાત્મક એકતાની અનુભૂતિ જ રહસ્યવાદ છે. સાધનામય રહસ્યવાદ જ્યાં આત્મા પરમાત્માની અનુભૂતિને સાધના જ્ઞાન કે ભક્તિનો મુખ્યતઃ સ્વીકાર કરે છે. ત્યાં ભાવાત્મક રહસ્યવાદમાં ભાવનાઓનું જ પ્રાધાન્ય રહ્યું છે. તેમ છતાં વિદ્વાનો આત્મા-પરમાત્માની પ્રણય/મિલનની અનુભૂતિની અવર્ણનીય ક્ષણોને જ્ઞાન, ભક્તિનો ભિન્ન સ્વીકાર કરે છે. જ્યારે ભૌતિક માન્યતાઓ તર્કશાસ્ત્રનો સહારો લઈ આત્મા-પરમાત્મા સંબંધી સત્યનું નિરૂપણ નિર્ધારીત કરવામાં આવે છે. ત્યારે વિદ્વાનો અને જ્ઞાનની સ્થિતિ કહે છે. એનાથી ઊલટું જ્યારે પ્રેમ કે ભાવનાના આધારભૂત તત્વો દ્વારા પરબ્રહ્મ પરમેશ્વરની આદિદૈવિક સ્વરૂપની ઉપાસના કરવામાં આવે છે. આ ઉપાસનાને ભક્તિ કહેવામાં આવે છે. રહસ્યવાદની આ બંને વિભિન્ન સ્થિતિઓથી ભિન્ન રેખાંકિત કરવામાં આવે છે. આ બંને સ્થિતિઓનો સૂક્ષ્મ સંબધ જ રહસ્યવાદની વિશેષતા સ્પષ્ટ કરે છે. કહેવાય છે કે જ્યારે કોઈ પરમતત્ત્વની સાધક ભાવાનુભૂતિઓની વાણી પ્રદાન કરી આધ્યાત્મિક અથવા પ્રાકૃતિક સત્તાના રહસ્યને શબ્દ દ્વારા ઉજાગર કરે છે. સાહિત્યિક વાતાવરણમાં એને રહસ્યવાદ કહેવાય છે.







સાધનાત્મક કે ભાવાત્મક સંજ્ઞાથી રહસ્યવાદનાં બે મુખ્ય સ્વરૂપનો સ્વીકાર કરવામાં આવ્યો છે.કબીરજીની વાણીમાં આ બંને રૂપ અત્યંત સ્પષ્ટ ઊતરી આવે છે.

સ્પષ્ટ છે કે કબીરજી આધ્યાત્મવાદી ચેતનાથી અનુપ્રેરિત થઈને પરબ્રહ્મ વિશે જ કંઈ અનુભવ કરે છે. એને પોતાની વાણી દ્વારા સામાન્ય વ્યક્તિને પણ સમજાય તે રીતે કહે છે. બ્રહ્મ વિચાર કે અનુભૂતિના સ્તર ઉપર એનું દર્શન જ રહસ્ય સાધનાને ચાક્ષુષ કરે છે. ત્યાં કબીરજી ભાવનાનો પોતાનો સંબંધ સ્થાપિત કરે છે. કબીરજી દાર્શનિક અને કવિ પણ છે એટલે જે તેમની સાધનામાં બુદ્ધિ અને ભાવનાનો સંબંધ થવો સ્વાભાવિક છે. આપણાં ઉપનિષદો બ્રહ્મને રસ રૂપે સ્વીકાર કરેછે. અને રસાનુભૂતિ એ હૃદયનું કાર્ય છે. આશ્રય લેનાર બુદ્ધિનું નથી. બ્રહ્મ જ સત્ય અને નિત્ય છે. અને સત્યની અનુભૂતિ માટે પાશ્ચાતાપ મત અનુસાર સત્યનો સંબંધ અનિવાર્ય છે પરંતુ ભારતીય દર્શન શાસ્ત્રીઓ આ પ્રકારના સત્યને આંતરિક નહીં પરંતુ બાહ્ય સત્યનો જ સ્વીકાર કરે છે. જ્યારે ઉપનિષદ આ બ્રહ્મની અનુભૂતિ બૌદ્ધિક તત્ત્વોથી ન માની હાર્દિક તત્ત્વો અર્થાત્ ભાવનાના સ્તરનો સ્વીકાર કરે છે. કબીરજીએ બ્રહ્મની અનુભૂતિને તર્કસાધ્ય ન માની ભાવના સાધ્યનો સ્વીકાર કરતાં કહેછે. :

'કહત કબીર તર કા હુઈ સાધે
તિન કી મતિ હૈ મૌહિ.'

આ અનુભૂતિ માટે કબીરજીએ યોગસાધનો આસરો પણ લીધો. પરંતુ માત્ર મન વગેરે ઈન્દ્રીયોની સીમા સુધી જ. આ આધાર તેમણે પ્રેમ, ભાવ-ભક્તિને જ આપ્યો. એમને પ્રેમ, ભાવ-ભક્તિનો સમાન, સગુણ, સાકાર સ્વરૂપ પ્રતિ આસક્તિ નથી. તે તો વિશુદ્ધ પ્રેમના સહારે બ્રહ્મની અનુભૂતિને લાયક હતા. અર્થાત્ પ્રેમાભિવધિઓ સ્વયં રહસ્યરૂપ કે રહસ્યવાદ એટલો ગ્રાહ્ય કે આર્ષક ન બન્યો જેટલો ભાવનાત્મક રહસ્યવાદ.

રાજનીતિ ક્ષેત્રના વિદ્વાન શ્રી કેશવદેવ માલવીય કબીરજીના આ ભાવાત્મક રહસ્યવાદ વિશે તેમના વિચારો વ્યક્ત કરતાં કહે છે : ભારતીય સાહિત્ય અને ધર્મસાધનાના હજારો વર્ષો ઈતિહાસમાં કબીરના જેવું તેજસ્વી વ્યક્તિત્વ થયું નથી. સમયની કૂચ જેમ આગળ વધતી જાય છે. એટલા જ કબીરને આપણે નજીકમાં પ્રાપ્ત કરીએ છીએ. એમાં આશ્ચર્ય થવું ન જોઈએ કે વીસમી સદીમાં મહાત્મા ગાંધીના વિચારોનો મેળ પાંચસો વર્ષ પહેલાંના કબીર સાથે સંબંધ બેસતો થઈ જાય છે !... એમના સાહિત્યમાં સંઘર્ષની ચેતના સ્પષ્ટ છે. તેઓ ઝૂકતા નથી. ભૂલભરેલું સમાધાન કરતા નથી અને દીનતા એના સ્વભાવમાં નથી. એના મનમાં સ્પષ્ટ છે કે આદમી આદમી વચ્ચે દીવાલ નથી.

કબીરની ભાષામાં નરમાશ નથી. એ સીધી જ દિલથી નીકળે છે અને દિલ પર ચોટ કરે છે. સમાજ અને ધર્મની મિથ્યા







માન્યતાઓ પ્રત્યે તેમાં ખુલ્લો વિદ્રોહ છે. કબીરની ખોજ એ સત્યની ખોજ છે... કબીરની ભાષામાં રહસ્યવાદી પ્રતીક છે, ઉપમા છે, પરંતુ એમાં આગળ વધવાની સંભાવના પણ છે. પોતાના ઈશ્વરને જોવા-મેળવવાનો એનો તર્ક એટલો સીધો છે કે તેથી તમામ આડંબરો ખાલની માફક ઉતરી જાય છે.

...પરંતુ કબીરનો માર્ગ પ્રેમનો માર્ગ છે, ઘૃણાનો નહિ. કબીરનો પ્રેમ પૂરી માનવ જાતિ માટે છે. એની ચિંતા તમામ માનવ સમુદાયના હિતની ચિંતા કરે છે. એનામાં આત્મવિશ્વાસ એટલો અધિક છે કે એ દંભોનો પર્યાય દેખાય છે, પરંતુ એમાં દંભ નથી. એ આત્માની સચ્ચાઈ અને સાફ દિલથી નીકળનારો સ્વાભાવિક સ્વર છે.

કબીરજીની રહસ્યભાવના વિવિધ રૂપની છે તથા એમની અભિવ્યક્તિના વિવિધ સ્વરૂપ, સ્તર અને સોપાન છે.

અહીં સુધી રહસ્ય સાધનાના મૂળ તત્ત્વો કે ઉપકરણોનો પ્રશ્ન છે. આસ્તિકતાનો દરેક સ્થાને, મુખ્ય ઉપકરણ તરીકે સ્વીકાર થયો છે. કબીરજીની આસ્તિકતા માનસિક સર્વ પ્રકારના પ્રશ્નથી પર છે. તે સર્વત્ર નાસ્તિકતાનો ઘોર વિરોધ કરતા જણાય છે. ત્યારે તો અનાત્મ કે અનિશ્વરવાદીઓની એમણે સર્વત્ર ટીકા કરી છે અને બાહ્યાચારોમાં રત રહેતા આસ્તિકોને પણ તે છોડતા નથી એમની આસ્તિકતારત સૌથી અલગ બ્રહ્મને સત્યસ્વરૂપની વિધાયીની

અનુભૂતિ કરાવે છે. જ્યાં તે શૂની સાધનાની વાત કરે છે. ત્યાં પણ એમની સંકેત વસ્તુઃ નાથપંથીઓની સામે અલય પરંતુ જ્યોતિસ્વરૂપ પરબ્રહ્મની સત્તાપ્રતિ જ હોય છે. નિરીશ્વર સત્તા તરફ ક્યારેય નહિ. કબીરજી ઉપનિષદોના સમાન બ્રહ્મનો તત્ત્વસ્વરૂપ કે અનિર્વચનીયનો સ્વીકાર કરે છે. અનિર્વચનીય એ તત્ત્વ હોવા છતાં પણ એનો બ્રહ્મ પોતાનામાં પૂર્ણ છે. આ પૂર્ણથી પરિચય મેળવવો એમની સાધનાનો ચરમ લક્ષ્ય છે.

એમની અભિવ્યક્તિ તો 'ગુંગાનો ગોળ' છે. જેના વિશે કબીરજી કહે છે : 'કહત કબીર ગુંગે ગુડ સ્વાદ બિન રસ કા કરે બઢાઈ.' આ તો માત્ર અનુભૂતિજન્ય ઉપલબ્ધિ છે. તેનો ચર્મચક્ષુથી સાક્ષાત્કાર થવો સંભવ નથી. આ અનાદિ અખંડ સત્તાનો આવિર્ભાવ માત્ર ભાવનામાં જ સંભવ છે. અન્ય કોઈ રૂપે અથવા ભાવથી નહિ. સુગંધ સૂક્ષ્મ હોવા છતાં પણ તે સુગંધ અનુભૂતિજન્ય છે. કબીરજી કહે છે કે, 'જે અનુભૂતિજન્ય છે એને જોવા અથવા એના વિશે કંઈ પણ કહેવું શક્ય નથી.' એ પ્રકારે કબીરજીની બ્રહ્મ વિષયક રહસ્યમય અનુભૂતિ જ સમન્વયાત્મક છે.

રહસ્યવાદી માટે પ્રેમ અને ભાવના આવશ્યક છે. કબીરજી આ તથ્યને જાણતા હતા. તે એ પણ જાણતા હતા કે પ્રેમની સાથે ભક્તિ પણ એટલી જરૂરી છે. આ પ્રકારે તેમણે નિર્ગુણ ભક્તિનું







પ્રતિપાદન કરી એનો પ્રચાર પ્રસાર કર્યો. ભગત અને ભક્તિનુ મહત્ત્વ પ્રતિપાદીત કરતાં તેમણે કહ્યું : 'ભક્તિ માટે હૃદયની સાથે સાથે આચરણ પણ એટલું જ શુદ્ધ હોવું જોઈએ. આચરણ શુદ્ધ હોય તો હૃદય પણ એટલું જ શુદ્ધ થઈને ભક્તિનું પાત્ર થઈ જાય છે. જે અંતરાત્મા પરમાત્માની રહસ્યાનુભૂતિ કરાવે શકે છે. તે પણ ક્યારે ? જ્યારે એ અલખ નિરંજનની કૃપા થઈ જાય ત્યારે. એની કૃપા વગર આત્માનો સાક્ષાત્કાર અથવા આત્મામાં બ્રહ્મ સાક્ષાત્કારનો પ્રશ્ન જ ઊઠતો નથી. એની કૃપા અને પ્રતિપૂર્ણ પ્રેમભાવના ઉદય માટે એના અલૌકિક સૌદર્યના ગુણોનો પરિચય થવો અત્યંત આવશ્યક છે. કબીરજી માનતા હતા કે આ પરિચય જ્ઞાનથી અને પૂર્ણ જ્ઞાન સુધી પહોંચેલા કરથી જ પ્રાપ્ત થાય છે. એટલે ગુરુની કૃપા જરૂરી છે. ગુરુ જ એના સ્વરૂપની પૂર્ણ અનુભૂતિ કરાવી આત્મા - પરમાત્મામાં ભાવાત્મક ઐકયની સ્થિતિ સુધી પહોંચાડે છે. એટલે જ કબીરજીએ પોતાની સાધના પદ્ધતિમાં ગુરુનું મહત્ત્વ સમજાવી કહ્યું છે કે,'જ્યારે ગુરુકૃપાનું નેત્ર ખૂલી જાય છે ત્યારે પરમપ્રિય (ભગવાન)ની ઝાંખીની અનુભૂતિ સાધકની સમગ્ર ચેતનામાં વિભોર કરી દે છે.' આ અવસ્થાને રહસ્યસાધનામાં જ્ઞાન જાગૃતિની અવસ્થા કહેવામાં આવે છે.

કબીરજીની અનેક સાખીઓમાં આ અવસ્થાનું જીવંત ચિત્રણ થયેલું જોવા મળે છે. એની વિભોરતા અથવા તલ્લીનતાનું

વર્ણન કરતાં કબીરજી કહે છે કે 'પરમ રહસ્ય સાધનોમાં અવરોધક માયાના અસ્તિત્વનો પણ સ્વીકાર થયો છે, એ માયા પોતાના પ્રભાવની, વિભોરતાની એ સ્થિતિ લાંબો સમય ટકતી નથી. ત્યારે વિરહ રહસ્યસાધના આત્માને વ્યાકુળ મોહિત કરવા લાગે છે. પ્રેમ રહસ્યસાધનાનું મૂળ તત્ત્વ છે. તો વિરહ દરેક પ્રકારે આત્માને પરિષ્કૃત કરનારી દરેક ક્ષણ પ્રિય અથવા તો બ્રહ્મની નિયત્તાની અનુભૂતિ કરાવી રાખનારું એક વિશિષ્ટ તત્વ છે. ત્યારે જ વિરહ કે તદ્જન્ય વ્યાકુળતાને રોકતાં કબીરજી કહે છે કે, 'વિરહ સમયે આત્માની ચેતનામાં જે રાગીણી વાગે છે. એને તે પરમ તત્ત્વ અવશ્ય સાંભળે છે.' એવા વિરહને કબીરજી ખોટો કઈ રીતે કહે? એને તો આત્માના પુરસ્કર્તા કે પરમાત્માનું સાનિધ્ય કરનાર છે. એની દરેક દશાઓનો કે રહસ્યાનુભૂતિનું માર્મિક અંગભૂત વર્ણન કર્યું છે.

પ્રેમ અને વિરહની અનુભૂતિ ભાવનાપ્રધાન છે. દામ્પત્ય ભાવમાં જ એની ચરમ સીમાએ જોવા મળે છે. એ કારણે કબીરજીએ પણ પોતાની રહસ્યસાધનામાં દામ્પત્ય ભાવને જ મહત્ત્વ આપ્યું છે. કબીરજીની માન્યતા છે કે, રહસ્યસાધનામાં દામ્પત્યભાવ જ સાધનાને નૈતિક રાખી શકે છે. એ કારણ એમણે સહજ સ્વાભાવિક નૈતિકતાનો જ ઉલ્લેખ કર્યો છે. કબીરજી તો ત્યાં સુધી કહે છે કે, 'જ્યારે નૈતિકતાઓનો નિર્વાહ કઠિન અથવા દુર્લભ થઈ જાય તો પોતાની જાતનો સર્વાત્મભાવથી પ્રભુને અર્પિત કરી દેવી.'







ભારતીય આત્મદર્શનમાં એને પ્રગતિવાદ કહે છે. એની સાથે સાથે આત્મશુદ્ધિ કે બ્રહ્મ સાક્ષાત્કારને માટે કબીરજીએ નામ, જાપ, ધ્યાન, ભજન, કીર્તનના મહત્ત્વનો પણ સ્વીકાર કર્યો છે. નામ બ્રહ્મની ઉપાસનાને માટે સંગીતનું પણ મહત્ત્વ સમજાવ્યું છે અને નામસ્મરણ અથવા સ્મરણને એટલું જ મહત્ત્વ આપ્યું છે અને તેના મહત્ત્વનું પ્રતિપાદન પણ કર્યું છે.

આત્મશુદ્ધિ કરી ભાવાતિરેકના ક્ષણોમાં એ પરમતત્ત્વની અનુભૂતિ પામવા માટે કબીરજીએ અજંપાજાપ સાધનામાં ઊંધી ચાલ અર્થાત્ બહુમુખી પ્રવૃત્તિઓને અંતર્મુખી બનાવવાની પ્રવૃત્તિ, રાસ ભોગ આદિ તત્ત્વોનું મહત્ત્વ સમજાવ્યું છે. એને રહસ્યસાધનાની એક પ્રકારની અનિવાર્ય પ્રક્રિયા બતાવી છે. પરંતુ અંતરાત્મામાં પરમાત્માની રહસ્યાનુભૂતિ માટે પ્રેમભક્તિને સર્વાધિક મહત્ત્વ આપ્યું છે. પ્રેમાશ્રયથી જ કબીરજી ભાવનાત્મક સાક્ષાત્કાર થઈને એક અચિન્ત આનંદની સૃષ્ટિ રચાય છે. ત્યારે ભક્ત ભગવાનમાં કોઈ સ્થૂળ યા દશ્ય અંતર રાખતો નથી. આ અનુભૂતિ કબીરજીના આ પદમાંથી આપણને થાય છે.

કૌન રંગરેજવાં રંગલ મેરી ચુનરી, ।।૧।।
ધાગા પાંચ પચીસો લાગે, હાથ પરી પરમારથ દુલરી.
ચૌકી ચાર પ્રેમ કા બૂટા, પહિરત યા ધનિ હો ગઈ પિઉરી.
પહિરિ ઓઢિ ધનિ ભઈ સત મારગ,
સમુઝિ સમુઝિ ભઈ દિન દિન દુબરી ।।૪।।

કહં હિ કબીર અજબ રંગરેજવા,

સાધુ સંગતિ ગહિ ચરન ન ઉબરી. ।।૫।।

(કબીર સ્વામીની અમૃતવાણી)

અર્થાત્ :

કયા રંગરેજે મારી આ ચૂંદડી રંગી છે ? રંગરેજ તે કોણ ? એ પ્રશ્ન સ્વાભાવિક રીતે આપણને થાય. આ રંગરેજ તે બીજો કોઈ નહિ, પણ જેણે આ શરીરરૂપી ચૂંદડીમાં પાંચ તત્ત્વ અને પચીસ પ્રકૃતિરૂપી દોરા ટાંક્યા છે, તે છે. એના હાથે દેવાયેલા ટાંકાથી ચૂંદડી (શરીર) પ્રિય થઈ ગઈ છે. એમાં બબ્બે હાથપગ રૂપી ચાર ચોકી છે અને તેમાં પ્રેમના બુટ્ટા લાગ્યા છે, એને પહેરતાં જ આ જીવરૂપી સ્ત્રી સુશોભીત થઈ ગઈ. જેમ કોઈ સ્ત્રી પીળી ઓઢણી પહેરીને પીળી થઈ જાય છે. તેમ જીવરૂપી સ્ત્રી ભક્તિ રૂપી પીળી ચૂંદડી પહેરીને પીળી થઈ ગઈ છે. જીવરૂપી સ્ત્રી આ ચૂંદડીને પહેરી ઓઢી સત્ય માર્ગે ગઈ છે. એવા મનુષ્ય શરીરથી સત્ પુરુષ પરમાત્માની પ્રાપ્તિનું સાધન કરે છે. સમજી સમજીને દિન પ્રતિદિન દૂબળી થઈ ગઈ છે. જ્ઞાનનું કઠિન સાધન શમદમાદિ કરવાથી શરીર સુકાઈ ગયું છે. કબીરજી કહે છે કે, આ શરીરરૂપી ચૂંદડીને રંગનારો રંગરેજ અજબ છે. શરીરરૂપી ચૂંદડીને ભક્તિરૂપી રંગથી રંગનારના રંગવાથી રંગાયેલું શરીર સત્સંગ કરીને ગુરુ તથા સંતના ચરણોને પકડીને ઊગરી ગયો છે. જીવરૂપી સ્ત્રીનો સંસારરૂપી સાગરથી ઉદ્ધાર







થઈ ગયો. ગુરુના ઉપદેશથી અંતઃકરણમાં સંસ્કાર પ્રાપ્ત થાય છે. તેથી સાધનભક્તિ, ભક્તિથી જ્ઞાન અને જ્ઞાનથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

''પરહર કયૈ બાલા નીડ તા

જાને કિયા કરસી પીઠ,

દ્વૈતી જાનેર કિયા કરતી,

દ્વૈતિ ગઈ મતિદિન.''

(કબીરજી)

આ સ્થિતિમાં મનના સર્વ દ્વૈત દ્વિધાભાવ જતા રહે છે. ત્યાં સુધી કે સાધક સાધ્યના ભાવ પણ રહેતા નથી. બંનેમાં એકબીજામાં સમાઈને દ્વૈતની સીમા પાર કરી અદ્વૈતને પ્રાપ્ત કરે છે અને તે ક્ષણ જ્યારે રહસ્યની અનવરત સાધનામાં લીન થયેલ સાધક આત્માના મિલનની ક્ષણને પ્રાપ્ત કરે છે. પછી વિચારનું રૂપક બાંધી કબીરજીની સાધક આસ્થા પોતાની ઈન્દ્રીયોરૂપી પત્નીઓને સંબોધીને તે કહે અને પછી મિલન ક્ષણની અનુભૂતિને ટાંકી કબીરજી કહે છે. એક સૌભાગ્યવતીની જે અનુભૂતિ અને અધિરતાની દરેક સ્થિતિ પોતાના પ્રિયતમનું એકાંત દર્શન કરી તેમાં વિલિન થઈ એકત્વની ચિરંતર ભાવનાથી સભર તાદાત્મ્યની ગહેરાઈમાં ડૂબી જાય છે. જે રીતે –

'' લાલી મેરે લાલ કી; જિત દેખું નિત લાલ,

લાલી ખોજન મેં ગઈ, મેં ભી હો ગઈ લાલ.''

લાલીને શોધતાં શોધતાં પોતે પણ લાલ થઈ ગઈ. આ રહસ્યસાધનાની ચરમસીમા અથવા તો અદ્વૈતની અંતિમ આસ્થા છે, શ્રદ્ધા છે. જયાં પહોંચી આનંદ સિવાય બીજું કંઈ જ પ્રાપ્ત થતું નથી. આનંદની એને અનિર્વચયનીય સ્થિતિમાં રહસ્ય સાધનાની પરમાવસ્થા અથવા ચરમસીમા છે. એને તાદાત્મ્ય સ્થિતિ પણ કહેવાય છે. સાધ્ય અને સાધક વચ્ચેનું અંતર રહેતું નથી. આનંદની તીવ્રતમ અનુભૂતિ અંતે તો સાધકનું મૌન અર્થાત્ આત્મા - પરમાત્મામાં સમાઈને ઊજાગર કરે છે. પરંતુ સાધક આ દર્શન મિલનની ક્ષણ (દર્શન અથવા તો સાક્ષાત્કાર) ની અનુભૂતિને પોતે અસમર્થ માને છે. આ પ્રકારની કબીરજીની ભાવનાત્મક રહસ્ય સાધનાની માત્રા પૂર્ણ થાય છે. સાધક જે જે અવસ્થામાંથી પસાર થાય છે તેનો કબીરજીની વાણીમાં ક્રમિક વિકાસ થતો જોઈ શકાય છે.

રહસ્યવાદના બે રૂપ-સાધનાત્મક અને ભાવનાત્મકને આપણે આગળ તપાસી ગયા. ઉપર જે રૂપનું ચિત્રાંકન કર્યું છે તે મુખ્યતઃ ભાવનાત્મક રહસ્યવાદ છે. કબીરજીની વાણીમાં સાધનાત્મક રહસ્યવાદની ચેતનાનું સમન્વિત દર્શન થાય છે. સાધનાત્મક રહસ્યવાદ પણ મૂળ તો આત્મા દ્વારા બનતી અનુભૂતિ. એટલે કે, એક પ્રકારની યૌગિક પ્રક્રિયા. એ કારણે કેટલાક લોકો આ બીજા પ્રકારના રહસ્યવાદની યૌગિક રહસ્યવાદ







કરીને સ્થાપિત કરે છે. વૈદિક સંહિતાઓ ઉપનષિદો અને પુરાણોમાં પણ આ પ્રકારની રહસ્ય સાધનાના સંકેત અને વર્ણન પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ થાય છે. મહર્ષિ પતંજલિએ કહ્યું છે કે : આ પ્રકારની રહસ્યસાધના વ્યવસ્થિત રીતે પ્રતિસ્થાપન થઈ છે. એ કારણે કેટલાક લોકો એને 'પાતંજલિ પ્રેરિત પ્રદર્શન' ના નામથી પણ જાણે છે. આ આસ્તિક યોગદર્શનનો વ્યાપ મુખ્યતઃ નાદ અથવા તો શબ્દબ્રહ્મની વ્યાખ્યા કે સાક્ષાત્કાર બતાવવામાં આવે છે. એમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, ધ્યાન, ધારણા અને સમાધિ વગેરે અષ્ટ અંગોનું વિશેષ મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. અંતિમ અંગ સમાધિની અવસ્થાને જ બ્રહ્માનુંપતિની અવસ્થા કહેવામાં આવે છે. કહેવાય છે કે આ પ્રકારની યોગસાધનાનું લક્ષ્ય બ્રહ્માદિમાં પિન્ડ અને પિન્ડમાં બ્રહ્માંડની અનુભૂતિ થાય છે જે વાસ્તવમાં અતિ અધિક રહસ્યમય પ્રક્રિયા છે. ભારતીય પરંપરા અનુસાર આ પ્રક્રિયામાં બાહ્ય વૃત્તિઓને અંતર્મુખી વૃત્તિઓમાં ફેરવવાની પ્રક્રિયા છે. જ્યારે પાશ્ચાત્ય મત અનુસાર અંતર્દષ્ટિની એકતાની પ્રક્રિયા કહેવામાં આવે છે.

કબીરજીની રહસ્યસાધનામાં આ સાધાનાત્મક રહસ્ય સાધનામાં પણ અનિમેષ દર્શન થાય છે. સાધક જ્યારે આ સ્થિતિમાં હોય છે ત્યારે સાધકે વિચિત્ર શબ્દો, રૂપો, સ્વરૂપો, અને દશ્યોની અનુભૂતિમાંથી પસાર થવું પડે છે. કબીરજીની વાણીમાં આ પ્રકારની દશ્યો કે ધ્વનિના કેટલાંય ઉદાહરણ જોવા મળે છે.

''નૈનોં અંતર આય તૂ, નૈન ઝાંપિ તો હિ લેવ,
ના મૈં દેખૌં ઔરન કો, ના તો હિ દેખન દેવ.''

(કબીરજી)

અર્થાત્ :

હે પરમાત્ન ! તું મારા નેત્રોની અંદર આવી જા અને હું તને આંખોની અંદર ઢાંકી લઉં. કોઈ બીજાને હું જોઈશ નહિ, અને તને કોઈને જોવા દઈશ નહિ. જ્યારે તું મારી અંદર આવી જશે ત્યારે હું તને જોઈને આનંદસાગરમાં મગ્ન થઈ જઈશ.

સાધક જ્યારે જીવ અને શિવમાં મગ્ન થઈ જાય છે. ત્યારે એને મેઘગર્જના સંભળાય છે, અનહદ નાદધ્વનિ સંભળાય છે. જેને કારણે સાધક સાધનામાંથી વિચલિત થાય છે. આ પ્રકારના રહસ્યાત્મક સંકેતોનું સ્વરૂપ સાધકને પર્યાપ્ત રીતે જોવા કે અનુભવવા મળે છે. પરિણામતઃ એનો સાધનાત્મક રહસ્યવાદ પણ વિશુદ્ધ સાધના અથવા તો આંગિક સાધના ન રહેતાં ભાવાત્મક થઈ જાય છે.

કબીરજીની રહસ્ય સાધનામાં રહસ્યાત્મક પારિભાષિક શબ્દોનું વિશેષ મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. જ્યાં પારિભાષિક શબ્દો પર કબીરજીએ અધિક ભાર આપ્યો છે, ત્યાં વર્ણનોમાં શુષ્કતા, નિરસતાનો સમાવેશ થઈ જાય છે. જ્યાં તે રૂપક આદિનો પ્રયોગ કરે છે. ત્યાં વધારે નિરસતા, શુષ્કતાનો હ્રાસ થઈ રસમય થઈ જાય છે.





આ પ્રકારે નિષ્કર્ષના રૂપમાં કહીએ તો રહસ્ય સાધનાની જેટલી પણ સ્થિતિઓ અવસ્થા કે સ્વરૂપ મળે છે તે દરેક કબીરજીનાં પદોમાં જોવા મળે છે. ભારતીય રહસ્ય સાધનાપ્રક્રિયાની બધી જ માન્યતાઓ અને વિશેષતાઓનું દર્શન કદાચ ન થાય, પરંતુ તેની કેટલીક મૌલિક વિશેષતાઓ પણ વિદ્વાનોએ અંકિત કરી આપી છે. સૌ પ્રથમ મૌલિકતા એછે કે કબીરજીએ પોતાના વિશે વિશેષ સંબંધ રાખતી ધારણોઓને કેન્દ્રીત કરવાનો સફળ પ્રયત્ન કર્યો છે. એમની રહસ્યસાધનાનું ક્ષેત્ર પર્યાપ્ત, વિસ્તૃત કે વ્યાપક થઈ સામે આવે છે. આ વિશેષતાથી કહેવાય છે કે, કબીરજી માત્ર રહસ્યવાદી ન રહેતાં એક સાધક, વિચારક, સુધારક, ઉપદેશક અને ગૃહસ્થ પણ હતા. એમાં પ્રવૃત્તિનો સમાવેશ સ્વતઃ થઈ જ ગયો છે. પરિણામ સ્વરૂપ શુષ્કતા, નિરસતાનો સમાવેશ પણ સ્વતઃ થઈ જ ગયો છે. એમના દ્વારા પોતાના પ્રતિકાદિ ઉપકરણ પૂર્ણતા પોતાની આજુબાજુથી જ મેળવેલાં છે. તેમ છતાં પણ નવીનતમ્ માલૂમ પડ્યાં છે. એમાં રસમયતાનો પણ સમાવેશ થઈ ગયો છે. રસમયતાનો સમાવેશ કરનારી તેમની રહસ્યસાધના વિશેષ ઉલ્લેખનીય છે. પ્રેમતત્ત્વના દામ્પત્યભાવને અધિક ગ્રહણ કરતાં આ પ્રેમને અથવા એની પ્રક્રિયાઓનો સંબંધ સમગ્રતઃ ગ્રાહ્ય બનાવી દે છે. એક વાસ્તવિક આનંદની પણ સૃષ્ટિ ઊભી કરી દે છે. પ્રેમરસની માદકતાને વર્જીત કરનારું તેમનું એક પદ અવલોકનીય છે.

''દીપક સુંદર દેખિ કે, જરિ જરિ મૈરે પતંગ,
બઢી લહર જો વિષય કી, જરત ન પૌડે અંગ.''
(કબીરજી)

અર્થાત્ :

જેમ સુંદર દીપકને જોઈ પતંગિયું આકર્ષિત થઈને જાતને સમર્પિત કરી દે છે. તે રીતે વિષય આસક્ત વ્યક્તિ પણ પોતાની જાતનું સમર્પણ કરી દે છે. તે વિષયભોગથી તૃપ્ત થતો નથી. જે રીતે દીપક એ પતંગિયાનો વિષય છે. તે રીતે કામિની એ કામી પુરુષનો વિષય છે.

અદ્વૈત ભાવના એકાત્મકની અનુભૂતિ કબીરજીની રહસ્યસાધનાની મુખ્ય વિશેષતા કહેવાઈ છે. દ્વૈત ભાવનાનું એ ખંડન કરે છે. દ્વૈત ભાવથી એકાત્મભાવ સંભવ નથી. સત્યનું દર્શન પણ દ્વૈત ભાવની સ્થિતિમાં સાધક કરી શકતો નથી. કબીરજીએ કહ્યું છેકે,'' માનસિક વિકાસ પૂર્વ જન્મના કર્મોને આધિન છે. આ માન્યતા પણ એની અવિકલ્પ નિજી વિશેષતા કહેવાય છે. કર્મની સ્થિતિ અને કર્મ સ્વરૂપ જ રહસ્યસાધના પોતાની સાધનાથી તાદાત્મ્ય કરે છે. એવી કબીરજીની દઢ માન્યતા છે.''

આ પ્રકારે ઉપરોક્ત સમગ્ર વિવેચન - વિશ્લેષણના નિષ્કર્ષ સ્વરૂપ આપણે કબીરજીને એક પ્રમુખ ભારતીય રહસ્ય સાધનાના સાધક કહી શકીએ. એમની ચેતન એટલે કે ભાવ, સાધનાગત પ્રક્રિયા વગેરે પ્રત્યેક સ્તરે ઉત્તમ રહી છે. એમાં પૂર્ણ માધુર્યનો સમાવેશ થઈ ગયો છે. તે એક શુષ્ક, નિરસ સાધન નથી. પરંતુ સુગંધ અને સૌંદર્યની સાધના છે.

□







# ૯. યુગદ્રષ્ટા કબીરજી

કબીર કહે કમાલ કો, દો બાતાં સિખ લે;
કર સાહેબ કી બંદગી, ભૂખે કો કૂછ દે.
—કબીરજી

નમ્ર ભાવે કબીરજી જણાવે છે કે, 'ભૂખ્યાને ભોજન આપવાનો માનવ ધર્મ બજાવવાનો છે.' સાવ સાદા શબ્દોમાં આપેલો આ ઉપદેશ છેક નાનામાં નાના ગણાતા લોકસમુદાયના હૃદયમાં પ્રવેશ કરી ગયો છે. તેથી જ તો કબીરજી લોકસમુદાયના બની રહ્યા છે. તેમની વાણીની સરવાણી સતત લોકજીભે વહ્યા કરે છે. કબીરજી લોકહૃદયમાં વ્યક્તિ નહિ, પણ પ્રતિકના રૂપમાં પ્રતિષ્ઠિત થયા છે. એમની છંદ યોજના, ઉક્તિવૈચિત્ર્ય અને અલંકાર વિધાન પૂર્ણરૂપે સ્વાભાવિક અને સહજસાધ્ય છે.

કબીરજીની વાણીમાં અપૂર્વ ચમત્કાર છે. એમણે ક્યારેક સાવ સીધા સાદા શબ્દોમાં ગંભીર ચોટ દ્વારા માનવહૃદયને ઝંકૃત કર્યું છે. તો ક્યારેક આત્મવિચાર, યોગની અગમ્ય ભૂમિકા અને કવચિત્ ગુઢાતિગૂઢ વાણીનો સમાવેશ કર્યો છે. એમના એક એક શબ્દમાં જીવનની સત્ય સાધનાને સિદ્ધ કરવાની 'હું' પદનું વિસર્જન કરી નિરાભિમાની બનવાનો ઉપદેશ છે. એમના શબ્દોમાં પ્રેમ, આત્મીયતા, શાંતિનો સંદેશ છે, તો દંભ, કામ, ક્રોધ, લોભ, મોહ,

તૃષ્ણા, માયા, અહંકારને નિર્મૂળ કરી નિતર્યા નિર્મળ જળ જેવું જીવન બનાવવાનો આદેશ છે. ત્યાગ, નામ-સ્મરણ, વિચાર, યોગ, જ્ઞાન અને ભક્તિ દ્વારા જીવન પરિશુદ્ધ બનાવવાનું ચિંતન છે. તેમના એક એક શબ્દમાં ચિંતનનું ઊંડાણ છે.

કબીરજી આધ્યાત્મિક ચિંતક હતા. વિદ્વાનોએ જુદી જુદી રીતે એમની વાણીનું અધ્યયન અને ચિંતન કર્યું છે. કબીરજી વિશે સમાજસુધારકના રૂપમાં, સર્વધર્મ સમન્વયના રૂપમાં અને વેદાન્તના વ્યાખ્યાતા - દાર્શનિકના રૂપમાં અનેક ચર્ચાઓ થઈ છે.

કબીરજી સંત, ચિંતક, સાધક, વિચારક, ભક્ત, કવિ, યુગસ્રષ્ટા અને યુગદ્રષ્ટા હતા. તેમના ચિંતનમાંથી સત્સંગ નામોપાસના, ગુરુભક્તિ, નિષ્કામ કર્મ વગેરે સાધનાની પ્રાથમિક ભૂમિકાએ સર્વ સામાન્ય જનતાને ઉત્તમ સદ્બોધ પૂરો પાડે છે. તે દ્વારા જાતિ, કુળાભિમાન, છૂતાછૂત અને ધાર્મિક વિદ્વેષ આદિના પરિત્યાગ માટે તેમણે કરેલું નિરુપણ અભૂતપૂર્વ અને અદ્ભૂત છે. ઉપદેશ આપવાની તેમની પદ્ધતિ સાવ નિરાળી હતી. શુદ્ધ માનવપ્રેમી હોવાના કારણથી તેમણે નિર્ભય થઈને ધાર્મિક અને સામાજીક વિષમતાઓ ઉપર કઠોર પ્રહારો કર્યા. બુરાઈઓની કટુ આલોચના કરીને સદ્ગુણોનો ઉપદેશ કર્યો.

કબીરજીની ભક્તિ સાધનાનું કેન્દ્રબિંદુ ''પ્રેમ'' છે. તરવારની અણીએ ધર્મપરિતર્વન કરાવતી પ્રજા વચ્ચે એમનો ઉછેર







થયો. કબીર સાહેબે હિન્દુ અને મુસલમાન, ઊંચ-નીચ, જ્ઞાની - અજ્ઞાની, ત્યાગી - ગૃહસ્થી, હિંસક - અહિંસક, કર્મ, જ્ઞાન અને ઉપાસનાદિ આત્મોપલક્ષી સાધનો, સગુણ અને નિર્ગુણ એમ પરસ્પર વિરોધાભાસના યુગમાં પ્રકટ થઈને તેના ગુણદોષનું નિરીક્ષણ કરી તે સમયના દોષોને નિર્મૂળ કરવામાં સફળતા પ્રાપ્ત કરી.

કબીર સાહેબે પોતાની પ્રભાવશાળી દિવ્યવાણીથી રૂઢિવાદનો નિષેધ કર્યો. અંધાશ્રદ્ધામાં સબડતી પ્રજાનો ઉદ્ધાર કર્યો, એટલું જ નહિ પોતાની અનુભવસિદ્ધ વાણીથી ધર્માન્ધતાના ઝનૂન સામે પ્રબળ આક્રોશ ઠાલવ્યો. શું હિન્દુ કે મુસલમાન, પ્રત્યેક ધર્મના મૂળમાં રેડાયેલાં વેર-ઝેરને અમૃતમય કરીને સમગ્ર પ્રજામાં ઉત્સાહ, ધૈર્ય, સાહસ અને સહનશીલતાનાં બીજ રોપ્યાં અને પ્રજાને સદ્માર્ગે વાળવાનો તનતોડ પ્રયાસ કર્યો છે. તેમણે જ્ઞાન, વૈરાગ્ય, તપ અને ત્યાગનો સીધી સાદી ભાષામાં ઉપદેશ આપ્યો છે.

''જાતપાંત પૂછે નહિ કોઈ,
હરિ કો ભજે સો હરિકા હોઈ.''

એમના શબ્દમાં જીવનની સચ્ચાઈ, સમાનતા, સહકાર, સદાચાર અને સદાચરણનાં પ્રત્યક્ષ દર્શન થાય છે. આજે પણ એમનો શબ્દ અવિનાશી અને આધુનિક છે. તેમની વાણી નિર્દંભ, સદ્બોધક અને પરબ્રહ્મની ઉદ્બોધક છે.

કબીરજીના જીવનદર્શનમાં પ્રત્યેક માનવ પ્રત્યે પ્રેમ અને સદ્ભાવ અસ્ખલિત રીતે વહ્યા કરે છે. તેમના શબ્દોમાં જ્ઞાન, તપ, સાધના ને યોગ બળને વિશે વિશેષ માધુર્ય છે. કબીરજીએ માનવીના ઈહલૌકિક અને પરલૌકિક જીવનને સુધારવાનો જે પ્રયાસ કર્યો છે, તે ભારતના સંત ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયો છે.

કબીરજીનો શબ્દ માનસિક નહિ, પરંતુ હૃદયમાંથી ઉદ્ભવતો શબ્દ છે. તેઓ સ્વતંત્ર વિચારક હતા. દંભ, આડંબર, રૂઢિચુસ્તતા, મતામતાંતરોના ભેદ અને કર્મકાંડના કટ્ટર વિરોધી હતા. ભારતીય હિન્દુ-મુસલમાન એકતાના સર્વપ્રથમ પ્રચારક અને સમર્થક હતા. શરૂ શરૂમાં તેમના આ વિચારોથી મુસ્લિમ મૌલવીઓ અને હિન્દુ પંડિતો ખૂબ નારાજ થયા. તેમને દરેક પ્રકારે કષ્ટ આપવાનું શરૂ કર્યું. અનેક પ્રકારની યાતનાઓ સહન કરવી પડી. તેઓને મદોન્મત્ત હાથીના પગ તળે ચગદી દેવા માટે હાથીની સામે લાવવામાં આવ્યા. એમના હાથ પગ બાંધીને પાણીમાં ડૂબાડી દેવા માટે ચેષ્ટા કરવામાં આવી. પરંતુ પોતાના નિર્ધારીત માર્ગેથી તેઓ ડગ્યા નહિ. જ્યારે તેમના શબ્દનો ધ્વનિ હિન્દુ અને મુસલમાન બંને જાતિના હજારો લોકોના કાનમાં ગુંજતો થયો ત્યારે તેઓ કબીરજીના આશ્રિત અને અનુયાયી થયા.

કબીરજી હિંદુઓના વર્ણાશ્રમ, ધર્મ અથવા જાતિભેદના કટ્ટર વિરોધી હતા. વેદ-શાસ્ત્રો કે કુરાનમાંથી કોઈને ભ્રાન્તિહીન કે







દરેક વાતમાં પ્રમાણ માનતા ન હતા. તેમણે હિન્દુમત અને ઈસ્લામ એ બંનેમાંથી સામાન્ય સત્યને એક સમાન ગ્રહણ કર્યું. સંસ્કૃત અને ફારસી, ઉર્દુ અને હિન્દી એ ચારેય ભાષાઓના શબ્દોનો તેમણે પોતાના કાવ્યોમાં એક સમાન ઉપયોગ કર્યો છે. કબીરજી પ્રથમ ભારતીય છે, જેમણે હિન્દુ અને મુસલમાનો માટે અને સમસ્ત માનવ જાતિ માટે એક સમાન ધર્મનો ઉપદેશ નિર્ભયતાથી આપ્યો.

કબીરજીના સમયમાં તેમના વિચારોની મૌલિકતા એટલી બધી પ્રભાવક હતી કે ઉત્તર થી દક્ષિણ ભારત અને પૂર્વથી પશ્ચિમ ભારત સુધી તેમના વિચારોનો પ્રભાવ રહ્યો છે. આ આશ્ચર્યચકિત કરી દેનારી ઘટના તો એ છે કે પાંચસો વર્ષ પૂર્વ અર્થાત્ ૧૫મી સદીમાં લખાયેલી કબીરજીની કવિતામાં એક સામયિક ગુંજ છે અને ઊંડી દાર્શનિકતા છે.

કબીરજી યુગદ્રષ્ટા, નિર્ભય, સત્યવાદી, ધર્મનિરપેક્ષ અને પ્રેમયોગી હતા. પોતાના સમયની સંપૂર્ણ ગતિવિધિઓ પર એમની નજર રહેતી હતી. તત્કાલીન સમયના લોકોના તે યુગસ્રષ્ટા પ્રતિનિધી અને માર્ગદર્શક હતા. પોતાના સમયની ભિન્ન ભિન્ન પરિસ્થિતિ વિકટ બની ગયેલી હોવા છતાંય તેમણે પોતાના વિચારો બહુ સ્પષ્ટ શબ્દોમાં અને નિર્ભયતાથી વ્યક્ત કર્યા. જેના કારણે એક મહાન ભાવિ આંદોલનને પ્રગતિ મળી. આજના સંઘર્ષોમાં કબીરજીની કવિતા આપણા તેજ અસ્ત્રો છે. કબીરજીની નિર્ભયતા,

અન્યાય વિરુદ્ધ એમની તીવ્ર વિદ્રોહ ભાવના, એમના સ્વરની સહજ સચ્ચાઈ એ બધાં તત્ત્વો આપણાં અમૂલ્ય ઉત્તરાધિકારી છે. તેથી જ તો યુગદ્રષ્ટાઓ શાશ્વતકાળથી વિષમતાઓનું ખંડન કરીને માનવતાનો પ્રચાર કરતા આવ્યા છે. હિન્દુ - મુસ્લિમ ઐક્યની જે વિચારધારા આજે આટલી પ્રબળ થઈ છે, તેના મૂળ પ્રવર્તક તો કબીરજી જ હતા. કબીરજીએ તો માનવસમાજ વ્યવસ્થાની ઈમારતને શ્રદ્ધા - ભક્તિની ભૂમિકા દ્વારા વિશ્વાસોની દીવાલોથી સુરક્ષિત અને અભેદ રૂઢિઓને તોડી જિજ્ઞાસા અને તે દ્વારા માનવ વિચારોને ગતિની પ્રેરણા આપીને આત્મનિર્ભરતાથી વિકસિત થવાનો ઉત્સાહ આપ્યો છે. જો આપણા સમાજ પર કબીરજીનો પ્રભાવ અધિક ઊંડો પડ્યો હોત તો આપણા દેશના સમાજમાં જિજ્ઞાસાથી તર્ક દ્વારા આત્મનિર્ભર ચિંતનની પ્રવૃત્તિ સબળ થઈ હોત અને આજના કરતાં માનસિક સ્તરે અધિક વિકસિત બની શકત.

કબીરજીને કોઈ એક ખાસ વર્ગ પ્રતિ લગાવ નહોતો, પરંતુ સમાજ અને વ્યક્તિમાં રહેલ ખામીઓ પ્રત્યે અંગુલીર્નિર્દેશ કરતા નિષ્પક્ષ ભાવથી વિચાર કરવાનો પ્રબળ આગ્રહ કર્યો કોઈ પ્રથા કે વિશેષ પરંપરાની સાથે આંખો મીંચીને વળગી રહેનારાઓને તેમણે કડક શબ્દોમાં ફટકાર્યા. તેઓ મહાન ક્રાંતિકારી વિચારક હતા. તેઓ જાતિવાદ, અંધવિશ્વાસો અને સામન્તવાદના કટ્ટર વિરોધી







હતા. આપણે એમના કાવ્યોમાં ધાર્મિક, રહસ્યવાદી તત્ત્વ પણ જોઈ શકીએ છીએ. પરંતુ એ તત્ત્વોએ કબીરજીને મનુષ્યની પીડા સમજવામાં મદદ આપી એ તત્ત્વો તેમને મનુષ્યની નજીક લાવ્યાં. ધાર્મિક વિચારોની આ ભૂમિકા કબીરજીના જીવનમાં અસાધારણ હતી. સામાન્ય રીતે ધર્મ દ્વારા જ મનુષ્ય-મનુષ્ય વચ્ચે ઊંચી દીવાલો ઊભી કરાઈ છે. કબીરજી સામ્પ્રદાયિક સીમાઓથી ઉપર ઊઠીને માનવતાવાદી વિચારોને મહત્ત્વ આપી શકયા એ વિચારો દ્વારા પોતાની સાધનાના બળે સત્યનો સાક્ષાત્કાર કર્યો.

આધાત્મિક અને નૈતિક જીવનની ઊંડી અને ગૂંચવાયેલી ગૂંચો ઉપર કબીરજીએ જે પ્રકાશ પાડ્યો છે, તેવું ભારતીય સાહિત્યમાં અન્યમાંથી આપણને મળતું નથી.આધ્યાત્મિકની સાથે સાથે કબીરજીએ જે દૃષ્ટિ મેળવી હતી, તે આપણા અસ્તિત્વના દિલને ચીરતી ચાલી જાય છે. સકારાત્મક મૂલ્યોની સાથે સાથે કબીરજીની વાણી એક જ સમયે વ્યંગ અને ચમત્કાર, પ્રેમ અને તટસ્થ આલોચનાથી એવી રીતે ભરપૂર છે કે આજ સુધીના પાંચસો વર્ષના સમયગાળામાં કોઈપણ સર્જકે આ પ્રકારનું સર્જન કર્યું નથી.

કબીરજી હિન્દી ભાષા સાહિત્યના પ્રથમ આધુનિક કવિ છે. તેમના સર્જનની બે મુખ્ય વિશેષતાઓ હતી. યથાર્થપક્ષ અને રહસ્યપક્ષ જે બંને આમ તો અંતર્વિરોધી જણાય છે, પરંતુ જો આપણે એને ઊંડાણથી તપાસીએ તો એ એટલા અંતર્વિરોધી નથી.

એમનો શબ્દ યથાર્થ તથા આંતર અનુભૂતિથી સંલગ્ન હતો. એટલા માટે જ આપણને કબીરજીની વાણી પ્રભાવિત કરે છે સાથે સાથે એમ પણ કહી શકાય કે એમની વાણીમાં અનેક એવાં તત્ત્વો છે, જે અગોચર અને રહસ્યવાદી છે.

જે ઐતિહાસિક પરિસ્થિતિઓમાં એમનો જન્મ થયો. એ પરિસ્થિતિઓ કબીરજી જેવા વ્યક્તિત્વને પેદા કરવામાં સહાયક થઈ. એ યુગ ભારતનો સંક્રાન્તિયુગ હતો. એ સંક્રાન્તિ કાળમાં એક એવા શક્તિશાળી વ્યક્તિત્વનો જન્મ થયો. જેને કારણે તમામ આડંબરો, પાખંડો, વ્યવસ્થાઓ, મતાગ્રહો અને મિથ્યાચારોનો ધ્વંસ કરીને એની અંદરથી નિખાલસ માણસને શોધવાનો પ્રયત્ન કર્યો.

કબીરજીની વાણીમાં એવો અદ્‌ભૂત જાદુ હતો કે તેઓ અપ્રિય સત્યને પણ સત્ય કહીને સમર્થન પ્રાપ્ત કરી ચૂક્યા હતા. જેનામાં અપાર ચારિત્રિક, આધ્યાત્મિક અને જનતાંત્રિક શક્તિ હોય છે તે વિરોધ કરે છે. એક વિદ્રોહ સામે ઊભો રહે છે. એ શક્તિનું જ્ઞાન કબીરજીમાં હતું. તેઓ આત્માનુભવનું કઠોર નિર્ણાયક જ્ઞાન ધરાવતા હતા. કબીરજીની ભાષા વિદ્રોહની ભાષા છે. જેમાં કોમળ અને મંદ સ્વરોની મુદ્રાઓ પણ દશ્યમાન છે. પરંતુ એ સ્વલ્પ અને પ્રતીકાત્મક છે.

કબીરજી ક્રાન્તદ્રષ્ટા કવિ હતા. તેમનો શબ્દ જીવન્ત ભાષા છે. સામાન્ય જનસમુદાયના સીધા સંપર્કની ભાષા છે. જેમાં







કબીરજીનું સમકાલીન જીવન ધબકે છે. કબીરજીની ભાષાશક્તિ અસીમ છે એ મુખ્યત્વે વિદ્રોહની ભાષા છે. સત્યના મૂળ સુધી પહોંચવાની તેમની આગવી દષ્ટિમાં ભ્રમનાં અનેક બંધનો અને વાદવિવાદોની અનેકવિધ આંધીને વીંધી સચ્ચાઈને પકડી તેમાંથી કાવ્યતત્ત્વ નિષ્પન્ન કરવાની ક્ષમતા અદ્‌ભૂત હતી.

કવિતા એ એમની જરૂરિયાત નહોતી પણ તે સમયના માનવોની જરૂરિયાત હતી. કબીરજીએ તે દ્વારા માનવોત્થાનનું કાર્ય કર્યું. ભાષાના પૂર્વગ્રહને છોડીને તેમણે એક એવી ભાષાને જન્મ આપવાનું ચાહ્યું કે જેને દરેક વર્ગ સમજી શકે. સંસ્કૃત, ફારસી, અરબી, હિન્દી, પંજાબી,બંગાળી અને રાજસ્થાની ભાષાના પ્રચલિત શબ્દો એમની કવિતામાં જોવા મળે છે. કબીરજી લોકહૃદયના, લોક જરૂરીયાતના કવિ હતા. તેમની કવિત્વશક્તિ દ્વારા ચિંતન અને સર્જનને નવી દિશા મળી. એમનાં કાવ્યોને જીવનધારાથી જુદા પાડીને સમજી ન શકાય.

ભગવાન મહાવીર અને બુદ્ધે વૈદિક ક્રિયાકાંડો, પાખંડોનો વિરોધ કરીને ભારતીય તત્ત્વજ્ઞાનને એક નવી દિશા પ્રદાન કરી હતી. એ જ પ્રકારે સંત કબીરજીએ તત્કાલીન બાહ્યાચાર, પાખંડ, અંધશ્રદ્ધાનું ખંડન કરતાં સરળ અને બોધગમ્ય ભાષામાં પોતાના કલ્યાણપ્રદ ઉપદેશોને સર્વ સાધારણ જનમાનસ સુધી પહોંચાડીને સામાજીક ક્રાન્તિને જન્મ આપ્યો.

સામાજિક વિષમતાને કારણે દુઃખી પ્રજાનાં દુઃખથી તેઓ દુઃખી હતા. હિન્દુ - મુસલમાનના વિરોધના મૂળભૂત સામાજીક અંધવિશ્વાસને નષ્ટ કરીને માનવતાવાદનો ઉપદેશ દેનારાઓમાં તેઓ અગ્રગણ્ય હતા. ધર્મને નામે ચાલતા અંધવિશ્વાસ અને બાહ્યાડંબરો પર કુઠારાઘાત કરવા માટે તેઓ જીવનભર ઝઝૂમતા રહ્યા. જેથી એમના અદમ્ય સાહસનો આપણને પરિચય મળે છે.

કબીરજીની ભાષા જેટલી ખિજાવે છે, તેટલી રિઝાવતી નથી. રસ્તે ચાલતાં ચાલતાં એ ટાંકી દે છે. માત્ર કવિતા માટે કવિતા કરવી એ કબીરજીનો ઉદ્દેશ પણ ન હતો. સાહિત્યિક પરંપરાઓની વિરુદ્ધ એમણે સીધો વિદ્રોહ કર્યો હતો. જે એમની ઊલટવાણી દ્વારા એ વિદ્રોહ લક્ષ્યમાં આવે છે.

કબીરજીના વિચારોમાં આજે પણ આધુનિકતા જોવા મળે છે. આજના આધુનિક કવિઓમાં માનવતાના ચિન્તનનો કબીરજી જેવો ઊંડાણભર્યો પ્રયત્ન જોવા મળતો નથી. કવીવર રવીન્દ્રનાથ ટાગોરે તો તેમની કવિતાથી પ્રભાવિત થઈ એકસો કાવ્યોનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો. કબીરજીએ માનવ જીવનને જેટલું ઉદ્દાત સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો. તે આજે પણ દીવાદાંડીની જેમ પ્રેરણાના સ્ત્રોત છે. કબીરજી જાગ્રત, ચિંતક અને નિષ્પક્ષ આલોચક હતા. એ ગુણો એમની નિર્ભયતા કરતાં વધારે મૂલ્યવાન નથી. એમની વાણીમાં જે કર્કશતા, લૂખાપણું અને ઠપકાનો ભાવ દેખાય છે, એનું કારણ એમનો માનવપ્રેમ, દયા અને ઈમાનદારી છે. બાહ્યાડંબરો પ્રત્યે એમની વાણીમાં રહેલી પ્રતિક્રિયામાં જ ક્રાન્તિ છે. એટલે જ તો સંત કબીર, કવિ કબીર આર્ષદ્રષ્ટા અને યુગદ્રષ્ટા હતા. તેમની વાણી આજે પણ એટલી જ આધુનિક રહી છે.

□







# ૧૦. કબીરજીના પદોમાં પ્રતીક : કાગળો

મધ્યકાલીનયુગમાં ભક્તિ પ્રચારમાં કબીરજીનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. કબીરજી માત્ર સંત કે ભક્ત નહોતા પરંતુ બહુમુખી પ્રતિભા ધરાવતા ચિંતક, વિચારક, સાધક, સુધારક, દાર્શનિક, ઉપદેશક, ગૃહસ્થ અને મધ્યકાલીન યુગના ધ્રુવતારક સમા યુગદ્રષ્ટા અને આધુનિક કવિ હતા. તેમનો શબ્દ આજે પણ આધુનિક રહ્યો છે.

આ સમયગાળામાં લોકોમાં ધર્માંધતા એટલી બધી વ્યાપક પ્રમાણમાં હતી કે તલવારની અણીએ ધર્મપરિવર્તન કરાવવામાં આવતું હતું. એવા નાજુક સમયમાં હિન્દુ અને મુસ્લિમ અસહિષ્ણુ પ્રજામાં એકતાની ભાવના જગાડનાર સર્વ પ્રથમ પ્રચારક અને સમર્થક સૂફી સંત કબીરજી મળ્યા. તેમણે કોઈ પણ જાતિ-જ્ઞાતિના ભેદભાવ વગર હિન્દુ, મુસ્લિમ, અંત્યજ સૌની ઉપર સમભાવ રાખી સર્વજીવોનું કલ્યાણ કરવા માટે અને સમાજમાં રહેલ દૂષણો, અંધશ્રદ્ધા, ધર્માંધતા દૂર કવા માટે જાતિ, પંથ, ધર્મ, સંપ્રદાય વચ્ચે કોઈ પણ જાતનો ભેદભાવ રાખ્યા વગર અધ્યાત્મમાર્ગે વાળવામાં સતત જાગ્રત રહ્યા. શરૂ શરૂમાં તેમના આ વિચારોથી મુસ્લિમ ધર્મગુરુઓ - મૌલવીઓ - અને હિન્દુ પંડિતો ખૂબ નારાજ થયા. તેમને દરેક પ્રકારે કષ્ટ આપવાનું શરૂ કર્યું. દૈવયોગે તેઓ બચી ગયા. અનેક યાતનાઓ સહન કરવી પડી. તેમ છતાં તેઓ તેમના નિર્ધારીત માર્ગેથી ડગ્યા નહિ.

કબીર સાહેબે પોતાની પ્રભાવશાળી વાણીથી રૂઢિવાદનો વિરોધ કર્યો. અંધવિશ્વાસમાં સબડતી પ્રજાનો ઉદ્ધાર કર્યો. એટલું જ નહિ પોતાની અનુભવસિદ્ધવાણીથી ધર્માંધતાના ઝનૂન સામે પ્રબળ આક્રોશ ઠાલવ્યો. પ્રત્યેક ધર્મના મૂળમાં રેડાયેલાં વેર-ઝેરને અમૃતમય કરીને સમગ્ર પ્રજામાં ઉત્સાહ, ધૈર્ય, સાહસ અને સહનશીલતાનાં બીજ રોપ્યાં. જ્યારે તેમના શબ્દનો ધ્વનિ લોકોના કાનમાં ગૂંજતો થયો ત્યારે લોકો કબીરજીના આશ્રિત અને અનુયાયી થયા.

કબીર સાહેબ ક્યારેક સીધી-સાદી ભાષામાં તો ક્યારેક વેદ-પુરાણોનાં ગૂઢ રહસ્યોને ઉકેલતી ભાષામાં આત્મજ્ઞાનનો પ્રચાર પ્રસાર કર્યો. એમના શબ્દમાં જીવનની સચ્ચાઈ, સમાનતા, સહકાર, સદાચાર, અને સદ્ભાવના પ્રત્યક્ષ દર્શન થાય છે. આજે પણ તેમનો શબ્દ અવિનાશી છે અને આધુનિક છે. તેમણી વાણી નિર્દંભ, સદ્બોધક અને પારબ્રહ્મની ઉદ્બોધક છે. તેમના શબ્દમાં જ્ઞાન, તપ, સાધનને યોગબળને વિશે વિશેષ માધુર્ય છે. કબીરજીએ માનવીના ઈહલૌકિક અને પારલૌકિક જીવનને સુધારવાનો જે પ્રયાસ કર્યો છે, તે ભારતના સંત ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયો છે.

કબીરજીનો શબ્દ માનસિક નહિ, પરંતુ હૃદયમાંથી ઉદ્ભવતો શબ્દ છે.તેઓ સ્વતંત્ર વિચારક હતા. દંભ, આડંબર, રૂઢિચૂસ્તતા, મતમતાંતરોના ભેદ અને કર્મકાંડના કટ્ટર વિરોધી હતા.







આવા યુગસ્ત્રષ્ટા અને યુગદ્રષ્ટા કવિ કબીરજીનાં પદોનો અભ્યાસ કરતાં એમની છંદ યોજના. ઉક્તિવૈચિત્ર્ય, પ્રતીક અને અલંકાર વિધાન પૂર્ણરૂપે સ્વાભાવિક અને સહજસાધ્ય છે.

તેમનાં પદોમાં પ્રતીક યોજના ધ્યાનાર્હ બની છે. તેમાં મુખ્યતઃ કાગડો, ચકોર, ક્રૌંચ, હંસ, ચૂંદડી, ચાદર, સૂતર, દોરો, બળદ, વાઘ, માછલી, નદી, જળ, મોતી, ચંદ્ર, સૂરજ, તલવાર, સોય, સોનું, ધમણ, સાબુ, તણખલું, લાકડું, વૃક્ષ, આંખ, જીભ જેવા અનેક પ્રતિકો દ્વારા સહજસાધ્ય બોધ આપ્યો છે.

કબીરજી તત્કાલીન સાંસ્કૃતિક દાયિત્વોથી પરિચિત હતા. એટલે જ તેઓ તેમનો પ્રતિકો શબ્દ લઈને શ્વસ્યા છે.અને આજે પણ તેમનો શબ્દ આધુનિક રહ્યો છે. આધુનિક કવિ નિજી મુદ્રા વડે ચીલો ચાતરે છે. તેમને પોતાનું માધ્યમ હોય છે. પુરોગામી કવિઓથી કંઈક જુદું કરવાની સતત ચિંતા અને મથામણ કરતો રહે છે અને અનુગામી કવિઓ માટે કંઈક વિશિષ્ટ, કંઈક નવું સર્જન કરીને ચીલો ચાતરે છે.

કબીરજી તત્કાલીન સમયના સામાજિક જીવનમાં અરાજકતા, વિસંગતતા, વિદ્રૂપતા એ માનવમૂલ્યોનો હ્રાસ થવાથી તેઓ ત્રાસી ગયા અને તેમનો આર્તસ્વર નવ્ય કવિતા રૂપે પ્રકટ થયો. આ કવિનો શબ્દ આજુબાજુ જીવાતા જીવનમાંથી સર્જન પામેલો શબ્દ છે. તેમની કવિતામાં પ્રખર આદર્શવાદથી માંડીને તીવ્ર

યથાર્થવાદની બે દૂરગામી સીમાઓ વચ્ચે રહેલી જીવનદૃષ્ટિનો વિસ્તાર જોવા મળે છે. તેમાં સ્થૂળ વાસ્તવિકતા અને ઐંદ્રિયતાથી માંડીને ઈંદ્રિયાતીત સૌંદર્યબોધ તેમજ ભાવનાપ્રધાન રહસ્યવૃત્તિ પણ જોવા મળે છે. તેવી જ રીતે તેમાં રમણીય અને રંગીન વાયવ્ય કલ્પનાથી માંડીને નક્કર જીવનબોધ સુદ્ધાંને સમાનરૂપમાં મહત્ત્વ મળેલું દેખાય છે.

કબીરજીની કવિતામાં કલ્પન ઓછું છે પણ પ્રતીકો દ્વારા પ્રયોગ કર્યો છે. માનવમનના આ કવિ છીછરી ભાવુકતાના નહીં બલકે તરલ ભાવનાઓના કવિ છે. એટલા માટે જેમના કાવ્યના તંતુઓ બારીક અને કોમળ હોવા છતાંય મજબૂત અને સ્વસ્થ છે. તેમનાં કવિતામાં ભાવનાનો મંત્રોચ્ચાર છે, તો સાથે સાથે વાસ્તવિક્તાનો સ્વીકાર પણ છે. તેમ જ ઈશ્વર સાથેનું સાયુજ્યજોવા મળે છે. તેમની પદોની આંતરબાહ્ય સમૃદ્ધિ ધ્યાનાકર્ષક બની છે. તેમની સૂક્ષ્મ સંવેદનશક્તિ અને શબ્દશક્તિ અકલ્પ્ય છે.

અહીં તેમનાં પદોમાં જોવા મળતાં અનેક પ્રતીકો વચ્ચે 'કાગડા'નું પ્રતીક ધ્યાનાકર્ષક એટલા માટે બન્યું છે કે 'કાગડો' એ શુભ અને અશુભ બંને રીતે સ્વીકૃત થયેલું પ્રતીક છે. શુભ એટલા માટે કે પ્રિયતમના આગમનનો સંદેશો સૌપ્રથમ તે આપે છે અને અશુભ એટલા માટે કે પ્રિયજનના મૃત્યુનો સંદેશો પણ તે આપે છે. આમ બંને રીતે 'કાગડો' ધ્યાનાર્હ બન્યો છે.







કબીરજીએ 'કાગડા' ના પ્રતીક દ્વારા આત્મમંથન કરાવ્યું છે. પ્રભુને મળવાની તીવ્ર ઈચ્છા પ્રકટ કરી છે. દુર્ગુણ બુદ્ધિ દૂર કરી મનુષ્યજીવનને ઉજજવળ કરવાનો બોધ આપ્યો છે. મનને નિંદા તુલ્ય કાગડા સાથે સરખાવ્યું છે. જીવનને ઉજજવળ બનાવવા માટે કાગડાની ચાલ છોડીને હંસની ચાલથી ચાલવા માટે એટલા માટે કબીરજી કહે છે કે કાગડાની જેમ દુરાચરણ છોડીને હંસની જેમ સદાચરણ કરવાથી પરમપદની પ્રાપ્તિ થાય છે. આમ, અનેક રીતે કાગડાના પ્રતીક દ્વારા આત્માને ઓળખવા માટે, ઈશ્વરપ્રાપ્તિ માટે બોધદાયક પદો રચી તત્કાલીન સમયના અબુધ, અંધવિશ્વાસુ, પ્રજાને પાખંડી પંડિતો, મુલ્લા, મૌલવીઓ, ભૂવા, જાગરિયા વચ્ચેથી ઊગારી છે.

કાગડો નિંદા તુલ્ય પક્ષી હોવા છતાં બોધ આપવા માટે આ પ્રતીકનો ઉપયોગ કબીરજીએ વારંવાર કર્યો છે.

ઉ.ત.

માંસ ગયા પિંજર રહ્યા, તાકન લાગે કાગ ।
સાહિબ અજહું ન આઈયા, મંદ હમારે ભાગ ।।

અર્થાત્ :

ઈશ્વરપ્રાપ્તિની તાલાવેલીમાં પોતાના શરીરનું પણ ભાન રહ્યું નહિ, માત્ર હાડપિંજર રહી જવા પામ્યું છે અને માંસને ખાવા માટે કાગડાઓ તાકી રહ્યા છે. તેમ છતાં 'સાહિબ અજહુ ન આઈયા.'

સાહિબ એટલે ઈશ્વર. એટલે નક્કી છે કે અમારું ભાગ્ય મંદ છે, ફૂટેલું છે.

કાગા કા કછુ લેત હૈ, કોયલ કા કછુ દેત ।
મીઠે વચન સુનાય કે, જગ અપની કરિ લેત ।।

અર્થાત્ :

કાગડો કોઈનું કશું લેતો નથી અને કોયલ કોઈને કશું આપતી નથી, તેમ છતાં સૌ કોઈ કાગડાની નિંદા કરે છે અને કોયલની સ્તુતિ કરે છે. એનું કારણ ફક્ત એ જ છે કે, કાગડો કર્કશ - કડવી - વાણી સંભળાવી સંસારને ગુમાવે છે અને કોયલ મધુરવાણી સંભળાવી સંસારને પોતાનો બનાવે છે. આ દ્વારા કબીરજી બોધ આપે છે કે, કટુ વચન બોલવાથી કોઈને કશો લાભ નથી અને મધુરવચન બોલવાથી કોઈને કશું નુકશાન નથી. તેમ છતાં લોકો કટુ વચન કેમ બોલતાં હશે ? પોતે બળીને બીજાને બાળે છે.

તન બોહિત મન કાગ હૈ, લખ જોજન ઊડિ જાય ।
કબહીં દરિયા અગમ બહિં, કબહીં ગગન સમાય ।।

અર્થાત્ :

શરીર વહાણ અને મન કાગડારૂપ છે. તે ઊડી ઊડીને લાખો માઈલ સુધી ચાલ્યું જાય છે, કદી અથાગ સમુદ્રમાં વહી જાય છે અને કદી આકાશમાં સમાઈ જાય છે. એક પળમાં આખા સંસારમાં







ફરીને પાછું આવે છે. આ રીતે કબીરજીએ મનની ગતિનો ખ્યાલ આપ્યો છે. માનવમનની ગતિ બે પ્રકારની છે. એક ચૈતસિક - Consious- અને બીજી અચૈતસિક Unconsious- અસંપ્રજ્ઞાત. ચૈતસિક અને અચૈતસિક મનની ક્રિયા એક જ સમયે સાથો સાથ ચાલે છે. જ્યારે આપણે કોઈ વાહન - સ્કૂટર, સાઈકલ, મોટર વગેરે ચલાવીએ છીએ. ત્યારે ચૈતસિક - Consious મન રસ્તો જોવાનું, આજુબાજુના કુદરતી દૃશ્યો જોવાનું કામ કરે છે. પણ વાહનની આડે કોઈ આવે અને બ્રેક મારીએ છીએ તે અચૈતસિક - Unconsious મનની ક્રિયા છે. ચાલવાની ક્રિયા ચૈતસિકમન દ્વારા થતી હોય છે. પરંતુ ચાલતાં ચાલતાં અંગારા ઉપર પગ પડે અને તરત જ પગ ઊંચો લઈ લઈએ છીએ તે અચૈતસિકમનની ક્રિયા છે. સાઈકલ ચલાવતાં રસ્તો જોવાનું કામ ચૈતસિકમનનું છે, જ્યારે પેડલ મારવાનું કામ અચૈતસિકમનનું છે.

આ રીતે મનના અખંડ પ્રવાસથી મનનું સ્થિર બિંદુ ક્યારેય પ્રાપ્ત થતું નથી. અચૈતસિકમનને નવીન ક્ષણની ઓળખ થાય ન થાય ત્યાં તો એ ક્ષણ સ્મૃતિશેષ થઈ જાય છે અને નવીન વૈચારિક શૃંખલા સતત ઘડાતી રહે છે.

કબીરજીએ આ સ્થિતિને માત્ર બે જ પંક્તિ દ્વારા સરળ બાનીમાં સમજાવ્યું છે.

કબીરજીનાં પદોમાં આવતો 'કાગડો' ભલે નિંદાને પાત્ર હોય, તેમ છતાં તે દ્વારા જીવનજાગૃતિ, જીવન સદ્ગતિ, જીવન

માંગલ્યનો સંદેશો આપવામાં આ પ્રતીક ઘણું જ કારગત નીવડ્યું છે. તેની પ્રગાઢ ભાવગુંજનો અનુભવ કરતાં કરતાં માનસિક સાક્ષાત્કાર થાય છે. તેથી જ કબીરજીનો શબ્દ આજે પણ આધુનિક રહ્યો છે. લોકાદર પામ્યો છે. લોકહૃદયમાં પ્રવેશ કરી ગયો છે. આ કારણોને લઈને કબીરજી લોકસમુદાયના બની રહ્યા છે. તેમની વાણીની સરવાણી સતત લોકજીભે વહ્યા કરે છે. કબીરજી લોકહૃદયમાં વ્યક્તિ નહિ, પણ પ્રતીકના રૂપમાં પ્રતિષ્ઠિ થયા છે.

કબીરજીની વાણીમાં અપૂર્વ ચમત્કાર છે, એમણે ક્યારેક સાવ સીધા સાદા શબ્દોમાં ગંભીર ચોટ દ્વારા માનવહૃદયને ઝંકૃત કર્યુ છે, ઝંઝોડ્યું છે. તો ક્યારેક આત્મવિચાર, યોગની અગમ્ય ભૂમિકા અને કવચિત્ ગૂઢાતિગૂઢ વાણીનો સમાવેશ કર્યો છે. એમના એક એક શબ્દમાં જીવનની સત્યસાધનાને સિદ્ધ કરવાની 'હું' પદનું વિસર્જન કરી નિરભિમાની બનવાનો ઉપદેશ છે. એમના શબ્દોમાં પ્રેમ, આત્મીયતા, શાંતિનો સંદેશ છે. તો દંભ, કામ, ક્રોધ, લોભ, મોહ, તૃષ્ણા, માયા, અહંકારને નિર્મૂળ કરી નિતર્યા નિર્મળ નીર જેવં જીવન બનાવવાનો આદેશ છે. ત્યાગ, નામ-સ્મરણ, વિચાર, યોગ, જ્ઞાન અને ભક્તિ દ્વારા જીવન પરિશુદ્ધ બનાવવાનું ચિંતન છે. તેમના એક એક શબ્દમાં ચિંતનનું ઊંડાણ છે. તેમણે પ્રતીકો દ્વારા જે જીવનસંદેશ આપ્યો છે તે આજે પણ એટલો જ આત્મસાત કરવા જેવો છે. એટલો જ બૌધક રહ્યો છે.

□







# ૧૧. કબીરજી અને વ્યસનમુક્તિ

વ્યસન એક એવું દૂષણ છે, જે એક વખત શરૂ થયા પછી તે મૃત્યુ પર્યંત વ્યક્તિ સાથે આવિનાભાવી સંબંધે જોડાયેલું રહે છે. માણસના અકાળે મૃત્યુનું કારણ પણ આ વ્યસન જ હોય છે. જેમ જેમ માણસ વ્યસન પ્રતિ ઢસડાતો જાય છે તેમ તેમ તે સમાજથી, પોતાના સંબંધીઓથી વિમુખ થતો જાય છે.

આપણે કામનાઓને જેટલી વધારીએ છીએ. પરિસ્થિતિઓનું દબાણ એટલું જ અધિક વધે છે. ભોગવાસનાથી પ્રેરિત થઈને લોકો અસંયમ અને વ્યભિચાર તરફ વળે છે. અખાદ્ય પદાર્થોના સ્વાદપ્રિયતાથી પ્રભાવિત થઈને માણસ ઓછાવત્તાનું, સારાસારનું ધ્યાન રાખ્યા વગર જ ખરાબ વસ્તુઓને ઉદરસ્થ કરતો રહે છે.

વ્યસનનું મૂળ માણસની ઈચ્છાઓ છે. ખરેખર તો કામનાઓ પર નિયંત્રણ રાખવું અત્યંત જરૂરી છે. એવું ન કરવાથી જીવનલક્ષ્યની સાધનામાં શિથિલતા આવી જાય છે. વ્યસનથી ઈન્દ્રિયોને શરૂ શરૂમાં સુખકર લાગે, પરંતુ આખરે તો તે દુઃખદાયી જ છે. વધુ પડતું વ્યસન શારીરિક, માનસિક અને આત્મિક ત્રણેય પ્રકારની શક્તિઓનો નાશ કરે છે. વ્યસનના આકર્ષણથી વ્યક્તિ ભ્રમવશ થઈ આનંદ અને સુખની કલ્પના કરે છે. ખરેખર આ ભ્રમ ધીમું ઝેર છે. આ રોગ વ્યક્તિને યુવાવસ્થામાં વધુ આકર્ષિત કરે

છે. યુવાવસ્થામાં પ્રવેશ કરનાર હરેક વ્યકિતમાં શારીરિક શક્તિનું જોર વધારે હોય છે.સાથે જ કોઈને કોઈ જીવનસત્વનું નવનિર્માણ થતું રહે છે. તેથી એનો કુપ્રભાવ જલ્દીથી દષ્ટિગોચર થતો નથી, પરંતુ અવસ્થાનો વિકાસ અટકતાં જ એનાં કુપરિણામો સામે આવવા લાગે છે. શક્તિ હણાઈ જાય છે. ઘણા પ્રકારની નબળાઈઓ અને રોગોનો શિકાર બની જાય છે. ઈન્દ્રિયો શિથિલ થઈ જાય છે. અને જીવન ભારરૂપ બની જાય છે. વ્યસનમુક્ત માણસ બળવાન, શક્તિશાળી, તીવ્ર યાદ શક્તિવાળો હોય છે. એટલું જ નહિ, તે મૃત્યુને પણ જીતી શકે છે.

જે વ્યક્તિ વ્યસની છે, તેની સારા-સાર અને વિનય વિવેકની બુદ્ધિશક્તિ નાશ પામેલી હોય છે. તેનામાં તામસીતત્ત્વો વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. સામાજીક મોભો જળવાતો નથી. સમાજથી તે વિમુખ થતો જાય છે. વ્યસનની પૂર્તિ કરવા માટે તે ગમે તેવું પગલું ભરતાં ખચકાતો નથી. વ્યસનથી આરોગ્ય ઉપર ઘણું મોટું નુકશાન થાય છે. દિવસે દિવસે શરીર ક્ષીણ થતું જાય છે અને મૃત્યુ તરફ તેની ગતિ ઝડપથી વધી જાય છે.

દારૂ, ગાંજો, ચરસ, અફીણ, તાડી, ભાંગ,કોકીન હેરોઈન અને મેન્ડ્રેક્સ પીનાર/ખાનાર વ્યક્તિ શરીરનું સમતોલન ગુમાવી દે છે. જ્ઞાનેન્દ્રિયો શિથિલ બની જાય છે. ગાત્રો ઢીલાં પડતાં જાય છે. આર્થિક રીતે તે ખુવાર થતો જાય છે. પૈસા માટે પત્નીને અકૃત્ય







તરફ ધકેલી દે છે. પત્ની અને બાળકોને માર મારે છે. બાળકોના શૈક્ષણિક વિકાસ તરફ દુર્લક્ષ સેવે છે. જેની અસર બાળકો ઉપર વિપરીત પડે છે અને આ બાળકો સમજણાં થતાં કુમાર્ગે વળી જાય છે. અનિયંત્રિત બની જાય છે. કોઈપણ દુષ્કૃત્ય કરતાં ખચકાતાં નથી. જેથી ચોરી, લૂંટ, ખૂન, જુગાર અને વ્યભિચાર કરવા સુધી પ્રેરાય છે. પરિણામે તે સમાજ માટે ભારરૂપ બની જાય છે.

તમાકું ખાનાર, પીનાર, સૂંઘનાર વ્યક્તિ ધીમું ઝેર આરોગતા હોય છે. જેને કારણે કેન્સર જેવી અસાધ્ય બીમારીથી પીડાય છે. અને આર્થિક રીતે ખુવાર થઈ જાય છે અને યુવાનવયે પોતાની જાતને મૃત્યુ તરફ ધકેલી દે છે.અત્યારે તો તમાકુયુક્ત ગુટખા મળે છે જે ચાવવાથી જડબું દબાઈ જાય છે. પૂરી રીતે ખૂલતું પણ નથી અને અંતે કેન્સર જેવા અસાધ્ય રોગોનો ભોગ બને છે.

આ દુષ્પરિણામોથી દૂર રહેવા માટે આપણા સાધુ-સંતો અને સેવાભાવી, સંસ્થાઓ વર્ષોથી વ્યસનમુક્તિની ઝૂંબેશ ચલાવે છે,પણ સમાજ ઉપર તેની ન્યૂનતમ અસરપડી છે. લોકો વ્યસનને છોડતા નથી અને વ્યસન લોકોને છોડતું નથી. જેને કારણે વિશ્વના કુલ ક્ષય રોગના દર્દીઓ પૈકી ચાલીસ ટકા ભારતમાં છે. દર મિનિટે ટી.બી.થી એક વ્યક્તિનું મૃત્યુ થાય છે. જે રોગનો કોઈ ઈલાજ જ નથી તે એઈડ્સના આ લખાય છે ત્યાં સુધી છેલ્લા મળેલા આંકડા અનુસાર ૪૬૮૫-જેટલા દર્દીઓ તો ગુજરાતમાં છે. કેન્સરના પણ

૭૯૫૦ જેટલા દર્દીઓ પણ આ દર્દથી પીડાય છે અને આ દર્દીઓને જીવવા માટે માત્ર સમય જ છે. તેઓ પણ એકાદ વર્ષમાં મૃત્યુના મુખમાં ધકેલાઈ જશે. રોજ રોજ માણસ આ વ્યસનોને કારણે મૃત્યુના મુખમાં ધકેલાતો જાય છે. આ માટે યોગ્ય માર્ગદર્શનની જરૂર છે. વ્યસનમુક્તિ માટે લોકજાગૃતિ, લોકશિક્ષણના વર્કશોપનું આયોજન થાય, જેમાં વ્યસનથી થતા રોગની ગંભીરતા સમજાવી વ્યસનથી વિમુખ થવાની લોકજાગૃત્તિ કેળવી શકાય.

આજથી છસો વર્ષ પહેલાં કબીરજી (ઈ.સ. ૧૪૦૦ થી ૧૫૧૯)એ તત્કાલીન સમયના લોકોમાં વ્યાપેલ વ્યસનનાં દુષ્પપરિણામોથી જ્ઞાત થઈને વ્યસનમુક્તિનું અભિયાન શરૂ કર્યું હતું. જે તેમની સાખીઓમાં અને પદોમાં જોઈ શકાય છે.

કલિયુગ કાલ પઢાઈયાં, ભાંગ તમાખુ ફીમ ।
જ્ઞાન ધ્યાન કી સુધિ નહીં, વસૈ ઈન્હી કી સીમ ॥

અર્થાત્ :

કળિયુગમાં કાળે ભાંગ, તમાકું અને અફીણ વગેરે માદક દ્રવ્યો મોકલી દીધાંછે. જેનું સેવન કરવાથી જ્ઞાન, ધ્યાનની સૂધ-બૂધ રહેતી નથી. કારણ કે, તેઓ એની સાથે આ નશાના ધ્યાન અંદર નિવાસ કરે છે; તો જ્ઞાન, ધ્યાન થાય કેવી રીતે ? નશામાં ચૂર થવાથી જ્ઞાન, ધ્યાન થઈ શકતું નથી.

ભાંગ, તમાખું, છોતરા, આકુ ઔર સરાબ ।
કૌન કરેગા બંદગી, યે તો ભયે ખરાબ ॥







અર્થાત્ :

ભાંગ, તમાકું, ગાંજો, અફીણ અને શરાબના નશામાં બધા ભાન ભૂલી ગયા છે. તો ઈશ્વરની બંદગી કોણ કરશે ? નશામાં ફસાઈ જવાથી મોક્ષની સાધના-ભક્તિ, જ્ઞાન વગેર કોણ કરશે ? અને સાધના કર્યા વિના કલ્યાણ કઈ રીતે થાય ? જે વ્યસનમાં મગ્ન હોય તે સાધના પણ કરી શકતો નથી.

ભાંગ, તમાખુ છોતરા, સુરાપાનસે હેત ।
તે નર નરકૈં જાયેંગે, માતા, પિતા સમેત ॥

અર્થાત્ :

ભાંગ, તમાકું, ગાંજો અને દારૂ સાથે જેને પ્રેમ છે. તે માતા, પિતા, સહિત નરકમાં જાય છે. કારણ કે, સંતાન સુકૃત્ય કરે તો માતા-પિતાને સ્વર્ગ મળે છે. અને દુષ્કૃત્ય કરે તો નરક મળે છે. એવી માન્યતા પ્રચલિત છે.

અમલ અહારી આતમા, કબહું ન પાવે પાર ।
નિશ્ચય હોવે દરિદ્ર, પર ચૌરાસી બાર ॥

અર્થાત્:

અમલ નશાનો આહાર કરવાવાળો જીવ કદી સંસારસાગર પાર કરી શકતો નથી. તે ઉપરાંત તે દરિદ્ર પણ બને છે અને ચૌર્યાસી લાખ યોનિયોમાં પુનઃપુનઃ જન્મ લેવો પડે છે.

ભાંગ તમાખુ છૂતરા, જન કબીર જે ખાહિં ।
જોગ જજ્ઞ જપ તપ કિયે, સબૈ અકારથ જાહિં ॥

અર્થાત્ :

કબીર સાહેબ કહે છે કે : જે માણસો, ભાંગ, તમાકું,

ગાંજો જેવા અત્યંત અત્યત તામસ પદાર્થ ખાય છે. એના યોગ, યજ્ઞ, જપ અને તપ કરેલું વ્યર્થ જાય છે. પોતાના કલ્યાણ માટે નશાનો ત્યાગ કરવો જોઈએ.

રાખે વ્રત એકાદશી, કરૈં અન્નકો ત્યાગ ।
ભાંગ તમાખુ ના તજૈ, કહૈં કબીર અભાગ ।।

અર્થાત્ :

લોકો એકાદશી - અગિયારસનું વ્રત કરી, ઉપવાસ કરે છે. અન્નનો ત્યાગ કરે છે. કેટલાક તો નિર્જળા એકાદશી પણ કરતા હોય છે પણ જો આ ઉપવાસ કરી ભાંગ, તમાકું વગેરે માદક પદાર્થનો ત્યાગ કરતા નથી અને તેનું સેવન કરે છે એવા લોકો ભાગ્યહિન છે. તેમનું એકાદશી વ્રતનું ફળ મળતું નથી.

કબીરજીએ વ્યસનથી થતી વિપરીત અસરોનું આલેખન સાવ સીધી-સાદી ભાષામાં કર્યું છે. જેનાથી ભાવકને આ વ્યસનોથી જે દુષ્પરિણામો ભોગવવાં પડે છે. તેનું જ્ઞાન થાય છે. કબીરજીએ માત્ર વ્યસન માટે જ જ્ઞાનબોધ કરાવ્યો છે તેવું નથી, પરંતુ માંસાહાર - હિંસા, ચારિત્ર્ય, સ્ત્રી વગેરે સામે પણ આંગળી ચીંધી છે.

છસો વર્ષ પહેલાં જે વ્યસનોના દુષ્પરિણામોથી કબીરજી જ્ઞાન હતા. એ દ્રવ્યોનો આજે પણ વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થતો રહ્યો છે. આજના સંદર્ભે વ્યસનોની વ્યાપકતા પણ વધી છે. ટેલિવિઝન એ ઘેરેઘરમં ઘૂસી ગયેલું મોટામાં મોટું દૂષણ છે. તેના ફાયદા અલ્પ છે પણ ગેરફાયદા વધુ છે. આમ માણસ વધુ ને વધુ વ્યસનો તરફ વળ્યો છે. એ માટે આગળ કહ્યું તેમ લોકજાગૃતિ અને લોકશિક્ષણની ખાસ જરૂર છે.

□







# ૧૨. દેવાયત પંડિત અને દેવલદે

(પંદમી સદી)

કચ્છ -સૌરાષ્ટ્રની ધરતી પથરાળ અને રેતાળ. પણ લોકોનાં હૃદય મીણ જેવાં. એમની મહેમાનગતિ માણવા જેવી છે અને જેણે માણી છે. તે જિંદગીભર યાદ કરે છે. આગ્રહ અને વિનમ્રતા તો એમના લય -લહેકામાં, માણસ ભૂખ્યાં આ લોકોના હૃદયમાં વહાલની વ્હાલપ, ઊર્મિનો ઉછાળ,લાગણીનો ઉમળકો અને હૃદયની વિશાળતા., આવી પૂણ્ય ધરતીના આકર્ષથી ખુદ ભગવાન કૃષ્ણ, રામાનંદ સ્વામી, સહજાનંદસ્વામી, મીરાબાઈએ અહીં આવી વસવાટ કર્યો. એવી પૂણ્ય શ્લોક પવિત્ર ધરતીમાં સંતો, ભક્તો, સાધુઓ અને મહંતોના બેસણાં થવા લાગ્યાં. અને જ્ઞાનની વાણીની સરવાણી સતત વહેતી રહીછે. તો ભકત કવિઓ પણ આ જ ધરતીમાં પેદા થયા છે.

કહેવાય છે કે, ''કચ્છ- સૌરાષ્ટ્રનો પ્રદેશ એટલે પથરા અને પાણીનો પ્રદેશ.'' પથરા એટલે ડુંગર જેવડા અને પાણી એટલે ખારું. એક બાજુ ડુંગરોની હારમાળા અને બીજી તરફ દરિયો વચ્ચે લાગણીના વહેતા ઝરણાં જેવું માયાળુ લોક. રણમાં મીઠી વીરડી જેવા આ લોકમાં ઈશ્વર જેવું કોઈ તત્ત્વ ધબકી રહ્યું છે.

સતત અછતના સમયમાં પણ લોકો આ ધરતીને વહાલ કરે છે. એ વહાલના પરિણામે જે આ ધરતીની ગોદમાંથી સંતો,

મહંતો, ભક્તો, સાધુઓ અને કવિઓ પ્રકટ થયા છે. એવા સંતો તે : જેસલ - તોરલ (કચ્છ), નરસિંહ મહેતા, લાખા-લોયણ, દેવાયત- દેવલદે, દાદા મેકરણ (કચ્છ), પ્રાણનાથ સ્વામી, દાસી જીવણ, લાખા-લોયણ (કચ્છ), ગંગાસતી - પાનબાઈ, ગીગા ભગત, મૂળદાસજી, ખીમ સાહેબ (કચ્છ), ત્રિકમ સાહેબ (કચ્છ), નારાયણ દાસજી, પોપટલાલજી મહારાજ, દયાનંદ સરસ્વતી, જલારામબાપા અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો : મુક્તાનંદ સ્વામી, નિષ્કુળાનંદસ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, ભગતજી મહારાજ, યોગીજી મહારાજ વગેરે સંતો પણ ધર્મ અને પ્રજાના ઉદ્ધાર માટે આ ધરતીમાંથી જ આવ્યા હતા. આ સર્વે સંતોનો ધર્મ અને સમાજ સુધારણાનો ફાળો અપ્રતિમ અને અદ્વિતીય છે.

પણ—

અહીં મારે વાત કરવી છે સંતશ્રી દેવાયત પંડિતની દેવાયત પંડિત વિશે ઘણી લોકોક્તિઓ છે. જે ઐતિહાસિક સમય સાથે સરખાવવામાં આવે તો તે માની શકાય તેવી નથી. કેટલાક લોકો તોરલના પુત્ર તરીકે ઓળખાવે છે, પણ તોરલ તેરમી સદીમાં થયાં જ્યારે દેવાયત પંદરમી સદીમાં થયા. આ સમયગાળો ઘણો મોટો છે. જેથી એ માન્યતા ખોટી પડે છે. બીજું કે તોરલ જેસલ સાથે ગયાં હતાં ત્યારે તેમને કોઈ સંતાન નહોતું અને જેસલના સંગમાં આવ્યા પછી પણ કોઈ સંતાન નહોતું. વળી, જેસલ તો તોળાંદેને







પોતાના ગુરુ માનતા હતા. બીજું કે તોળાંદે નિજારપંથના હતાં. નિજાર પંથમાં વ્યભિચારનો નિષેધ હતો અને આ પંથમાં સતીત્વ જાળવવાની પ્રણાલિકા છે. જેસલનો વંશ બતાવ્યો છે. પણ એ વંશ તેની અન્ય પત્ની દ્વારા વધ્યો હોય તે સ્વીકારી શકાય તેમ છે.

ઘણા દેવાયતને થાનગઢના જોશી પણ કહે છે. તો કેટલાક તેમને પેરંભ બેટના વતની માને છે અને જાતે આહિર હતા. યોગીના વચનથી દેવાયતના લગ્ન દેવલ સાથે થયાં હતાં. દેવલને વર્યા પછી તે હાથજમાં સ્થિર થયા હતા. છેલ્લે દેવાયત અને દેવલનું મિલન પણ પેરંભ બેટમાં થયાનું માને છે.

દેવાયત બ્રાહ્મણ કુળના નહિ, પણ આહિર કુળના હોય તેમ તેમના નામ પરથી જાણી શકાય છે. દેવાયત નામ આહિરમાં હોય છે. વળી, તેમના શિષ્ય સમુદાયમાં મોટે ભાગે આહિરો હતા અને તે કોળાંભા ડુંગર અને ભાવનગર આજુબાજુના હતા. શક્ય છે કે તે પેરંભબેટ બાજુના આહિર કુળમાંથી આવ્યા હોય.

કેશવલાલ સાયલાકરના મત મુજબ જૂનાગઢ પાસેના વંથલી ગામના આહિરના ગોર ઉદા કે ઉદયશંકર અને પત્ની સોનબાઈ સાથે રહેતા હતા. તેને કોઈ સંતાન ન હતું. સંતાન પ્રાપ્તિ માટે તેણે ભવનાથ દાદાની બાધા રાખી હતી અને તે કાયમ ભવનાથદાદાને દૂધ ચડાવવા જતાં. એક દિવસ વરસાદ ખૂબ પડતાં ઓઝત નદીમાં પૂર આવ્યું. જેને કારણે નદી પાર કરી ભવનાથદાદાને

દૂધ ચડાવી શકતાં ન હતાં. આઠ - આઠ દિવસ પસાર થઈ ગયા. ઉપવાસે બંને પતિ-પત્નીનો જીવ મૂંઝાવા લાગ્યો. પછી નિશ્ચય કરીને બંને જણે નદીમાં ધૂબાકો મારીને પણ ભવનાથદાદાને દૂધ ચડાવવાનું નક્કી કર્યું. તે વખતે ગુરુ શોભાજી ત્યાં આવ્યા અને બંનેને નદી પાર કરાવી. ત્રણેય જણાં ભવનાથ આવ્યા અને શોભાજીએ પતિ-પત્નીને મંદિરમાં જ રોકાઈ જવા વિનંતી કરી. અને પોતે પણ ગિરનારમાં જ રહે છે. તેમ જણાવ્યું. ઉદાગોર અને સોનબાઈ મંદિરમાં રોકાઈ ગયાં. સવારે મંદિર પાછળ કોઈ બાળકનો રડવાનો અવાજ આવ્યો. ઉદાગોર તે બાળકને વંથલી લાવ્યા અને દેવો નામ રાખ્યું.

દેવાની દસ વર્ષની ઉંમરે પિતાનો સ્વર્ગવાસ થયો. તેથી દેવાએ ભણવાનું છોડી દીધું અને ગામની ગાયો ચરાવવાનું શરૂ કર્યું. તેઓ જ્યાં ગાયો ચરાવવા જતા હતા. ત્યાં ઝાડ નીચે માટીનો એક ટેકરો હતો. એક દિવસ બધા ગોવાળિયાએ ટેકરો ખોદી નાંખ્યો. ત્યાંથી ભગવાન શિવજીનું લિંગ નીકળ્યું. આ જોઈને બધા ગોવાળિયા આશ્ચર્યચકિત થઈ ગયા. પરંતુ દેવાયત તો લિંગની વિધિસર પૂજા કરવા લાગ્યા. ત્યાં મંદિરની સ્થાપના કરી. ત્યાં પણ તેમને ગુરુ શોભાજીનો ભેટો થઈ ગયો અને દેવાયતને મંત્ર દિક્ષા આપી.







થોડા સમય પછી શોભાજી ફરીથી દેવાયત પાસે આવ્યા. અને તળાવમાં સ્નાન કરતી કન્યાઓમાંથી એક સ્વરૂપવાન કન્યા સાથે દેવાયતના લગ્ન કરાવ્યાં. આ કન્યા તે દેવલ. ગુરુ શોભાજીની દયાથી દેવાયતમાં વિદ્યાની વૃદ્ધિ થઈ અને તેમને આત્મજ્ઞાન થયું. લોકો તેમના વાણી પ્રવાહથી ઘણા જ આકર્ષાયા અને પંડિત દેવાયતથી તેમને બોલાવવા લાગ્યા. દેવાયત અને દેવલે સાધુ - સંતો, અભ્યાગતો, દલિત - પીડીતોની સેવા શરૂ કરી. અને નિજાર ધર્મ અંગીકાર કર્યો. થોડાક જ સમયમાં દેવાયતની ખ્યાતિ વધવા લાગી. તેમને સાંભળવા અને આશીર્વાદ લેવા માટે લોકોની ભીડ જામવા લાગી. સાથે સાથે તેમના સ્થાનકે સાધુ સંતો પણ તેમની અદ્‌ભૂત અને આકર્ષક વાણી સાંભળવા માટે આવવા લાગ્યા. દેવાયતની નિજાર ધર્મની ધજા ચહુદિશે ફરફરવા લાગી. તેમના ઘણા શિષ્યો થયા તેમાં મુખ્યતઃ તો હાલો, હુલો, ઢાંગો, વનવીર, સાતો, બોદો અને સાંગો મુખ્ય હતા. તેમના લગભગ ૩ ૬ ૦ જેટલા શિષ્યો હતા. ઢાંગો ભગત કુંભાર હતા. અને વનવીર કાઠી હતા. બાકીના મહદ્‌અંશે આહિરો હતા.

દેવાયતે નિજારપંથની સમજ તેમના શિષ્યો અને હરિભકતોને આપતાં જણાવ્યું કે : ‘નિજારપંથમાં જારકર્મ (વ્યભિચાર) નો નિષેધ છે. પરસ્ત્રીને માતા સમાન અને પર પુરુષ પિતા કે ભાઈ સમાન છે. આદિ ધર્મમાં મહાપંથ, નિજીયાપંથ, ગતપંથ, સતપંથ, નિર્વાણપંથ આવા નામોથી નિજારપંથમાં ભક્તિ થાય છે.’

આ પંથની કેટલીક શાખાઓ જેવી કે, કાપડી પંથ, કાંચળી પંથ, કાંકણપંથ, નિર્બંધપંથ, શયનપંથ, દેહાર્પણ પંથ, અંજલિ પંથ, ચૂડી પંથ, ચાંલ્લા પંથ, પવળપંથ, પાટપંથ, નકલંગપંથ, વગેરે નિજાર પંથના આનુસંગિક પંથો પણ છે. એમાં અભેદ્ય પંથ અને નિજાર ધર્મ એક જ ધર્મ મનાવીને એમાં રાચનારા કેટલાક અનુયાયીઓએ શાક્તપંથના ઓઠા હેઠળ મદ્ય, માંસ, મુદ્રા, મૈથુનને પાપ ન ગણવાં. એ રીતે વ્યભિચાર અને વ્યભિચાર વ્યાપક બન્યાં. જેને કારણે જે આ પ્રકારમાં માનતા હતાં તેઓ આ પંથમાં ભળ્યાં અને નિજાર ધર્મને હલકો પાડવા લાગ્યાં. પાટપૂજામાં શિવ-શક્તિની પૂજાના ઓઠા હેઠળ ગુહ્યાંગોની પૂજા થવા લાગી. દૈહિક - મિલન એ પાપ નથી તેવું લોકો માનવા લાગ્યાં.

દેવાયતને આ માર્ગી લોકો પ્રત્યે ઘણી જ નફરત અને ઘૃણા થવા લાગી. તેમણે આવા શાક્તપંથમાં લોકોને ન જવા માટે આગ્રહ કર્યો. લોકોને સાચા માર્ગે લાવવાનો પ્રયત્ન કર્યો અને નિજારપંથનું તેમણે પુનઃસ્થાપન કર્યું. આજે પણ નિજારપંથીઓ પરસ્ત્રી ગમન, વ્યભિચાર અને વ્યસનથી દૂર રહે છે. દેવાયત અને શોભાજીએ પોતાના શિષ્યોને સમજાવ્યું કે, નિજાર ધર્મમાં જે પાટપૂજા થાય છે તે પાટ સૌ પ્રથમ શિવજીએ કર્યો હતો. અને પાર્વતીજીને મહાધર્મનું મહત્વ સમજાવ્યું હતું.







નિજારપંથમાં તો સત્ય, સહિષ્ણુતા, સદાચાર, સમભાવ, સભાનતા, સેવા, સત્ય વચન, સાધના, સમતા, સંયમ, સંત સમાગમ, સત્કાર, સત્સંગ, સ્મરણ, સખ્ય અને સદ્‌વિચાર મુખ્ય છે.

તો નિજાર પંથમાં નવ 'ન'કારનું, ચાર 'ચ' કારનું પણ મહત્ત્વ છે. નિજારપણું નમ્રતા, નિર્મળતા, નિખાલસતા, નિંદા, ત્યાગ, નિરાધાર, નિર્વિકાર, નિયમ અને નિર્વાણધ્યાનનું વિશેષ મહત્ત્વ છે તો ચાર 'ચ' કારમાં ચોરી, ચાડી, ચારિત્ર્યહિનતા અને ચડસા-ચડસીનો વિરોધ કરવામાં આવ્યો છે.

નિજારપંથમાં પાટપૂજાનું મહત્ત્વ છે. જે અષાઢ સુદી બીજ અને મહાસુદ બીજના પવિત્ર દિવસે પાટપૂજા કરવામાં આવે તો તે પાટપૂજા મહાયજ્ઞ સમાન પવિત્ર ગણાય છે.

દેવલ જ્યારે દેવાયતને વર્યાં હતાં ત્યારે તેમણે એક શરત કરી હતી કે ક્યારેય તેની એબ જોવી નહીં. એક દિવસ દેવાયત પંડિત ગામમાં ભજન કરવા ગયા હતા. રાત્રીનો સમય હતો. દેવલને એકાકીપણું ખટકતું હતું. એટલે તેમણે ગુરુ શોભાજીનું સ્મરણ કર્યું. લોકોક્તિ છે કે, શોભાજીએ દેવલને વચન આપ્યું હતું કે, 'તમે જ્યારે પણ યાદ કરશો ત્યારે હું હાજર થઈશ.' અને શોભાજી તો રાજવીના વેશે ઘોડેસ્વાર થઈને આવી ગયા અને દેવલદેને ઓરડે ગયા. દેવલદેએ ગુરુને આવકારો આપી બારણાં બંધ કર્યાં. આ દૃશ્ય જોઈને દેવાયત પંડિતના સેવકોએ દેવાયત જ્યારે ભજનમાંથી

પાછા ઘેરે આવ્યા ત્યારે વાત કરી. દેવાયત પંડિત શંકાના ઘેરાવામાં ફસાઈ ગયા. તેમને દેવલદેના ચારિત્ર્ય ઉપર શંકા ગઈ. વળી, સેવકોએ એ પણ કહ્યું કે, એ રાજવી આજ રાત્રે પણ દેવલદેના ઓરડે પધારવાના છે ! બીજે દિવસે દેવાયત ભજનનું બહાનું કાઢીને બહાર ગયા અને મોડી રાત્રે પાછા આવી આશ્રમમાં સંતાઈ ગયા. રાત્રે રાજવીના વેશમાં ગુરુ શોભાજી આવ્યા અને દેવલદેએ મીઠો આવકારો આપી ગુરુને ઓરડે બોલાવ્યા અને બારણાં બંધ કર્યાં. દેવાયત પંડિતે આ દૃશ્ય જોયું અને સેવકોની વાત તેમની સાચી લાગી અને તેમણે દેવલદેના ઓરડાનું બારણું ખખડાવ્યું. પણ આશ્ચર્યની ઘટના તો એ બની કે, ઓરડામાં ન તો ગુરુ શોભાજી હતા કે તો ન દેવલદે હતા ! દેવાયત પંડિતે સેવકોને બોલાવીને દેવલદેના ઓરડાનું બારણું ખોલાવ્યું. ત્યાં જ દેવલદે સતીસ્વરૂપે પ્રકટ થયાં અને કહ્યું : ''કાં પંડિત ! એબ જોઈને ? મહામાર્ગના મુસાફરને શું માત્ર દંભ જ કરવાનો છે ? તમને મારા ચારિત્ર્ય ઉપર શંકા આવી ? આ તો પંડિત નિજારપંથ છે. આ પંથમાં વ્યભિચાર કે વિકાર કરવાનો હોય નહિ, લ્યો હવે રામરામ આપણી શરત પૂરી થઈ.'' અને દેવલદેએ ફરીથી ગુરુનું સ્મરણ કર્યું : ધરતી ફાટી અને દેવલદે ધરતીમાં સમાવવા લાગ્યાં અને કહ્યું : ''હવે હું ગુરુના શરણે જાઉં છું, મળવું હોય તો નરોહરગઢ આવજો. આ દેવલે તમને જ પતિ માન્યા છે. પણ તમે મારી ઉપર શંકા કરી એટલે હું જાઉં છું....!''







દેવયાત પંડિતને ઘણો જ પસ્તાવો થયો તેમની પંડિતાઈનો અહમ્ ઓગળી ગયો. પણ તેમણે દેવલદેને ગુમાવ્યાં એનું દુઃખ એમને પારવાર હતું. દેવાયત પંડિતે ગાડું તૈયાર કરાવ્યું અને તેમાં બેસી નરોહરગઢની શોધ કરવા નીકળી પડ્યા. સાથે તેમના કેટલાક શિષ્યો પણ જોડાયા. અન્ય કેટલાક શિષ્યોએ અન્ય સ્થળોએ તપાસ આદરી. દેવાયત પંડિત ફરતા ફરતા મારવાડના મેવાસા ગામમાં ઉગમશીના શિષ્ય સંત રાહોલમાલા અને રૂપાંદેના સ્થાનકે આવ્યા. ત્યાંથી તેમને નિરાશા મળી. કચ્છમાં જેસલ-તોરલના સ્થાનકે ગયા પણ ત્યાંથીએ નિરાશા પ્રાપ્ત થઈ. તેઓ ઘણાં સ્થળો ફર્યા પણ નરોહરગઢનો પત્તો ન લાગ્યો. સૌ નિરાશ થઈને પાછા વળતા હતા. ત્યાં વચ્ચે મજેવડી ગામ આવતાં ગાડાના પૈડાની ધરી તૂટી ગઈ. આ ગામમાં દેવતણખી નામે મોટા સંત હતા અને તેઓ જાતિએ લુહાર હતા. તેની જાણ દેવાયત પંડિતને થતાં તેઓ ત્યાં ગયા. દેવતણખીનાં પુત્રી લીલજાબાઈએ તેમનો સત્કાર કરી આવકાર્યા. પણ તે દિવસ એકાદશીનો અણોજો હતો. અણોજાના દિવસે કોઈ કારીગર ધંધાનું કામ કરતા નથી. તેમ છતાં દેવતણખી ધરી સાંધવા તૈયાર થયા. ધરી તપાવી એરણ પર રાખી. પંડિતજીએ ઘા માર્યો પણ એરણ તો જમીનમાં ઊતરી ગઈ. દેવતણખી તો અંતરજ્ઞાની હતા. તે જાણી ગયા કે દેવાયત પંડિતનો ગર્વ ઓગળી રહ્યો છે અને ધરીને દેવતણખીએ પોતાના ગોઠણ ઉપર રાખી અને

ઘા કરવાનું દેવાયતને કહ્યું. દેવાયત થોડા અચકાયા અને તે રોકાઈ ગયા. ''અરે, રોકાઈ કેમ ગયા ? વારુ, લ્યો આ મારી પુત્રી લીલજાની ઘૂંટી પર ધરી મૂકી, હવે ઘા કરો.'' તેમ છતાં દેવાયત પંડિત ઘા કરી શક્યા નહીં. તેમને ડર હતો કે, ઘા કરવા જતાં લીલજાની ઘૂંટી તૂટી જાય તો ! ''અરે, ડરો છો શું કામ ? લાવો ઘણ, મને આપો.'' એમ કહીને દેવતણખીએ ઘણને હાથમાં લીધો અને લીલજાની ઘૂંટી ઉપર મૂકેલ ધરી ઉપર ઘા કર્યો. એક જ ઘાથી ધરી સંધાઈ ગઈ ! ધરી તો સંધાઈ ગઈ પણ સાથે સાથે દેવાયત પંડિતના તાર પણ ઈશ્વર સાથે સંધાઈ ગયા અને એકતાર થઈ ગયા. અને દેવાયત પંડિતનો અહમ્ ઓગળી ગયો. તેઓ અને તેમના શિષ્યો, સંત દેવતણખીના ચરણોમાં ઢળી પડ્યા.

દેવાયત પંડિતે 'ડૂબતો તણખલું પણ ઝાલે' એ ઊક્તિ અનુસાર તેમણે લીલમબાઈને પૂછ્યું : ''તમે નરોહર ગઢનું નામ સાંભળ્યું છે ? કે તે સ્થળ વિશે તમને કોઈ જાણકારી છે?''

''હા, હું કાયમ નરોહરગઢમાં જાઉં છું. તમે દેવલદેને મળવા ચાહો છો ?'' લીલમબાઈએ દેવાયતના મનની વાત જાણી લીધી હતી.

''હા, મારી બહેન ! તું અમને નરોહરગઢ બતાવ !''

''પંડિતજી, નરોહરગઢ જવા માટે માર્ગ ઘણો જ કઠીન છે ! નરોહરગઢમાં પ્રવેશતા પહેલાં અંગારા પાથરેલ માર્ગ આવે છે.







એ ઓળંગાય તો જ નરોહરગઢમાં પ્રવેશ મળી શકે...! તેમાં અહમ્‌વાદી, ઉદ્દામવાદી, ચોર, ડાકૂ, લૂંટારા વહેમી, અને લંપટ વ્યક્તિ પ્રવેશી શકતો નથી. પણ તમને તો તમારી પંડિતાઈનું અભિમાન છે ! એ ઓગળ્યા વગર તમે નરોહરગઢમાં પ્રવેશી નહીં શકો.''

''બહેન, મારો અહમ્ તો ક્યારેયનોય ઓગળી ગયો છે. તમારા પગની ઘૂંટી ઉપર ઘણનો ઘા થયો છતાંય કશું ના થયું. તમને સહેજેય આંચ ન આવી ! એ જોઈને જ મારો તો અહમ્ ઓગળી ગયો હતો. મારો ગર્વ ગળી ગયો છે. તમે તો સંત તણખીનાં દેવતલ અને અગમ-નિગમનાં જાણકાર છો. કોઈ સંત કરતાં ક્યાંય ઉતરતાં નથી. તમારામાં દેવત્વ અને સંતત્વ બંને પ્રકટ થઈ રહ્યું છે.''

''અમે તો ઈશ્વરને વફાદાર રહેલાં માણસ છીએ. નરોહરગઢ જવું હોય તો, આવતીકાલે રાત્રે તમારા શિષ્ય સાધક હોય અને તે અંગારા ઉપર સૂઈ જાય અને તમે તે શિષ્યોની પીઠ ઉપરથી પસાર થઈ જાવ તો જ નરોહરગઢમાં પ્રવેશ કરી શકશો.'' લીલમબાઈએ કહ્યું.

લીલમબાઈ *દેવાયત પંડિતની કસોટી તો કરતાં હતાં સાથે સાથે તેમના શિષ્યોની પણ કસોટી કરતાં હતાં ! આ સાંભળીને જે ડરપોક શિષ્યો હતા તે તો જતા રહ્યા. પણ હાલો, હુલો, ઢાંગો, અને વનવીર દેવાયત પંડિતના પડખે રહ્યા.

* આ લીલમબાઈ તે સતી લોયણને નામે પણ જાણીતાં છે.

મધ્યરાત્રીએ સૌએ નરોહરગઢ તરફ પ્રયાણ કર્યું. ગિરનારમાં આવ્યા, એક ગુફા પાસે આવી લીલમબાઈએ કહ્યું : ''જય ગુરુદેવ શોભાજી.'' ગુફાનું ઢાંકણું ખુલ્યું અને અંગારા પાથરેલો માર્ગ દેખાયો. ચારેય શિષ્યો અંગારા પર સૂઈ ગયા. દેવાયત ચારેય શિષ્યોની પીઠ પર થઈને ગુફામાં પ્રવેશ્યા. શિષ્યો તો બૂરી રીતે દાઝી ગયા હતા. પણ સહેજેય ઉહંકારો સરખોય થયો નહીં. દેવાયત, ગુરુ શોભાજી અને દેવલદેને મળ્યા. દેવલદેએ દેવાયતને આવકારો આપ્યો. દેવાયતનો ગર્વ ગળી ગયો હતો.

શોભાજીએ શિષ્યોના અંગો દાઝી ગયાં હતાં, તેની ઉપર પાણી છાંટીને બેઠા કર્યા અને ચારેયને નવું જીવન આપ્યું અને ગુરુ અદશ્ય થઈ ગયા. થોડીવારે એક ઘોડેસ્વાર આવ્યો, તે ગુરુ શોભાજી હતા ! દેવાયતને કમળપાત્ર આપ્યું. તેને પાટપૂજામાં રાખવાનું કહ્યું. ત્યાંથી નીકળી દેવાયત પંડિતે કોળાંભા ડુંગરમાં સંત સમૈયો કર્યો. સમૈયાની પૂર્ણાહૂતિ કરી વળી તેઓ ગિરનારમાં આવ્યા અને દેવાયત પંડિત અને સતી દેવલદેએ ત્યાં જ જીવનપર્યંત નિવાસ કર્યો. આજે પણ દેવાયત પંડિતના ભજનો લોકકંઠે અકબંધ સચવાયેલો છે.

□







# ૧૩. ભક્ત કવયિત્રી મીરાંબાઈ

(૧૪૯૮-૧૫૪૬)

મેરે તો ગિરિધર ગોપાલ દૂસરા ન કોઈ,
જા કે સિર મોરમુકુટ, મેરા પતિ સોઈ.

અનન્ય ભક્તિભાવમાં નાની ઉંમરથી જ લયલીન રહેનાર કવયિત્રી મીરાબાઈનો જન્મ રાજકુટુંબ જોધપુરના સ્થાપક રાવ જોધાની પ્રપૌત્રી અને રાવ દુદાજીના ચોથાપુત્ર રાવ રત્નસિંહને ત્યાં ઈ.સ. ૧૪૯૮ માં થયો હતો. ઈ.સ. ૧૫૦૩ માં તેમની માતાનું અવસાન થયું જેને કારણે એમનું શૈશવ દાદા દુદાજી પાસે વીત્યું. રાવ દુદાજીના જીવનકાળમાં રતનસિંહ પોતાના પિતા સાથે મેડતામાં રહ્યા હતા. પિયરમાં વૈષ્ણવધર્મ પળાતો હતો. તેથી વૈષ્ણવધર્મના સંસ્કાર મીરાબાઈ પર નાનપણથી જ પડ્યા હતા. નાનપણમાં અસાધારણ અનન્ય કહી શકાય તેવો પરમેશ્વર વિશે અનુભવ તેમને થયો હતો, એમ કહેવાય છે. આથી નાની ઉંમરથી જ તેમને પ્રભુની લાગી ગઈ હતી.

૧૭ વર્ષની ઉંમરે (ઈ.સ.૧૫૧૬) મીરાબાઈના લગ્ન સિસોદીયા વંશના રાજવી સંગ્રામસિંહ - રાણા સાંગા - ના પાટવીપુત્ર ભોજરાજ સાથે થયા હતાં. આપણે જોયું કે મીરાબાઈ રાજકુટુંબમાં નમ્યાં હતાં અને રાજકુટુંબમાં પરણ્યાં હતાં. પિયર મેડતામાં વૈષ્ણવ ધર્મ હતો અને સાસરીમાં શૈવધર્મ હતો. પણ

મીરાને મન કૃષ્ણ એનો સર્વસ્વ હતો. સંસારી પતિ કરતાં પરમેશ્વર પ્રતિ ઊંડી શ્રદ્ધા હતી. એટલે જ મીરાં માનતી હતી કે 'માઈ હું સપનામેં પરણી ગોપાલ.' એક બીજા પદમાં આ વાતને સમર્થન આપતાં તે કહે છે : 'માઈ મ્હાને સુપનામાં પરણ્યા દીનાનાથ.' સંવત ૧૫૭૩ ની અખાત્રીજના દિવસે તેણે ગોપાલની મૂર્તિ સાથે વિવાહ કર્યો હતો. આ જ મૂર્તિ તે સાસરી ચિતોડમાં લઈ આવી હતી. સ્વપ્નમાં જે ગિરધરની છબી બનાવી, તે જ આંખોમાં વસી ગઈ : 'બસો મેંરે નેનનમેં નંદલાલ.' આથી સ્વાભાવિક છે કે એના લગ્નજીવનમાં સંઘર્ષ અને કલેશ વ્યાપી ગયો. સાસરીમાં તે સૌની અપ્રિય થઈ; પરંતુ હાડે તો રાજપૂતાણી એ પોતાના નિર્ણયમાં મક્કમ રહી. કોઈ વિરોધ કે આપત્તીઓ આવી પડે તો તેનો સામનો કરવા લાગી.

પરંતુ ત્રેવીસ વર્ષની ઉંમરે મીરાબાઈના જીવનમાં આઘાતજનક બનાવ બન્યો. એના પતિ ભોજરાજનું અકાળે અવસાન થયું. એ વર્ષ હતું ઈ.સ. ૧૫૨૧ નું મીરાબાઈ વિધવા બની. પણ મીરાબાઈ એ હિંમતવાન સ્ત્રી હતી. સતીપ્રથાના એ યુગમાં પણ એ રિવાજનો એણે હિંમતથી સામનો કર્યો. પતિની પાછળ અને સતિ ન થઈ અને કેવળ કૃષ્ણની - ગિરધર નાગરની આરાધના માટે એ જીવિત રહી. નિઃસંતાન અને વિધવા સ્ત્રી રાજકુટુંબમાં પાળવા જોઈતા આચાર ન પાળતાં વૈરાગ્યમય અને







તપોમય આધ્યાત્મિક જીવન જીવવા તરફ વળી, તેથી રાજકુટુંબના સભ્યો શરમ અનુભવતા હતા. પણ મીરાબાઈ તો જાણતી હતી કે, 'બડાં ઘરાંમે જનમ લિયો હૈ, નાચો દે દે તાલી.' એવા આક્ષેપો પણ થવા લાગ્યા. અરે! કલંકિની કુલનાસી - તરીકેનો રોષ પણ તેને વેઠવો પડ્યો. કુટુંબીઓ તેને સતત તિરસ્કારવા લાગ્યા. આમેય સાધુ સંતોની સંગત તો મીરાંએ રાખી જ હતી. એણે તો સંપૂર્ણ વૈરાગી જીવન સ્વીકારી લીધું. મધ્યકાળમાં ધર્મમય વાતાવરણમાં એમ થવું સ્વાભાવિક હતું. આથી રાજકુટુંબ વિશેષ ક્ષોભ અને ગ્લાનિ અનુભવવા લાગ્યું, અને મીરાબાઈને માનસિક ત્રાસ આપવા લાગ્યા, બને તો મારી નાંખવાની યોજના અવારનવાર કરવા લાગ્યા.

મીરાબાઈના દિયર વિક્રમસિંહે તો ફુલોની છાબમાં શાલિગ્રામ કહીને ઝેરી નાગ મીરાબાઈ પાસે મોકલ્યો હતો. બીજીવાર ચરણામૃત કહીને વિષનો પ્યાલો પણ મોકલ્યો હતો. બંને વખત ચમત્કારિક રીતે મીરાબાઈ બચી ગયાં હતાં. જેને કારણે વિક્રમસિંહ ગુસ્સે થયો અને ખુલ્લી તલવાર લઈને મીરાબાઈનો શિરચ્છેદ કરવા ધસી ગયો ત્યારે પણ એને તો એક કરતાં વધુ મીરાબાઈ દેખાવા લાગ્યાં. એ મીરાને મારી ન શક્યો.

જો કે આ બધી લોકવાયકા છે એને ઐતિહાસિક આધાર સાંપડ્યો નથી.

મીરાબાઈ રાજરાણી હતાં. તેમ છતાં તેમણે રાજરાણીપદનો ત્યાગ કર્યો હતો. અને પૂર્ણ સમય માટે સાધુ સંતોની સાથે ઈશ્વરભક્તિમાં સમય વિતાવવા લાગી. સંન્યાસિનીના વસ્ત્રો તેમણે ધારણ કર્યાં. ભજન કિર્તન કરવા, ભક્તિ પદોની રચના કરવી, અને લોકો સમક્ષ રજૂ કરવાં એ માર્ગે વળી ગયાં. વૈષ્ણવ હવેલીમાં એ ભક્તિ પદો ગાવા માટે જતાં હતાં. જેને કારણે લોકો એમના પ્રભુમય જીવનથી વિશેષ પ્રભાવિત થયાં હતાં. લોકહૈયા પર મીરાબાઈ છવાઈ ગયાં. રાજપરિવારના સતત અત્યાચારોથી તંગ આવી જઈને મીરા ચિતોડ છોડીને ઈ.સ. ૧૫૩૨માં વૃંદાવન ચાલી નીકળ્યાં. સાસરીયાનો ત્યાગ કરીને તેઓ તેમના પિયર મેડતામાં આવી વસ્યાં પછી તો તેમણે 'ડાબો મેલ્યો મેવાડ, મીરાં ગઈ પશ્ચિમમાંય'. ફક્ત એક જ વર્ષમાં તો મેડતાને પણ છોડી દીધું અને કૃષ્ણભક્તિના કેન્દ્ર સમા વૃંદાવનની યાત્રાએ ઉત્તર ભારત તરફ તેમણે પ્રયાણ કર્યું. કૃષ્ણની જન્મભૂમિ - વ્રજભૂમિમાં દર્શનની તેમ જ વૃંદાવનની કુંજ ગલીઓમાં ગોવિંદલીલા ગાવાની તેની અભિલાષા પૂર્ણ થઈ. વૃંદાવનમાં ચૈતન્યના એક શિષ્ય જીવા ગોસાંઈ ત્યારે ત્યાં હતા. ગુરુ પાસેથી ભક્તિ વિશે વધુ જ્ઞાન મળે તે માટે મીરાબાઈ જીવા ગોસાંઈને મળવા ગયાં. જીવા ગુસાંઈ રૂઢિચૂસ્ત માનસ ધરાવતો હતો. તેણે મીરાને એમ કહીને મળવાની ના કરી કે : મીરાબાઈ સ્ત્રી છે અને પોતે પુરુષ છે. જેથી વૈષ્ણવ ધર્મની મર્યાદાનો પોતે લોપ કરવા માંગતો નથી. મીરાબાઈને







આવા જવાબથી આઘાત લાગ્યો, પણ ડગ્યાં નહિ અને જીવા ગોસાંઈને સણસણતો જવાબ આપ્યો :

''આજ લગી તો હું એમ માનતી
જે વ્રજમાં કૃષ્ણ પુરુષ છે એક,
વ્રજમાં વસી હજુ પુરુષ રહ્યા છો !
તેમાં ધન્ય તમારો વિવેક.''

આ પદ સાંભળીને જીવા ગોસાંઈનો અહમ્ ઓગળી ગયો. અને મીરાને મળવા માટે સંદેશો મોકલ્યો. લગભગ બીજે જ વર્ષે ઈ.સ. ૧૫૩૭ના સમયે તેઓ ગુજરાતમાં દ્વારિકા આવ્યાં. ૧૫૪૬ સુધી તેઓ દ્વારિકામાં રહ્યાં અને અંતકાળે મીરાંબાઈ દ્વારિકાના શ્રીકૃષ્ણ મંદિરમાં ભગવાનની મૂર્તિમાં સમાઈ ગયાં.

મીરાબાઈ ગિરિધરવરને - ભગવાન શ્રીકૃષ્ણને - મનોમન વરી ચૂકી હતી. તેને સંસાર અસાર થઈ ગયો. ભોજરાજ સાથે સાંસારિક રીતે લગ્નવિધિથી જોડાઈ હતી. પણ તેણે ભોજરાજને ક્યારેય પતિ તરીકે સ્વીકાર્યો નથી. નરસિંહની જેમ તેનું ચિત્ત સાધુ-સંતોની સોબતમાં અને ભક્તિમાં જ પરોવાયેલું હતું. નરસિંહનો જે ઉપહાસ થતો હતો તેવી જ રીતે મીરાબાઈ પણ અપમાનનો સતત અનુભવ કરતી હતી. મેવાડ છોડ્યું ત્યારે નોંધારી અવસ્થામાં પણ એણે ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા, આસ્થાની પ્રીતિ દઢ કરી. પોતે કોઈ સંપ્રદાયમાં શૈવ કે કૃષ્ણ - માનતી ન હોતી પણ મનોમન તે કૃષ્ણ - ગિરધરલાલને વરી ચૂકી હતી. જે તેને સાશ્વત સુખ અને અખંડ

સૌભાગ્ય અર્પનાર હતા. સ્થૂળ સંસારી વૈધવ્ય તેને સ્પર્શતું ન હોતું. આ ભૂમિકા એ તેની આધ્યાત્મિક ભૂમિકા જ હતી. તે મોહ-માયાથી પર થઈ ગઈ હતી. એણે તો વૈરાગ્યનો કાળો કામળો ઓઢી લીધો હતો. જેને કારણે ગોસાંઈજીને સાચી ભક્તિનો રાહ તે બતાવી શકી.

મીરાબાઈનાં ભક્તિગીતોમાં સરળતા, મધુરતા અને અનાયાસપણું જોવા મળે છે તે જ તો મીરાની આધ્યાત્મિક ભૂમિકાની ચરમસિમા બની રહી છે.

મીરાબાઈની પ્રાચીનત્તમ હસ્તપ્રત ઈ.સ. ૧૮૫૬ની મળી આવી છે, જે કોઈ લહિયાએ લખી હોય તે સંભવ છે. જે આજે પણ ડાકોરમાં સચવાયેલી છે.

મીરાબાઈના કાવ્ય સર્જનને બે વિભાગમાં વહેંચી શકાય.

(અ) દીર્ઘ કથાત્મક રચનાઓ અને (બ) પદ કવિતા.

દીર્ઘ કથાત્મક રચના : ‘ નરસિંહ રો માહેરો’ એ ૫૪૪ કાવ્ય પંક્તિમાં લખાયેલ કથાકાવ્યમાં નરસિંહના પૂર્વભવની વાત વિસ્તારથી આપી છે. જેમાં મારવાડી મિશ્રિત ગુજરાતી ભાષા જોવા મળે છે. કૃતિનો બંધ ‘દોહા ચોપાઈ’નો છે. ‘સાંવરિયા પ્રીતિ નિભાવ્યો જી...’ ગીત આ ‘માહેરો’નું છે. તેમનું બીજુ દીર્ઘ કથાત્મક કાવ્ય ‘સત્ય ભામાજીનો રૂસણો’ અથવા ‘સતભામાનું રૂસણું’ નામે એંશી પંક્તિઓમાં ગરબી બંધમાં લખાયેલ છે. ‘જાણ્યુ જાણ્યું હેત તમારું જાદવા રે લોલ’ એ પદ અંતમાં જોવા મળે છે. જે સાહિત્યિક કૃતિ તરીકે સારી છાપ મૂકી જાય છે.





પદ કવિતાની સંખ્યા લગભગ અઢીસો જેટલી થવા જાય છે. જે ઊર્મિગીતોથી સદાયે શોભે છે.

મીરાબાઈએ જે પદોની રચના કરી છે તે ઊર્મિની ઉત્કટતા છે. તેમાં આયાસ- પ્રયાસ જોવા મળતો નથી. પણ તેમાં આત્મક થનાત્મકતા -કૃષ્ણલીલા, પ્રભુમિલનની ઝંખના, વિરહભાવ, પ્રભુ મિલનનો આનંદ, ધન્યતાનો ભાવ વગેરે સ-રસ રીતે નિરૂપાયાં છે. ભક્તિ બોધ કે તત્ત્વજ્ઞાનની કવિતા પણ ધ્યાનાર્હ બને છે. મીરાંબાઈની કવિતામાં પ્રભુપ્રીતિની નિતાંત મસ્તી છે. ક્યાંક ઈશ્વરનું લીલાગાન છે. તો ક્યાંક ભક્તિજન્ય બોધ પણ છે. ‘જોગી મત જા મત જા....’ માં રહેલો આર્તનાદ કોઈ પણ સહૃદયને ભીંજવી દે તેવી એ રચના છે. એમની કવિતામાં શૃંગાર પણ આ રીતે પ્રકટે છે : ‘ગગન મંડલમેં સેજ પિયાકી કિસ બિધ મિલના હોય.’ અને ‘અખંડ વર ને વરી’માં રહેલો શ્રદ્ધા સભર આનંદ માર્મિક રીતે પ્રકટ થયો છે.

નરસિંહ - મીરાની કવિતા ગુજરાતના પ્રજાજીવનનો અમર વારસો છે. નરસિંહ અને મીરાની કવિતા કેવળ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને જે સોહાવતી નથી, અદ્યાપિપર્યંત ગુજરાતી કવિતાની મોંઘી મૂડી બની રહી છે, કારણ કે તેમાં સર્વકાલ ટકી રહે તેવું અવિનાશી તત્ત્વ ભળેલું છે. મીરાની કવિતામાં કલાપક્ષ કરતાં ભાવપક્ષ વધુ પ્રભુત્વ ધરાવે છે, જેને કારણે તે લોકોના હોઠે રમતી અને કંઠે ગવાતી બની છે.

□

# ૧૪.સંત કવયિત્રી બાવરી સાહિબા

કોઈપણ દેશની સાચી સંપત્તિ સંતજનો છે. તેઓ જે સમયે પ્રકટ થાય છે. એ સમયના જન-સમુદાય માટે એમનું જીવન માર્ગદર્શક હોય છે. ભગવાનના દર્શનથી પણ વધારે લાભ ભગવાનનાં ચરિત્ર સાંભળવાથી મળે છે અને ભગવાનનાં ચરિત્ર સાંભળવા કરતાં પણ ગુણાતીત સંતોનું જીવન-ચરિત્ર વાંચવા - સાંભળવાથી અધિક લાભ થાય છે. વાસ્તવમાં વિશ્વકલ્યાણ માટે જે સમયે જે ધર્મની આવશ્યકતા હોય છે. એનો આદર્શ રજૂ કરવા માટે સ્વયં ભગવાન સંતોના રૂપમાં અવતાર લઈ આવિર્ભૂત થાય છે.

સંત એટલે કોણ ? સંન્યાસ એટલે શું ? આ પ્રશ્ન વારંવાર ઉદ્‌ભવે છે. સંત એટલે :

**निरपेक्षं मुनिं शान्तम् निर्वैरं समदर्शनम् ।**
**अनुव्रजाम्यहं नित्यं पूयेयेत्यङ्घ्रिरेणुभिः ॥**

(‘ભાગવત’ : ૧૧:૧૪:૧૬)

અર્થાત્ :

‘જેને કોઈ વસ્તુની અપેક્ષા નથી, જે જગતના ચિંતનથી સર્વથા ઉદાસીન થઈ મારા જ ચિંતન - મનનમાં તલ્લીન રહે છે. જેનામાં વેરભાવનો અભાવ થયેલ છે. કોઈપણ સાથે રાગ દ્વેષ ન







રાખી જે સર્વ પ્રત્યે સમાન દૃષ્ટિ રાખે છે, તે મહાત્માની પાછળ પાછળ હું (પૂર્ણ પુરુષોત્તમ) એમ વિચારીને નિરંતર ફરતો રહું છું કે તેનાં ચરણોની ધૂળ ઊડીને મારા ઉપર પડે અને હું પવિત્ર થઈ જાઉં.’

ખુદ ભગવાન તેમના શ્રીમુખે સંતનાં લક્ષણોની પરખ કરાવે છે. જેને ભગવાનનું બળ છે, તેવા સંતની ઓળખ થઈ જાય તો ગહન ગુફામાં જઈ તપશ્ચર્યા કરવાની કોઈ જ જરૂર નથી. સંન્યાસી તો એ છે, જે અન્યમાં બૂરાઈ જોતો નથી. પરંતુ અન્યના સારા - ઉત્તમ ગુણોને ગ્રહણ કરી જાતને સુધારે છે. સંન્યાસી તો એ છે, જેને દરેક વ્યક્તિમાં સાધુના, સંતના દર્શન થાય છે. સંન્યાસી તો એ છે, જ્યાં એની દૃષ્ટિ પડે ત્યાં તેને સાધુતામાં દર્શન થાય છે. જેની દૃષ્ટિ નિર્મળ છે, જેનું મન નિર્મોહી છે, જે અનાસક્ત છે, જે ગુણાતીત છે, જે ધીર છે તે સંન્યાસી છે. જે આત્મ નિરીક્ષણ કરી આત્મ પરીક્ષણ કરે છે તે સંન્યાસી છે, સંત છે.

ગ્રહસ્થ અને સંન્યાસનો પણ અનેક દૃષ્ટિકોણ છે. સંસારમાં રહીને પણ સંન્યસ્ત જીવન જીવી શકાય છે. સંસારમાં રહીને પણ સંન્યાસી થઈ શકાય છે અને સંન્યાસી થવા છતાં પણ જેનું જીવન ગૃહસ્થ જેવું છે તેને સંસારની માયા, મમતા, મોહનું બંધન છૂટતું નથી. માત્ર ભગવાં પહેરવાથી સંન્યાસી થવાતું નથી. ભગવાં વસ્ત્ર, તિલક, માળા, દંડક, અક્ષયપાત્ર એ તો પ્રતીક છે. મનને સાધુ જીવનમાં દૃઢ કરવાનાં માત્ર સાધન છે. શરીરે રાખ ઘસવાથી કે જટા

વધારવાથી, દાઢી વધારવાથી સાધુત્વ પ્રાપ્ત થતું નથી. આ બધાં તો બાહ્ય ઉપકરણો છે. ભીતરથી જેનું મન અને હૃદય શુદ્ધ છે. તે સાધુ છે. સંસારમાં રહેવા છતાં જેને સાધુત્વનો ખરેખરો રંગ લાગ્યો છે. એવાં વિશિષ્ટ ગુણો ધરાવતા મધ્યકાલીન વૈષ્ણવ સંપ્રદાયના ભક્ત કવયિત્રી બાવરી સાહિબા અને તેમણે સ્થાપેલો 'બાવરી પંથ' અત્યંત મહત્ત્વનું અને અગ્રિમ સ્થાન ધરાવે છે. બાવરી સાહિબાના વ્યક્તિત્વ અને કૃતિત્વની સૌથી ઉલ્લેખનીય વિશેષતા એ છે કે તેમનાં પદોમાં મીરાની મધુરતા અને તેમની સાખીઓમાં કબીરની કઠોરતા દૃષ્ટિગત થાય છે. મીરા અને કબીરની જેમ તેમણે પણ પોતાના કુળ, કુટુંબ, જન્મ, સદ્‌ગુરુ વગેરે વિશે વિસ્તારથી પરિચય કરાવ્યો છે. પોતાના જન્મ, માતા-પિતા, સ્વભાવ, સાંસારિક અનુભવ વગેરેનો ઉલ્લેખ કરતાં લખ્યું છે :

''જન્મ લિયો હરિવંશ કે વંશ મેં,
માતુ દુલારી બહુ દુલરાયન,
પાઠ પઢી ઈકલૌતી હી વિશ્વમેં
ભૂલ ગઈ સ્વભાવ શુભાય ન...''

આ પદ પરથી જાણી શકાય છે કે ભક્ત કવયિત્રી બાવરી સાહિબાનો જન્મ હરિવંશ નામના બ્રાહ્મણના ઘરમાં થયો હતો. તેમની માતાનું નામ દુલારી હતું. પોતાનાં માતા-પિતાનાં તેઓ એક જ સંતાન હતાં. તેથી બંનેને ખાસ કરીને માતા દુલારીને ખૂબ જ







વ્હાલાં હતાં. માતાએ પ્રેમથી દીકરીને સંસારના સુખ-દુઃખના પાઠ ભણાવ્યા હતા. માતા - પિતાનો પ્રેમ જોઈ તેઓ પોતાનો વીતરાગી સ્વભાવ ભૂલી ગયાં અને સાંસારિક બંધનમાં બંધાઈ ગયાં હતાં. પરંતુ તેમને સંસારનો રંગ લાગ્યો ન હોતો. તેઓ તો જળકમળવત્ જ હતાં.

બાવરી સાહિબાનું મૂળ નામ 'રત્ના' હતું. 'બાવરી' નામ તો તેમના લગ્ન થયા પછીનું સાસરીપક્ષનું હતું. તેમનાં લગ્ન શુકલ બ્રાહ્મણ કુટુંબમાં થયાં હતાં. પરંતુ તેમને પતિ અને સાસુ સસરા તરફથી પ્રેમ મળ્યો ન હતો. શ્વસુર પક્ષના ઉચ્ચકુલીન હોવા છતાં માંસ - મદિરાનું સેવન કરતાં હતાં. પતિના પ્રેમથી વંચિત અને સાસુના ત્રાસથી કંટાળી જ્યારે બાવરી સાહિબા સદ્‌ગુરુના શરણે ગયાં, ત્યારે તેમને અલૌકિકજ્ઞાન અને અપૂર્વશાંતિની પ્રાપ્તિ થઈ. સદ્‌ગુરુને વિનંતી કરતાં તેમણે કહ્યું હતું કે :

''સ્નેહ મિલ્યો ન કસો રત્ના પતિ
સાંવરે સો રહી નેહુ લગાયન,
'બાવરી' આજુ ભઈ શરણાગત,
દેવજું ગુરુજી, જ્ઞાન રસાયન.''

આ શબ્દો પરથી સ્પષ્ટ થાય છે કે 'રત્ના' એટલે કે બાવરી સાહિબા પતિ પ્રેમથી વંચિત થતાં શ્યામસુંદરના પ્રેમમાં નિમગ્ન રહેતાં અને સાસુના કઠોર વચનોથી કંટાળી સદ્‌ગુરુના શરણે ગયાં

હતાં. સદ્‌ગુરુના શરણે ગયા પછી તેમની દૃષ્ટિમાં સાત્વિક્તા, , મોહ, માયા, મમતાથી ત્યાગી અને નિર્મોહીપણું દૃઢ થવા લાગ્યું. તેથી તેઓ ગૃહસ્થ હોવા છતાં પણ ત્યાગી રહ્યાં હતાં.

સાસુના મેણાં - ટોણાં સાંભળી રત્ના - બાવરી - નું કોમળ હૃદય કંપી ઊઠતું, તેનું માથું ભમવા લાગતું તેઓ સાનભાન ભૂલીને ભક્તિમતી મીરાબાઈની જેમ શ્યામસુંદરના ધ્યાનમાં ડૂબી જતાં અને સાધુ- સંતોની સાથે ઉન્મત બનીને નાચવા માંડતા ! આથી ઘરનાં અને બહારનાં લોકો તેમને 'બાવરી' કહીને બોલાવતાં હતાં.

એક દિવસ સાસુના અસહ્ય ત્રાસથી કંટાળી જઈને રત્ના રાત્રિના સમયે ચૂપચાપ ઘરમાંથી ચાલી નીકળ્યાં. પરંતુ પોતાના પિતાને ઘેર અને વતન ગાજીપુરની વાટ ન પકડતાં તેમણે મથુરા - વૃંદાવનનો માર્ગ પસંદ કર્યો અને સાધુ સંતોની મંડળી સાથે કીર્તન કરતાં કરતાં તેઓ મથુરા ગયાં. ત્યાંના પ્રસિદ્ધ કૃષ્ણભક્ત સંત ગોપાલસ્વામી પાસેથી દીક્ષામંત્ર મેળવી તથા વિવિધ શાસ્ત્રોનું જ્ઞાન સંપાદિત કરી તેઓ વૃંદાવનમાં જઈને થોડા દિવસ રહ્યાં અને ત્યાંથી કાશીની યાત્રાએ ચાલી નીકળ્યાં. ગુરુદીક્ષા, અજપા મંત્ર જાપ, ગુરુ મહિમા કૃષ્ણભક્તિ વગેરેનું સુંદર વર્ણન બાવરી સાહિબાએ આ રીતે કર્યું છે :







''અજપા જાપ સકલ ઘટ બરતે, જો જાને સોઈ દેખા,
ગુરુ ગમ જ્યોતિ અગમ ઘર બસ્યા, જો પાવે સોઈ દેખા;
મૈં બાંદી હૌં શ્યામ સુંદર કી, જગ જાનત કો ભોરી
કહત 'બાવરી' ચલી વૃન્દાવન, સુરત કમલ પર ડોરી.''

પ્રસ્તુત પદ બાવરી સાહિબાની ઉત્કૃષ્ટ ભક્તિ ભાવના તથા ઉત્તમ જીવન સાધનાનું જ્વલંત પ્રમાણ છે.

કાશીમાં ગંગાકિનારે સંત ભકતો સાથે મોજમસ્તીથી સંકીર્તન કરતાં બાવરી સાહિબાને જોઈ શુકલકુળનો એક પંડિત બોલી ઊઠયો : ''બ્રાહ્મણોમાં સર્વોચ્ચ એવા શુકલ કુટુંબની આ કૂળવધુને પાખંડી સાધુબાવાઓની જમાત સાથે નાચતી જોઈને મારું મસ્તક શરમથી નીચું નમી જાય છે !''

મિથ્યાભિમાની પંડિતના આ શબ્દો કાને પડતાં જ બાવરી સાહિબા સંત કબીર સાહેબની જેમ વ્યંગ્યાત્મક સાખીનો પ્રહાર કરતાં કહ્યું :

''સુકુલ સુકુલ સબ કહૈ, સુકુલ ન જાને કોય;
સકુલ ભયૈ ચમડી ચૂસૈ, દેખ 'બાવરી' રોય.''

શુકલ કુળમાં જન્મ લેવા છતાં માંસ મદિરાથી પોતાની વાસના સંતોષતા બ્રાહ્મણ પંડિતોની પોલ ખૂલી થતાં પેલો પંડિત ચૂપ થઈ ગયો.

થોડા દિવસો પછી બાવરી સાહિબાએ કાશીના પંડિતોની સભા બોલાવી પોતાની સાથે શાસ્ત્રાર્થ કરવાનો પડકાર કર્યો :

''ડરૈં ઝૂઠ સે 'બાવરી', કરૈં આન સબ તર્ક;
મૈં ચેલી હો જાઉંગી, કાપડ જાયેગા ફર્ક ?''

બાવરી સાહિબાની આવી નિર્ભીક વાણી સાંભળીને કાશીના પંડિતો ડઘાઈ ગયા અને એકબીજાના મોઢા સામે જોવા લાગ્યા. કોઈ તેમની સાથે શાસ્ત્રાર્થ કરવાની હિંમત કરી શક્યું નહિ, ક્યાંથી હિંમત કરી શકે ? બાવરી સાહિબાને તો ભગવાન શ્રીકૃષ્ણ સહાય હતા. બાવરી સાહિબા સાચા અર્થમાં યોગી હતાં. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાને કહ્યું છે : 'મારો જે ભક્ત નિત્ય યોગી છે તે મને અત્યંત પ્રિય છે.'

**'' अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।**
**तस्याहं सुलभः पार्थः नित्ययुक्तस्य योगिनः ।।''**

(શ્રીમદ્ ભગવદ્ ગીતા : અઃ ૮:૧૪)







અર્થાત્ :

''હે અર્જુન ! જે નિરંતર બીજામાં ચિત્ત નથી રાખતો, નિત્ય મારું સ્મરણ કરે છે, તે નિત્યયુક્ત યોગીને હું સુલભ છું.''

આવું વચન આપનાર ભગવાન સિવાય બીજું કોણ હોઈ શકે ? જે 'યોગક્ષેમ'ના ભારનું વહન કરવાનું વચન આપે છે તે ભગવાન સિવાય બીજું કોણ હોઈ શકે ? એવા ભગવાન શ્રીકૃષ્ણ જેની પડખે હોય પછી એને સાંસારિક વાસના રહે જ ક્યાંથી ? ભગવાન શ્રીકૃષ્ણએ તો એમ પણ કહ્યું છે :

**''अनयाश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।**
**तैषां नित्याभियुक्तानां योगक्षमं वहाम्यहम् ।।''**

(શ્રીમદ્ ભગવદ્ ગીતા : અઃ ૯ : ૨૨)

અર્થાત્ :

''જેઓ અનન્ય ભાવે મારું ચિંતન કરતાં મને નિષ્કામ ભાવથી ઉપાસે છે, તે નિત્ય (મારામાં) જોડાયેલાઓના યોગ (અપ્રાપ્તિની પ્રાપ્તિ) તથા ક્ષેમ (પ્રાપ્તિની રક્ષા)નો ભાર હું ઉઠાવું છું.''

બાવરી સાહિબા તો ભગવાનના આ 'યોગક્ષેમ'નું નિર્ભય વચનને પામી ગયાં હતાં. એટલે જ તો તેમણે સંસારનો ત્યાગ કરી ભક્ત મંડળીમાં જોડાઈ શ્રીહરિ કીર્તન કરતાં રહ્યાં. એમણે તો સાંસારિક પદાર્થો, સાંસારિક મૂલ્યો, એષણા, તૃષણાનો ત્યાગ

કરી કૃષ્ણ મહિમાને ગાતાં રહ્યાં. એટલે જ બાવરી સાહિબા સંસારમાં રહેવા છતાં ઈચ્છારહિત થયાં અને ઋષિપદને પામ્યાં.

મીરાબાઈએ કહ્યું હતું કે : 'મેરે તો ગિરિધર ગોપાલ, દુસરો ન કોઈ.' એમ બાવરી સાહિબાને મન ભગવાન શ્રીકૃષ્ણની મોહની લાગી હતી.

કાશીની યાત્રા પુરી કરી બાવરી સાહિબા રામની જન્મ ભૂમિ અયોધ્યા ગયાં. ત્યાંથી ત્રિવેણી સંગમમાં સ્નાન કરી પોતાની જન્મ ભૂમિ ગાજીપુરમાં પાછાં ફર્યાં અને 'બાવરી પંથ'ની સ્થાપના કરી. લોકોને સાહજીકજીવન ગાળવાનો ઉપદેશ દેવા લાગ્યાં. ગાજીપુરના 'ભુરકુંડા' ગામમાં આજે પણ 'બાવરી સાહિબા'નો મઠ વિદ્યમાન છે અને સ્મરણ કરાવી સન્માર્ગ તરફ જવાની પ્રેરણા આપે છે. 'બાવરી સાહિબાની વાણી' આજે પણ ઉત્તર ભારતના અનેક ગામોમાં ગૂંજી રહી છે :

''પાની માંહી ઝાંકિ કે, કહૌં ઔર કી વાત,
બાવારિ કો બાવારિ કહૌ, ખુદ બાવરે ન લખાત.''

આવા નિર્મળ અને નિર્મોહી સંતોની પદરજથી ઉજ્જવળ ભારતભૂમિ પવિત્ર થઈ છે. એટલે જ આપણી સંસ્કૃતિનું મૂલ્ય જળવાઈ રહ્યું છે.

□







## ૧૫. આત્મજ્ઞાન સંત લોયણ....

મજેવડી ગામની ભાગોળે ઉબેણ નદી કલકલ નિનાદ કરતી વહી રહી છે. આજુબાજુનું વાતાવરણ પણ લીલમછાઈ પ્રકૃતિથી રળિયામણું દેખાઈ રહ્યું છે. આંખ ઠરી જાય એવું આ સુંદર વાતાવરણ દૂર... દૂરથી ભજનનો સુમધુર અવાજ સંભળાઈ રહ્યો છે. સુમધુર એટલા માટે કે તે અવાજ નારીના કંઠમાંથી ગળા ઈચળાઈને પવિત્ર થઈને લોકમાં વહેતો હતો. આખું વાતાવરણ ભજનના ધ્વનિથી પવિત્ર થઈ ગયું હતું. જેમ જેમ આ ભજન ગવાતું હતું. તેમ તેમ આત્માનાં રહસ્યો ઉકેલાતાં હતાં. જ્યારે આત્માનાં રહસ્યો ઉકેલાય છે, ત્યારે અંદર સત્યની ઘંટડી બજી ઉઠે છે. ગાનાર અને સાંભળનારના કાર્યમાં સૌરભ અને વિચારોની સુવાસ ચહુદિશે ફેલાઈ જાય છે અને જ્યારે આત્માનાં રહસ્યો ઉકેલાય પછી તો વાણી પણ હૃદય સ્પર્શી બની જાય છે. જેની વાણી હૃદયને સ્પર્શે એ વક્તા આત્મામાં સ્થિર અને પ્રકૃતિમાં રત રહી સ્વસ્થતા અનુભવે છે.

મજેવડી ગામના સંત આત્મા દેવતણખી લુહારને ત્યાં રૂપરૂપના અંબારસમી સૌંદર્યવતી લોયણનો જન્મ થયો હતો. બાળપણથી જ પિતાના ભક્તિસભર સંસ્કારથી લોયણ પણ એ ભક્તિરસમાં અને ભક્તિમાં તરબોળ થઈ ગઈ. એને ઈશ્વરસ્મરણ સિવાય કોઈ અન્ય ઉત્તમ માર્ગ નથી. એવું તે બાળપણથી જ

સમજવા લાગી હતી. જેને કારણે તેનામાં અધ્યાત્મભાવન પ્રકટયો જેને કારણે તે પોતાના પ્રશ્નોનું સમાધાન પણ પોતે જ મેળવી લેતી હતી. જ્ઞાન અને ભક્તિના ઉજજવળ પ્રકાશના કિરણો એના હૃદય અને મનને સ્પર્શવા લાગ્યાં. તે વિચારવા લાગી કે : 'જો પિતાજીનું ભક્તિ અને આધ્યાત્મિક જ્ઞાન તેને લાધ્યું ન હોત તો તેનું જીવન નિરર્થક વ્યતીત થઈ ગયું હોત.' લોચણ બાળપણથી જ આધ્યાત્મિક સાધના અને શક્તિ -ભક્તિથી સભર હતી.

જે કુટુંબમાં ધ્યાન, ભક્તિ,પૂજા-પાઠ અને ઈશ્વરસ્મરણ સતત થતું હોય અને ઘરનું વાતાવરણ ધાર્મિક અને આધ્યાત્મિક હોય, માતા - પિતા તરફથી જેને આધ્યાત્મિક વારસો મળ્યો હોય એ સંતાનોમાં જ્ઞાન અને ભક્તિભાવનો પ્રભાવ તેમના કોમળ મન પર પૂર્ણરૂપે પ્રત્યક્ષ થતો હોય છે. એ આધ્યાત્મિક અને ભક્તિ વારસો પ્રાપ્ત થયા પછી ભક્તિ અને આધ્યાત્મિકતા એ આદર્શ બની જાય છે. એ આધ્યાત્મિક આદર્શથી મનમાં ઉત્સાહ વધે છે આનંદ વધે છે. આનંદ એ પરબ્રહ્મનું અંતરંગ સ્વરૂપ છે. આનંદમાંથી જ અખિલ વિશ્વની ઉત્પત્તિ થઈ છે. ઉપનિષદના ઋષિઓએ આ તથ્યને આ રીતે પ્રકટ કર્યુ છે : 'आनन्दो ब्रह्मेति व्यंजनात । आनन्दैः ईमानी भूतानि जायन्ते आनन्दैः जातानि जीवन्ति ॥'વગેરે ઋચાઓ દ્વારા પ્રકટ કર્યું છે.

લોચણને અંતરબ્રહ્મની પ્રતીતિ થઈ હતી. જે રીતે સૂરદાસજીએ ભગવાન પાસે એટલું જ માગ્યું હતું કે : ''દૂસરો ના







રૂપ દેખોં દેખિ રાધા -શ્યામ.'' એ રીતે લોચણે પણ પ્રભુભક્તિના આસક્ત હતાં. તેઓ તેમના આંતઃ ચક્ષુ દ્વારા પ્રભુના દર્શન કરતાં હતાં. તેઓ જાણતાં હતાં કે પોતાના જીવની ભૌતિક અવસ્થા ભગવાનના સંપૂર્ણ અંકુશ હેઠળ છે. તેથી તેઓ કોઈપણ પ્રકારના કર્મબંધનથી ક્ષુબ્ધ થતાં ન હતાં.

ભક્ત કવયિત્રી સંત લોચણનો સમકાલીન સમય અંધાધૂંધી અને અરાજકતાનો હતો. ચોર, લૂંટારા અને ધાડપાડુઓનો ત્રાસ વધી ગયો હતો. પ્રજાના જાન-માલની સલામતી રહી ન હતી. સમાજજીવન સાવ તળિયે ગયું હતું. નૈતિક મૂલ્યોનું અધઃપતન થઈ ગયું હતું. સમાજને સતત ભયમાં રાખવામાં આવતો હતો. સ્ત્રીઓની સલામતી ન હતી. તે સમયે સ્ત્રીને મિલકત સમજવામાં આવતી હતી. સ્ત્રી માત્ર ઉપભોગનું સાધન બની ગઈ હતી. તેને કારણે કુટુંબ કંકાસ અને ઝઘડા વધી ગયા હતા. સતી થવાનો રીવાજ પ્રચલિત હતો. શિક્ષણનો અભાવ તેથી અજ્ઞાની પ્રજામાં વશીકરણ અને મંત્રતંત્રની અસર લોકો ઉપર પ્રવર્તાવવામાં આવતી હતી. બીક અને ભયનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું. પ્રજામાં સદ્સંસ્કાર, સદ્વિચાર અને લાગણીનો અભાવ હતો. અધમતા માણસને ભરખી ગઈ હતી.

એવા સમયે સંત લોચણનું ફાટફાટ યૌવન હિલ્લોળા લેતું હતું. પોતે સ્વરૂપવાન અને ઘાટિલાં હતા જેને કારણે કોઈની પણ

દૃષ્ટિ એમના યૌવન પર ઠરે એ નિર્વિવાદ હતું. સાંજનો સમય હતો. પક્ષીઓ માળામાં આવી રહ્યાં હતાં. પ્રકૃતિ પણ શાંત હતી. ખેડૂતો પણ ઘરે આવી ગયા હતા. આવા શાંત અને મનોરમ્ય અને મનોગમ્ય વાતાવરણમાં સંત લોયણ ગામની ભાગોળે આવેલા કૂવે પાણી સિંચવા આવ્યાં. બેડું ભરાઈ ગયું ત્યાં જ આટકોટ ગામનો માથાભારે ગિરાસદાર લાખો આવી ચડ્યો. જે ધન, સત્તા અને યુવાનીના ત્રિવિધ નશામાં ચકચૂર હતો. કહેવાય છે કે, આ ત્રણમાંથી કોઈને એક નશો ચડી જાય તો પણ અનેક અનર્થ કરાવે છે. ત્યારે લાખાને તો આ ત્રણેય નશા ચડ્યા હતા.

લાખો ઘોડી પરથી નીચે ઉતર્યો અને પનઘટ પર પાણી ભરતી સ્ત્રીઓને એક નજરે જોવા લાગ્યો. અને તે કામાંધ લાખો સ્વરૂપવતી કન્યા પાસે આવીને કહ્યું : ''તમારા ગામમાં તરસ્યા મુસાફરને પાણી પાવાનો રિવાજ છે ?''

ત્યારે પેલી સ્વરૂપવાન યુવતીએ કહ્યું : ''હા, અમારા ગામમાં ફટકિયા મોતીને પણ પાણીદાર બનાવવામાં આવે છે !''

લાખા એ સ્વરૂપવાન યુવતીના હાથનું પાણી પીતો હતો. ત્યારે જાણે કે એ રૂપવતી યુવતીના સૌંદર્યને જાણે ઘટક ઘટક પી રહ્યો હોય એવું લાગતું હતું. કારણ કે, યુવતી હાથમાં ઘડો અને પોતે યુવક લાખા તરફ ઢળીને પાણી પીવરાવી રહી હતી. વળી, વાણીની ચારૂતા પણ લાખાને સ્પર્શી ગઈ. તે મુગ્ધ થઈ ગયો. પણ





કૃપાસિંધુ સંતો

લોયણ તો માથે બેડુ મુકી ચાલી ગઈ. લાખાએ એક પાણીઆરીને પૂછ્યું : ''કોની દીકરી હતી ?'' પાણીઆરીએ જવાબ આપતાં કહ્યું : ''લુહારની દીકરી છે.''વળી તેણે કહ્યું : ''બાપ અને દિકરી બેય સાધુડાની સંગે મંડળીમાં બેસી ભજનિયાં ગાયા કરે છે. દીકરી આવડી મોટી હાડે થઈ છે. પણ તેનો હાથ પીળો કરવાની બાપને ચિંતા નથી...''

''ઠીક છે, હું જોઈ લઈશ.'' લાખાએ કહ્યું.

એ લાખો આટકોટ પાછો ફર્યો. અને એક ખેપિયાને મજેવડી મોકલી સંત દેવતણખી પાસે લોયણનું માગું નાંખ્યું. પત્ર વાંચી સંત દેવતણખીએ પોતાની જ્ઞાની પુત્રી લોયણના હાથમાં આપ્યો. લોયણને સમજતાં વાર ન લાગી. કે આ લાખો એ જ તે દિવસેનો તરસ્યો મુસાફર ! તેણે પિતાજીને કહ્યું : ''પિતાજી! એ દેખાવનું મોતી છે, પણ પાણીદાર નથી. પણ આપ આજ્ઞા કરો તો એ ફટકિયા મોતીને પાણીદાર કરી દઉં. એના કપાળ પરથી મેં તો વાંચી લીધું હતું કે લાખાના દુર્ગુણો જો સદ્‌ગુણોમાં પલટાઈ જાય તો એનાથી અનેકોનો ઉદ્ધાર થાય તેમ છે.''

''આપણું તો એ જ કામ છે બેટા!''દેવતણખીએ પોતાની દીકરીના કપાળ સામે જોઈને કહ્યું.

લોયણે લાખાને એક પત્ર લખ્યો : ''પોતાની સુંદર પત્નીઓને ત્યજી જે બીજાની દિકરીઓના માગાં નાખવા દોટ મૂકે

છે તેને એ કન્યારત્ન મળતું નથી.'' લાખાએ લોયણનો આ પત્ર વાંચ્યો. તે આનંદની સાથે સાથે ભાવવિભોર થઈ ગયો. એ પત્રનું અર્થઘટન ખોટું સમજ્યો. આમેય કામાતુર માણસ પોતાને મનફાવે તેવાં અર્થઘટન કરતો હોય છે. લાખાએ એમ માની લીધું કે, લોયણ ધન ભંડાર અને રાજમહેલની ચાવીઓ માગે છે એટલે તેણે ધનભંડાર અને મહેલની ચાવીઓ લોયણને મોકલી આપી. લોયણ સ્વાર્થી, લોલૂપ અને લંપટ લાખાને ઓળખી ગઈ હતી. તેણે વળતા જવાબમાં આ પદ લખીને લાખાને મોકલ્યું :

જી રે લાખા ! અબળા લોયણ એમ ભણે જી...રે
કુંચીયું છે માલમ ગુરુજીને હાથ...લાખા !
ગુરુજી મળે તો તાળાં ઊઘડે રે...જી !

પત્ર મળતાં જ લાખો તો ઉત્સાહમાં આવી ગયો. પણ એને આ ભજનનો અર્થ ન સમજાયો. પણ લોયણને કોઈ પણ ભોગે પ્રાપ્ત કરવા મનમાં મનસુબા ઘડવા લાગ્યો. તેણે લોયણને મેળવવા માટે પ્રયત્નો શરૂ કરી દીધા. પણ દરેક પ્રયત્ને તેને નિરાશા અને નિષ્ફળતા મળવા લાગી. નવા નવા નુસખા તે શોધવા લાગ્યો અને મજેવડીના ચક્કર શરૂ થઈ ગયા. દુર્જન માણસ જ્યારે કાર્યમાં નિષ્ફળ જાય છે ત્યારે તે ઉશ્કેરાઈ જાય છે. લાખાએ પણ લોયણને મેળવવા માટે છેવટનો પ્રયત્ન કરવાનો નિર્ણય કર્યો.





## કૃપાસિંધુ સંતો

મજેવડીના પાદરમાં વહેતી ઉબેણ નદીમાં કેડસમાં પાણીમાં લોયણ અને તેની સખીઓ સ્નાન કરી રહી હતી. એકાંત વાતાવરણ હતું. લોકોની અવરજવર પણ નહીવત હતી. લોયણ અને સખીઓ એકબીજાની ઉપર પાણી ઉરાડતી મસ્તી કરી આનંદ લૂંટી રહી હતી. એટલામાં જ અચાનક ઘોડાના ડાબલાનો અવાજ સંભળાયો. બધી સખીઓ તો પાણીમાંથી નીકળીને કપડાં પહેરીને દોડીને પોતપોતાને ઘેર જતી રહી. એક માત્ર લોયણ નિર્ભય રીતે સ્નાન કરતી રહી. એટલામાં લાખો આવી પહોંચ્યો અને નિર્લજ થઈને એ પાણીમાં ઉતર્યો. લોયણનો સ્પર્શ કરવા તેણે લોયણ તરફ પોતાનો હાથ લંબાવ્યો. પણ લોયણ તો આત્મજ્ઞાની અને ભક્તિપ્રચુર હતી. ગુરુ શેલારસી તરફથી તેને આત્મજ્ઞાન મળ્યું હતું. લોયણમાં સાત્વિક વૃત્તિ, ચારિત્ર્ય સબલતા અને ભક્તિના પ્રતાપથી તે વચનસિદ્ધ હતી. લોયણે તે સિંહણની જેમ લાખા સામે ત્રાડ પાડી :

''દૂર રહેજે લંપટ ! તું ભયંકર પાપી છે, તને કામરૂપી રોગ તો, ક્યારનોય લાગી ગયો છે, પણ તું મારો સ્પર્શ કરીશ તો તને રક્તપિત્તીઓ કોઢ પણ ફૂટી નીકળશે.''

''લોયણ ! તારા શાપની મને પરવા નથી. હું તારાં વેણમાં માનતો નથી. શંખણીના શ્રાપ ક્યારેય લાગતા નથી. આજે તો હું તને ગમે તે ભોગે પણ મારી બનાવીશ.તને અભડાવીશ ત્યારે જ મારો કામાગ્નિ શાંત થશે.''

‘‘એમ છે ? એમાં તું આટલો બધો ઉતાવળો કેમ થાય છે ? લાખા, હું તો જેમ સૃષ્ટિના સર્વે પ્રાણીઓ, મનુષ્યો મારાં છે, તેમ હું તને પણ મારો જ સમજું છું!’’ લોયણે આત્મજ્ઞાન પ્રકટ કર્યું પણ લાખો સમજી શક્યો નહીં.

‘‘હું એવા આત્મભાવને ઠોકર મારું છું.’’ એમ કહીને લાખો પિશાચની જેમ લોયણ સામે આગળ વધ્યો. પણ લોયણનો શ્રાપ ફળ્યો અને લાખાના આખા શરીરે રક્તપિત્તીઓ કોઢ વ્યાપી ગયો. એનો ચહેરો વિકૃત બની ગયો, મોં કાળુ અને કદરૂપું થઈ ગયું. આખા શરીરમાં ચાઠાં પડી ગયાં અને તેમાંથી લોહી - પરુ વહેવા લાગ્યું. આ પ્રત્યક્ષ ચમત્કાર જોઈને લાખાનો અહમ્ ઓગળી ગયો. એની કામવૃત્તિ અને ચિત્તવૃત્તિનો ઉન્માદ શાંત થઈ ગયો. તે તો લોયણના ચરણોમાં ઢળી પડ્યો અને માફી માગવા લાગ્યો :

‘‘હું આપનો અપરાધી છું, હું આપના સતને અને વાણીના પ્રકોપને ઓળખી ના શક્યો. દેવી, મારો આ અપરાધ માફ કરો.’’

‘‘હું તને ક્ષમા કરનારી કોણ ? લાખા, મને તો એક જ સંતાપ છે કે તારા જેવો કુળવાન ક્ષત્રિય પારકી મા-દિકરીઓ ઉપર કુદૃષ્ટિ કરે તો તારી પ્રજામાં ઉચ્ચ સંસ્કાર ક્યાંથી આવે ? જે પ્રજાના સત્તાધીશો અને રાજાઓ કામી, ક્રોધી, લોભી અને લંપટ હોય તેની પ્રજામાં પણ એવાં જ દુર્ગુણો આવે છે, કારણ કે ‘યથા રાજા તથા પ્રજા.’ મેં તો તને ગુણવાન, ભક્ત, પવિત્ર અને પ્રજારક્ષક માન્યો હતો. પણ તું તો...’’







સોની જાણી મેં તો સેવિયો,
કરમે નિવડ્યું કથીર... લાખા.

‘‘લાખા ! માનવદેહ અતિ દુર્લભ છે. હજારો જન્મના પુણ્ય-પ્રભાવ વગર માનવજન્મ મળવો મુશ્કેલ છે, એ દુર્લભ માનવજીવનને પણ જો કાગડા - કૂતરાં જેવું બનાવી દેવામાં આવે તો, આત્માનો ઉદ્ધાર ક્યારે થશે ?’’

‘‘દેવી ! મને માફ કર, મને આવી ખબર ન હતી. હવે હું તને જ મારી ગુરુ માનું છું. મારો આ રોગ શાંત કરીને મને ભવસાગર પાર ઉતરવામાં મદદ કર.’’

‘‘તારી એ વાત સાચી ! પણ, લાખા! હું ગુરુ બનવા યોગ્ય નથી. કારણ કે, ભક્તિના તત્ત્વો અતિગહન છે અને પરમાત્માને ઓળખવા માટે તો બ્રહ્મજ્ઞાની સદ્ગુરુની જરૂર છે.’’

જી રે લાખા ! આ રે અભયપદ ઓળખવા માટે જી
તમે ધારો સદ્ગુરુ પૂરા...હો...હાં...
જી રે લાખા ! તેથી હરખ શોકના
નાવે સપનાજી...હાં...જી
અને નેણામાં વરસે નૂર...હાં...હાં...

‘‘તો પછી મને એવા સાચા સદ્ગુરુનો ભેટો કરાવી દે, લોયણ ! આ કોઢથી તો મારું આખું શરીર સળગી જાય છે. મારે રુંવાડે રુંવાડે હજારો વીંછીની વેદના થાય છે. હું તું કહે છે તેવા સદ્ગુરુને શરણે જઈને મારા આત્માનો ઉદ્ધાર કરું.’’

''સાંભળ લાખા! તારો આ પશ્ચાતાપ પાણી વહી ગયા પછી પાળ બાંધવા જેવો છે. પાપ કરતાં તેં પાછું વાળીને જોયું નથી. કામ, ક્રોધ, મદ, લોભ અને મોહમાં તું ચકચૂર બની ગયો છે અને અનેકને તેં દુભવ્યાં છે. એટલે તને એ પાપના પ્રાયશ્ચિત રૂપે મળેલા આ રોગને તારે ભોગવ્યે જ છૂટકો છે. હવે તું શેલારસી નામના સંતનું ધ્યાન ધરતો રહેજે અને કરેલા પાપનું પશ્ચાતાપ કરતાં કરતાં હવે પછીના જીવનમાં પાપકર્મ ન થાય તેટલો સાવધ રહેજે. સદ્‌ગુરુ પરમ કૃપાળુ છે. તારા તન-મનના પાપનો નાશ જરૂર કરશે, મને શ્રદ્ધા છે. પણ એટલું જરૂર ધ્યાનમાં રાખજે કે નિર્મળ અને પવિત્ર અંતઃકરણવાળાનો અવાજ સદ્‌ગુરુ સાંભળે છે.લંપટ, મલિન વિચારવાળો તેમજ કુડકપટવાળાના અવાજની આ માર્ગમાં કોઈ જ કિંમત નથી.''

નીચે મોંઢે લાખો ત્યાંથી પાછો ફર્યો અને રુંવાડે રુંવાડે અગ્નિની જલન હતી. એ આટકોટ આવ્યો અને પથારીવશ પડ્યા પડ્યા પોતાના કરેલા પાપોનો પશ્ચાતાપ કરતો રહ્યો.

બારબાર વર્ષના તપ પછી, આ રોગને સહન કર્યા પછી લાખાનો આત્મા તો શુદ્ધ થઈ ગયો હતો. નીતર્યા નિર્મળનીર જેવો. એકદિવસ સંત શેલારસી લાખાને ત્યાં પધાર્યા. આમ અચાનક સદ્‌ગુરુની પધરામણી થયેલી જોઈ લાખો એમના ચરણમાં ઢળી ગયો અને શુદ્ધ પ્રેમાશ્રુરૂપી અંજિલથી ગુરુના પગ પખાળ્યાં. ''ઊઠ,







બેટા ! હવે તું ભેટવા યોગ્ય થયો છે. આજ દિવસ સુધી તારો સ્પર્શ પણ પાપરૂપ હતો. આજથી તું પવિત્ર આત્મા બન્યો છે.'' આમ કહી ગુરુ શેલારસીએ લાખાના આખા શરીરે હાથ ફેરવ્યો અને તરત જ લાખાનું શરીર કંચનવર્ણી બની ગયું. તે નિર્મળ અને નિરોગી થઈ ગયો.

સંત શેલારસીએ લાખાને મહામાર્ગનો ઉપદેશ આપ્યો અને એક દિવસનો એ લંપટ લાખો લાખેણા મોતીરૂપે ચમકી રહ્યો.

''હવે મને આપના ચરણમાં દાસ તરીકે સ્વીકારો.'' લાખાએ ગુરુને પ્રાર્થના કરી.

''બેટા! હજી તને મહામાર્ગનો સાચો મુસાફર બનાવવા માટે સત્સંગની જરૂર છે અને એ જ લોયણ જેવી બ્રહ્મજ્ઞાની કુમારિકા આટલામાં બીજી કોઈ નથી. એની સેવામાં રહી તું તારા આત્મજ્ઞાનને દઢ બનાવ.'' આમ કહીને ગુરુએ વિદાય લીધી.

લાખો તો નીતર્યા નિરમળ નીર જેવો થઈને લોયણના શરણમાં આવ્યો. લોયણે તેનો સત્કાર કર્યો અને લાખાને આત્મજ્ઞાનનો ઉપદેશ આપવા લાગ્યાં. કહેવાય છે કે લાખાને વૈરાગ્યભાવ આવી જાય તો પોતાનું શું થાય ? એમ સમજી લાખાની રાણી સૂરજા રોજ લાખા પાછળ પાછળ જતી અને લોયણ અને લાખા વચ્ચે થતી આત્મજ્ઞાનની વાણી સાંભળતી હતી. લાખાને આત્મજ્ઞાન થાય તે પહેલાં તો રાણી સૂરજાને આત્મજ્ઞાન થઈ ગયું !

લાખો લોયણના શરણે ગયા બાદ લોયણે તેને જુદા જુદા ભજનો દ્વારા જ્ઞાન આપ્યું. આ ૮૪ દિવસના આત્મજ્ઞાનની વાણીમાં ચોર્યાસી જેટલાં પદો દ્વારા લોયણે લાખાને સંભળાવ્યાં અને આ ભજનોના પ્રભાવથી લાખાના અંતરનાં તાળાં ખુલી ગયાં. અંતે શીલ અને સાધુત્વનો વિજય થયો. લોયણના પ્રતાપે લાખો આત્મજ્ઞાની ભક્ત બની ગયો.

લોયણના અનેક ભજનોમાં તત્ત્વજ્ઞાન યોગ, માયા, કારણ, સૂક્ષ્મ અને મહાકારકના પૃથક્કરણનો નિર્દેશ આપે છે. આથી એ સમયની ભક્તિ માર્ગને પંથે વળેલી નારી રત્નોમાં ઉચ્ચ અધ્યાત્મિક જ્ઞાનના પરચા પ્રાપ્ત થાય છે.

જી રે લાખા ! વાસણ છોટાને વસ્તુ છે બહુ મોટીજી
એ તો અધિકારીના ઉરમાં ઠેરાય...હાં...હાં....જી...

આવા ભજનમાં અધિકારી સાધક માટે ગ્રહણ કરવા યોગ્ય સદ્બોધ સાદી સીધી ભાષામાં અપાયેલ છે. લોયણ આ સંદર્ભે કહે છે કે : ''હે લાખા! ?આવી ઉચ્ચકક્ષાના જ્ઞાનની વાતો બહું મોટી છે. માટે એ નાના પાત્રમાં ટકી શકશે નહિ. માટે યોગ્ય અધિકારીને જ આવી વાતો કહેવી અને ખૂબ ધીરજ રાખીને નિયમપૂર્વક આત્મતત્ત્વને પચાવવું. નહીંતર કહ્યું કારવ્યું સર્વે ફોક છે. હે લાખા ! આત્મકલ્યાણની ઈચ્છાવાળા સાધકે એકાંતમાં જ ભજન કરવું અને એ ભજનના આનંદને અને રહસ્યને કોઈ આગળ







ખોલવા નહીં. કારણ કે, કહી બતાવેલું દાન અને જ્ઞાન એ બંને નિષ્ફળ જાય છે અને લાખા ! શ્રી હરિને મળવું હોય તો દંભ અને આડંબરનો ત્યાગ કરવો જોઈએ. બને ત્યાં સુધી સંસારમાં રચ્યા પચ્યા હોય તેવા લોકો સામે જરૂર પૂરતી જ વાતો કરવી. બને ત્યાં સુધી મૌન રહેવું અને લાખા, હું તને ચેતવું છું કે દુર્ગુણી મનુષ્યનો તો ત્યાગ જ કરવો અને સદ્ગુણ ગ્રહણ કરીને જ રહેવું તેનાથી મનુષ્યનું જલ્દી કલ્યાણ થાય છે.''

લોયણના આ પ્રભાવથી લાખો એક ઉત્તમ ભક્ત બની ગયો. જે રીતે તોરલના સંગે જેસલ, અને ગંગાસતીના સંગે પાનબાઈ. લોયણનાં પદો આજે પણ ભજનિકોમાં પ્રિય છે. જે રીતે મીરાબાઈના પદોમાં કૃષ્ણભક્તિના દર્શન થાય છે. તેમ લોયણ, તોરલ અને ગંગાસતીના પદોમાં આત્મજ્ઞાનના દર્શન થાય છે.

□

# ૧૯. સંત બહેણાબાઈ પાઠક

(ઈ.સ. ૧૬૨૮-૧૭૦૦)

મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંત તુકારામ મહારાજનાં એક માત્ર બ્રાહ્મણ શિષ્યા સંત બહેણાબાઈ પાઠકનો જન્મ ઈ.સ. ૧૬૨૮માં ઔરંગાબાદ જિલ્લાના દેવગાંવમાં ગામે થયો હતો. બહેણાબાઈનો વિવાહ ત્રણ વર્ષની ઉંમરે નજીકના જ ગામ શિઉરના ગંગાધર પંત પાઠક સાથે થયો. ત્રીસ વર્ષની ઉંમરના ગંગાધર પંતનું આ દ્વિતીય લગ્ન હતું. તેઓ વેદપાઠી હતા. બહેણાં બાળપણથી જ ઈશ્વરભક્ત હતી. સગાઓ સાથેના કલહને કારણે ઉંમરના આઠમા વર્ષે દેવગાંવ છોડીને બહેણાબાઈ પોતાના માતા, પિતા, પતિ અને ભાઈ સાથે તીર્થયાત્રાએ નીકળી ગયાં. પછી ૧૨ થી ૧૮ વર્ષની ઉંમર સુધી કોલ્હાપુરમાં નિવાસ કર્યો. ત્યાં એમને ગાય-વાછરડું દાનમાં મળ્યું. આ વાછરડું અને બહેણાબાઈનો એકબીજા ઉપર અઢળક પ્રેમ. એ વાછરડું કથા સાંભળવા પણ બહેણાબાઈ સાથે જાય અને કથા સાંભળે. કથામાં સંત તુકારામ મહારાજના અભંગો કથાકાર જયરામ સ્વામીએ ગાયાં. એ તુકોબા-તુકારામ-અભંગવાણી સાંભળી બહેણાબાઈએ મનમાં નિશ્ચિય કર્યો કે 'તુકારામ જ મારા ગુરુ, એમની કૃપા મારા પણ ક્યારે થશે? એની વ્યાકુળતા એમના અંતઃકરણમાં જાગી. પર આ વાત એમના પતિને પસંદ ન હતી.







એમણે બહેણાબાઈને ખૂબ માર્યાં. એ જોઈ વાછરડાએ અન્નત્યાગ કર્યો. છેવટે વાછરડું મૃત્યુ પામ્યું. પણ મૃત્યુ પહેલાં મનુષ્યવાણીથી એણે શ્લોક દ્વારા કહ્યું :'**यत्कृपा तमहं वन्दे परमानंद् माधवम् ।**' વાછરડાના મૃત્યુના દુઃખથી બહેણાબાઈ બેભાન થર્યાં. પણ સંત તુકારામે સ્વપ્નમાં આવીને એમને સાવધ કર્યાં. સ્વપ્નમાં જ બહેણાબાઈને તુકારામ મહારાજે ગુરુમંત્ર પણ આપ્યો. પણ આ બધું અને બહેણાબાઈની લોકોમાં વધતી પ્રતિષ્ઠા એમના પતિને પસંદ ન આવી. છેવટે એમણે નિર્ણય કર્યો કે પત્નીનો ત્યાગ કરીને નીકળી જવું. બહેણાબાઈએ ગુરુને મનમાં પ્રાર્થના કરી કે : 'પ્રપંચ અને પરમાર્થ બંને સાથે થાય એમ હું ઈચ્છું છું. એમ જ થવા દો.' અને ચમત્કાર થયો ! ગંગાધર પંતના શરીરમાં અચાનક ખૂબ જ બળતરા થવા લાગી. જેથી એ પથારીવશ થયા. ઘણા ઉપચાર કરવા છતાં કંઈ ફેર પડ્યો નહીં. ત્યારે ગંગાધર પંતે તુકારામ મહારાજને પ્રાર્થના કરી. એમની કૃપાથી તેઓ રોગમુક્ત થયા. તેમનામાં પરિવર્તન આવ્યું. ગંગાધર પંત બહેણાંબાઈ સૌ સંત તુકારામ પાસે દેહૂ ગયાં. ત્યાં બહેણાંબાઈને તુકારામ મહારાજના પ્રત્યક્ષ દર્શન થયા અને તેમની કૃપા પ્રાપ્ત થઈ. એમણે ત્રણ દિવસ અને રાત સમાધિ અવસ્થા પ્રાપ્ત કરી. સમાધિમાંથી સંત તુકારામ મહારાજે એમને જાગ્રત કરી કવિત્વનું વરદાન આપ્યું. દેહુમાં બે-ત્રણ વર્ષ રહ્યા પછી બધાં પોતાના ગામ શિઉરમાં પરત આવ્યાં. બાકીનું જીવન બહેણાબાઈએ શિઉરમાં જ પસાર કર્યું.

કીર્તન દ્વારા એમણે સમાજ પ્રબોધન કર્યું. અભંગ, શ્લોક, પદો, ભારૂડ, ઓવી આમ બધા પ્રકારની કાવ્યરચના એમણે કરી. જેની સંખ્યા લગભગ ૭૨૯ જેટલી થાય છે. સંખ્યા અને ગુણવત્તા બંને રીતે સારસ્વત-મહારાષ્ટ્રને એમનું આ મોટું યોગદાન છે.

પોતાના અવસાનની એમને ૧૮ દિવસ પહેલાં ખબર પડી હતી. એમણે પોતાના પુત્ર વિઠલ પંતને પોતાના ૧૨ પૂર્વજન્મોનું કથન કર્યું હતું. જાતિસ્મરત્વની આ અપૂર્વ સિદ્ધિ તેમને પ્રાપ્ત થઈ હતી. પોતે યોગમાર્ગથી કેવી રીતે શરીરનો ત્યાગ કરશે એ પણ પોતાના પુત્ર વિઠલ પંતને કરી હતી. તેમનું નિર્વાણ સને ૧૭૦૦માં યોગ દ્વારા ૭૨ વર્ષની વયે થયું.

મહારાષ્ટ્રની અન્ય સ્ત્રી સંતો સાથે તુલના કરીએ તો પ્રપંચ સાથે પરમાર્થ કરનારાં આ એક માત્ર સ્ત્રી સંત હતાં. પ્રપંચ માટે પતિવ્રતાધર્મનું પાલન કર્યું. પણ પરમાર્થ માટે સદ્ગુરુનો આશરો કર્યો. પતિવ્રતા ધર્મ અને સદ્ગુરુ કૃપા દ્વારા અત્યંત ક્રોધી અને વિરોધી પતિમાં પરિવર્તન આવ્યું, જેથી એ પણ તુકારામના જ શિષ્ય થયા.

એક બ્રાહ્મણ સ્ત્રીએ તે સમયમાં સંત તુકારામ જેવા શુદ્ર જાતિના ગુરુ કર્યા. એમાં એમના ક્રાંતિકારી વિચારો જ હતા. એ માટે એમણે પતિનો અને સમાજનો વિરોધ સહન કર્યો અને એમણે જડબેસલાખ જવાબ પણ આપ્યો. એમણે ઘણા અભંગો લખીને 'સાચા બ્રાહ્મણ' ના લક્ષણો સમજાવ્યાં.







'વ્રજ, સૂચિ, ઉપનિષદ' ઉપર એમણે ભાષ્ય રચ્યું. 'બ્રહ્મ જાણે એજ બ્રાહ્મણ' અને તેને કારણે તુકારામ શુદ્ર હોવા છતાં એમનામાં સાચા બ્રાહ્મણનાં લક્ષણો હતાં. એવું સંત બહેણાંબાઈએ એમના ગ્રંથમાં પૂરવાર કર્યું છે.

ભારતીયોનો પુનર્જન્મનો ખયાલ, સિદ્ધાંત બહેણાંબાઈના પૂર્વજન્મકથનથી સિદ્ધ થાય છે. સંત બહેણાંબાઈએ તો બાર પૂર્વજન્મોનું વિસ્તારથી વર્ણન કરેલ છે. અને તેરમા, જન્મનું પણ લખેલ આત્મચરિત્ર એ એમના કાવ્યની વિશેષતા છે. આટલું વિગતવાર વર્ણન અન્યત્ર જોવા મળતું નથી. ખાસ ઉલ્લેખનીય બાબત તો એ છે કે આ તેરે તેર જન્મો સ્ત્રીના જ હતાં. સ્ત્રી જન્મમાં મુક્તિ નહીં મળે એવી વાત કરનારાઓએ આ તરફ ખાસ ધ્યાન આપવું જોઈએ.

બહેણાંબાઈનો કાવ્યરસ અલંકારોથી પરિપૂર્ણ તો છે જ. પણ આત્માનુંભૂતિ વ્યક્ત કરનાર અભંગો તેમજ ઉપદેશ, કરુણા, જ્ઞાન, કર્મયોગ, મન, ભક્તિ, સંત એવા વિવિધ વિષયો પર એમની કાવ્ય રચનાઓ છે. એમાં ખાસ ઉલ્લેખનીય છે એમના તત્ત્વજ્ઞાનનું વિવેચન કરતાં અભંગો, જાણીતા પ્રજ્ઞાચક્ષુ સંત ગુલાબરાવ મહારાજ કહે છે : ''બહેણાંબાઈનું વેદાન્ત જ્ઞાન જોઈ મને મારું જ્ઞાન અધુરું લાગ્યું.'' સંત બહેણાંબાઈએ તત્ત્વજ્ઞાનનું જેટલું સુંદર રીતે નાના નાના અભંગોનું વિવેચન કર્યું છે એવું એમના ગુરુ સંત તુકારામે પણ કર્યું નથી.

સંત બહેણાંબાઈ સમાજમાં ફેલાયેલા અનિષ્ટ તત્ત્વોને દૂર કરવા કમર કસી હતી. તો આધ્યાત્મિક ક્ષેત્રે પણ એમનું કાર્ય ઉમદા હતું. એમના કાવ્યોમાંથી પ્રગટતા આત્માનુભૂતિના ઉદ્‌ગારો, કાવ્યોમાંથી પ્રકટતા વિવિધ અલંકારો અને રસો, એમના પોતાના બાર પૂર્વજન્મોનું કથન, પોતાના નિર્વાણનું પોતે જ કરેલ કથન વગેરે બહેણાંબાઈને એક આધ્યાત્મિક સંત તરીકે સ્થાપે છે. સંત બહેણાંબાઈનો સંપૂર્ણ અભ્યાસ સુશ્રી શાલિની બહેન અ. જાવડેકરે એમના સંપાદિત ગ્રંથ 'બહેણાંબાંઈચા ગાથા'માં કરેલ છે.

□







# ૧૭. સંત તુકારામ

(ઈ.સ.૧૬૫૦-૧૭૦૭)

મહારાષ્ટ્રના સંતોમાં સંત તુકારામનું નામ પ્રાતઃ સ્મરણીય રહ્યું છે. નરસિંહ મહેતાનાં પદોની જેમ તેમનાં અભંગો ઘરેઘરનું ઘરેણું બની ગયાં છે. તેઓ માત્ર કવિ નહોતા પણ નિઃસીમ ભગવદ્ ભક્ત પણ હતા.

સંત તુકારામનો જન્મ પુનાથી નજીક આવેલ દેહુ ગામના કણબીકુળમાં શાલિવાહન શક સંવત ૧૫૭૧ ઈ.સ. ૧૬૫૦માં થયો હતો. પિતા વોલ્હાબા વહેપારી હતા. મોટી ઉંમર અને અશક્તિને કારણે વહેપાર જયેષ્ઠ પુત્ર સાવજીને કરવા માટે સમજાવ્યા પણ સાવજી તો ભક્તિ પરાયણ જીવન પસાર કરતા હતા. વેપારમાં તેમનું ચિત્ત ન ચોંટ્યુ. એટલે તુકારામે તેમની ૧૩ વર્ષની ઉંમરે પિતાનો વહેપાર હસ્તગત કર્યો. વહેપાર સારો ચાલતાં તેમને સંતોષ થયો અને તેમનું લગ્ન એક બીમાર - દમની રોગી - કન્યા સાથે થયું હોવા છતાં પુનાના એક વહેપારી - અપ્પાજી ગુપવ્યા એ પોતાની પુત્રી જીજાબાઈનું લગ્ન તુકારામ સાથે કર્યું.

ચાર વર્ષ બાદ તુકારામના માતા-પિતાનું અવસાન થયું. ૧૭ વર્ષના તુકારામને માથે તો જાણે આભ તૂટી પડ્યું. મોટાભાઈ સાવજી તો ભક્તિમાં તન્મય થઈ ગયા હતા. વળી, સાવજીની

પત્નીનું પણ અવસાન થતાં સાવજીએ ગૃહત્યાગ કરી યાત્રાએ નીકળી પડ્યા. તુકારામની તો બધી જ દીશાઓનાં બારણાં બંધ થઈ ગયાં. જેથી વહેપારમાં પણ ખોટ આવવા લાગી. પ્રથમ પત્નીનું દમના રોગના કારણે અવસાન થયું. બીજી પત્ની તો વહેપારીની પુત્રી હતી એટલે મદમાં છકેલી અને કંકાસી હતી. તેઓ જીવનથી હારી ગયા. તેમને સંતાનોમાં બે પુત્ર અને ત્રણ પુત્રીઓ- કાશી, ભાગરથી અને ગંગા હતી. પુત્રનું અવસાન થયું અને ત્રણે પુત્રીઓને પોતાની જ્ઞાતિમાં જ પરણાવી.

દિવસે દિવસે તુકારામની આર્થિક સ્થિતિ બગડવા લાગી. અંદરથી વૈરાગ્ય ઉત્પન્ન થયો અને અંતઃકરણથી વિરક્તિને કારણે ઈશ્વર સ્મરણ શરૂ કર્યું. પરંતુ માત્ર ઈશ્વર સ્મરણથી પેટ ભરાતું નથી. તેમની પત્ની તેમને ખૂબ જ ત્રાસ આપતી હતી. સતત કડવાં વચન સંભળાવતી. ઘરે કોઈ સંત - સાધુ આવે તો તે ધુત્કારતી. આથી તુકારામ જીવનથી કંટાળી ગયા અને જંગલમાં ચાલ્યા ગયા. પરંતુ જેનાથી જીવન જોડાયું છે એ કંકાસી પત્નીએ તેમને શોધી કાઢ્યા અને તુકારામને ઘરે આવવા સમજાવ્યા. પત્નીએ પણ કંકાસ ન કરવાનું વચન આપ્યું !

શરૂઆતમાં તુકારામ કથા કરીને પોતાનો નિર્વાહ ચલાવતા હતા. કથા કરીને સંસાર નિર્વાહ પૂરતું તેમને મળી રહેતું. તેમણે કથાને







વધુ રસપ્રદ બનાવવા માટે સંત નામદેવના અભંગો અને કબીરજીની સાખીઓ પદો અને કવિતાઓને મોઢે કરી. જેથી કથા દરમિયાન પ્રસંગને અનુરૂપ રજૂ કરવામાં આવે તો કથારસ અને લોકરસ જળવાઈ રહે. એ જાણતા હતા કે માત્ર પૌરાણિક કથાનકોને રજૂ કરવાથી કથારસ અને લોકરસ જળવાઈ ન રહે. તે માટે પૌરાણિક કથાનકોની સાથે સાથે જ્ઞાનેશ્વરી, એકનાથી ભાગવત, રુકમણી સ્વયંવર, ભાવાર્થ રામાયણ, યોગવાષિષ્ટ, અમૃતાનુભવ વગેરે આધ્યાત્મિક ગ્રંથોનો અભ્યાસ કર્યો. એ ઉપરાંત શ્રીમદ્ ભાગવત, ભગવદ્ ગીતા અને બીજાં પુરાણો અને સ્ફૂટ કથાઓ પણ અન્ય કથાકારોને કંઠે સાંભળી તેથી તેમને વધુ યાદ રહેવા લાગ્યું. આ ગ્રંથોના અભ્યાસે તેમની આધ્યાત્મિક ચેતના વધુ બળવત્તર બની. તેમની કથા વધુ રસપ્રદ બનવા લાગી અને લોકો તેમને રસી સાંભળવા લાગ્યા. મહારાષ્ટ્રના ગામે ગામ અને સ્થળે સ્થળે તેમની ખ્યાતિ વધવા લાગી. તેઓ અગિયારસનું વ્રત નિયમિત કરતા હતા.

**॥ व्रतोपासनादिना ब्राह्मणैर्विष्णुरे वाराध्यः ॥**

એ સિદ્ધાંત અનુસાર વૈષ્ણવ ભક્તો વ્રત અને ઉપવાસ દ્વારા ભગવાન શ્રી વિષ્ણુની આરાધના કરે છે. સમસ્ત વ્રતોમાં વૈષ્ણવો માટે 'એકાદશીનું વ્રત' અત્યંત પાવનકારી અને પરમપદને આપનારું વ્રત છે. સુવિખ્યાત વૈષ્ણવગ્રંથ 'તત્ત્વસાગર'માં લખ્યું છે.

''एकादशीसमं किंचित् पावनम् न च विद्यते ।

स्वर्गमोक्षप्रदा ह्येषा राजपुत्र प्रदायिनी ॥''

અર્થાત્ :

''એકાદશી સમાન બીજું કોઈ વ્રત પાવનકારી નથી. એ વ્રતના આચરણથી સ્વર્ગ,મોક્ષ, રાજ્ય, તથા પુત્રની પ્રાપ્તિ થાય છે.''

તુકારામ પણ વૈષ્ણવભક્ત હતા અને પંઢરીનાથની ભક્તિ કરતા રહ્યા. વેદો, પૂરાણોના સતત અભ્યાસને કારણે અને ઈશ્વર પ્રત્યેની અતૂટ શ્રદ્ધાને કારણે તેમની મૌલિક પ્રતિભા ખીલી ઊઠી અને તેઓ અભંગો લખવા લાગ્યા. એમના અભંગો સરળબાની, આધ્યાત્મિક તત્ત્વ અને ભક્તિતરસને કારણે સમગ્ર મહારાષ્ટ્રમાં લોકપ્રિય થયા અને લોકકંઠે રમતાં થયાં.

સંતોની સાથે સાથે ચમત્કારો પણ અવિનાભાવી સંબંધે જોડાયેલા જ હોય છે. સંત તુકારામના જીવનમાં અને સંત તુકારામ દ્વારા થયેલા ચમત્કારોનું પણ વિવિધ પુસ્તકોમાં અને લોકોક્તિ દ્વારા પ્રકટ થયેલ છે :

તુકારામનો મોટો પુત્ર જ્યારે નાનો હતો. ત્યારે તે બિમાર થયો. કોઈ કારણસર તેનો પેશાબ બંધ થયો. જીજાબાઈએ પંઢરીનાથને પ્રાર્થના કરી અને મંદિરમાં લઈ ગઈ. આમેય આ બાઈ તો કંકાસી હતી જ. એટલે તેને પુત્ર ઉપર અને તુકારામ ઉપર ગુસ્સો







આવ્યો અને કહ્યું : ''લે કાળિયા, આ તારો છોકરો તેં આપ્યો છે, તો તું લઈ લે ?'' એમ કહીને બાળકને ભગવાનની મૂર્તિમાં પછાડવા ગઈ ત્યાં જ એક ધ્વનિ સંભળાયો : ''તારા પુત્રની બિમારી ચાલી ગઈ છે. તેને તું ઘરે લઈ જા...!'' જુએ છે તો બાળકને પેશાબ થવા લાગ્યો. તરત જ તેને મંદિર બહાર લઈ ગઈ. પેટ હળવું થયું. ઘેર ગયા પછી બાળકે ખાવાનું માગ્યું. જમ્યા પછી તરત જ તેને ઊંઘ આવી ગઈ. તે રોગમુક્ત થઈ ગયો. 'આ તો પંઢરીનાથની કૃપા હતી.' તેમ તુકારામે જીજાબાઈને કહ્યું. આ પ્રસંગ પછી સંતતુકારામની ખ્યાતિ વધવા લાગી.

એક વખત ચિંચવડ ગામમાં એક પ્રખર ગણપતિ ભક્ત ચિંતામણી દેવ રહેતા હતા. તેમણે તુકારામને પોતાને ઘેર જમવાનું નિમંત્રણ આપ્યું. તુકારામ તો તેમને ત્યાં જમવા ગયા. પંગત પડી ત્યારે તુકારામની બાજુમાં જ ચિંતામણી દેવે બે પાત્રો વધારાના મૂક્યાં ! તુકારામે આ વધારાનાં પાત્રો વિશે ચિંતામણી દેવને કહ્યું. ત્યારે ચિંતામણી દેવે કહ્યું : ''આ બે પાત્રો ગણપતિ અને વિઠોબાના છે. તેમને જમાડ્યા વિના હું જમતો નથી.''

''એ વાત સાચી, પણ આ બે પાત્રો મારી બાજુમાં શું કામ મૂક્યાં ? આપની બાજુમાં મૂકો તો આપની સાથે ગણપતિ અને વિઠોબા જમશે !'' તુકારામે કહ્યું :

''એ તો રોજ મારી સાથે જમે છે, પણ આજે એ તમારી સાથે જમવા બેસેશે !''

ચિંતામણી દેવે ગણપતિ અને વિઠોબાને પ્રાર્થના કરી જમવા માટે આહ્વાન આપ્યું. પણ કેળના પાત્રમાં પિરસેલી રસોઈ ઓછી ન થઈ. ચિંતામણી દેવને તો આશ્ચર્ય થયું. 'રોજ જમવા આવતા ગણપતિ અને વિઠોબા આજ જમવા કેમ ન આવ્યા !' તેનો અહમ્ ઓગળી ગયો અને તુકારામને આહ્વાન આપવા માટે વિનંતી કરી. તુકારમે પૂરી શ્રદ્ધાથી અને ભક્તિથી ગણપતિ અને વિઠોબાને પ્રાર્થના કરી અને જમવા માટે આહ્વાન આપ્યું. જોત જોતામાં તો કેળના પાનના પાત્રોમાંથી ભોજન આરોગાઈ ગયું. આ પ્રમાણે જમવા માટે આવેલ ભગવાનના દર્શન તુકારામ તથા ચિંતામણી દેવને થયાં, પણ ઉપસ્થિત અન્ય કોઈને થયાં નહિ. હા, બધાંએ એટલું તો જોયું કે પાન ઉપર પિરસેલ અન્ન ઓછું થઈ ગયું ! પાત્રો ખાલી થઈ ગયાં હતાં ! આ ચમત્કાર જોઈ ચિંતામણી દેવ પ્રસન્ન થયા અને તુકારામનું ઘણું ગૌરવ કર્યું. ભોજન પછી તુકારામ તેમના ગામ ગયા. ત્યાં લોકોને જ્યારે આ ઘટનાની જાણ થઈ. ત્યારે તેમનું ભવ્ય સામૈયું કરી સન્માન કર્યું.

એક વખત શિવાજી મહારાજ તુકારામની કથામાં બેઠા હતા. તે સમયે તેમનો દૂત એક સંદેશો આપી ગયો કે, તેમને પકડવા માટે ચાકણના કિલ્લામાં રહેતો મુસલમાન અધિકારીએ સિપાઈઓને મોકલ્યા છે. આ વાતની જાણ થતાં જ શિવાજી ઊભા થયા અને તુકારામના ચરણસ્પર્શ કર્યો અને સ્થળ છોડવાની આજ્ઞા







માગી. પણ તુકારામે શિવાજીને સ્થળ છોડવાની આજ્ઞા ન આપી. થોડાક જ સમયમાં સિપાઈઓ આવી ગયા. તુકારામે વિઠોબાને પ્રાર્થના કરી. એવો ચમત્કાર થયો કે ત્યાં બેઠેલા બધા જ શિવાજી, શિવાજી દેખાવા લાગયા ! તેથી અસલી શિવાજી કોણ ? તેવી ભ્રાંતિ થતાં જ શિવાજીને પકડ્યા વગર જ પાછા વળ્યા.

સંત તુકારામને તેમનો અંતકાળ નજીક આવી રહ્યો છે તેવી અનુભૂતિ થવા લાગી. તેઓ કહેતા : ''હવે વૈકુંઠમાં જવાનો સમય આવી ગયો છે. થોડા સમય બાદ ચમત્કાર થયો કે 'પુષ્પક નામના વિમાનમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રિમૂર્તિની સાથે સાથે યક્ષ, ગંધર્વ, કિન્નર, અપ્સરા વગેરે પણ આવ્યા. તુકારામનું શરીર દિવ્ય અને તેજપુંજથી દેદિપ્યમાન થઈ ઊઠ્યું. તુકારામના ભક્તોની આંખો અંજાઈ ગઈ. આકાશમાંથી જયઘોષ સંભળાવા લાગ્યો. દેવોએ તુકારામને સદેહે બેસાડ્યા અને આકાશમાર્ગે વિમાન જવા લાગ્યું. લોકો ભાનમાં આવ્યા ત્યારે તુકારામનો દિવ્યદેહ ત્યાં નહોતો. આ જોઈને ભક્તજનોમાં શોક વ્યાપી ગયો.'' આ તો તુકારામનું સ્વપ્ન હતું. જે તેમણે પોતાની પત્નીને કહી સંભળાવ્યું. આ સાંભળી જીજાબાઈને ઘણું જ દુઃખ થયું. તે સમયે જીજાબાઈએ જે આક્રંદ કર્યુ તેનું વર્ણન કરી શકાય તેમ નથી. તે પછી તુકારામ ગુપ્ત થયા - શાલીવાહન શક સંવત ૧૬૨૮ (૧૭૦૭) ફાગણ વદી પાંચમ - જાણીને તેમના બે પુત્રો મહાદેવ

અને વીઠોબા બંને ઘણો જ શોક કરવા લાગ્યા. ત્યાં ભેગા થયેલા ભક્તજનોને એમ થયું કે કદાચ સાંજ સુધીમાં પાછા આવશે. તેથી તેઓ ત્યાં જ ઈન્દ્રાયણી નદીના કિનારે બેસી રહ્યા. આખરે ભક્તજનો નિરાશ થઈને પોતપોતાને ઘેર જતા રહ્યા.

વાયુવેગે વાત દેહુમાં અને આજુબાજુના ગામોમાં પ્રસરી ગઈ. લોકોને આ વાત સાચી લાગી નહિ. પણ ઘણાને આ ઘટનામાં સત્ય છે એમ થવા લાગ્યું. ખાસ કરીને તેમના ચૌદ ભક્તો ઈન્દ્રાયણી નદીને કિનારે બેસી રહ્યા. આ ભક્તોમાં ખાસ તો: રામેશ્વર, તુકારામનો ભાઈ કનૈયો, ગંગાજી, મવાળ, કડુસકર, કોંડોબા વિપ્ર, સંતાજી તેલી અને બીજા નવ જણા ત્યાં બેઠા અને નિશ્ચય કર્યો કે એક વખત જો તુકારામના દર્શન થાય તો જ જીવતા રહેવું. આ સમયે કનૈયાએ શોકોર્મિ ઘણાં અભંગો પણ લખ્યાં, પણ આ પ્રમાણે ત્રણ દિવસો વીત્યા બાદ ચોથે દિવસે તુકારામની કરતાલ અને તેમના શરીર ઉપર રહેતી ગોદડી ઉપરથી નીચે પડી અને સાથે કેટલાક અભંગો પણ લખાઈ આવ્યા. આ જોઈ બધા ભક્તોમાં હર્ષની લાગણી પ્રસરી ગઈ. ગામેગામના ભક્તજનો જોવા આવ્યા અને કહેવા લાગ્યા કે આ પ્રતિકોમાં જ તુકારામનાં દર્શન થયા છે.





હવે પ્રશ્ન એવો થયો કે તુકારામની પૂણ્યતિથી કઈ માનવી ? રામેશ્વર ભટ્ટને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે જણાવ્યું કે 'તુકારામ ક્રિયાકર્મ વિરહિત હતા અને તેમના દેહનું અહીં પતન થયું ન હતું છતાં પણ ગોદડી, કરતાલ અને તેમના લખેલાં અભંગો પાંચમને દિવસે જ મળેલ હોવાથી ફાગણવદી પાંચમે તેમની પૂણ્યતિથી માનવી અને તે દિવેસ જ સાધુ સંતો ભક્તજનોએ હરિકિર્તન કરવું. આજે પણ એ પ્રમાણે જ તુકારામની પૂણ્યતિથિ મનાવવામાં આવે છે.'

□

# ૧૮.સંત સુન્દરદાસજી

(ઈ.સ.૧૫૯૭-૧૬૯૦)

અકબર બાદશાહે દાદુ દયાળને પૂછ્યું, કે આ જ્ઞાન તમે ક્યા પુસ્તકોમાંથી મેળવ્યું છે ? ત્યારે મહાત્મા દાદુ દયાળે જવાબ આપ્યો કે : ''આ શરીર મારું પુસ્તક છે. એમાં દયાળુ પરમાત્મા એનો સંદેશો લખે છે. એ સંદેશો હું તમને વાંચી સંભળાવું છું.''

આવો જવાબ આપનાર મહાત્મા દાદુ દયાળના આશીર્વાદથી જેમનો જન્મ થયો હતો તે સુન્દરદાસજીનો જન્મ પ્રાચીન નગરી જયપુરની પ્રાચીન રાજધાની ઘોસા નગરીમાં બુસર ગોત્રના ખંડેલવાલ વણિક જાતિમાં સંવત ૧૬૫૩ (ઈ.સ.૧૫૯૭) ના ચૈત્ર સુદ નોમને દિવસે થયો હતો. તેમના પિતાનું નામ : પરમાનંદજી અથવા તો ચોખા હતું અને માતાનું નામ : સતી હતું. માતા આંબેરના સોંકિયા ગોત્રના ખંડેલવાલ વણિકનાં પુત્રી હતાં.

માધવદાસ કૃત 'સંત સાગર' અને દાદુ સંપ્રદાયની પ્રચલિત માન્યતાઓથી જાણવા મળે છે કે, દાદુના શિષ્ય જગ્ગાજીએ ભૂલથી આંબેરમાં સતી બાલિકાને 'પુત્રવતી ભવ' તેવા આશીર્વાદ આપ્યા. તેના પ્રાયશ્ચિતરૂપે જગ્ગાજીએ શરીરનો ત્યાગ કર્યો અને સતી કન્યાના ગર્ભમાં પ્રવેશ કરી પુનઃજન્મ લેવો પડ્યો. જગ્ગાજીનો પુનર્જન્મ તે સુન્દરદાસજી.







સંવત ૧૬૫૮માં સંત દાદુ દયાળ ઘોસા આવ્યા ત્યારે પરમાનંદ (ચોખા) શાહુકારે બાળક સુંદરને તેમના ચરણમાં અર્પણ કર્યો. ત્યારથી સુંદરદાસજી દાદુ દયાળના શિષ્ય કહેવાયા. તે વખતે સુંદરદાસજીની ઉંમર પાંચ વર્ષની હતી. તેઓ દાદુ દયાળના શિષ્ય જગજીવનદાસજી સાથે ધ્હલડી પહાડીના નારાયણ કસ્બામાં આવ્યા. તેમની સાથે દાદુ દયાળનો વધુ વખત સત્સંગ નહીં હોય. તે સંવત ૧૬૬૦ (ઈ.સ.૧૬૦૪)માં અવસાન પામ્યા. ત્યારે સુન્દરદાસજીની ઉંમર સાત વર્ષની હતી અને સુંદરદાસજી જગજીવનદાસજીના સાનિધ્યમાં જ્ઞાન મેળવતા રહ્યા.

સુન્દરદાસજીને તો માત્ર પાંચ વર્ષની આયુમાં જ ગુરુ દાદુ દયાળે દીક્ષા આપી હતી. ત્યારથી જ તેમને આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થયું હતું. બીજું કે પૂર્વજન્મના સંચિત જ્ઞાનને કારણે પણ તેમનામાં અદ્ભૂત આધ્યાત્કિમ જ્ઞાન હતું. નમ્ર સ્વભાવ, દાસના પણ દાસ, મધુરવાણીને કારણે તેઓ સર્વ પ્રિય થઈ ગયા હતા. જગજીવનદાસના સત્સંગથી તેમણે દાદુવાણીનો પણ અભ્યાસ કર્યો હતો. જેને કારણે તેમનામાં કવિત્વશક્તિનો પણ પ્રાદુર્ભાવ થયો હતો.

અગિયાર વર્ષની ઉંમરે જગજીવનદાસ સાથે તેઓ નારાયણનગરમાં દાદુદ્વારના સમૈયામાં ગયા. ત્યાં તેમને દાદુ દયાળના પટશિષ્ટ ગરીબદાસજીની મુલાકાત થઈ. આ મુલાકાતમાં

તેમને ગરીબદાસની તોછડાઈ અને અહમ્‌નો અનુભવ થયો. તેમણે તરત જ ગરબીદાસના અહમ્ વિશે દુહો સંભળાવ્યો. આથી ગરીબદાસજીનો અહમ્ ઓગળી ગયો.

સંવત ૧૬૬૪માં સુન્દરદાસજી અગિયાર વર્ષની ઉંમરે તેઓ દાદુ દયાળના શિષ્ય રજબજી અને અન્ય સાધુઓ સાથે કાશી ગયા. કાશીમાં તેમણે સંસ્કૃત, હિન્દી વ્યાકરણ અને કોશ તેમજ પટશાસ્ત્ર, પુરાણો, વેદોનો વીસ વર્ષ સુધી અભ્યાસ હાલમાં જ્યાં દાદુ મઠ છે ત્યાં ગંગાકિનારે અસીઘાટમાં રહીને કર્યો. અહીં તેમણે 'જ્ઞાનસમુદ્ર' ગ્રંથની રચના કરી. આ ગ્રંથમાં તેમણે દેશી છંદો અને સંસ્કૃત વૃત્તોનો પણ પ્રયોગ કર્યો છે. સાથે સાથે ભાષા શુદ્ધિ, ભાષા પ્રત્યેની અભિરૂચિ અને કાવ્યાત્મકબાનીમાં વ્યક્ત થતાં છંદો, અલંકારો, રસનિર્મિતી વગેરે પ્રકટતું જોઈ શકાય છે.

તદ્ ઉપરાંત સુન્દરદાસજીએ સાંખ્ય, યોગ, વેદાંત, ઉપનિષદ, ગીતા, યોગ વશિષ્ટ, શંકર ભાષ્ય વગેરેનો પણ ઊંડો અભ્યાસ, ચિંતન, મનન, કરીને પોતાની શૈલી અને ભાષામાં 'રસપ્રબોધ', 'દશમ્ અષ્ટક', 'સુંદર વિલાસ', 'જ્ઞાન વિલાસ' વગેરે ગ્રંથો પ્રકટ થયા છે. પરંતુ 'સુંદર વિલાસ' અને 'જ્ઞાન વિલાસ' આ બંને ગ્રંથો તેમના કોઈ શિષ્યે તેમની કવિતાઓનું સંકલન કરીને પ્રકટ કરેલ છે. 'જ્ઞાન સમુદ્ર' ગ્રંથ તેમણે સંવત ૧૭૧૦ માં પૂરો કર્યો. તેવું એ ગ્રંથના અંતે મુકેલ દોહરા પરથી જાણી શકાય છે.







પરંતુ આ ગ્રંથની શરૂઆત ક્યારે કરી તે જાણી શકાતું નથી. 'દશમ્ અષ્ટક' ગ્રંથમાં વિવિધ વિષયોનું પ્રતિપાદન થયેલું જોઈ શકાય છે. તે ગ્રંથમાંથી પ્રકટતી કવિતામાં પણ વિષય વૈવિધ્ય અને રસસમૃદ્ધિ જોવા મળે છે. તેમણે રચેલા કેટલાક અષ્ટક તો હજી પણ અપ્રકટ રહ્યા છે.

'સુંદર વિલાસ' ગ્રંથ ૩૪ પ્રકરણો (અંગ)માં વહેંચાયેલો છે. આ ગ્રંથમાં સુંદરદાસજીએ બધા મળીને કુલ ૫૪૭ છંદો પ્રયોજ્યા છે. 'જ્ઞાન સમુદ્ર' ગ્રંથમાં પાંચ હુલાસ કર્યા છે. પહેલા હુલાસમાં ગુરુ અને શિષ્યનાં લક્ષણો દર્શાવ્યાં છે. બીજા હુલાસમાં પ્રેમલક્ષણાભક્તિનું નિરુપણ કર્યું છે. ત્રીજામાં યોગ માર્ગ, ચોથામાં સાંખ્યતત્ત્વનું અને પાંચમા હુલાસમાં ચાર અભાવ વર્ણવીને અધ્યાત્મિક જ્ઞાનનું સ્વરૂપ દર્શાવ્યું છે. એવી જ રીતે 'જ્ઞાન વિલાસ' અને 'સુંદર વિલાસ' એ બે ગ્રંથોમાં ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને ત્યાગનું મહત્ત્વ સમજાવતાં વર્ણનો કર્યાં છે.

સ્વામી સુંદરદાસજીએ પિંગળનો અભ્યાસ કર્યો હતો. જેને કારણે ઉત્તમ કવિત અને પદની રચના પણ કરતા હતા. જેમાં વિવિધ છંદ અને અલંકારોનો પ્રયોગ જોવા મળે છે. તો વાણીની રસિકતા પણ અસરકારક રીતે પ્રકટતી જોઈ શકાય છે.

કેટલાક શિષ્યો અને ગુરુભાઈઓ સાથે કાશીથી પોતે દાદુદ્વારા, નારાયણ, ડીડવાણા વગેરે અનેક સ્થળોનો પ્રવાસ કરતાં

કરતાં જયપુર, શેખાવટી, પ્રાંતવર્તી અને ફતેહપુરમાં સંવત ૧૬૮૨ કારતક વદ ચૌદશના દિવસે આવ્યા. ત્યાં વયોવૃદ્ધ ગુરુભાઈ પ્રયાગદાસજીએ રોકાઈ જવા માટે અતિઆગ્રહ કર્યો અને તેઓ ફતેપુરમાં રોકાઈ ગયા. તેમના શિષ્યો અને ભક્તોએ તેમને માટે આશ્રમ (મઠ) બનાવી આપ્યો. અને ત્યાં તેઓ બાર વરસ સુધી ત્યાગ અને વૈરાગ્ય સાથે અન્ય સાત સંતોએ યોગાભ્યાસ કર્યો. સાથે સાથે ભજન-કિર્તન અને ધ્યાનાદિ પણ કરતા રહ્યા. અહીં સુંદરદાસજીની પ્રતિષ્ટા અને ખ્યાતી ખૂબ વધી. તેમનામાં વિદ્યાબળ, યોગબળ, તપોબળ, બુદ્ધિબળ, અને કાવ્યશક્તિ વધવા લાગી અને તેમાં તેમણે સિદ્ધિ અને પ્રસિદ્ધિ બંને મેળવ્યા.

તેમની આ સિદ્ધિ અને પ્રસિદ્ધિને કારણે ફતેપુરના નવાબ અલફખાં તેમના સત્સંગમાં આવ્યા અને તેમની પવિત્ર અને આધ્યાત્મિક વાણીથી ઘણા પ્રસન્ન થયા. આ અલફખાંએ તેમની પાસેથી માર્ગદર્શન મેળવીને પોતે પણ કવિતા કરતા હતા અને એક સારા કવિ તરીકે પ્રતિષ્ટા પામ્યા. તેઓ 'જાન કવિ' તખલ્લુસથી લખતા હતા. તેમણે ચાર કાવ્યગ્રંથો લખ્યા હતા. તેમના પુત્ર દોલતખાને સ્વામી સુંદરદાસજીની અપ્રતિમ સેવા કરી અને તેનું તેણે ફળ પણ પ્રાપ્ત થયું હતું.

ક્યારેક ક્યારેક સ્વામી સુંદરદાસજી સત્સંગ માટે સાંગાનેર (રજબજીની પાસે), નારાયણનગર દાદુ દ્વારમાં અથવા જ્યાં જ્યાં





દાદુ દયાળ ગયા હતા અથવા જ્યાં રહ્યા હતા તે તે સ્થળે તેઓએ આધ્યાત્મિક પ્રવાસ પણ કર્યા હતા. તેમાં ખાસ તો : સાંભર, આંબેર, કલ્યાણપુર, દિલ્હી, આગરા, લાહોર, બિહાર, ગુજરાત, મારવાડ, મેવાડ અને માળવા વગેરે સ્થળે પણ સત્સંગ અર્થે અને દાદુ દયાળનો સંદેશ અને જ્ઞાનનું વિસ્તરણ કરવા ગયા હતા. જેનું વર્ણન તેમણે રચેલ ગ્રંથ 'દેશ રટણ કે સવૈયા'માંથી જાણી શકાય છે.

કાશીના સંસ્કૃતના પંડિતોના સંસર્ગથી, સંતોના સંપર્કથી અને અનેક ગ્રંથોના સઘન અભ્યાસથી તેમના યોગ, અભ્યાસ અને અનુભવથી તેમણે ૪૨ ગ્રંથો લખ્યા છે : 'જ્ઞાન સમુદ્ર', 'સર્વાંગ યોગ', 'પંચેન્દ્રિય', 'સુખ સમાધિ', 'સ્વપ્ન બોધ', 'વેદ વિચાર', 'ઉક્ત અનુભવ', 'અદ્‌ભૂત અનુભવ', 'પંચ પ્રભાવ', 'ગુરુ સંપ્રદાય', 'ગુણ ઉત્પત્તિ', 'સદ્‌ગુરુ મહિમા', 'બાવની', 'ગુરુ દયાષટપદી', 'બ્રહ્મ વિદ્ધંશ', 'ગુરૂ-કૃપા', 'ગુરુ ઉપદેશ', 'ગુરુદેવ મહિમા', 'રામજી', 'નામ', 'આત્મા અચલ', 'પંજાબી ભાષા', 'બ્રહ્મ સ્ત્રોત', 'પીર મુરીદ', 'અજબ ખ્યાલ', 'જ્ઞાન ઝૂલના', 'સહજાનંદ', 'ગૃહ વૈરાગ્ય બોધ', 'પવંગમ', 'અડિલ્લા', 'મડિલ્લા', 'બારહમાસા', 'આયુર્બલભેદ', 'ત્રિવિધ અંતઃકરણ', 'પૂર્વી ભાષા બરવૈ', 'સુંદર વિલાસ', 'સાખી', 'પદભજન', 'ફુટકાવ્ય'.

ગ્રંથ 'પંચેન્દ્રિય' થી 'પૂર્વીભાષા બરવૈ' સુધીના લઘુગ્રંથો છે. 'કુટકાવ્ય' સંગ્રહમાં કાવ્ય ચાતુરીના છંદ છે. અહીં આ લખાયેલ રચનાઓ : 'ચૌબાલા', 'ગૂઢાર્થ', 'આદ્યક્ષરી', 'આદ્યાન્તા ક્ષરી', 'મધ્યાક્ષરી', 'ચિત્રકાવ્ય', 'કવિતા લક્ષણા', 'નવનિધિ', 'અષ્ટ સિદ્ધિ', 'સંખ્યા વાચક', 'અધ્યાત્મિક છપ્પય', 'અન્તર્લાયિકા', 'બહિર્લાયિકા', 'સંસ્કૃત શ્લોક', 'અંત સમયની સાખી' અને 'દેશારટન' કે 'સવૈયે' વગેરે રચનાઓ ઈશ્વર સંબંધી અને શાંત રસ, ભક્તિ, જ્ઞાન, શિક્ષા, નીતિ અને ઉપદેશથી ભરપૂર છે. નિકૃષ્ટ રસ અને નાયિકાભેદનું ખંડન છે. ભાષા અને રચનાના પ્રકાર રાજપૂતાની અને ખડીબોલી નિશ્ચિત સુમિષ્ટ મનોરંજક ભાષા પ્રયોગ અહીં ધ્યાનાર્હ બને છે.

આવી સુંદર રચનાઓ દ્વારા સાહિત્ય જગત ઉપર મોટો ઉપકાર કર્યો છે. તેમ કહેવામાં કશી જ અતિશયોક્તિ નથી. તેમનો હેતુ માત્ર પરોપકારનો જ હતો. સુંદરદાસજીએ ફારસી શબ્દ મિશ્રિત પંજાબી, પૂર્વી અને ગુજરાતી ભાષામાં પણ કાવ્ય રચનાઓ કરી છે. તેમની કેટલીક કવિતાઓ તો રહસ્યમય છે. જેને સમજાવ્યા વગર સામાન્ય માણસના પલ્લે પડે તેવી નથી.

તેમનો સર્જનકાળ વિ.સં. ૧૬૬૦ થી ૧૭૪૨ સુધીનો ગણી શકાય છે. સુંદર દાસજીનું મહાત્માપણું, સાધુ શ્રેષ્ઠતા અને કવિયોગ તેમના જીવનકાળ દરમિયાન જ પ્રસિદ્ધિ પામી હતી અને લોકપ્રિય સંત તરીકે રાજસ્થાન, બિહાર, ગુજરાત, પંજાબ પ્રદેશમાં વિશેષ કરીને પ્રસિદ્ધિ પામ્યા હતા. તેમના દેહાંત વિશે એક દોહરા પરથી જાણી શકાય છે.







સાત વરસ સો મે ઘટે, ઈતને દિન કે દેહ,
સુંદર ન્યારો આત્મા, દેહ ખેહ કી કેહ.

એટલે કે તેમનો આયુષ્યકાળ ત્રાણું વર્ષનો થયો અને તેમનું દેહાવસાન વિ.સં. ૧૬૯૦માં થયો. પરંતુ સાંગાનેરના સ્મશાનમાં જે લેખ છે તેમાં 'સંવત સતરસો છ્યાલા, કાર્તિક સુદી અષ્ટમી ઉજીયારા' એવો નિર્દેશ થયેલો છે. અહીં તેમની સ્મૃતિમાં ચબુતરો, છત્રી અને ચરણપાદુકાના નિશાન પણ હતાં. પરંતુ કોઈ દુષ્ટ સાધુને ઈર્ષા આવતાં તે સ્મૃતિ સ્થાનને ઉખેડી નાંખ્યું હતું. પરંતુ તે પહેલાં તેનું ચિત્ર લેવાઈ ગયું હતું. તેથી તેની નકલ સુરક્ષીત રહી ગઈ. ટોડા પાસે મોર ગામમાં પણ સ્થાન, ચરણ, પાદુકા અને પથ્થરમાં કોતરાયેલો લેખ છે. તેમાં તારીખ : ૧૧-૧૧-૧૬૮૬ લખેલ છે. એટલે કે સંવત ૧૭૪૨ ગણાય. પરંતુ ઉપરના દુહા પ્રમાણે તેમના અવસાનનો સમય ગણીએ તો ઈ.સ. ૧૬૯૦ (સંવત : ૧૭૪૬) એ સાચા સમય ગણી શકાય.

માણસની તૃષ્ણા ક્યારેય ઓછી થતી નથી. જેમ જેમ એ પ્રાપ્ત કરે છે. એમ એની તૃષ્ણા વધતી જ જાય છે અને છેલ્લે કહે છે : 'તેરી તો ભૂખ કદી ન ભગેગી.'

જો દશ વીસ પચાસ ભયે શત, હોઈ હજાર તું લાખ મગેગી,
કોટી અરબ્બ, ખરબ્બ અસંખ્ય, ધરાપતિ હોને કી ચાહ જગેગી.
સ્વર્ગ પાતલકુ રાજ કરો, તૃષ્ણા અધિક આગ લગેગી,
'સુંદર' એકે સંતોષ વિના શઠ, તેરી તો ભૂખ કદી ન ભગેગી.

□

# ૧૯.રવિભાણ સંપ્રદાયના સંત ભીમ સાહેબ

(ઈ.સ. ૧૭૧૮-૧૮૨૫)

સંતોને વૃક્ષ સાથે સરખાવ્યા છે. સંતો અને વૃક્ષો કહ્યા વગર કે દેખાડો કર્યા વગર લોક સેવાનું કામ કરે છે. સંતો માત્ર ધુણી ધીખાવીને બેસી રહેતા નથી. એમની એક નજર ભક્તિમાં અને એક નજર સમાજમાં, સમાજનાં દુઃખો, પીડા, ગરીબી વગેરેથી પીડાતી પ્રજાને સાંત્વન આપવાનું રહ્યું છે. એટલું જ નહિ, તેમને પગભર કરવાનું છે. વૃક્ષો પણ પુષ્પિત થઈ ફળ આપવાનું, ઈંધણ આપવાનું અને ફના થવાનું કાર્ય કરે છે. એટલે જ વૃક્ષોને ઋષિ સાથે સરખાવ્યા છે.

ચાતક જેમ વર્ષાની ઝંખના કરે છે. તેમ ઈશ્વર પ્રાપ્તિ માટે કે ઈશ્વરાનુભૂતિ માટે આખી જિંદગી સંતો તપ કરે છે અને તેનું ફળ તેઓ પોતાની પાસે રાખતા નથી. એ ફળ તેઓ સમાજને આપે છે. સંતોનું કામ તો અંધારું પોતાની પાસે રાખી અજવાળું વહેંચવાનું છે. જેને કારણે સમાજમાં તેમનું મૂલ્ય અને મહત્ત્વ જળવાયું છે.

સંતોનું જીવન પ્રેરણાદાયી હોય છે. તેમની વાણીનો ઉદ્‌ઘોષ લોક હૃદયમાં જઈને ઠરે છે. એનો અભ્યાસ કરવામાં આવે તો અમૃત પ્રાપ્ત થાય છે. તેની વાણીમાં સચ્ચાઈ અને ન્યાય પ્રકટતાં જોઈ શકાય છે. તેમની તાટસ્થ્યતા પ્રેરણાદાયક બને છે.







સંતો લોકોને સાચો ધર્મ સમજાવી, વ્યસનમુક્ત કરી સમાજનો સર્વાંગી વિકાસ થાય તે પ્રક્રિયામાં સતત જોડાયેલા રહે છે. તેમના પદો દ્વારા સીધી રીતે કે આડકતરી રીતે ભાવાત્મક ઉપદેશ આપવાનું અને તે દ્વારા સમાજના કલુષિત વાતાવરણને શુદ્ધ કરવાનું કામ પણ સંતો કરે છે. જેને કારણે પૃથ્વી ટકી રહી છે. એમ કહેવાયું છે કે : '**संतो भूमिम्  तपसा धारयति ।**' 'સંતોના તપોબળથી આ ધરતીનું પૂણ્ય ટકી રહ્યું છે.' બ્રહ્માનંદસ્વામીએ કહ્યું છે :

સંત પરમ હિતકારી, જગતમાંહી સંત પરમ હિતકારી,
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી.

સંતો ગરીબ, તવંગર, ઊંચ-નીંચના વાડાથી પર રહ્યા છે. પ્રભુએ બનાવેલા બધાં જ પાત્રો સરખાં છે. એક જ છાયા નીચે, એક જ નભોમંડળ નીચે મોટાં થાય છે. જો ઈશ્વર ખૂદ સૌને મોટા કરતો હોય તો આપણે કોઈને નીચાં કેમ માનવા ! પરંતુ સમાજમાં આસુરીવૃત્તિ અને આંતકવાદ ફેલાય ત્યારે અને માનવમૂલ્યો નાશ પામે ત્યારે અને સામાજીક અવ્યવસ્થા સર્જાય ત્યારે સમાજમાં ફરીથી માનવમૂલ્યો સ્થાપિત કરી તેનું જતન કરીને સમાજને એક નૂતન દિશા બતાવવાનું કામ સંતો કરતા હોય છે.

ભક્ત કવિ દાસહમીરો પણ તેમના એક પદમાં કહે છે.

હિન્દુ મુસલમાન એક વિસ્તારા, સર્વ એક જનુનીના જાયા,
આયા આવીને સૌહુવા જુજવા, મારા સાયબનો દરબાર એક.

-દાસહમીર

ભગવાનના દરબારમાં કોઈ હિન્દુ નથી, કોઈ મુસલમાન નથી. કોઈ બ્રાહ્મણ નથી કે નથી દલિત. સૌનો જન્મ માતાના ગર્ભમાંથી જ થાય છે. જાતિ - જ્ઞાતિના વાડા તો માણસે ઊભા કર્યા છે. લોહીનો રંગ લાલ છે. લીલા રંગનું લોહી કોઈમાં વહે છે ખરું ? સંત કવિ નિર્મલદાસે કહ્યું છે :

નહીં કોઈ પંડિત નહીં કોઈ કાજી, પાંચ તત્ત્વ ગુન તીન,
કોઈ સુન્નત કોઈ કાન છિદાવત દુગ્ધા આપે કીન.
કોઈ ગાડે કોઈ ફૂંકી આવે દેખો જગત કી રીત,
કોઈ ભૂત કોઈ પ્રેત બને હે કોઈ જીંદ ઓર પીર.
કોઈ સંધ્યા કોઈ નમાજ પઢતે કોઈ ધ્યાન મેં લીન,
રામ-રહિમ એક કર જાને, સોઈ સંત પ્રવીન.

માણસ પંચતત્ત્વનું પૂતળું છે એ ત્રણ ગુણથી આભૂષિત છે. નામ-રૂપ જૂજવાં છે. રામ-રહિમ વચ્ચે કોઈ જ ભેદ નથી. સૂરદાસજીએ એમના એક પદમાં ગંગાની પવિત્રતાનો મહિમા ગાતાં કહ્યું છે :

એક નદિયા, એક નાલા કહાવત મૈલો હી નીર ભરો,
સબ મિલ કરકે એક બરન ભયો, સૂરસરિ નામ પરો.

પાણીનું વહેણ જુદી જુદી દિશાઓમાં, જુદાં જુદાં સ્થળોએથી, જુદાં જુદાં નામ ધરીને નીકળે છે. પરંતુ સર્વે ગંગાની મૂળ ધારામાં મળી જાય છે. ત્યારે માત્ર તે 'ગંગા'રૂપે જ વહે છે.







અહીં પેલાં નામ, રૂપ, ગુણ, દેશકાળ બધુ ઓગળી જાય છે. ધર્મ અને ભક્તિની ધારા પણ અંતે તો એક જ છે. સૌએ એક જ સ્થળે જવાનું છે. માટીમાં ઊગી માટીમાં આથમવાનું છે.

આવા ઉમદા સંત ભીમ સાહેબનો જન્મ જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના આમરણ ગામમાં પિતા દેવજીભાઈ અને માતા વિરુભાઈને ત્યાં મેઘવાળ ગરુડા બ્રાહ્મણ જ્ઞાતિમાં વિક્રમ સંવત ૧૭૭૪ (ઈ.સ. ૧૭૧૮) ચૈત્ર સુદ નોમ ને બુધવારના દિવસે થયો હતો.

ભીમ સાહેબના એક પદમાંથી જન્મ સ્થળ અને ગુરુનું નામ જોવા મળે છે.

ભીમ કહે અવતાર ગરવાનો, જનમ આમરણ ગામ,
ત્રિકમે ભેટી તાર્યો મુને ઓળખાવ્યું એકલશૃંગીનું ધામ.

શ્રીમદ ભગવદ્ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે :

॥ सुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥

(અ:૬:૪૧)

અર્થાત્ :

'યોગથી ભ્રષ્ટ થયેલો મનુષ્ય પવિત્ર, જનોના કુટુંબમાં કે શ્રીમંત લોકોને ઘેર જન્મ લે છે.'

ભીમ સાહેબ પૂર્વજન્મના પૂણ્યે કરીને યોગભ્રષ્ટ થયેલા સંત હતા. જેને કારણે ધર્મપરાયણ, ભક્તિભાવવાળા પિતા

દેવજીભાઈ અને માતા વિરુબાઈને ત્યાં માનવ કલ્યાણ માટે અવતાર ધારણ કર્યો.

યોગભ્રષ્ટ થયેલા યોગીઓમાંથી કેટલાક નહિવત્ પ્રગતિ પછી તો કેટલાક દીર્ઘ સાધના પછી ભ્રષ્ટ થયેલા હોય છે. જે યોગી અલ્પ સાધના પછી ભ્રષ્ટ થયેલા હોય તે સ્વર્ગાદિલોક પામે છે. જ્યાં પવિત્ર આત્માઓ જ પ્રવેશ પામે છે. ત્યાં લાંબો સમય રહ્યા પછી, કોઈ પવિત્ર બ્રાહ્મણ વૈષ્ણવ કુટુંબમાં કે ભક્તિભાવવાળા કુટુંબમાં કે શ્રીમંતને ત્યાં જન્મ લેવા તેને ફરી આ પૃથ્વીલોકમાં મોકલવવામાં આવે છે અને ભક્તિનું યોગસાધનાનું અને અધ્યાત્મનું અધુરું રહેલું કાર્ય પૂર્ણ કરે છે.

યોગસાધનાનું ખરું ધ્યેય કૃષ્ણ ભાવનાની પૂર્ણ સ્થિતિને પ્રાપ્ત કરવાનું છે. પરંતુ જે યોગીઓ, સંતો, અધ્યાત્મ વ્યક્તિ આટલે સુધી યોગસાધનામાં ખંતીલા રહી શકતા નથી અને ભૌતિક પ્રલોભનોને વશ થઈ અધવચ્ચે ભ્રષ્ટ થાય છે તેમને ભગવત્કૃપાથી સ્વર્ગાદિલોકમાં રહી પોતાની ભૌતિક વૃત્તિઓનો પૂરેપુરો સદ્ઉપયોગ કરવા દેવામાં આવે છે. ત્યાર પછી તેમને કોઈ પવિત્ર કે ધનિક કુટુંબમાં સમૃદ્ધ જીવન જીવવાની તક આપવામાં આવે છે. આવાં કુટુંબોમાં જેઓ જન્મ લે છે તેઓ આ સુખ-સગવડોનો લાભ લઈ ભકિતભાવનાની પૂર્ણ સ્થિતિને પામી શકે. એટલે જ ભગવાને કહ્યું છે : ए तद्धि दुर्लभतरं लोके जन्म यदीदशम् ॥ (અ:૬:૪૨). ‘જગતમાં આવો જન્મ ખરેખર વિરલ છે.’







ભીમ સાહેબ પ્રાણીમાત્ર પ્રત્યે દયાભાવ રાખતા હતા. આચરણ અને આજુબાજુના ગામોમાં બે વર્ષ સુધી વરસાદ ન પડ્યો. દુષ્કાળની પરિસ્થિતિ વર્તાવા લાગી. પશુઓ પાણી વિના તરફડવા લાગ્યાં. વગર મોતે મરવા લાગ્યાં. સંતને લોકો ઈશ્વરના ફરિસ્તા માનતા હોય છે. ઈશ્વરની વધુમાં વધુ નજીક એક સંત અને બીજો કવિ હોય છે. સંવત ૧૮૪૮ શ્રાવણ સુદ પડવાને દિવસે લોકો ભીમ સાહેબ પાસે આવીને કરગરવા લાગ્યા. લોકોના ભાવ જોઈને જ તેમનું હૃદય દ્રવી ગયું. અને લોકોને હૈયા ધારણ આપતાં ઈશ્વરને પ્રાર્થના કરી કે :

સાર કરો ને હવે શામળા, ગૌ સંત દુખિયા જાણી,
મેઘના કરોને મણાંમણાં, ધરતી માંગે છે પાણી.

લોકવાયકા પ્રમાણે ભીમ સાહેબની વિનંતી સાંભળીને ઈશ્વરે મેઘરાજાને મોકલ્યા. લોકોનો ભાવ ભીમ સાહેબ પ્રત્યે વધી ગયો. સંતો પોતાના કલ્યાણનું ક્યારેય વિચારતા નથી. એ સર્વનું કલ્યાણ ઈચ્છે છે.

સંત કવિ પ્રીતમદાસ, ભકત નરસિંહ મહેતા અને લલ્લેશ્વરીએ ઈશ્વરને આર્તનાદ કરીને વરસાદ વરસાવ્યો છે. એ ઈતિહાસ પ્રસિદ્ધ છે.

‘કબીર પંથ’માંથી ઊતરી આવેલા રવિદાસએ સ્થાપના કરેલ ‘રવિ-ભાણ સંપ્રદાય’ના ભીમ સાહેબ પ્રણેતા હતા. કબીરની

વાણીમાં પ્રકટતું રહસ્ય ભીમ સાહેબની વાણીમાંથી પણ પ્રકટે છે. તેમની વાણી નામ, વચન, શબ્દ, હંસ, સાહેબ, અલખ, અગમ, જ્યોત, બ્રહ્મઝાલરી, અનાહત-નાદ જેવા શબ્દો દ્વારા પ્રકટ થતું જોવા મળે છે. નામ, જપ, પરમતત્ત્વની અનુભૂતિનું વર્ણન, યોગ અને નિર્ગુણભક્તિનો ઉપદેશ તેમણે આપ્યો છે. બ્રહ્મ, જીવ, જગત, ઈશ્વર, જ્ઞાન, યોગ, ભક્તિ, ઉપદેશ, કર્મ, વૈરાગ્ય, અજ્ઞાન ગુરુ અને આત્મસાક્ષાતકાર જેવા વિષયોને અનુભૂતિની એરણ ઉપર તપાસી જે સત્ય લાધ્યું તે તેમણે પોતાના ભક્તિપદોમાં પ્રકટ કર્યું છે.

નિર્ગુણ અને સગુણ બે ભક્તિની ધારાઓ છે. તેમાં તેઓ નિર્ગુણોપાસનાને જ શ્રેષ્ઠ માને છે. પરમાત્માના નિરાકાર સ્વરૂપ વિશે તેમણે ગાયું છે.

ભમ્મર ગુફામેં ભેદ અનુપા, તેજ પંજર તેજ સરુપા,
શિરગુણ નિરગુણ મધ્યે હેરા,
આવે નહિ જાવે ફરે નહિ ફેરા.

ભીમ સાહેબ પણ કબીર સાહેબની જેમ નિર્ગુણની વાત કરે છે. તેઓ નિર્ગુણ- સગુણની ભેદરેખા તોડીને પરમતત્ત્વની ઓળખ કરાવે છે. અને ગુણમાં જ નિર્ગુણ અને નિર્ગુણમાં જ ગુણ રહેલો છે, એમ સમજાવે છે.







રમતા પંડ બ્રેમંડ પર રામ, નિરંતર બીજ નકલંક નામ,
પંડમાં ગુપત બીજ કોઈ ન પાવે,
કોઈ સરગણ કોઈ નરગણ ધાવે,
નરગણ સરગણ મનકા પસારા,
ન કલંક બીજ દોનુંથી ન્યારા.

ભક્તિનો મહિમા નામથી ગવાય છે. નામ એ ભક્તિનું મુખ્ય અંગ છે. જપ, તપ, સાધના અને આધ્યાત્મિક વૃત્તિ નામ ઉપર જ નિર્ભર છે. નામનો મહિમા મોટો છે. અને એટલે જ કહેવાયું છે માત્ર નામ રહેશે, બાકીનું બધું જ નાશવંત છે. શરીરને જે નામ આપીએ છીએ તે રહે છે. શરીરનો નાશ થાય છે. ધરતી , આકાશ, ચંદ્ર, સૂરજ બધું જ નાશ પામી જશે. રહેશે માત્ર નામ. આ નામ તે બ્રહ્મનાદ 'ૐ'. પૃથ્વીનો જન્મ પણ 'ૐ' શબ્દની સાથે જ થયો હતો. 'ૐ' અમર છે, બાકીનું બધું જ નાશવંત છે. માટે જ ભીમ સાહેબે કહ્યું છે :

ધરતી આકાશ ઢળી પડેગા, મેરુ-કૈલાસ મંડાના,
ચંદ્ર સૂરજ બેઉં સમાઈ જાયેગા,
એક રહેગા નામ નિર્વાણા.

ભીમ સાહેબ અને દાસી જીવણ બંને ગુરુ - શિષ્ય. દાસી જીવણ તેમના એક પદમાં પોતાના ગુરુ ભીમ સાહેબનો ઉલ્લેખ આડકતરી રીતે કરે છે.

એકલશીંગી આવિયા, આમરણમાં અવતાર,

જ્ઞાતિકૂળ ગરવા તણી, સમજે સમજણ-હાર.

કહેવાય છે કે ભીમ સાહેબને જન્મથી જ માથામાં શિંગડીની નિશાની હતી અને તેથી તેઓ 'એકલશીંગી'ના અવતાર મનાતા હતા. દાસી જીવણે પોતાના ગુરુની એ રીતે ઓળખ આપતાં ઉપરની પંક્તિઓ લખી. ભીમ સાહેબના ગુરુ ત્રિકમ સાહેબ પણ ચમત્કારી, તપસ્વી, અને ભક્તિ પરાયણ જીવ હતા. તેમનું જીવન સેવા અને સત્સંગના બળે દિવ્ય પ્રકાશિત બન્યું હતું.

દાસી જીવણે (વિ.સં. ૧૮૦૬-૧૮૮૧) પોતાના ગુરુ ભીમ સાહેબ માટે એક પદ લખ્યું છે. જે પ્રચલિત પણ છે અને એ પદમાં રહેલ ગુરુ પ્રત્યેનો ભક્તિભાવ આ રીતે પ્રકટે છે :

અજવાળું, હવે અજવાળું,
ગુરુ આજ તમ આવ્યે રે મારે અજવાળું,
સતગુરુ શબ્દ જ્યારે શ્રવણે સુણાવ્યો,
ભેટ્યા ભીમને ભાંગ્યું ભ્રમનું તાળું૦ ગુરુ...૧
જ્ઞાન ગરીબી, સંતની સેવા,
પ્રેમ-ભક્તિનો સંગ હવે પાળું૦ ગુરુ...૨
ખીમને ભાણ રવિ રમતા રામા,
તેજ તત્ત્વમાં ગુરુ તમને ભાળું૦ ગુરુ...૩
દાસી જીવણ સત ભીમનાં ચરણાં,
અવર દુજો ધણી નહિ ધારુ૦ ગુરુ...૪







ભીમ સાહેબનો પત્ર મળતાં જ દાસી જીવણ તેમના ચરણોના દાસ થઈ ગયા છે. એકબીજાની ઓળખ થતાં જ બંનેના હૃદયમાં અજવાળું અજવાળું થઈ ગયું. અને દાસી જીવણ કહેવા લાગ્યા : 'ગુરુ તમે મળ્યા એટલે મારા અજ્ઞાનનું અંધારું દૂર થઈ ગયું છે. મારા ભ્રમનું તાળુ તૂટી ગયું છે. મારી ભ્રમણા દૂર થઈ ગઈ છે. મારી અનેક શંકા - કુશંકાઓને પળમાત્રમાં જ તમે નિર્મૂળ કરી નાખી છે.' અહીં ગુરુમાં જ પરમાત્માને જોવાનો મહિમા છે.

દાસી જીવણે સત્તર સત્તર ગુરુ કર્યા પછી તેમનું મન ભીમ સાહેબમાં ઠર્યું હતું. અને તેમની પાસેથી ગુરુ દીક્ષા લીધી હતી. દાસી જીવણને ઉદ્દેશીને ભીમ સાહેબે પદની રચના કરી દાસી જીવણના મનનું સમાધાન કર્યું હતું. તેઓ લખે છે :

જીવણ, જીવને નિયાં રાખીએ
વાગે અનહદ તુરા રે,
ઝિલમિલ જ્યોતું ઝળહળ રે,
વરસે નિરમળ નૂરા રે.

આ પદની પંક્તિઓ વાંચતા એમ જણાય છે કે ભીમ સાહેબે ઉર્દૂ, ફારસી અને અરબી ભાષાનો અભ્યાસ કર્યો હશે ! એટલું જ નહિ, પણ મુસ્લિમ ધર્મગ્રંથોનો પણ અભ્યાસ કરેલો હોવો જોઈએ અને તે ધર્મગ્રંથોમાં રહેલા Mith (મીથ) - પુરાકલ્પન ને તેમણે આ પદમાં મૂકી આપ્યું છે. 'વાગે અનહદ તુરા રે.' આ તુરા એ 'તૂર' પર્વતનો ઉલ્લેખ છે. જ્યાં ખુદાએ મૂસા પયગંબરને દર્શન આપવાનું વચન આપ્યું હતું. એમ કહેવાય છે કે જ્યારે ખુદાઈ પ્રકાશ

દેખાયો ત્યારે મૂસા બેભાન થઈ ગયા ને 'તૂર' પર્વત ભસ્મીભૂત થઈ ગયો. આ ભેદનો ઉકેલ ભીમ સાહેબ અહીં આ પંકિત દ્વારા કરે છે : 'ઝિલમિલ જયોતું ઝળહળે રે, વરસે નિરમળ નૂરા રે.' નૂરનો અર્થ પણ તેજ થાય છે.

આ પરમતત્ત્વના તેજને પામવાની ઉત્કંઠા, ઉત્સાહ અને ઉન્મેષ ભીમ સાહેબમાંથી પ્રકટ થતો હતો. ભીમ સાહેબ જ્ઞાન, ભક્તિ અને યોગના સાધક હતા. તેઓ પરણીત (મોરબી પાસેના કુંતાસી ગામના શેખા ટકના ગરોડા બ્રાહ્મણ મોંઘીબાઈ સાથે તેમના લગ્ન થયાં હતાં. લગ્ન પછી પણ બંનેએ નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળી ઈશ્વરની આરાધના કરી હતી.) હોવા છતાં સંસારની માયાથી તેઓ પર હતા. અને ઈશ્વરભક્તિ એ જ મોટો મહિમા છે તેમ તેઓ સમજતા હતા. સમાજમાં ચાલતી અંધશ્રદ્ધા, બાહ્ય ક્રિયાકાંડ અને તીર્થાટનના વિરોધી હતા. એ તો એમ કહેતા કે : 'બહાર ફાંફાં મારવાની જરૂર નથી, અંદરના ઈશ્વરને ઓળખી લેવો, એની ઓળખ થયાપછી કોઈનાય આશરાની જરૂર નથી.' એમ કહેનાર ભીમ સાહેબ ૧૦૭ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવીને આમરણ (તાલુકા જોડીયા : જિ : જામનગર)માં સમાધિ લીધી. આમરણમાં તેમની જગ્યામાં ઢોલિયો અને બાર ભૈરવનો ધૂણો આજે પણ હયાત છે. સમાધિ સ્થળે મંદિર બાંધવામાં આવ્યું છે. આવા સંતોના સતના પ્રતાપે ધરતીનું પૂણ્ય ટકી રહ્યું છે. ગાદી પરંપરા અનુસાર હાલમાં ગુરુગાદીએ મહંત ગુલાબદાસજી બિરાજે છે.

□





# ૨૦. સંતશ્રી મેકરણદાદા

કચ્છની ધરતી ગ્રીષ્મના તડકાના તોરથી જાણે કે તાર તાર તરડાયેલી અને કોઈ વૃદ્ધાના ચહેરાની જેમ ચીમળાયેલી અને કરચળિયાળી. પણ, કચ્છીમાડુ તો હૃદયથી ભર્યાં ભર્યાં અને માયાળુ સ્વભાવનાં. કચ્છની આ ધરતીને જોઈ મનમાં થાય કે આ ધરતી દુઝણી કયારે થતી હશે ! અહીંની ધરતી કશું જ ન આપે છતાં સૌ તેને મા જેટલું વહાલ કરે છે. એવી કચ્છની ધરતીના ભોખંડી ગામે ભટ્ટી રજપૂત હરધોળજી અને તેમનાં પત્ની પળાંબા. બંને ભકિતભાવવાળાં, દયાળું અને પરોપકારી જીવ હતાં. આ દંપતીનો મુખ્ય ધંધો ખેતી અને પશુપાલનનો . તેમને ત્યાં પુત્રરત્નનો જન્મ થયો. નામ રાખ્યું મેકાજી. જન્મથી જ તેમનામાં કોઈ અલૌકિક તેજ પ્રકટતું હતું. થોડા સમજણા થતાં તેમનામાં શૌચ, સમભાવ, સ્વાર્થ ત્યાગ, એકાંતચિંતન, ધ્યાન વગેરે સદ્ગુણો સમુચિત રીતે વિકસિત થઈ ગયાં હતાં.

મેકાજી પોતાના માતાપિતા અને પરિવારના જયેષ્ઠ પુત્ર હતા. સૌ તેમના પ્રત્યે માનની લાગણી ધરાવતા હતા. તેમની ઉંમર ચાર વર્ષની થતાં તેમના ભાઈ પતાજીનો જન્મ થયો. બંને ભાઈઓ મોટા થતાં પિતાજીના પશુપાલનના ધંધામાં જોડાઈ ગયા.પણ મેકાજીનું મન તો કંઈક બીજું જ વિચારતું હતું. તેમનું મન સંસારની

એષણામાંથી મુક્ત થવા માટે અંદરથી ઉધામા મારતું હતું. તેમનું મન તો કોઈ જ્ઞાની ગુરુની ઝંખના કરતું હતું. તેઓ ઈચ્છતા કે :

**वहु जन्मकृतात् पुण्याल्लभ्यतेडसौ महागुरुः ।**

**लब्धामुं न पुनर्याति शिष्यः संसार बन्धनम् ॥**

અર્થાત્ :

'અનેક જન્મોનાં સંચિત પુણ્યોને લીધે મહાગુરુની પ્રાપ્તિ થાય છે. તેમને મેળવી તથા તેમની સેવા કરી શિષ્ય ફરીથી સંસારના બંધનોમાં ફસાતો નથી.'

મેકાજી હરિધ્યાન અને હરિ સ્મરણમાં નિમગ્ન હોય ત્યારે પિતા હરધોળજી તેમને વાછરડાં ચરાવવા મોકલતા અને કહેતા : ''દીકરા, આપણે તો વગડાના છોરું, વગડો તો આપણો પ્રાણ.'' પણ મેકાજીનો પ્રાણ તો હરિ સ્મરણમાં ઓળઘોળ થવા લાગ્યો. પોતાના સમોવડિયાઓ સાથે મેકાજી રમવા જાય ત્યાં પણ હરિ સ્મરણ એમના હોઠે રમતું જ હોય. વાછરડાં તો ટેશથી વગડે ચર્યા કરે. પદ્મપુરાણમાં કહ્યું છે કે, જેના મુખમાંથી - નિરંતર 'હરિસ્મરણ' નો ધ્વનિ પ્રકટતો હોય તેને જરા અને મૃત્યુનો ભય રહેતો નથી.

**हरिः शरणं एव हि नित्यं येषां मुखे वचः ।**

**अतः काल समाविदा जरा युष्मान् न बाधते ॥**

મેકાજી અક્ષરજ્ઞાનથી અલિપ્ત રહ્યા પણ બ્રહ્મજ્ઞાનની યુનિવર્સિટીમાંથી તેમણે આત્મજ્ઞાનને પ્રાપ્ત કર્યું. તેમનું ચિત્ત







સતત ઈશ્વરને ઝંખવા લાગ્યું અને તનમનમાં વૈરાગ્યની આગ ભભૂકવા લાગી. એમનું ચિત્ત ગાયો -વાછરડાં અને અન્ય પશુઓમાં નહિ, પરંતુ ગાયો ચરાવતા વૃંદાવનના પેલા કાનુડામાં જ રમમાણ રહેતું હતું.

પિતા હરધોળજી ભટ્ટીએ નવું મકાન કરવા માટે પાયા ખોદાવ્યા. તો એક દિવસ એ પાયામાંથી એક પોટલું નીકળ્યું. હરધોળજી અને પાયા ખોદતા મજૂરો તો આશ્ચર્યમાં પડી ગયા કે આ તો કૌતુક થયું ! પોટલું ખોલતાં તેમાંથી સાધુનાં વસ્ત્રો, તૂંબડી, ટોપી, ચાખડીઓ, પાવડી, ખપ્પર, અંચળો અને ચૂંદડી વગેરે વસ્તુઓ જોવા મળી. સૌ આશ્ચર્યમાં પડી ગયાં અને વિચારવા લાગ્યા કે, આ બધું અહીં અને તે પણ પાયામાં કોણ મૂકી ગયું હશે ? પણ કોઈ આ રહસ્યને જાણી શક્યુ નહીં. હરધોળજીએ તો ભગવા રંગના પોટલામાં બધી વસ્તુઓ મૂકીને પોટલું બાંધી દીધું અને પોતાના જૂના ઘરની ભીંતે ખીંટી ઉપર ટીંગાડી દીધું. અને વિચાર્યું કે, કોઈ સંત - સાધુ આવશે ત્યારે આપી દઈશું.

મેકાજી તો વગડે વાછરડાં ચરાવીને ઘરે આવ્યા. જોયું તો ભીંતે ભગવા રંગનું એક પોટલું ખીંટીએ ટીંગાડેલું જોયું અને તેને સ્પર્શ કરતાં જ તેમનામાં વૈરાગ્યની ભાવના બળવત્તર થઈ. માએ જમવાનું પીરસ્યું તો ભોજનનો કોળિયો ગળેથી ઉતરતો ન હોતો. રાત્રે સૂવા ગયા તો ઊંઘ પણ વેરણ થઈ ગઈ.

અડધી રાત્રે ઊભા થયા અને ખીંટીએથી પોટલું ઉતાર્યું. જોયું તો તેમાં સાધુનાં વસ્ત્રો અને વાસણો જોયાં અને પોટલું બાંધી ખભે નાંખી હાથમાં લાકડી લઈને અડધી રાત્રે ગૃહત્યાગ કરીને ચાલી નીકળ્યા. કોઈ અગમ ડેરે ડેરા નાંખવા માટે :

'સંતો, અનહદ જ્ઞાન અપારા
સંતો દિયા રે અગમ પર ડેરા'

કોઈપણ જાતની અપેક્ષા રાખ્યા વગર કે ઈચ્છા વગર તેમણે તો ચાલવા માંડ્યું. ભાગવતમાં પણ કહ્યું છે કે સંતોને કોઈ વસ્તુની અપેક્ષા હોતી નથી. તે તો ઈશ્વર સ્મરણમાં જ રમમણ રહેતાં હોય છે :

**निरपेक्षं मुनिं शान्तं निर्वैरं समदर्शनम् ।**
**अनुव्रजाम्यहं नित्यं पूयेयेत्यङ्घ्रिरेणुभिः ॥**

(ભાગવતઃ ૧૧:૧૪:૧૬)

અર્થાત્ :

'જેને કોઈ વસ્તુની અપેક્ષા નથી, જે જગતના ચિંતનથી સર્વથા ઉદાસીન થઈ મારા જ ચિંતન - મનનમાં તલ્લીન રહે છે. જેનામાં વેરભાવનો અભાવ થયેલ છે. કોઈપણ સાથે રાગ-દ્વેષ ન રાખી જે સર્વ પ્રત્યે સમાન દૃષ્ટિ રાખે છે તે મહાત્માની પાછળ પાછળ હું (પૂર્ણ પૂરુષોત્તમ) એમ વિચારીને નિરંતર ફરતો રહું છું કે તેના ચરણોની ધૂળ ઊડીને મારા ઉપર પડે અને હું પવિત્ર થઈ જાઉં.'





જો ઈશ્વર પોતે જ નિરપેક્ષ ભાવ રાખનાર સંતોની ચરણરજ લેવા માટે પાછળ પાછળ જતા હોય તો એવા સંતોના આશીર્વાદ મળી જાય તો આપણો આ જન્મ તો સુધરી જ જાય પણ પછી જન્મ લેવાની જ જરૂર ના પડે. એવા સંતના આશીર્વાદ લેવા માટે મેકાજી બાર વર્ષની વયે કચ્છના મડ ગામે આશાપુરી માતાના સ્થાનકે આવીને ઊભા રહ્યા. આશાપુરી જાડેજા રાજપૂતોના કૂળદેવી આ મંદિરના પૂજારી તરીકે ગાંગાજી કાપડી માતાજીની સેવા-અર્ચના અને આરાધના કરતા હતા.

મેકાજીને ભગવા કપડાનું પોટલું લઈને ઊભેલા જોઈને ગાંગાજી કાપડીએ તેને નજીક બોલાવ્યો. મેકાજીએ વૈરાગ્યની બધી વાત કરી અને સંન્યાસ લેવા માટે દીક્ષા આપવા માટે વિનંતી કરી. ગાંગાજી કાપડી તો આ કિશોરની વાત સાંભળીને કિશોરને શું કહેવું, તેની મૂંઝવણ અનુભવવા લાગ્યા અને મધ્યમમાર્ગ કાઢવા માટે ગાંગાજી કાપડીએ મેકાજીના ગામ ખોંભડી તેમના માતા-પિતા ચિંતામાં પડી ગયાં અને ગામના અન્ય માણસોને લઈને મડ ગામે આશાપુરી માતાના સ્થાનકે પહોંચ્યાં. બધાંએ મેકાજીને ઘરે પાછા વળવા માટે વિનંતી કરી. પણ જેણે સર્વસ્વનો ત્યાગ કર્યો હતો એવા ત્યાગી - વૈરાગી મેકાજી ગામ પાછા વળ્યા નહીં અને તેમણે દીક્ષા ગ્રહણ કરીને લોકોની સેવામાં અને લોકકલ્યાણમાં લાગી ગયા. આશાપુરી માતાજીના સ્થાનકનો મહિમા વધી ગયો.

સ્થાનકે આવનાર દરેકને તેઓ ભક્તિભાવ પૂર્વક મીઠો આવકાર આપતા હતા. ત્યાર પછી તેઓ ક્યારેય તેમના વતન ભોંખડી ગયા નથી. અને લોકસેવામાં લાગી ગયા.

મડ ગામમાં માતાજીના સ્થાનકે મહંત ગાંગાજીને પ્રાણથીય પ્યારી એવી બે જાતવાન ઘોડી માતાજીના મઢમાં રાખી હતી. કંથરોટ ગામના બે કોળીઓએ આ જાતવાન ઘોડીઓ ઉપર દાનત ખોરી કરેલી. લાગ જોઈને આ બંને ચોરોએ ઘોડીઓને લઈ ગયા. સવારમાં મહંતે જોયું તો ઘોડીઓ નહોતી. વા વાયે સમાચાર આખા ગામમાં ફેલાઈ ગયા. લોકો ચિંતામાં પડી ગયા. લોકોના ચહેરા ઉપર એક જ પ્રશ્ન રમતો હતો : 'બે જાતવાન ઘોડીઓ કોણ લઈ ગયું હશે ?' પગીઓએ ચોરના પગલાં દાબ્યાં પણ ચોર પકડાયા નહિ :

મેકરણને ચિંતા થવા લાગી અને તેઓ ઘોડીઓની શોધ કરવા માટે નીકળી પડ્યા. તેમણે ધ્યાન ધરીને જોયું તો તેમના ચિત્તમાં બે અજાણ્યા માણસોનાં ચિત્રો ઉપસી આવ્યાં અને આશાપુરી માતાજીના સ્થાનકની આસપાસ ફરતા જોયા અને તેમણે કંથરોટ ગામ તરફ પગરણ માંડ્યાં. જાણે કે કોઈ દૈવીશક્તિ તેમને રસ્તો બતાવતી હોય તેમ તેઓ આગળ વધ્યા અને કંથરોટ ગામના ડુંગરાઓમાં આવેલ કંથ મંદિરમાં આવી બેસી ગયા અને ત્યાંના પૂજારીને જણાવ્યું કે, 'જ્યાં સુધી આ ગામના બે ચોર મને મારી







બે ઘોડી આપી નહીં જાય ત્યાં સુધી હું અન્નજળનો ત્યાગ કરું છું.' મંદિરના પૂજારીએ તો મેકાજીની વાત દર્શને આવતા લોકોને કરી. બાળયોગીની હઠથી ગામનું લોક ચિંતામાં પડી ગયું. ગામના આગળ પડતા લોકો સ્થાનકની ઘોડીઓ શોધવા લાગ્યા. છેવટે વાત ચોરો સુધી પહોંચી. ચોરોને લાગ્યું કે, ''નાહકની બાળહત્યાનું પાપ લાગશે.'' અને બંને ચોર બાળયોગી મેકરણ આગળ આવીને કરગરવા લાગ્યા. એમણે એમની ભૂલ કબૂલ કરી અને જણાવ્યું કે, ''આ બંને ઘોડીઓને અમે સિંધ પ્રાંતમાં જઈને વેચી દીધી છે.'' ગામના આગેવાનો સિંધમાં ગયા અને સોદાના પૈસા ચૂકવીને બંને ઘોડીઓને લઈ આવ્યા અને બાળયોગી મેકરણના ચરણોમાં ધરી દીધી. મડ ગામના આશાપુરી માતાજીના સ્થાનકે આવી પહોંચ્યા. ગામ લોકમાં તો જાણે કે ઉત્સવ હોય તેમ હરખઘેલા થઈ ગયા.

મેકરણ યોગી સિંધના રણપ્રદેશમાં આવેલ હિંગળાજ માતાજીના દર્શને ચાલતા પગપાળા કરતા કરતા ગયા. માતાજીના દર્શન કરીને તેઓ કૃત-કૃતાર્થ થઈ ગયા. લોકોકિત છે કે માતાજીના હુકમ વગર તેના દર્શને કોઈ જ આવી શકતું નથી અને જે હુકમ વગર દર્શને આવે છે તેનું નાળિયેર માતાજી સ્વીકારતાં નથી. થોડો સમય મેકરણ હિંગળાજ માતાના સ્થાનકે થોડો સમય રહ્યા. અને કચ્છમાં પાછા ફર્યા.

મેકરણજીમાં તપ, ત્યાગ, વૈરાગ અને સાધુત્વનાં લક્ષણો ધીમે ધીમે ઉજાગર થતાં હતાં. શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ આસક્તિ રહિત સંતો વિશે ભગવાને કહ્યું છે :

**असक्त बुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।**

**नैष्कर्मसिद्धं परमां संन्यासेनाधिगच्छति ॥**

(અ:૧૮:૪૯)

અર્થાત્ :

'જેની બુદ્ધિ બધેથી આસક્ત રહિત બની છે. જેણે મન અને ઈન્દ્રિયોને જીત્યાં છે. જેને કોઈ જાતની સ્પૃહા રહી નથી,તે મનુષ્ય સંન્યાસ વડે (પરમાર્થ ભાવે નિષ્કામ કર્મ કરતો હોવા છતાં) કર્મબંધનથી મુક્ત થવા રૂપ પરમ સિદ્ધીને પામે છે.'

મેકરણ તો મન, કર્મ, વચનથી નિત્યગોગી હતા અને તેમણે સર્વ પદાર્થમાંથી, સર્વ ઈન્દ્રીયોમાંથી મનને વાળી લીધું હતું. પોતે નિસ્પૃહી, નિર્મોહી હતા. તેમના આ તપોબળથી સંસારી, લૂંટારું, અને ડાકુઓનું તેમણે જીવનપરિવર્તન કર્યા છે.

ગિરનારથી પૂર્વ દિશાના પહાડી અને વન્ય પ્રદેશમાં મનોહર વાતાવરણ વચ્ચે સરભંગ ઋષિના આશ્રમમાં મેકરણજીએ ધામા નાંખ્યા. આ આશ્રમમાં 'જસાજી' અને 'વોળદાનજી' નામના બે મહાત્માઓની સેવા જ્યોતને પરિણામે 'સરભંગ' ઋષિ આશ્રમ તરીકે આ સ્થળનો મહિમા છે. અને 'દત્તાત્રયનો ધૂણો' નામથી પણ આ સ્થાન જાણીતું બન્યું છે.







આ સ્થાને આવીને મેકરણ યોગીએ લોક સેવાનો ધૂણો પુનઃ ચેતાવ્યો. આજુબાજુનાં ગામડાઓમાં ફેરણી કરીને ગરીબો, પીડિતો, અને દલિતો માટે લોટ માગી લાવતા હતા અને રોટલા ઘડીને ગરીબોને પીરસતા હતાં. આ કાર્યથી લોકોમાં તેઓ આદર પામ્યા અને લોકપ્રિય થયા. અહીં તેમણે બારવર્ષ જેટલો સમય એટલે કે એક તપ સુધી સમય પસાર કર્યો. અહીં તેમણે લોકભોગ્ય ભજનોની રચના કરી અને મધુરકંઠે લોકો આગળ રજૂ કરતા હતા. જેને કારણે તેઓ મેકરણ દાદાના નામે લોકપ્રસિદ્ધ થયા. પરંતુ તેમણે કોઈને શિષ્યો કે અનુયાયીની દીક્ષા આપી નહોતી !

લોકકલ્યાણ અને ગરીબોની સેવાનું કાર્ય તો અખંડ ચાલુ જ હતું. તેમનાં લોકપ્રિય ભજનોને કારણે તેઓ લોક હૈયે વસી ગયા હતા. તેઓ પોતે એક સામાન્ય જન જેવા અસામાન્ય સાધુ હતા. સાધુ તો ચલતા ભલા એ અનુસાર વળી પાછું એમને કચ્છ યાદ આવ્યું અને તેઓ કચ્છના જગી નામના એક ગામમાં પધાર્યા.

તેમની સેવાપ્રવૃત્તિ અને ભગવદ્ ભજનના પરિણામે જગીના લોકોએ તેમનું ભવ્ય સન્માન કર્યું. એટલું જ નહિ, ગામની બહાર આશ્રમ બાંધવામાં મદદ કરી. સુંદર વાતાવરણમાં આશ્રમની પ્રવૃત્તિ શરૂ થઈ ગઈ. મેકરણ દાદાએ જગીમાં સેવાકાર્ય શરૂ કર્યું. આશ્રમે આવતી પ્રજાને રોટલો, પાણી અને ભક્તિસભર બોધવાણીથી લોકોનું આકર્ષણ વધી ગયું. તેમની સેવા જ્યોતનો

પ્રકાશ આજુબાજુના અને દૂરદૂર ગામોમાં પ્રસરવા લાગ્યો. મેકરણ દાદા માટે સૌ સરખા હતા. તેમનાં આ કાર્યો જોઈ જાણીને મોમાયો નામો દુષ્ટ માણસ તેમની ઉપર ક્રોધ કરવા લાગ્યો અને ઈર્ષ્યાની જ્વાલાગ્નિમાં બળવા લાગ્યો. એટલું જ નહિ, લોકોની સાથે પણ એ દુર્વ્યવહાર કરવા લાગ્યો, ઝઘડા કરવા લાગ્યો, ગરીબ અને પીડિત માણસોને હેરાન કરવા લાગ્યો. અને મેકરણ દાદાની વાતે વાતે મશ્કરી કરવા લાગ્યો. મેકરણ દાદાની લોકસેવાની પ્રવૃત્તિથી એ વધારે ખેપાની થવાની લાગ્યો. એ દાદાનો વાંક શોધતો હતો, મોકો શોધતો હતો પણ એને તક મળતી નહોતી. દાદા પણ મોમાયની  આ હરકતોથી અજાણ તો નહોતા જ. એને સદ્માર્ગે વાળવા માટે તેઓ વિચારતા હતા. દાદાના આશ્રમમાં રોજ રાત્રે ગામના લોકો કામથી પરવારી ભજનમાં આવતા હતા. ભજન તો આખી રાત ચાલતું હતું. દાદાની પરાવાણી સાંભળવા માટે લોકો શ્રદ્ધા અને આસ્થાથી આવતા હતા. ભજનિકો ઢોલ, મંજીરા, ઝાંઝ, પવાજના ધ્વનિમાં ગુલતાન થઈ જતાં હતા. ભજનની ધૂન - લય - તાન બરાબર જામ્યાં હતાં ત્યા જ રાત્રિના નીરવ વાતાવરણમાં મોમાયાએ આશ્રમના દરવાજામાં પ્રવેશ કર્યો. આમ તો તે ભજન બંધ કરાવવા અને દાદા મેકરણ સાથે ઝઘડો કરવા આવ્યો હતો... પણ, તેના કાને દાદાના ભજનનો ધ્વનિ પડતાં જ એ ત્યાં ને ત્યાં થીજી ગયો. એનું  હૃદય તાર તાર વિંધાઈ ગયું અને હૃદયે અંદરથી







અવાજ કર્યો : ‘‘ભૂંડો થા મા, ખમૈયા કર. તારાં પાપ તરીને ટોચે આવી ગયાં છે. તું તેમાં ડૂબી જઈશ. સાથે કંઈ જ આવવાનું નથી, પાછો વળ...’’

અને તે ત્યાં ને ત્યાં જ ઊભો રહી ગયો. કેટલાકની નજર તેની ઉપર પડી. એને આવેલો જોઈને લોકો તો દંગ થઈ ગયા ! મેકરણ દાદાની કોમળ અને પ્રેમાળ દૃષ્ટિ એની દૃષ્ટિ સાથે જોડાઈ. દૃષ્ટિ દૃષ્ટિનું સંધાન થયું. ત્યાં તો મોમાયો ઘૂંટણીએ બેસી ગયો અને બે હાથ જોડીને દાદાના ચરણોમાં ઢળી પડ્યો. દાદાએ તેના માટે સ્નેહપૂર્વક હાથ મૂક્યો અને આશીર્વાદ આપ્યા. આ દૃશ્ય જોઈને તમામ ભજનિકો આશ્ચર્યચકિત થઈ ગયા. આવું બનશે એની કલ્પનાય એમણે કરી નહોતી !

મોમાયાનો ખભો પકડીને એને બેઠો કર્યો. ત્યારે એની આંખોમાંથી જલધારા અવિરત વહેતી હતી. આ એનાં પશ્ચાતાપનાં આસું હતાં. તે દિવસથી મોમાયો દાનવ મટીને માનવ બની ગયો. અને દાદાની સાથે માનવકલ્યાણનાં સેવાકાર્યોમાં જોડાઈ ગયો. મોમાયો દાદાનો પ્રથમ અનુયાયી બન્યો.

એક સિક્કાને બે બાજુ હોય છે. તેમ માણસના પણ બે પાસાં હોય છે. સારાં - નરસાં. જગી ગામમાં મોમાયા જેવો માથાભારે  રહેતો હતો તો દયાની દેવી અને ધર્મની ગરિમા જાળવનારી આહિર બાઈ પણ હતી. તે વિધવા હતી. એક દિકરો

હતો. આ બાઈ રોજ મેકરણ દાદાને દૂધ આપવા જતી હતી. દાદાને મનમાં થતું: 'આ બાઈ કઈ લાગણીથી આમ નિયમિત દૂધ આપવા આવતી હશે !' અને એક દિવસ મેકરણ દાદાએ બાઈને દૂધ આપવા આવવા માટે, ધક્કો ખાવા માટે ના કહી. ત્યારે બાઈને તો ખોટું લાગી ગયું. અને કહેવા લાગી : ''અરે રે, આ શું બોલ્યા ?''

''કાં.... અરેકારો કર્યો ?''

પેલી બાઈએ જે જવાબ આપ્યો તેનાથી હાજર રહેલ હરિભક્ત અને ખૂદ મેકરણ દાદા પણ આશ્ચર્યચકિત થઈ ગયા અને વિસ્મયમાં ડૂબી ગયા. બાઈએ તો ઉમળકાથી કહ્યું : ''બાપા, હું તો તમને પુત્રવત્ માનું છું.'' વળી તેણે હસતાં હસતાં આગળ કહ્યું : ''બાપા, મારે એક દીકરો તો છે અને બીજા તમે...!''

દાદાએ હસતાં હસતાં કહ્યું : ''ઈમ કાંઈ દીકરા રેઢા પડ્યા છે? મને દીકરાનું સ્થાન દ્યો છો તો અડધો ગરાસ દેવો પડશે.''

બાઈએ તો લાગણીના આવેશમાં અને ખરાભાવથી બોલી ઊઠી : ''લ્યો, ઈમાં શું ? અડધો ગરાસ દીધો... પછી કાંઈ ? હવે તો રાજી ને ?''

દાદા હસી પડ્યા.

''કાં, ઈમ હસ્યા ?''

''માડી, રહેવા દ્યો, હું તો એમજ કહેતો હતો. મારે આ બધી પળોજણ નો ખપે, અમે તો સાધુ માડુ અમે તો ચલતા ભલા...!''







પણ, પેલી બાઈએ વચન પાળ્યું અને ગરાસ આપવા માટે તૈયાર થઈ અને કહ્યું : ''તમ તમારે કાંઈ ચંત્યા નો કરતા, આ બાઈનું વેણ છે...! જ્યારે જોઈએ ત્યારે ગરાસ માગી લે જો...'' બાઈના વચનમાં ખુમારીના દર્શન થતાં હતાં. આજે પણ ગરાસમાં દીધેલ જમીન જગીના સીમાડામાં ગોચર થઈ ગયા છે અનેત્યાં ગામનું પશુધન દરરોજ ચરવા જાય છે.

જગીમાં રહીને દાદાએ કંઈ કેટલાંયના જીવન સુધારી દીધાં. સાથે સાથે કુરિવાજો કુરૂઢિયો અને કેટલાંક દુષણો દૂર કર્યાં. અને લોકોને સદાચાર અને ભક્તિમાં જીવન પસાર કરવાની પ્રેરણા આપી.

હવે મેકરણ દાદાએ જગી ગામમાંથી ઉચાળા ભરવાનો નિર્ણય કર્યો અને આશ્રમનો વહીવટ ગામના આગેવાનોને સોંપવા તૈયાર થયા. ગ્રામજનોની આંખોમાંથી અશ્રુ વહી રહ્યાં હતાં. ગામ નહીં છોડવા માટે દરેકના ચહેરા ઉપર વિનંતી હતી. પણ લીધી હઠ છોડે નહીં. એ દાદાનો સ્વભાવ તો. આખરે ગામ લોકોએ દાદાનું સેવાકાર્ય ચાલુ રાખવાનું વચન આપ્યું. અને દાદાએ એક દિવસ વહેલી સવારે 'જી....નામ' ના ઉચ્ચારણ સાથે લોકકલ્યાણના માર્ગે પ્રસ્થાન કર્યું.

દાદાએ ખભે કાવડ ધરી. એક બાજુ રોટલા અને બીજી બાજુ પાણીનું માટલું, હાથમાં ડાંગ અને મુખે 'જી નામ'નો મંત્ર.

કચ્છ અને સિંધની વચ્ચે ખાવડા નામનું ગામ અને નજર નાંખો ત્યાં થરપારકરનું રણ. અંગારા ઝરતો તડકો અને ગરમ રેતીયુક્ત પવન. જો કોઈ રસ્તો ભૂલે તો રણ એનું અંતિમ શ્વાસનું સ્થાન. તરસથી કંઠ શોષાય, પરસેવાથી શરીર ભીંજાય એવા સમયે ભૂલા પડેલા વેટમાર્ગુની શી દશા થાય ? કલ્પના કરી શકતી નથી. આવા સમયે દાદા ભૂખ્યાને રોટલો અને તરસ્યાને પાણી આપતા હતા.

ખાવડા આવ્યા પછી દાદાને એક કુંભારે ગધેડો આપ્યો હતો અને રખડતું અને બીમાર એક કૂતરું. દાદાએ બીમાર કૂતરાની સારવાર કરી. કૂતરું તો દાદાનું થઈ ગયું. દાદાએ ખાવડાથી લોંડાઈ ગામમાં નિવાસ કર્યો. એમના બે મિત્રો : ગધેડો લાલારામ અને કૂતરો મોતીરામ આ બંને વચ્ચે પણ ભાઈબંધી થઈ ગઈ. હવે તો દાદા આજુબાજુનાં ગામોમાંથી લોટ માગી લાવે, રોટલા કરે અને લાલારામની પીઠ પર લાદી દે અને સાથે પાણી ભરેલાં માટલાં પણ હોય. મોતીરામ અને લાલારામ તો રણમાં ચાલવા લાગે. કોઈ ભૂલા-ભટક્યાને રસ્તો બતાવે, રોટલા ખવડાવે અને પાણી પીવડાવીને તરસ પણ છીપાવે.

અહીં લોંડાઈમાં પણ ભક્તિભાવપૂર્ણ સેવા પ્રવાહ ચાલુ જ રહ્યો. દાદાની સેવાની સુગંધ ચારે તરફ ફેલાઈ ગઈ હતી. લોકો સામેથી અનાજ આપી જતા હતા. ક્યારેક આશ્રમમાં સીધું ખૂટતું







તો દાદા મોતીરામના ગળે ચિઠ્ઠી બાંધી દેતા. તેમાં વસ્તુઓની યાદી લખી હોય. મોતીરામ અને લાલારામ ભૂજ શહેરમાં જતા. કોઈ વહેપારીની દુકાને ઊભા રહી જતાં. દુકાનદાર ચિઠ્ઠી વાંચતાં જ યાદી પ્રમાણે માલ-સામન બાંધી દેતો અને લાલારામની પીઠ ઉપર મૂકી દેતો. આ બંને મિત્રો એકલા આશ્રમમાં આવતાં. મેકરણ દાદા લાલારામની પીઠ પરથી સીધું ઉતારી લેતા. આ પ્રકારની સેવાપ્રવૃત્તિથી ગામલોક શ્રદ્ધાભાવથી લાલિયા અને મોતીયા (અબોલપ્રાણીઓ)ની આ સેવાને બીરદાવતા હતા.

બાર વર્ષ લોંડાઈમાં સેવાકાર્ય કરી મેકરણ દાદાએ ત્યાંથી પણ ઉચાળા ભરવાનું નક્કી કર્યું. એનું કારણ એક જ હતું કે સેવાકાર્યનું કામ નદીના પ્રવાહની જેમ સતત ચાલું રહેવું જોઈએ. જગી ગામથી દાદાએ ધ્રંગ ગામમાં અખાડો શરૂ કર્યો.

ધ્રંગ ગામમાં ખેંગારજી જાગીરદાર. તેમનાં માતાજી પ્રેમાબાને મેકરણ દાદા પ્રત્યે ઘણો શ્રદ્ધાભાવ માતાએ દાદાનું સ્મરણ કરી મનની ઈચ્છા પ્રગટ કરેલી. પરિણામે ખેંજારજીનાં પત્નીએ પુત્રરત્નને જન્મ આપેલો. શ્રદ્ધા ફળી તેનો આનંદ પણ થયો. દાદાને ધ્રંગમાં આવેલા જાણીને ખેંગારજી અને પ્રેમાબાએ તેમનું સામૈયું કર્યું. ગામના લોકો પણ જોડાયાં. ગામના લોકોએ દાદાને આશ્રમ માટે જમીન ફાળવી અને ખેંગારજીએ આશ્રમ માટે મકાન તૈયાર કરાવી દીધું. અહીં પણ દાદાની અને લાલારામ-

મોતીરામની લોકસેવા પ્રવૃત્તિ ચાલુ રહી. આ બંને પ્રાણીઓ રણમાં જઈ વટેમાર્ગુઓને શોધી લાવતાં અને રોટલા - પાણીની વ્યવસ્થા થઈ જતી.

હવે તો દાદાનો ભક્તગણ પણ વધ્યો હતો. તેમાં ખાસ તો લોંડાઈના વસ્તા સુથાર, આહીર, કાથડ, આહીર વીઘો, કાંધલ તથા હરિજન હીરો, લેરિયાના ખેંગારજી, બૈયાના ઠાકોર મેકાજી અને માગલપુરના કડિયા કાનજી વગેરે તેમના પ્રેમાળ ભક્તો અને સેવકો હતા. તે વખતે લીરબાઈ માતાજી તથા ગિરનારી સંત મયાગિરીજી પણ મેકરણ દાદાની સેવામાં રત હતાં.

પૂના નામના ખેડૂતથી તેના બળદની હત્યા થઈ ગઈ. તેને ઘણો પસ્તાવો થયો. તેણે દાદાનું શરણું લીધું અને માનવસેવાના કામે લાગી ગયો. દાદાએ જીવદયાભાવ રાખવાની પ્રેરણા આપી. પૂનાનું હૃદયમન ભીંજાઈ ગયું. એણે દાદા પાસેથી સંન્યાસ દીક્ષા લીધી. એને નવી દિશાના દર્શન થયાં.

દાદાનું સેવાકાર્ય તો ચાલતું જ હતું. હરિભક્તો પણ દાદાના આ કામમાં ખડેપગે સેવાકાર્ય કરતા હતાં. પણ ઉંમર ઉંમરનું કામ કરે જ. દાદાની હવે ઉંમર થઈ હતી. તેમના શરીર પર વૃદ્ધત્વ દેખાઈ રહ્યું હતું. હવે પહેલાં જેવો તેઓ શ્રમ કરી શકતા ન હતા. દાદાએ તેમના હરિભક્તોને બોલાવીને કહ્યું : ''હવે ભગવાનનું તેડું આવી ગયું છે, સેવાનું કામ થતું નથી, હવે સમાધિ લેવાનો સમય







પણ આવી ગયો છે. આસો વદી ચૌદસને શનિવારે સૂર્યોદય થયા પછી શુભ ચોઘડિયે સમાધિ લેવી છે.''

વાત વાયરે ચઢી. ગામે ગામમાં સમાચાર પહોંચી ગયા. લોકમેરામણ ધ્રંગમાં ઊભરાવવા લાગ્યું. કંકોત્રીઓ લખાવા લાગી. સંદેશ વાહકો જુદે જુદે ગામોમાં જવા લાગ્યા. વેળાસર આવવા માટે સૌને સંદેશ પહોંચાડવા લાગ્યાં.

દાદા મેકરણની સાથે જૂનાગઢના ગિરનારી સંત મયાગિરી, કાંધા આહીર, આહીર વીઘા, કાથડ, ભૂજના લેરૂ, નુખી સંપ્રદાયના બ્રાહ્મણ પ્રેમજી, ગણપત, સાધુ સુંદરદાસજી, અરજણ રાજા, પૂનો અને બીરવાઈએ સમાધિ લેવાનું નક્કી કર્યું. સૌની એવી ઈચ્છા હતી કે દાદાની સાથે બાર જણાની સમાધિ લે તો સારું. એ સમયે હરિજન હીરો પણ ત્યાં હતો. બધા એને ગરવો કહેતા હતા. ગરવાએ સૌને વિનંતી કરી કે, ''હુંયે દાદાની સાથે સમાધિ લઈશ.''

''શું વાત કરે છે ?''

''કાં, હું દાદાનો સેવક નથી ?''

''ઠીક ભાઈ ! કરો તૈયારી.'' એક સેવકે કહ્યુ :

હીરાનો અંદરનો આત્મા સમાધિ લેવા કહેતો હતો. પણ મન તેને રોકતું હતું. તેણે કહ્યું : ''છેલ્લે છેલ્લે હું મારાં છૈયાં છોકરાંને મળી આવું.'' તે લોંડાઈ ગયો. પણ સમાધિના દિવસે તે આવ્યો નહીં. એટલે દાદાએ કહ્યું : ''હશે, જેવી પ્રભુની મરજી ! આપણે તૈયારી કરો.''

એ દિવસ હતો. વિક્રમ સંવત ૧૭૮૬ના આસો વદી ચૌદસ અને શનિવાર (ઈ.સ. ૧૭૩૦). સૌએ સ્વચ્છ વસ્ત્રો ધારણ કર્યા. સ્થાનકમાં ભક્તજનો, શ્રદ્ધાળુઓ, મુલાકાતીઓ, મહાનુભાવો અને સંતો આ મંગલ અવસરે પધાર્યા હતા. નાનકડા ધ્રંગમાં હૈયેહૈયું દબાય એવું માનવ મહેરામણ ઉમટ્યું હતું.

ત્યાં જ એક વાત બની. લાલિયો અને મોતીયો પણ સમાધિ લેવા તૈયાર થઈ ગયા. એમણે પણ ભૂંકવાનું અને ભીસવાનું શરૂ કરી દીધું અને દાદાની સામે તે પણ નીચું મોં કરીને ઊભા રહ્યા. બે મૂંગા પ્રાણીઓ પણ દાદાની સાથે પ્રાણ ત્યાગવા તૈયાર થઈ ગયા હતા. માનવ મહેરામણમાં તો આશ્ચર્ય અને સ્તબ્ધતા છવાઈ ગઈ ! દાદાએ આજ્ઞા કરી અને દાદાની સમાધિથી થોડે દૂર આ બંને જીવાત્માઓ માટે ખાડા તૈયાર કરવા કહ્યું.

સમય થતાં સૌ પોત પોતાના સમાધિસ્થાન પાસે આવી ઊભા રહ્યા. લાલિયો અને મોતીયો પણ તેમના સમાધિ સ્થાને આવી ઊભા રહ્યા. લોકો 'જી..નામ' ના જયઘોષ કરવા લાગ્યા. ગુલાલથી વાતાવરણ ગુલાબી ગુલાબી થઈ ગયું. જયઘોષથી ગગન ગાજી ઊઠ્યું. લાલિયો -મોતીયો સમાધિ લેવાની વાત જાણતાં જ હીરો એના ગામથી દોડી આવ્યો. પણ ઘણું મોડું થઈ ગયું હતું. સમાધિ અપાઈ ચૂકી હતી. આ જોઈને હૈયું ભાંગી પડ્યું અને તેણે







દાદાની સમાધિ પાસે જ પ્રાણ ત્યાગ કર્યો. અને દાદાની સમાધિની પાછળ જ હિરાનું સમાધિસ્થાન તૈયાર કરવામાં આવ્યું અને ત્યાં તેને સમાધિ આપી. આજે પણ આ સમાધિસ્થાનો ધ્રંગમાં છે.

દાદાની સેવા જ્યોત આજે પણ કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતના ગામોમાં તેમના અનુયાયીઓ, ભાવકો અને ભક્તોએ પ્રજવલ્લીત રાખી છે.

□

# ૨૧. સંતશ્રી ત્રિકમ સાહેબ

(ઈ.સ. ૧૭૨૬-૧૮૦૧)

સિદ્ધાવસ્થાને પામેલ સંત કે ગુરુ મળી જાય પછી ઈશ્વરને શોધવો મુશ્કેલ નથી. આવી ભાવના સાથે સંતશ્રી ત્રિકમદાસજી સાચા સંતને, ગુરુને પામવા માટે ડુંગરાળ પ્રદેશમાં દોડી ગયા. ત્યાં રાપરના કાગનોરા ડુંગર ઉપર રામગિરિએ ત્રિકમ દાસજીને 'સત વચન'નો ઉપદેશ આપી ખીમ સાહેબના શરણમાં જવાની આજ્ઞા કરી. ત્યારે ત્રિકમદાસજી પંચાવન વર્ષની ઉંમરના હતા. આવી પાકટ વયે ખીમ સાહેબ પાસેથી સાહેબપંથી દીક્ષા ગ્રહણ કરી. ખીમ સાહેબે ત્રીકમદાસજીને 'ત્રિકમ સાહેબ' નામ આપ્યું. આજે પણ આ આજ્ઞાના શબ્દો ચિત્રોડ ગાદીના મુખ્ય દ્વાર પર અંકિત થયેલ 'રામગુરુનું વચન' થી વિદ્યમાન છે.

ત્રિકમ સાહેબ સૌ પ્રથમ વખત ખીમ સાહેબને મળવા જતા હતા ત્યારે તેમની સામે એક વિકરાળ સિંહ આવી પહોંચ્યો. એ તો ગભરાઈ ગયા પણ એમણે નિષ્ઠાથી બંધ આંખે ઈશ્વરસ્મરણ કર્યું. આંખો ખોલે છે તો સામે જ એક સાધુ ! ત્રિકમદાસ ઉપર દૃષ્ટિ પડતાં જ એ સાધુએ ત્રિકમદાસને કામળી અને કમંડળ આપ્યાં અને કહ્યું : ''તું જેની શોધમાં છે એ સદ્‌ગુરુ તને મળી ગયા છે.'' આ વાણીને સાંભળતા જ સાધુના ચરણે દંડવત્ પ્રણામ







કર્યા. ત્યાંથી તેઓ રાપર (કચ્છ)માં ખીમ સાહેબ પાસે પહોંચ્યા. પરંતુ ત્યાં બેઠેલા ભક્તોને દલિતવર્ગની મેઘવાળ જાતિમાં જન્મેલા ત્રિકમ સાહેબનું આગમન અને પ્રવેશ પસંદ ન પડતાં કોઈએ માથામાં ચાખડી મારતાં ત્રિકમ સાહેબને ઈજા થઈ. ખીમ સાહેબે ત્રિકમદાસને જોતાં જ પોતાના સ્થાનેથી ઊભા થયા અને ચાખડી મારનાર વ્યક્તિને લડવા લાગ્યા. તેમણે ત્રિકમ સાહેબને બાથમાં લઈ ભેટી પડ્યા અને ત્યાં બેઠેલા સૌની સામે જોઈને કહ્યું : ''જેને હું શોધતો હતો તે મને મળી ગયો છે.'' આમ, કહી ખીમદાસે ત્રિકમ સાહેબને પોતાની ગાદી ઉપર બેસાડ્યા. ત્રિકમ સાહેબે ખીમ સાહેબ સામે જોતાં જ પ્રતીતિ થઈ કે ''આ સાધુ તો ડુંગરાઓ વચ્ચે મળ્યાં હતા એ જ છે.'' ખીમ સાહેબે એમને કામળી ઓઢાડીને કહ્યું : ''આજથી તું મારી ગાદીનો વારસ છે અને ત્રિકમ મટીને ત્રિકમ સાહેબ બન્યો છે.'' એ ઘડીથી જ તેમના અંતરના પડદા ખૂલી ગયા. કબીરજીએ પણ તેમના એક પદમાં કહ્યું છે :

કહાં સે આયા કીધર જાયગા,  
ખબર નહિ અપના ઘરકી,  
સદ્‌ગુરુ મિલે તો જ્ઞાન બતાવે,  
ખોલ દેવે અંતર - ખડકી.

સંત કવિ સાહેબે પણ ગુરુના 'પિયાલા'નું મસ્તપણું આ રીતે વ્યકત કર્યું છે.

અમર પિયાલો મારા સતગુરુએ પાયો,
મન મસ્તાના, જો ફરું દિવાના.

●

ગુજરાતમાં સંતવાણીના સંત-સાધકો જાતે જન્મે સમાજના નમ્ર- નીચા થરના છે. આમેય સંતની કોઈ જાતિ-જ્ઞાતિ હોતી નથી, કોઈ કુળ નથી. એનો તાર તો ભગવાન સાથે જોડાયેલો છે. સંતો તો મોક્ષસિદ્ધિ માટે પ્રયત્ન કરે છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે :

**मनुष्याणां सहस्त्रेषु कश्चियतति सिद्धये ।**
**यततामपि सिद्धांनां कश्चिन्मां वेत्तितत्त्वतः ।।**

(અ :૭ :૩)

અર્થાત્ :

'હજારો મનુષ્યોમાં કોઈક જ મોક્ષસિદ્ધિ માટે પ્રયત્ન કરે છે, યત્ન કરતા સિદ્ધોમાં પણ કોઈક જ મને સત્ય સ્વરૂપે જાણે છે.'

પરંતુ ત્રિકમ સાહેબ તો સત્યસ્વરૂપને જાણી ગયા હતા. એવા આ સંત સંસારમાં રહીને, સંસારની ફરજોનું પાલન કરીને પણ સાધુ- જીવન જીવ્યા હતા. આમેય દલિત સમાજના સંતો મોટે ભાગે સાંસારિક જીવન જીવ્યા છે. સંસાર છોડીને સંન્યાસી થયા નથી. તેમ છતાં સંસારની માયાથી પર રહ્યા હતા. એમનું હૈયું તો અલખના આરાધને ઝંખતું હતું. તેઓ દયાળુ અને પરગજુ પણ







હતા. સામાન્યતઃ દલિત સંતો સંસારમાં રહી પોતાનું અને કુટુંબનું ભરણ-પોષણ કરવા મહેનત - મજૂરી કરતા રહ્યા છે અને સંતત્વને પણ જાળવ્યું છે. સંત રોહિદાસ અને દાસી જીવણ ચર્મકાર્ય કરતા હતા. મહારાષ્ટ્રના સંત ચોખામેળા મરેલા ઢોર ખેંચવાનું અને ઢોરનાં ચામડાં ચીરવાનું કામ કરતાં હતા. કબીર, ભીમ સાહેબ, વહરો, અરજણ અને ખીમડિયો વણાટકામ કરતા હતા. તો ત્રિકમ સાહેબ ખેતરમાં રખોપું કરવા જતા હતા અને ત્યાં પણ અલખની આરાધના કરતાં હતા. એ સંદર્ભે ત્રિકમ સાહેબનું આ પદ :

વર્ષારત વખાણીયે, ઊભો પાક અપાર,
પંખીડા જમજો પ્રેમથી, છે કણકણમાં કિરતાર.

કણકણમાં કિરતારને જોનાર આ સંતના જીવનમાં આ પદના સંદર્ભે પણ ચમત્કાર થયો છે.

ત્રિકમ સાહેબ પરોપકારી અને દયાળુ પ્રકૃતિના બાળપણથી જ હતા. ''કચ્છડો બારેમાસ'' એ લોકોકિત આજે પણ પ્રચલિત છે. ત્યાં વરસાદનું પ્રમાણ ઓછું. જે વર્ષે વરસાદ વરસે તે વર્ષે ખેતી થાય. જમીન પણ રેતાળ એટલે પાક પણ ઓછો. એક વર્ષે વર્ષાની મહેર થઈ અને ખેતરમાં બાજરાનો પાક કર્યો. પિતા હિરાણંદ તો ઘર સંભાળે અને વણાટકામ કરે. નાના પુત્ર ત્રિકમને ખેતરનું રખોપું સોંપ્યું. સંત ત્રિકમ સાહેબ તો ખેતરનું રખોપું કરવા જાય પણ માળા (ઝાકળિયું) ઉપર બેસીને પ્રભુભક્તિ કર્યા કરે, બીજી તરફ પક્ષીઓ ચણ ચણ્યા કરે. એક

દિવસે હિરાણંદ ખેતરમાં આવ્યા. જોયું તો ડૂંડેથી દાણા પક્ષીઓ ચણી ગયાં હતાં. તેઓ નિરાશ થઈ ગયા. પણ ડૂંડાને ખળામાં મસળવામાં આવ્યાં. ત્યારે કોઈ વર્ષે પાકયું ના હોય એટલું અનાજ મળ્યું. પિતા હિરાણંદ પણ પુત્રની ભક્તિથી પ્રભાવિત થઈ ગયા.

મોટાભાગના એમ માને છે કે, 'હું ધાર્મિક છું.' પણ, તેઓ ધર્મની વ્યાખ્યા સમજતા નથી. ધર્મ એટલે કોઈ એક ધર્મ, પંથ, સંપ્રદાય કે વાડો નહિ, કે પૂજા, પાઠ, આરતી, પૂજનનો મહિમા નહિ. ધર્મ એટલે **धीरयति ईति धर्मः।** પૂજા, પાઠ, આરતી કરવી કે મંદિરે જવાની ક્રિયામાં બાહ્યાડંબર વિશેષ જોવા મળે છે. સંતો તો એમ કહે છે કે આ બાહ્ય જપ, તપ, તીરથ કરવાનો કોઈ અર્થ નથી. યાત્રા કરવા છતાં, ગંગાના પવિત્ર જળથી સ્નાન કરવા છતાં જો માણસમાંથી કામ, ક્રોધ, લોભ, મોહ, માયા અને મત્સર આ ષડ્‌રિપુઓનો નાશ ન થાય તો આ બધું જ મિથ્યા છે. પણ, બાહ્ય સ્નાન કરી દેહનો મેલ ધોવાની સાથે મનનો મેલ ધોવાય તો તે જ ઈષ્ટ છે. સંતોએ કહ્યું છે :

જપ તપ તીરથ જોગ જુગતે, કરણી ક્યાં લગી જાય.
તીન દેવ દશ અવતારા, વાહી ખબર ન પાઈ.
અબ મન ચેત લે મેરે ભાઈ.
- ત્રિકમ સાહેબ





એમ કહેનાર ત્રિકમ સાહેબનો જન્મ રાપર (કચ્છ) પાસે આવેલ કાગનોરા ડુંગરની તળેટીમાં આવેલ રામવાવ ગામમાં સંવત ૧૭૮૨ને શ્રાવણ વદ આઠમને સોમવારના દિવસે તારીખ : ૦૫-૦૮-૧૭૨૬ ના રોજ થયો હતો. ત્રિકમ સાહેબના પિતા હિરાણંદ (મેઘવાળઃ ગરો બ્રાહ્મણ)નું ગોત્ર 'મારકુંડ' અને તેમની કુળદેવી 'ચામુંડા'. ત્રિકમ સાહેબના લગ્ન જડાવબા સાથે થયાં હતાં. તેમને સંતાનોમાં કરસનદાસ અને અમરદાસ એમ બે પુત્રો હતા.

સંતોની વાણીમાં આત્મખોજ  આત્મ સાક્ષાત્કાર અને મનના તારને ઈશ્વરના તાર સાથે જોડવાનું જણાવ્યું છે. બાહ્યાચાર, બાહ્યાડંબર તેમજ અંધશ્રદ્ધાનો સખત વિરોધ કર્યો છે. સંતવાણી નિર્ગુણ નિરાકાર દેવની આરાધના કરવા જણાવે છે. તેમાં ભગવાં પહેરવાં, ટીલાં-ટપકાં, વેશ - ટેકનો વિરોધ કર્યો છે. તેમ જ સમાજમાં રહી રાહ ચીંધ્યો છે. એ સંદર્ભે ત્રિકમ સાહેબ પણ કહે છે :

કપડાં ભી ધોયા, સંતો અંચલા ભી ધોયા,
જબ લગ મનવો ન ધોયો મેરે લાલ,
લાલ મેરા દિલમાં લાગી સંતો વેરાગીજી.

સમાજમાં પ્રસરેલ અંધશ્રદ્ધા, અજ્ઞાનતા, બાહ્ય આડંબર, અરાજકતા, ધુતારા - સંતો, સાધુ, બાવાઓ, દોરા-ધાગા, માદળિયાં, તાવિજ બાંધનારા ભૂવાઓ - ફકીરો અને ભવિષ્ય જોનારા જોષીઓ અને દંભી સમાજની આંખ ઉઘાડવા માટે તીખા કટાક્ષ કરતાં ત્રિકમ સાહેબ કહે છે :

ભક્તિના બા'ને મેલા મંત્રો સાધે,

વૈકુંઠ જાતાં જમડા આડા ફરે, જુગમાં જુલમ કરે.

આ રીતે ત્રિકમ સાહેબ સંસારની ભ્રામક માયા, જીવનની ક્ષણભંગુરતા સામે નિર્દેશ કરીને કહે છે : 'આ અમૂલ્ય મનુષ્ય અવતાર મળ્યો છે. તો ભલા, સાચું જીવન જીવી જા.' એવી શિખામણ પણ આપે છે. માણસની સમસ્યાનું નિવારણ થતું નથી. પણ, માત્ર ઈશ્વર સ્મરણ, ઈશ્વરભક્તિ, અને ઈશ્વર સાધના - આરાધના એ જ ઉત્તમમાર્ગ છે. ઈશ્વર આરાધનાથી અને સ્મરણથી જ જ્ઞાનનો પ્રકાશ પથરાય છે અને એ પ્રકાશના અજવાળે આધ્યાત્મિક માર્ગ મોકળો થાય છે. સંતોની વાણીમાં આવું અદ્‌ભૂત બળ છે.

ત્રિકમ સાહેબનાં પદોમાંથી પસાર થતાં તેમાં અલખની આરાધના, તત્ત્વદર્શન, વેદ - વચનો, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, યોગ, ઉપદેશનો સમન્વય થયેલો જોવા મળે છે. તો ઉચ્ચ કવિત્વ શક્તિનાં પણ દર્શન થાય છે. ઉ.ત :

નાભિકલમસે આવે ને જાવે,

પલપલ કરે પલકારા રે,

રણુકાર ઝણુકાર હોઈ રહ્યા રે,

અનહદ નાદ અવાજ રે.

●







સંતની કુંડી સંતો શબ્દ લીલાગર,

એક તૂં હી મારો ઘૂંટણહાર.

શ્રવણેથી રેડ્યો મારા રૂદિયે ઠેરાણો,

એક તૂં હી દેહડીમાં હૂવો રણુકાર

ચડતે પિયાલે સંતો ગગન દરસાણા

એક તૂં હી જમીં આસમાન.

ત્રિકમ સાહેબે અહીં શિષ્યને મંત્રદિક્ષા આપવાની ક્રિયાને ખૂબ જ ભાવવાહી શૈલીમાં રજૂ કરેલ છે. મંત્ર દિક્ષાની ક્રિયાને સોળ સંસ્કારની એક ક્રિયા તરીકેનું સ્થાન અપાયું છે. દ્વિજ ક્રિયા એ રીતે સાર્થ બને છે. અને કાનમાં જે ગુરુ મંત્રની ફૂંક મારવામાં આવે છે તેને ત્રિકમ સાહેબે આ રીતે પ્રકટ કર્યું છે.

શ્રવણેથી રેડ્યો મારા રૂદિયે ઠેરાણો

એક તૂં હી દેહડીમાં હૂવો રણુકાર

પછી તેઓ 'પિયાલા'ની વાત કરે છે. આમ તો 'પ્યાલો' એ ખાસ ભજન રચનાનું નામાભિધાન પણ છે, રવિ-ભાણ સંપ્રદાયના સંતોના પદોમાં 'પિયાલા' નાં પદો ખાસ કરીને જોવા મળે છે. આ સંપ્રદાયમાં મંત્રદિક્ષાની ક્રિયાને ગુપ્ત રખાય છે. એટલી જ સાંકેતિક અને પ્રતીકાત્મક પણ છે. એનું યજ્ઞોપવિત જેટલું જ મહત્ત્વ છે. ગુરુમંત્રની જુદા જુદા સંપ્રદાયોમાં પંથોમાં, અને વાડાઓમાં જુદી જુદી ક્રિયાઓ છે, જેવી કે, કાન ફૂંકવા, કંઠી બાંધવી, પ્યાલો પાવો, પરમોદવું વગેરે. આ બધી ક્રિયાઓ અંતે તો ગુરુની શિષ્ય પ્રતિની પ્રીતીનું પ્રતીક જ છે.

શ્રી જયમલ્લ પરમારે 'આપણી લોક સંસ્કૃતિ' ગ્રંથમાં 'પિયાલા' પ્રકારના ભજનોની રચનાઓ ઉદાહરણ તરીકે દર્શાવીને એના સ્વરૂપની ચર્ચા કરી છે. શિષ્યને શિષ્ય તરીકેની સ્વીકૃતિ રૂપે પ્યાલો પાવામાં આવે છે.

કબીરે પણ તેમના એક પદમાં 'પિયાલા' વિશે ગાયું છે :

દેખત ચઢે સુનત હિય લાગે,
સુરત કિયે તન દેત ઘુમાઈ,
પિયત પિયાલા, ભમે મતવાલા,
પાયો નામ મિટી દુરિતાઈ.

રવિ-ભાણ સંપ્રદાય પરંપરાના દાસી જીવણે પણ 'પિયાલાની રચનાઓ કરી છે. ' તેઓ ગુરુની શોધમાં ખૂબજ રખડ્યા કર્યા પછી ભીમ સાહેબનો ભેટો થતાં ગુરુમંત્ર દિક્ષાના પાનની અનુભૂતિ કરાવીએ અનુભૂતિને એમણે 'પિયાલા' માં સ્થાન આપ્યું :

પ્યાલો મેં પીધેલ છે ભરપૂર,
દયા કરીને દીધો પ્રેમે રસ પીધો,
નેનું મેં આયા નૂર, પ્યાલો મેં પીધેલ છે ભરપૂર (ટેક)
નૂરત સૂરત સાન ઠેરાણી રે,
બાજત ગગનામેં તૂર,
રોમે રોમે રંગ લાગી રિયો તો,
નખ શીખ પ્રગટ્યા નૂર... પ્યાલો૦

●







ત્રિકમ સાહેબ રવિ-ભાણ સંપ્રદાયના સંત હોવા છતાં પણ તેમના પર નાથપંથ, મહાપંથ અનેસાહેબ પંથની અસર વર્તાય છે. રવિ-ભાણ સંપ્રદાયમાં 'સવરા મંડપ'ની પરંપરા નથી. જે ત્રિકમ સાહેબ અને તેમની હાલની હયાત ગાદી સ્થાનોમાં 'સવરા મંડપ'નો ઉત્સવ ઉજવાય છે.

'સવરા મંડપ'નો સૌ પ્રથમ ઉત્સવ ત્રિકમ સાહેબના ભાણેજ અને શિષ્ય નથુરામ સાહેબે રાધનપુરમાં સંવત ૧૮૩૯ ઈ.સ. ૧૭૮૩ ની ચૈત્રી પુનમે ઉજવવામાં આવેલ. આ ઉત્સવમાં ખીમ સાહેબ અને ત્રિકમ સાહેબે હાજરી આપેલ જેની નોંધ પણ રાધનપુર ગાદી સ્નાનની હસ્તપ્રતમાં સચવાયેલ છે.

આમ 'સવરા મંડપ'ની પરંપરા મહાપંથ અને નાથપંથના અનુયાયીઓમાં જોવા મળે છે. સવરા મંડપ પ્રસંગે 'વિસો પાટ' ભરવામાં આવે છે. આ પાટ 'મહા પંથ' માં પણ ભરવામાં આવે છે.

ત્રિકમ સાહેબની પરંપરાની જગ્યાના મહંતો, ખભે ભગવો ખેસ તેમજ માથે ભગવી પાઘડી અને હાથમાં ધર્મદંડ રાખે છે.

ત્રિકમ સાહેબની ગાદી ચિત્રોડમાં હાલમાં પણ છે. એમને સાત શિષ્યોને દીક્ષા આપી હતી અને દરેકની પોતીકી પરંપરા અને ગાદીના સ્થાનકો છે. આજે પણ એ પરંપરાને અનુસરવામાં આવે છે. તેમના શિષ્યો અને ગાદીનાં સ્થાનકઃ ભીમ સાહેબ (આમરણ),

લક્ષ્મી સાહેબ (ચિત્રોડ), નથુરામ સાહેબ (રાધનપુર), વેલ સાહેબ (ઊંઝા), ધર્મદાસ સાહેબ (પલાસવા), શીલદાસ સાહેબ (રાપર) અને તુલસીદાસ સાહેબ (ચોબારી). ત્રિકમ સાહેબના આ શિષ્યો પણ સમાજ સુધારણા ક્ષેત્રે, આધ્યાત્મિક ક્ષેત્રે, અને કબીર વિચારધારાને પ્રવર્તનાવનાર સક્ષમ સંતો હતા. આજે પણ ગુરુ પરંપરાએ ગાદી ઉપર આવનાર સંત એ પરંપરાને જ અનુસરે છે.

ત્રિકમ સાહેબની ગાદી ચિત્રોડમાં અને એ ગાદી પરંપરાએ લક્ષ્મી સાહેબ, ખમિયા સાહેબ, હરિદાસજી સાહેબ, વસન સાહેબ, ખાન સાહેબ, પ્રેમહંસ સાહેબ, મૂળ હંસ સાહેબ, સત્ય હંસ સાહેબ, આત્મ પ્રકાશ સાહેબ અને ગાદી પરંપરા આગળ વધતી રહી છે. પરંતુ આત્મ પ્રકાશ સાહેબ પછી એ જગ્યાએ હાલમાં ટ્રસ્ટ દ્વારા પૂજારી રાખવામાં આવેલ છે. સમગ્ર ગુજરાતમાં ત્રિકમ સાહેબના બાવન દુવારા છે. આ દુવારામાં ત્રિકમ સાહેબની શિષ્ય પરંપરાના સંતોના સમાધિ સ્થળો છે.

ત્રિકમ સાહેબના જન્મ (તારીખ : ૦૫-૦૮-૧૭૨૬)ને ઈ.સ. ૨૦૧૦માં ૨૮૪ વર્ષ થયાં તેઓ ખીમ સાહેબ, ભીમ સાહેબ, લક્ષ્મી સાહેબ, નથુરામ સાહેબ, દાસી જીવણ, સવૈયા નાથજી, બાળક સાહેબના સમકાલીન હતા. જેના ભક્તિ ભાવનો







આદિ સૂર નૂર તેજની એકતાને પામવાનો છે. ત્યાં જાતિ - જ્ઞાતિ કે જાતીયતાનો લોપ થયેલો છે. પરચા પ્રત્યેની આસ્થાથી પાઠ પૂરે ત્યારે એની સુપ્ત જ્યોતને સ્વયંભૂ આતશથી પ્રગટાવે છે ! પાઠમાં બેઠેલાં ભકતોમાં જાતિભેદ, જ્ઞાતિભેદ, દિલભેદ, સ્પર્શાસ્પર્શનો ભેદ ઓગાળી એક અમર જ્યોતમય કરી દે છે. એના મહન્ત સ્થાને ગુરુ સ્થાને બિરાજેલ મહાપંથ પાત પ્રત્યે કોઈ શંકાના ભાવથી જોઈ ન શકે. એ જ્યાં મહાપંથના આસને આવ્યા હોય તેને ગુપ્તવાયક મળે છે. વાયક એ છૂપા સંદેશા દ્વારા મળતું નોંતરું છે. જેને વાયક મળે એ જ પાટમાં આવી શકે. જ્યારે ત્રિકમદાસને ખીમ સાહેબે ચાદર ઓઢાડી ત્યારે ખીમ સાહેબને ખબર પડી કે ત્રિકમ સાહેબને ઈશ્વર તરફથી ગુપ્ત વાયક મળેલ છે અને તેમણે સ્વયં પોતાની ગાદી ઉપર ત્રિકમ સાહેબને બેસાડ્યા.

સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતની ભૂમિની એક સાંપ્રદાયિક લાક્ષણિકતા એ છે કે એમાં મોટા પંથના મહાનુભાવોની અખંડ પરંપરા ચાલી આવે છે. લાખોની સંખ્યામાં એના અનુયાયીઓની હારમાળા માય- સમાય ના એવી ભૂગર્ભમાં પડી છે. મહાપંથ, મોટો પંથ કે જ્યોતના પંથ તરીકે આ સંપ્રદાય ઓળખાય છે.

ગુરુ ખીમ સાહેબની આજ્ઞાથી ત્રિકમ સાહેબે ચિત્રોડ ગામે નિવાસ કર્યો અને દુષ્કાળથી પીડિત કચ્છની પ્રજા માટે, ગરીબો માટે નાત-જાતના ભેદ-ભાવ વગર સદાવ્રત શરૂ કર્યું. પણ કચ્છના રાજા દેશળજીને ગમ્યું નહિ. તેમનો અહમ્ ઘવાતો હતો. જેને કારણે ત્રિકમ સાહેબને જેલમાં ધકેલી દીધા. તેમ છતાં સદાવ્રત તો ચાલતું જ રહ્યું...! રાજાને આશ્ચર્ય થયું કે, ત્રિકમદાસ વગર પણ સદાવ્રત ચાલુ જ છે! રાજા તો સદાવ્રતના સ્થળે ગયા તો પંગતે પંગતે ત્રિકમ સાહેબને પિરસતા જોયા ! રાજાએ તરત જ આદેશ કર્યો, જેલમાં તપાસ કરી તો ત્યાં પણ ત્રિકમ સાહેબને ઈશ્વર ભક્તિ કરતા જોયા! રાજાને આશ્ચર્ય થયું અને તેમને જેલમાંથી મુક્ત કર્યા.

ડૉ. મુકુન્દચંદ્ર નાગરના મત અનુસાર : 'ઐતિહાસિક પુરાવાઓ અને સંદર્ભોને આધારે ત્રિકમ સાહેબનો સમાધિ (નિર્વાણ) સમય વિ.સં. ૧૮૫૭ના ચૈત્ર સુદ બીજ નક્કી થાય છે. આ સમયની ગણતરી કરતાં આ દિવસે તારીખ : ૧૬-૦૩-૧૮૦૧ અને સોમવાર આવે છે.' ત્રિકમ સાહેબની સૂચનાઅનુસાર તેમના નિર્વાણ બાદ તેમના નશ્વર દેહને ચિત્રોડથી રાપર લઈ જવામાં આવ્યા અને ત્યાં સમાધિ આપવામાં આવી. લોકોક્તિ અનુસાર ડાઘુઓને તરસ લાગતાં યોગીસ્વરૂપે ત્રિકમ સાહેબ આવીને ડાઘુઓને પાણીનું સ્થળ ચિંધેલ. આ સ્થળ આજે પણ 'ત્રિકમ વીરડા' તરીકે ઓળખાય છે.







બીજી લોકોક્તિ અનુસાર ત્રિકમ સાહેબે જીવતાં સમાધિ લેવાનું નક્કી કરતાં તેમણે રાપરના દરિયા કિનારે સમાધિ આપવાનું નક્કી થયું.પરંતુ સવર્ણોએ તેનો વિરોધ કર્યો. નક્કી કરેલ સ્થળે સમાધિ થાય તે તેમને ગમતું નહોતું. આથી ડોલી રોકીને વચ્ચે જ લોકો ઉભા રહ્યા. સંત ત્રિકમ સાહેબ તો સંત ભક્ત આત્મા હતો. તેઓ સમાધિ રોકીને ડોલીમાંથી ઊતરી ગયા અને ચાલવા લાગ્યા અને જે આંબલીના ઝાડ પાસે લોકો રસ્તો રોકતા હતા. ત્યાં જઈને આંબલીને ખસી જવા માટે આદેશ કર્યો. આંબલી તો ત્યાંથી ખસી ગઈ! અનેત્યાં સમાધિ બની. આજે પણ ચૈત્ર સુદ બીજના દિવસે તેમની યાદમાં સમાધિ સ્થળે ધાર્મિક મેળો ભરાય છે.

□

# ૨૨.ભક્ત કવિ સંતશ્રી નિરાંત મહારાજ

(ઈ.સ. ૧૭૪૭-૧૮૩૫)

પોતાની ભક્તિના પ્રભાવથી આજે પણ લોકપ્રિય રહેલા અને કાળના પ્રવાહમાં ટકી રહેલા સંતશ્રી નિરાંત મહારાજના જ્ઞાન અને ભક્તિનાં પદો, ભજનો અને કીર્તનો તેમના બહોળા ભક્ત સમુદાય અને 'નિરાંત સંપ્રદાય' દ્વારા સમાજ સમક્ષ તાજાં રહ્યાં છે.

ધન, ધન જીવ્યું તેનું રે જાણવું,
જેણે ગોવિંદના ગુણ ગાયા રે,
સેવા - સ્મરણ તેનું કરે સહુ,
ઈશ્વર પેઠે પૂજાયા રે...
(સંસ્કારની સરવાણી : પૃઃ ૨૪૫)

- નિરાંત

સંતશ્રી નિરાંત મહારાજનો જન્મ કરજણ તાલુકાના દેથાણ ગામે ઈ.સ. ૧૭૪૭માં થયો હતો. ભક્તિ પરાયણ પિતા ઉમેદસિંહ અને માતા હેતાબાને ત્યાં ઘરનું વાતાવરણ પણ ભક્તિ ભાવવાળું હતું. ભક્ત કવિ નરસિંહ મહેતાના પ્રભાતિયાં અને ભક્ત કવયિત્રી મીરાબાઈના પદો ઘરમાં સતત ગુંજ્યા કરતાં હતાં. પૂર્વજન્મના સંસ્કારો પારણામાંથી જ જાગ્રત થઈ ગયા હતા. માતા







- પિતાના ભક્તિભાવનો પ્રભાવ પણ તેમના કોમળ મન ઉપર પ્રત્યક્ષ થતો હતો. એ સમજણા થયા ત્યારથી સંત-મહાત્માના સંતસંગમાં આવ્યા અને સંકીર્તનના સ્વરો સાંભળતા તેઓ ધ્યાનમગ્ન થઈ જતા હતા. તેમને અંતરબ્રહ્મની પ્રતિતી થતી હતી. એ સંસ્કાર સંતશ્રી નિરાંત મહારાજમાં ઊતરી આવ્યા હતા. ભક્તિનો ભાવ એમના મન- હૃદયમાં ગુંજ્યા કરતો હતો. એમને મને ઈશ્વર એ જ સર્વસ્વ હતું. અને એટલે જ એમનામાં ભક્તિ અને અધ્યાત્મનું ઝરણું સતત વહ્યા કરતું હતું.

સંસારના સુખ વિશે તેઓ કહેતા : 'સંસારનું સુખ મેળવવા પ્રયત્ન, કરીએ તો ખોવાઈ જવું પડે. હું જે સુખની વાત કરું છું. તેને પકડી ન શકાય. તે એની મેળે આવે તેમજ હંમેશને માટે ટકી રહે. આનંદ મેળવવા પ્રયત્ન કરવો પડતો નથી. આનંદ એ તો સ્વભાવ છે. વિષયનો આનંદ મેળવવા પ્રયત્ન કરવો પડે છે. તેમ જ તે ખંડ તથા ક્ષણ સ્થાયી છે. જ્યારે સચ્ચિદાનંદનો આનંદ ચિરસ્થાયી છે.. આપણે સંસારમાં જે આનંદ મેળવીએ છીએ તેનાથીએ વિશેષ સ્થાયી આનંદ આપણી અંદર જ છે.'

દેહ-જુવાની જુઠી ન જાણી
મોહ-માયાએ બંધાયા રે,
જીવમુક્ત તો તેને રે જાણો,
જે આપમાં ઉલટ સમાયા રે...

વળી, ગૃહસ્થધર્મ વિશે પણ તેઓ કહે છે : 'આપણે ગૃહસ્થ ધર્મનું પાલન બરાબર કયાં કરીએ છીએ ? અગાઉ ચાર આશ્રમો હતા, તેમાં પહેલો આશ્રમ તે બ્રહ્મચર્ય તે હાલમાં નથી એમ કહીએ તો ચાલે. એના ન રહેવાથી બધા જ આશ્રમોમાં ગોટાળા થઈ ગયા છે. ગૃહસ્થનો અર્થ હું ગૃહને હસ્તગત કરવાનું સમજું છું... પણ ગૃહે આપણને હસ્તગત કરી લીધા છે.' માટે જ તેઓ કહે છે :

આવો અવસર ફરી ફરી નહિ મળે,
મનુષ્યા દેહ છે મોટો રે;
સુરનર સરખા તેને સહાય છે,
સ્વપ્નવત્ સંસાર ખોટો રે...

આવી સમજ ધરાવનાર સંતશ્રી નિરાંત મહારાજનું શાળાકીય - શૈક્ષણિક - જ્ઞાન નહિવત્ હતું. ગામઠી શાળામાં મહેતાજી પાસેથી થોડું ઘણું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. પરંતુ તેમણે અનન્ય ભક્તિભાવથી પોતાના આત્માને ઓળખ્યો હતો. ભક્તિની સાથે સાથે પોતાને અને અન્ય ભકત જનોને જીવન મુક્તિનો રાહ ચિંધ્યો હતો. ઉપર કહ્યું તેમઃ 'જીવન્મુક્ત તો તેને રે જાણો, જે આપમાં ઉલટ સમાયા રે...'

તેમની સંતવાણીનો પ્રભાવ પૂર્વમાં ડભોઈથી રેવાકાંઠે, પશ્ચિમે કાવિથી દહેજ, ભાડભૂત અને ભૂવા સુધી તથા ઉત્તરમાં મહીસાગરથી વાત્રક સુધી અને દક્ષિણમાં સુરત સુધી વિસ્તર્યો







હતો. દેથાણ ગામ વ્યવહારથી વેડચ, પીલુદ્રા, બ્રાહ્મણવસી, કણઝટ, કોટણા જેવાં અનેક ગામો સાથે સંકળાયેલું હતું. જેને કારણે સંત શ્રી નિરાંત મહારાજની અધ્યાત્મિક સુવાસ આજે પણ આ ગામોમાં મધમધે છે.

લોકોકિત અનુસાર નિરાંત મહારાજને જ્ઞાનનું ભાથું આપનાર કોઈ મુસ્લિમ જ્ઞાની હતા. તેમણે તેમને સગુણ - ભક્તિમાંથી નિર્ગુણ ભક્તિ તરફ વાળ્યા હતા. આ લોકોકિતને પુષ્ટિ આપતા પુરાવા મળતા નથી. બીજા મત પ્રમાણે ગોપાળદાસ નામના રામાનંદી સાધુ પાસેથી 'નામ' ઉપદેશ મેળવી તેઓ જ્ઞાની બન્યા હતા. તેઓ ગુરુને ઉદ્દેશીને કહે છે.:

ફરી ફરી વંદુ સદ્ગુરુ દેવને,
જેણે અંતરજીમી ઓળખાવ્યા રે,
ક્ષણ એક વહાલો મનથી ના વીસરે,
ભાવે ભૂદરજી ભાવ્યા રે....

આ ગુરુજ્ઞાન આપનાર ગોપાળદાસજી મહારાજ કણઝટ (માસર રોડ) ગામમાં રહેતા હતા અને નિરાંત મહારાજે લાંબો સમય તેમની સાથે સત્સંગ કરી ઉપદેશ ગ્રહણ કર્યો હતો. તેમની સંતવાણીનો પ્રભાવ પણ આત્મજ્ઞાનથી તત્વજ્ઞાન તરફ દોરતો હતો.

સંતશ્રી નિરાંત મહારાજના શિષ્યોમાં બાપુ સાહેબ ગાયકવાડ (ઈ.સ.૧૭૭૯ થી ઈ.સ. ૧૮૪૭) મુખ્ય હતા. બાપુ

સાહેબ ગાયકવાડ તેમને ગુરુ માનતા હતા. બાપુ સાહેબ ગાયકવાડ ભક્તકવિ ધીરાના પણ શિષ્ય હતા. તે ઉપરાંત નિરાંત મહારાજના અન્ય શિષ્યોમાં દયાળદાસ, કરસનદાસ, મંછારામ, ગોવિંદરામ, ગણપતરામ, શ્યામદાસ, ધરમગિરી, નારાયણગિરી વગેરે હતા. આ શિષ્યોએ પણ બ્રહ્મજ્ઞાન અને વૈરાગ્ય બોધનાં પદોની રચનાઓ કરી છે. બાપુ સાહેબ ગાયકવાડનાં પદો આજેપણ જનમાનસમાં સચવાયાં છે :

શાંતિ પમાડે તેને સંત કહીએ,
હાં રે એના દાસના દાસ થઈ રહીએ રે..
નામ ને નામી મારા ગુરુએ બતાવ્યા,
ભાઈ તે તો લખ્યું મારે હૈયે;
સૌમાં વ્યાપક સૌથી ન્યારાં,
'બાપુ' એવા પુરુષને ચહીએ રે...

(કીર્તન મુક્તાવલી : પૃ-૨૯૦)

-બાપુ સાહેબ ગાયકવાડ

તે ઉપરાંત 'નિરાંત'ના શિષ્યોમાં ભક્તકવિ ગણપતરામ, ગોવિંદરામ, દયાળદાસ, કરસનદાસ, મંછારામ, શ્યામદાસ વગેરેનાં જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યનાં પદો આજે પણ લોકમાનસમાં ચિરંજીવ છે :







અલ્યા મન ! ઓળખ આતમરામ,
તુજને જડશે તારું ઠામ.
ઘટમાં ગંગા, ઘટમાં જમના ઘટમાં તારું ગામ;
ઘર મઠાકાશે મહાલે, સઘળે સુંદીર શ્યામ...
જપ, તપ, તીરથ, જોગ કરોને, દહાડી ખરચો દામ;
સદ્‌ગુરુ વિના સમજણ ના'વે, ગાવે ગણપતરામ...
(સંસ્કારની સરવાણી : પૃ.:૩૪) -ગણપતરામ

●

આ રે અવસરની હું તો જાઉં રે બલિહારી,
અચળ અનાદિ ઘરનું મહાસુખ પામી, મારી વેળા વળી છે.
અવિનાશી વરની હું તો થઈ પટરાણી,
શૂન્ય શિખરની સે'જે મહાસુખ પામી...
દયાળદાસે ગાયો સૂરતાનો વિવાહ,
અનુભવી હોય તેણે અનુભવથી જાણી...
(સંસ્કારની સરવાણી : પૃ:૫૧) - દયાળદાસ

●

ગોપીઓએ ઘેરી લીધા છે ગોપાલને,
હાં રે પેલા રંગીલા જશોદાના લાલને...
પીતાંબર પર રૂડો ચણિયો ચડાવ્યો ને,
કંચુકી પહેરાવી નંદલાલને;
મુગટ ઉતારી માથે ઓઢણી ઓઢાડી,
વેણી બાંધીને ગૂંથ્યા વાળને રે.... ગોપીઓએ.
(સંસ્કારની સરવાણી : પૃ: ૧૪૯) - ગોવિંદરામ

સંતશ્રી નિરાંત મહારાજ અવાર-નવાર સાવલી તાલુકાના ગોઠડા ગામે ધીરા ભગતને મળવા આવતા હતા. ત્યાં બાપુ સાહેબ ગાયકવાડ પણ ગોઠડા ગામે રહી પોતાની જાગીર સંભાળતા હતા. તેમને ધીરા ભગતનો અને નિરાંત મહારાજનો સત્સંગ થતો. તેઓ 'નિરાંત' અને 'ધીરા' ના શિષ્ય થયા. નિરાંત મહારાજને તેઓ ગુરુ સમાન માન આપતા હતા.

સંતશ્રી નિરાંત મહારાજ નાનપણથી જ ધાર્મિક વૃત્તિવાળા હતા. અને કથાવાર્તા કરવા તેમજ વડોદરામાં થતા વૈષ્ણવ સંપ્રદાયના ઓચ્છવમાં હાજરી આપતા. જેને કારણે જ્ઞાન અને ભક્તિનાં પદોની સાથે સાથે રાધા-કૃષ્ણની લીલાઓનાં પદોની પણ તેમણે રચનાઓ કરી છે. તેમાંની કેટલીક રચનાઓ આજે પણ લોકકંઠે સચવાયેલી છે.

એમનાં ભજનોમાં સૂક્ષ્મ અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનનું નિરૂપણ થયેલું છે. એમાં માનવીય અનુભવ અને કલાનુભવ આકૃત થયેલા છે. જેને કારણે એમનાં ભક્તિપદો રસની અનુભૂતિ કરાવે છે. એમનાં પદોમાં અધ્યાત્મ અનુભવ અને એની અભિવ્યક્તિ એ બે એકત્વ સાધીને પ્રકટ થાય છે. આ કવિ અધ્યાત્મમાં અને પરમાત્મામાં જીવે છે.એટલે એની ભાષા નોખી તરી આવે છે. એ એમના ત્રીજા નેત્રની પ્રસાદી છે. એટલે જ તેઓ કહેતા હશે :

મને સદ્‌ગુરુ મળિયા પૂરા રે,અગમ નિગમની ગમ લાધી;
મેં જ્ઞાને શબ્દ વલોવ્યો રે,તત્ત્વરૂપની તર બાઝી.

(કાવ્ય સંચય : ૧ માંથી) - નિરાંત







આપણા દેશમાં જે સમયમાં ભક્તિનું મોજું ચારેતરફ ફરી વળ્યું હતું, દેશની દોદળી બનેલી ધાર્મિકતા અન્ય ધર્મના ઘસારા સામે સ્વરક્ષણ અર્થે ભક્તિને એક તરણોપાય લેખીને પ્રવૃત્ત બની હતી. એ સંદર્ભે ભક્તકવિ સંત શ્રી નિરાંતનો ફાળો પણ નોંધવા જેવો છે. નિરાંતના ભક્તિપદોમાં અધ્યાત્મ અનુભવ અને એની અભિવ્યક્તિ બંને રસાઈ - ગળાઈને પ્રકટ થયેલ છે.

ખટદરશને ખોળ્યો નવ લાધે, વર્ણાશ્રમથી દૂર,
થાવર જંગમ સભર ભરાભર, કયમ ભાસે ભરપૂર,
કૃત્ય પડ્યાં કાચાં રે, બુઝ નવ બુઝાણી.

(કાવ્ય સંચય : ૧ માંથી) - નિરાંત

નિરાંતને મન ભક્તિ એ વાગ્વિલાસનું સાધન નહિ, પણ આંતર કોષમાંથી પ્રકટતી આધ્યાત્મિક અને અનુભવવાણીનો પ્રભાવ હતો. આ પ્રવૃત્તિમાં પોતીકી ભાવનાઓને તેમણે વર્ષો સુધી હૃદયમાં સાચવી અને સતત સ્મરણ કર્યું. એ ભાવનાઓ જ શબ્દદેહે ભક્તિપદોમાં પ્રકટ થઈ છે.

જીવનનો અંતિમ પરિપાક ભક્તિ છે. એવી મધ્યકાળની એક પરંપરા હતી. વ્યવહારો, પરંપરા, નિરીક્ષણ અને અનુભવને

અંતે આત્મજાગૃત્તિ ભર્યું, કર્મ અને તપ, ત્યાગ, વૈરાગ્ય અને સેવા દ્વારા આત્મસાધના એ ભક્તિની નૈસર્ગિક નિષ્પત્તિ બનેલી.

આ ભક્તિ કર્મપ્રધાન હતી. એટલે સંસારનો ત્યાગ એ તો અપવાદ જેવો રહેતો. પણ સંસારમાં રહીને જન સામાન્ય વચ્ચે રહીને પતિતો, અધમો, અસ્પૃશ્યો, દલિતો વચ્ચે કામ કરવું એ પ્રભુસેવા મનાતી.વ્યવહાર શુદ્ધિ અને આચાર શુદ્ધિ એના અંગ હતાં. આ આચાર અને વ્યવહાર તત્ત્વનિષ્ઠ હતાં, અને એ દ્વારા આત્મિક વિકાસ સધાતો હતો. સંતશ્રી નિરાંત મહારાજ પણ સંસારી હતા. તેઓ માનતા કે સાધુ - સંતોએ તો અપેક્ષા વગરનું જીવન જીવવું જોઈએ. સમાજના આશ્રિત થઈને જીવવું જોઈએ નહિ. સંતોએ તો સમાજના રાહબર બનવું જોઈએ. સમાજ પર બોજ બનીને જીવવું જોઈએ નહીં કે ન તો સમાજ સામે હાથ લંબાવવો જોઈએ. તેઓ પોતે અયાચક તો હતા જ અને એવો આગ્રહ પણ રાખતા હતા.

તેમનામાં રહેલી સંત સુવાસ ચોમેર પ્રસરી અને શ્રદ્ધાળુઓ તેમનાં દર્શન કરવા અને સલાહ સૂચન લેવા આવવા લાગ્યા. સંતશ્રી નિરાંત મહારાજને મન ધર્મ સંપ્રદાય કે જ્ઞાતિ - જાતિ પ્રત્યે કોઈ જ અણગમો કે ભેદભાવ ન હોતો. એનુંય કારણ છે , સાધક જ્યારે અધ્યાત્મની ભૂમિકાએ પહોંચે છે. ત્યારે તેની ધર્મ પ્રત્યેની ભેદરેખા ભૂંસાઈ જાય છે. તેને માટે ધર્મ ધર્મ વચ્ચે કશો જ ભેદ રહેતો નથી.







તેને માટે રામ - રહીમ, ઈશુ- જરથોસ્ત, બૌદ્ધ-મહાવીર, કબીર - નાનક બધા જ સરખા છે. અધ્યાત્મની ભૂમિકાએ પહોંચ્યા પછી તેને માટે તો માનવધર્મ જ શ્રેષ્ઠ ધર્મ છે. માણસની અને પ્રાણીમાત્રની સેવા એ ઉત્તમ સેવા છે. આવા સંત માટે તો માનવ માનવ વચ્ચે, ધર્મ ધર્મ વચ્ચે, જાતિ - જાતિ વચ્ચે ભેદ જ રહેતો નથી.

સંતશ્રી નિરાંત મહારાજ, રૂઢિગત કે રૂઢિજડ સંત નહોતા. તેમના તો અનેક વર્ગના, જાતિના, ધર્મના, વર્ણના, શિષ્યો હતા. તે સમયે આવું વર્તન રાખવું એ મોટી ઉદારતા લેખાતી હતી. અને એ ઉદારતા સામે રૂઢિચુસ્ત સમાજ ઉહાપોહ પણ કરતો હતો.

સંતશ્રી નિરાંત મહારાજ સતત કાર્યશીલ, જ્ઞાનપિપાસુ અને જ્ઞાનરસિક સંત હતા. તેમાં વાણી, વર્તન અને કાર્યમાંથી સતત સાધુત્વ પ્રકટતું હતું. સરળ પ્રકૃતિ, વિશાળ હૃદય, માયાળુ સ્વભાવ, પરોપકાર વૃત્તિ અને હસમુખ છતાં ગંભીર વદન, માયાળું અને દુશ્મન સાથે પણ સમભાવ રાખતા હતા. કોઈના પ્રત્યે દ્વેષ, વેર, દુર્ભાવ કે કઠોર વચન પણ ઉચ્ચારત ન હોતા. તેઓ પરગજુ સ્વભાવના હતા. ભક્તકવિ નરસિંહ મહેતાની કાવ્યપંક્તિ : ‘પર દુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે.’ એવા વૈષ્ણવી સ્વભાવના હતા. ઘરની સ્થિતિને અનુકૂળ થઈને સંતુષ્ટ રહેવાની કળા તેમણે સ્વભાવગત કરી હતી.

ધાર્મિક સંસ્કારોના પ્રભાવને કારણે તેઓ વારંવાર સાધુ-સંતોની મુલાકાત લેતા હતા. તેમના સમયમાં અનાચાર, પાખંડ, દાંભિકતા, નિષ્ક્રિયતા અને અંધશ્રદ્ધાનું સામ્રાજ્ય સમાજમાં ખૂબ જ પ્રવર્તતું હતું. તેથી પાખંડી સાધુઓને ઉત્તેજન મળતું હતું. આવા સાધુઓને ધ્યાનમાં રાખી મધ્યકાલીન કવિ અખાએ જે કહ્યું છે તે યાદ રાખવા જેવું છે :

અજ્ઞાનીને ઊંટ બચકું ઝાલ્યું મૂકે નહીં મુખ થકું,
અખા અણજાણ્યે પેઠું કાન, ચાલ્યા પંથ દર્શનને માન.
કેને કિરતાર ન જાણ્યો જેડ, વઢે ઢીંકે ને કટારી કડ્યે. (૨૯૬)

(ઉમાશંકર જોષી સંપાદિત 'અખાના છપ્પા'):
(૧૯૫૩) જડભક્તિ અંગ : પૃઃ૮૦

આટલી નિર્ભિકતા તેમજ નીડરતાથી સ્પષ્ટપણે સમાજને પોતાની પરિસ્થિતીનું ભાન કરાવનાર સુધારકો તો તે સમયે ઘણા ઓછા હતા. આવી ઉગ્રવાણીમાં સમાજને ઉદ્‌બોધન કરનારા સુધારકોમાં અખો, ભોજા ભગત, અને ધીરા ભગતની સાથે નિરાંત મહારાજનું પણ નામ લેવું પડે તો તે યોગ્ય જ છે.

સંતશ્રી નિરાંત મહારાજ શાસ્ત્રોમાં કહ્યા મુજબનું સંયમી જીવન જીવ્યા. નિષ્કામ ભાવે પોતાના કર્તવ્યોમાં રત રહ્યા. એ રીતે એમણે આધ્યાત્મિક સાધના કરી. તેઓએ દેહભાવ ભૂલી આત્મભાવમાં તલ્લીન થતાં ઈશ્વરને જોયા અને ચાતુર્વર્ણ્ય ધર્મના સિદ્ધાંતોને અનુસરી સ્વધર્મ બજાવી પોતાના જીવનને ધીમે ધીમે







શુદ્ધ બનાવ્યું. અને સંપૂર્ણપણે ભગવાનમય અને ભાવનામય થઈ માનવધર્મનું કર્તવ્ય બજાવતા રહ્યા. તેથી તેમની આંતર અશુદ્ધિઓ દૂર થઈ ગઈ. આ ફળ પ્રાપ્તિ માટે, સિદ્ધી માટે, તો હજારો યજ્ઞ કરવા પડે, વર્ષો સુધી તપ કરવું પડે, અનેક જન્મો લેવા પડે જે નિરાંત મહારાજને સહજમાં પ્રાપ્ત થઈ. પોતાના સનાતન સ્થાન વિશેનો આત્મવિશ્વાસ પ્રકટ થયો. આમ ભગવાનની કૃપાથી તેમના કર્તવ્યપંથ પર આત્માનાં અજવાળાં પથરાયાં. એમને ભૌતિક સુવિધાઓમાં રસ રહ્યો નહોતો. આવી સુવિધાઓ મળે તો તે દુઃખી થઈ જતા હતા. તેઓ એક પરિવ્રાજક સંત હતા. જે વસ્તુથી ચલાવી લેવાય તેનો તે આગ્રહ રાખતા નહોતા. તેમણે તો અંદરની વાસનાઓનો પણ ત્યાગ કર્યો હતો.

નિરાંત મહારાજ સંત ઉપરાંત જ્ઞાનિ કવિ પણ હતા. 'નિરાંત સંપ્રદાય' નો પાયો નાખ્યા બાદ તેઓ વિક્રમ સંવત ૧૮૯૧ (ઈ.સ. ૧૮૩૫)માં નિર્વાણ પામ્યા. પોતાના ઉપદેશનો પ્રચાર કરવા તેમણે શિષ્ય પરંપરા શરૂ કરી હતી. ભક્તિભાવવાળા લગભગ સોળ શિષ્યોને ઉપદેશ કરવાનો અધિકાર આપ્યો હતો. તે માટે ગુરુના પ્રતીક તરીકે મહારાજ પાસેથી તેમની ચાખડીઓ તથા માળા લઈ પોતાને ઘેર ગુરુગાદી સ્થાપી. ત્યાં પધરાવી પુજા- આરતી કરવા લાગ્યા. આજે પણ નિરાંત મહારાજની ગુરુગાદીઓ ઘણાં ગામોમાં છે. ખાસ કરી તેમનાં ભજનોમાં તત્ત્વજ્ઞાન, વ્યસનમુક્તિ અને ઉપદેશનું તત્ત્વ વધારે જોવા મળે છે.

□

# ૨૩.સંત મહાત્મા મૂળ દાસજી

(ઈ.સ.૧૬૭૫-૧૭૭૯)

મધ્યકાલીન ભક્તિ પરંપરામાં ભકતકવિઓનો ફાળો હંમેશા ગૌરવપ્રદ રહ્યો છે. શાસ્ત્રોના ગૂઢાર્થને એક માત્ર શબ્દ દ્વારા તેના પુદ્ગલના રંગોનો પરિચય ક્ષણમાં કરાવે છે. એનું કારણ છે : ભક્તના શબ્દમાં સરળતા સાથે સહૃદયતા ભળેલી હોય છે. ભક્ત હૃદયમાંથી અહર્નિશ ઊઠતા ભણકારા ચિત્તની સપાટી પર ઝિલાય છે. તેને સર્જક પોતાના સર્જનોમાં પ્રતિબિંબીત કરીને ઈશ્વરદત્ત શક્તિઓ દ્વારા ધર્મનું અને સમાજનું ઊર્ધ્વીકરણ કરે છે.

સંત મૂળદાસજીનો કોઈ સંપ્રદાય નહોતો કે સંપ્રદાયના સ્થાપક પણ નહોતા. તેમને મન તો માનવધર્મ એ જ ઉત્તમ ધર્મ હતો. તેમની વાણીનું ગુંજન આજે પણ લોકમુખે સંભળાય છે. તેમના જન્મ જૂનાગઢના નાઘેર પંથકના ઊના પાસેના આમોદરા ગામે સોરઠિયા લુહાર કૃષ્ણાજીને ત્યાં વિ.સં. ૧૭૩૧ ના કારતક સુદ ૧૧ ને સોમવારે થયો હતો. તેમનાં માતાનું નામ ગંગાબાઈ હતું. તેમના લગ્ન સોળ વર્ષની વયે વેલબાઈ સાથે થયાં હતાં.

તેમના સમયમાં ગુજરાત - સૌરાષ્ટ્રમાં નાના નાના રજવાડાં હતાં, લૂંટારા અને બહારવટિયાનો ત્રાસ હતો. સમગ્ર પ્રદેશમાં અરાજકતા અને અંધાધૂંધી હતી. ધર્મોના નામે અનેક વહેમો







પ્રચલિત હતા. પ્રજાજીવનમાં કેટલાક કુસંસ્કારો અને કુરિવાજો ઘર કરી ગયા હતા. તે વખતે પ્રજામાં ભક્તિની વિશુદ્ધ ભાવના ફેલાવી, આચારશુદ્ધિની સંહિતા આપી, તદનુસાર સદાચાર અને પ્રેમભક્તિની વિશુદ્ધ ભાવનાથી પ્રજાજીવનમાં સંસ્કાર, નૈતિકતા, અને આધ્યાત્મિકતાના ઉન્નયનથી એક સાંસ્કૃતિક નવોત્થાન કરવા જ જાણે મૂળદાસનો જન્મ થયો હતો.

તેમને સમજ આવ્યા પછી શાસ્ત્રોનો અન પીંગળશાસ્ત્રનો અભ્યાસ કર્યો અને પદ-કવિતાની રચના કરી. 'મૂળદાસનીકાવ્યવાણી' તરીકે ગ્રંથ પ્રકટ થયેલ છે તેમાં લગભગ ૧૫૦ પદો પ્રકટ થયેલાં છે. તેમાંથી ૧૮ મનનબોધ, સાત પ્રેમલક્ષણાં પદો , ૨૭ આત્મબોધના પદો, ૨૧ ઉપદેશો પદો, ૧૨ આત્મબોધ કીર્તન પદો, ૧૩ અલખ આરાધનાનાં પદો, ૪ ઉપદેશવાણી, બે સાયંકાળની ધૂન, ૧૦ કૃષ્ણ-ગોપી જ્ઞાન ગોષ્ઠિ, ચાર પરબ્રહ્મ પદ, ૩ ગોપીગીત, આ ઉપરાંત ચૂંદડી, વિરહ બારમાસા, દત્ત ભગવાનના ચોવીસ લક્ષ ગુરુ, સતગુરુ મહિમા, ગુરુ મહાત્મ્ય, રામનું પુનઃઆગમન, ભકત મહાત્મ્ય, અદ્વૈત પ્રકાશ અને આત્મબોધની સાખીઓ. આ ઉપરાંત કેટલાંયે પદો તો અપ્રકાશિત રહ્યાં છે. ભગવદ્‌ગીતા ગુરુ ગીતા, નારદ ગીતા, બ્રહ્મજ્ઞાનના ગૂઢ તત્ત્વ, બ્રહ્મગીતા અને ભાગવત વગેરે ઉપરનાં તેમનાં ભાષ્યો પણ પ્રચલિત છે. તેમજ રામગ્રી, પ્રભાતી, આરતી,

ભજન, આરાધ, ચૂંદડી, બારમાસા, છપ્પય, ચોપાઈ, ગરબી, ધોળ અને સાખીઓ પણ લોકપ્રિય છે.

વ્યક્તિનું જીવન એક નાની અમથી ઘટનાથી પરિવર્તીત થઈ જાય છે. પોતે લુહાર જ્ઞાતિના હતા અને ધંધાર્થે લાકડાં સળગાવીને તેઓ કોલસો મેળવતા હતા અને તેમાંથી ખેડૂતના હળની કોસ, દારડાં, ખરપડી, ધારિયાં વગેરે સાધનોનું તેઓ ઘડતર કરતા હતા. એક દિવસ તેઓ ગિરના જંગલમાં સૂકાં લાકડાના કોલસા પાડવા માટે ગયા. ત્યાં સૂકા લાકડાને સળગાવ્યું અને તરત જ લાકડાના પોલાણમાંથી કીડીઓ ઊભરાઈ. જીવ બચાવવા માટે તેઓ દોડવા લાગી. આ દૃશ્ય મૂળદાસજીએ જોયું અને તેમનો આત્મા કકળી ઊઠ્યો. તેમણે તરત જ સળગતું લાકડું હોલવી નાખ્યું. પણ તેમના હૃદય પર ઘેરી ચોટની અસર થઈ. એ અસરને કારણે તેમનામાં વૈરાગ્ય પ્રકટ્યો. તેમને બ્રહ્મજ્ઞાન થયું. અને તેમણે મનોમન નક્કી કર્યું કે, આ હિંસા મારા દ્વારા થાય છે? તો ધંધો જ છોડી દેવો ! અને તેમણે ધંધો છોડીને વૈરાગી અને ત્યાગી થયા. તેમણે સંસારમાં કોઈ જ સાર નથી. એમ સમજી પ્રભુભક્તિની દૃઢ લગની લાગી. અને એ જ દિવસ તેમણે ધન, પત્ની, પશુ, પુત્રાદિનો ત્યાગ કર્યો અને ચાલી નીકળ્યા અલખની આરાધના કરવા. પૂર્વના સંસ્કારે ભાગ્યોદય થયો અને ચિત્તને ઈશ્વરભક્તિમાં તન્મય કર્યું. મોહ-માયાનો ત્યાગ કર્યો. સાપ જેમ







કાંચળી ઉતારે તેમ સર્વસ્વનો ત્યાગ કરી નીકળી પડ્યા ગુરુની શોધમાં ઘણાં ઘણાં તીર્થસ્થાનોએ આધ્યાત્મિક પ્રવાસ કરતાં તેઓ સૌરાષ્ટ્રના વાળાક પ્રદેશમાં જોલાપુર ગામે સ્થિર થયા. ત્યાં તેઓ એક આહિર ભગતને ત્યાં રહ્યા.

જોલાપુરથી નીકળી તેઓ ગિરનાર જંગલમાં ગયા. ગિરનાર પર્વત તો વિવિધ પ્રકારની વનસ્પતિથી લદાયેલો હરિયાળો પ્રદેશ ત્યાં તેમણે કંદમૂળ, ફળાહાર કરીને જીવન વ્યતિત કર્યું. સાથે સાથે આધ્યાત્મિક આરાધના પણ ચાલુ રાખી. ત્યાંથી તેઓ ગોંડલ આવ્યા. ગોંડલના મહાત્મા લો' લંગરી ખાખી બાવાનો સંપર્ક થયો. તેઓ મોટા સિદ્ધપુરુષ, મહાત્યાગી, પ્રતાપી તપસ્વી અને જિતન્દ્રીય હતા. તેમનું નામ જીવણદાસજી રામાનુજ ગોદડ હતું અને તેઓ દેવ મોરારી દ્વારાના હતા. બીજું કે તેઓ ગલતાની ગાદી છોડીને ગોંડલ આવ્યા હતા. મહાત્મા મૂળદાસનો તેમની સાથે સંપર્ક થયો અને મૂળદાસે તેમની પાસેથી સાધુની દીક્ષા ગ્રહણ કરી.

મૂળદાસની પ્રેમલક્ષણા ભક્તિથી ગુરુ જીવણદાસજી ઘણા રાજી થયા અને શિષ્ય બનાવ્યા. ઉત્તર ગુરુના પ્રતાપે મૂળદાસજીનો પ્રતાપ અને પ્રતિષ્ટા દિન -પ્રતિદિન વધવા લાગ્યા.

મૂળદાસજીએ ગૃહત્યાગ કર્યા પછી પત્ની વેલબાઈ તેમની તપાસ કરતાં કરતાં ગોંડલ આવ્યાં. તેઓ પણ ભગવાનનાં પરમ ભક્ત હતાં. મહાત્મા મૂળદાસના કહેવાથી તેમણે એક મહાત્મા

પાસે ગુરુદીક્ષા લીધી. તે પછી પતિ-પત્ની ગૃહસ્થાશ્રમમાં અતિથિ, અભ્યાગતને રામરોટી આપી ભગવાનની ભક્તિમાં રહેવા લાગ્યાં.

ગોંડલમાં કેટલોક વખત રહીને ગુરુમહારાજની આજ્ઞા લઈને તેઓ વિ.સં.૧૭૬૮-૬૯માં અમરેલી આવ્યાં અને જગ્યા બાંધી થોડો વખત ત્યાં રહ્યાં. ત્યાંથી તેઓ દ્વારકા ગયાં ત્યાં તેમણે કૃષ્ણભકિતનાં પદોની રચના કરી.

દ્વારકાથી પાછા ફરતાં જામનગર આવ્યાં. ત્યાં આણંદ નામ સોની ભગત હતા. મૂળદાસજીએ તેમને શિષ્ય બનાવ્યા અને સોની ભગત આણંદજીએ મૂળદાસજીના કહેવાથી સદાવ્રત ચાલુ કર્યું. મહાત્મા મૂળદાસજી જામનગર પધારેલ છે. તે જાણીને જામ સાહેબે વિવેક અને આદર સત્કાર સાથે દરબારમાં લઈ આવી સામૈયું કર્યું. અને જામસાહેબ તેમના શિષ્ય બન્યા. અને સદાવ્રત શરૂ કર્યું. જામ સાહેબે મૂળદાસજીને કેટલીક ભેટ સોગાદ અર્પણ કરી. પણ તેનો તેમણે વિનયપૂર્વક અસ્વીકાર કર્યો અને બધું જ સાધુ સંતોને આપી દેવા વિનંતી કરી.

સાધુ તો ચલતા ભલા એ ઉક્તિ અનુસાર મૂળદાસજી પ્રભાસ પાટણ તીર્થયાત્રાએ ગયા અને ત્યાંથી ગુપ્ત પ્રયાગ ગયા. દીવના રામજીભગત લુહાર મૂળદાસજીના શિષ્ય હતા. તેમણે મૂળદાસને દીવ પધારવા માટે આગ્રહ ભરી વિનંતી કરી. મૂળદાસજીએ શિષ્યની વિનંતી ગ્રાહ્ય રાખીને દિવ પધાર્યા. ત્યાં







રતનબાઈ નામે સાધ્વી મૂળદાસનાં શિષ્યા હતાં અને મૂળદાસની ભકિતથી ઘણાં જ પ્રભાવિત હતાં. અને જીવન પર્યંત તેઓ મૂળદાસનાં પત્ની થઈને તેમની સાથે જ રહ્યાં. હવે મૂળદાસને બે પત્ની થયા. તેમ છતાં તે સંસારની મોહ-માયાથી વિરક્ત રહ્યા.

એક વિધવા સાથે કોઈના સંસર્ગથી ગર્ભ રહ્યો. આથી તે મૂંઝવણ અનુભવવા લાગી, ગામમાં તેની આબરૂ જશે એ બીકે તે આપઘાત કરવા નીકળી. મહાત્મા મૂળદાસ જ્યાં રહેતા હતા ઘરની સામે જ એક કૂવા તરફ તે ગઈ. મૂળદાસે આ સ્ત્રીને જોઈ અને તેને આપઘાત કરતાં બચાવી લીધી. અને કારણ જાણતાં આ કાળુ કલંક પોતે વ્હોરી લીધુ અને બાઈને કહ્યું : ‘‘બાઈ ! તું કૂવે પડી આપઘાત કરીશ તો તારા સાતે જનમ એળે જશે. તારો આત્મા ભટકી જશે. આ કૃત્યની જવાબદારી હું લઈ લઉં છું. તને જો કોઈ કહે તો આ પાપનું કારણ હું છું તેમ જણાવજે. પણ તું આપઘાત ના કરીશ !’’

‘‘અરે, બાપુ ! તમે મહાત્મા પુરુષ સમાજમાં બદનામ થઈ જશો.’’

‘‘બહેન ! સાધુ સંતો તો પરોપકાર કરવા જ સર્જાયા છે. એક અબળાની જિંદગી બચાવતાં જો બદનામ થવાનું થશે તો હું બદનામ થઈશ. અમારે વળી સમાજનો ડર શું ? સમાજ તો એક દિ’ હાથીની અંબાડીએ બેસાડે અને એ જ સમાજ બીજે દિ’ ખાસડાનો હાર પણ પહેરાવે ? અમારે સાધુને તેનો ધોખો શો ?

સાધુ - સંતોની ઝૂંપડી તો નોધારાનો આધાર છે. તું જીવન પર્યંત મારી બહેન તરીકે મારી સાથે રહેજે અને એ બહેન મૂળદાસજી સાથે જીવનભર રહ્યાં.''

લોકોએ મહાત્મા મૂળદાસજીને બદનામ કરવામાં કોઈ જ કસર છોડી નહીં. નિંદા કરી પણ મહાત્મા તેમાં ધ્યેય-ધ્યાનથી ચલિત થયા નહીં. અંતે જ્યારે લોકોને સાચી વાતની ખબર પડી ત્યારે લોકોએ ઘણો પસ્તાવો કર્યો, માફી માગી. આ પ્રસંગ કવિ કલાપીએ પોતાના કાવ્યમાં વણી લીધો છે. તેમણે કેટલીય વ્યક્તિઓને ભક્તિનું ભાથું બંધાવ્યું છે, ઘણાંના જીવનનો ઉદ્ધાર કર્યો છે તો દૂરમાર્ગેથી વાળીને સદ્માર્ગે વાળ્યાછે. આજે પણ તેમનાં ભક્તિપદો લોકકંઠે વહી રહ્યાં છે. તેમના અંતર્ધાનનો સમય ચૈત્ર સુદ સંવત ૧૮૩૫નો દિવસ હતો. તેમને જાણ થતાં તેમણે આ પદ ઉપાડ્યું : ''જાગજો નર ચેતજો, છેલ્લી સનંદનો પોકાર છે.'' અને તેમણે અમરેલીમાં જીવતાં સમાધી લીધી. આજે પણ આ સમાધિ-સ્થળ વિદ્યમાન છે.

તેમના નામે તેમના ભક્તો દ્વારા ઘણા ચમત્કારોને લોકોમાં પ્રચલિત કર્યા છે. મહાત્મા મૂળદાસજીના બીજાં પત્ની રતનબાઈને રાધાબાઈ નામે પુત્રી હતાં. તેમને અમરાપર ગામે આનંદરામ બ્રાહ્મણ સાથે પરણાવ્યાં હતાં. તેમનો પુત્ર તે સ્વામિનારાયણ સંપ્રદાયના મહામુક્તરાજ મુક્તાનંદ સ્વામી. તેમનો જન્મ સંવત ૧૮૧૪(ઈ.સ. ૧૭૫૮) માં થયો હતો.

□







## ૨૪.ભક્તરાજ દાસી જીવણ

(ઈ.સ. ૧૭૫૦-૧૮૨૫)

ભક્તરાજ દાસી જીવણનો જન્મ રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના ઘોઘાવદર ગામે ચમાર જ્ઞાતિમાં ગણાતા મેઘવાળ પરિવારમાં થયો હતો. તેમના પિતા જગજીવનદાસ અને માતા શ્યામબાઈ અથવા તો સોમીબહેન. આસ્થાળું અને ભક્તિભાવવાળા હતાં. જગાભાઈના લગ્ન થયે બાર બાર વર્ષનો સમય પસાર થયો પણ ઘરે ઘોડિયું બંધાયું નહોતું. તેમણે અને સોમીબાઈએ સતત ઈશ્વર સ્મરણ કરતાં તેમને ત્યાં પુત્રનો જન્મ થયો. તેનું નામ તેમણે જીવણ રાખ્યું જીવણ પોતે બાપ-દાદાના ધંધામાં જોડાયા અને ચામડા પકવવાનો ધંધો કરીને પોતાનું તથા પરિવારનું ગુજરાન ચલાવતા હતા.

રાતનો પ્રથમ પ્રહર ચાલી રહ્યો હતો. ઘોઘાવદરના હરિજન ફળિયામાં ભજનની રમઝટ જામી હતી. ભીમ સાહેબના કંઠમાંથી ભક્તિરસ વહેતો હતો. શ્રદ્ધાળુ અને ભક્તોની ઠઠ જામી હતી. જીવણદાસના કાનમાં ભક્તિરસનો પાનો પિરસાતો હતો. તેઓ ઉભા થયા અને પગ ભજન સ્થળે જવા વળ્યા. પ્રતિભાશાળી ચહેરો અને ઉજળો વાન જોઈને ભીમ સાહેબે તેમને આવકાર્યા. ભીમ સાહેબની નિર્મળ દૃષ્ટિ પડતાં જ જીવણદાસનું હૃદય પ્રેમલક્ષણા

ભક્તિમાં તરબોળ થઈ ગયું. આમેય તેઓ સાચા સદ્દગુરુની શોધમાં હતા અને ભીમ સાહેબ સાચા શિષ્યની શોધમાં હતા. બંનેની શોધ અહીં પૂરી થઈ. દૃષ્ટોદૃષ્ટ મળતાં જ બંનેના હૃદય પુલકિત થઈ ઊઠયાં. આમેય પિતાના ભક્તિબીજ એમનામાં વવાયાં તો હતાં જ. ભીમ સાહેબને મળતાં જ એ ભક્તિ બીજમાંથી કૂંપળ ફૂટવા લાગી. ભજન તો પૂરાં થયા પણ જીવણદાસનો માંહ્યલો તેમને જંપવા દેતો ન હોતો.

એક દિવસ જીવણદાસ તો ભીમ સાહેબને ત્યાં પહોંચ્યાં. લોકોક્તિ છેકે, ભીમ સાહેબ એક સાથે ચાર -ચાર ગામનાં એક જ દિવસ અને સમયનાં વાયક (આમંત્રણ) સ્વીકારતા હતા. જીવણદાસના મનમાં શંકા ગઈ કે, આમ બની જ ના શકે ! તેઓ તો ઘોડો લઈને બધાં જ ગામે તપાસ કરી તો દરેક ગામમાં ભીમ સાહેબની મુલાકાત થઈ. દરેક વખતે ભીમ સાહેબે જીવણદાસને નામથી બોલાવ્યા. જીવણદાસ તો ભીમ સાહેબના ચરણોમાં ઢળી પડ્યા અને પોતાને સંસાર સાગરમાં ડૂબતો બચાવવા માટે કરગરવા લાગ્યા. ભીમ સાહેબે જીવણદાસને પોતાને ઘેર જવા માટે આજ્ઞા કરી. જીવણદાસનો જીવ જવા માટે તૈયાર નહોતો પણ ગુરુ આજ્ઞા માથે ચડાવી જીવણદાસ પોતાને ઘેર ગયા. જોયું તો ભીમ સાહેબ તેમના ઘરે ઢોલિયે બેઠા હતા! જીવણદાસના મનનું સમાધાન થઈ ગયું.







જીવણદાસે બે સ્ત્રીઓ સાથે લગ્ન કર્યા હતાં. બંને પત્નીઓને બોલાવીને કહ્યું : ''મેં ભીમ સાહેબનું શરણ સ્વીકાર્યું છે. હવે તમે મારાથી મુક્ત છો. તમને મારા તરફથી કોઈ જ બંધન નથી.'' પત્નીઓ તો વ્યાકુળ અને નિરાશ વદને આંસુ સારતી ત્યાંથી ગઈ. જીવણદાસે તો ત્યાં જ આંબલીના વૃક્ષ હેઠળ ધૂણી ધખાવીને બેસી ગયા.

ભીમ સાહેબે જીવણને કંઠી પહેરાવી અને 'જીવણદાસ'નામ આપ્યું. ગુરુએ આશીર્વચન ઉચ્ચારતાં કહ્યું : ''તારી જીભે સરસ્વતીનો વાસ થશે, સતની વાણી સદાકાળ વિસ્તરતી રહેશે, તારી ભક્તિ અને વાણીના પ્રતાપે દુઃખીઓનાં દુઃખ ટળી જશે, પાંચમાં તારી પૂજા થશે.'' જીવણદાસે તેમની પત્નીઓને ઉદ્દેશીને કહ્યું :

'એવાં શું કરવાં સુખ પારકાં બાઈ
કર્મે માંડેલ હોય તે થાયજી !
દાસી જીવણ કે' દિલમાં વિચારો
રામને ભજો તો સુખ થાય જી.'

અહીં પદને અંતે તેમણે 'દાસી જીવણ' એમ નામાચરણ વાળ્યું છે. તેઓની ભક્તિમાં 'દાસીભાવ' પ્રકટતો હતો. પોતાને તેઓ રાધાજીનો અવતાર ગણાવતા હતા. ગોપીભાવે તેમણે કૃષ્ણની આરાધના કરી હતી. પોતાનાં કર્મોની સાથે સાથે તેઓ ભગવાનનાં

કર્મ વિશે પણ સતત ચિંતન કર્યા કરતા હતા. એટલે જ તો તેઓ ઈશ્વરના દિવ્ય સ્વરૂપને પામી શકયા હતા. તેમને ભગવાન પ્રત્યે અનન્ય શ્રદ્ધા હતી અને આત્મસાક્ષાત્કારની પ્રબળ ઈચ્છા હતી. ભક્તિનો ભાવ સતત એમના મન અને હૃદયમાં ગુંજ્યા કરતો હતો. એમને મન ઈશ્વર એ જ સર્વસ્વ હતું. અને એટલે જ એમનામાં ભક્તિ અને અધ્યાત્મનું ઝરણું સતત વહ્યા કરતું હતું. તેઓ સુખના કે દુઃખના પ્રસંગે સતત આનંદમય રહેતા હતા. આધ્યાત્મિક આદર્શથી મનુષ્યના મનમાં જેટલો ઉત્સાહ અને આનંદ મળે છે તેટલો અન્ય આદર્શથી મળતો નથી. તેઓ સતત ભગવદ્‌ભાવથી ઓતપ્રોત રહેતા હતા. દાસી જીવણ વ્યવહારું, આધ્યાત્મિક અને દિવ્ય જીવનને ઉજાગર કરનારા સાચા અર્થમાં એક સંત હતા. જે આધ્યાત્મિક જ્ઞાન એમણે મેળવ્યું તે જીવનમાં ઉતાર્યું. એટલું જ નહિ, એનો લાભ એમણે એમના અનુભવ સહિત એમના પદ દ્વારા આપણી સમક્ષ મૂક્યું. તેમણે પોતાના જીવન માટે કશું જ કર્યું ન હોતું. ભક્તોનું આધ્યાત્મિક ચિંતન અને પ્રભુ પ્રત્યે ભક્તિભાવ વધે તેવા જ પ્રયત્નો કરતા હતા. ભક્તની ઉર્ધ્વગતિ થાય અને સમાજમાં કંઈક બને. તે માટે તેઓ સતત ચિંતનશીલ રહેતા હતા. તેઓએ તેમના એક પદમાં ગાયું છે :

'મૈં મસ્તાના મસ્તી ખેલું, મૈં દીવાના દર્શનકા,
ખમિયા ખડગ લઈ ખેલું જીત તણા અબ દઉં ડંકા.'





ભક્તિમાં દીવાનો અને મસ્તીમાં મસ્તાનો બનીને ક્ષમા નામનું હથિયાર લઈને લડનાર આ ભક્તે તો સંસારની માયા, મોહ, રાગ અને દ્વેષનો ત્યાગ કરી સંસારને જીતી લીધો છે. અક્ષરજ્ઞાન થોડું હોવા છતાં અંદરના આધ્યાત્મિક જ્ઞાને તેમના ચિત્તના દ્વાર ખોલી નાંખ્યા હતાં. ક્યારેક તો તેઓ એક એક અઠવાડિયા સુધી નામ સ્મરણમાં લીન થઈ જતા. સંસારમાંથી તેમની વૃત્તિ વળી ગઈ હતી. તેમને બે પત્નીઓ હોવા છતાં પત્નીઓ તરફ કોઈ જ રાગ રહ્યો ન હોતો. તેમનું જીવન અને પોતે સાત્વિક, કર્મનિષ્ઠ, ધર્મપ્રિય, ન્યાયપ્રિય, સ્વમાની, નીડર, સાદગીમય, જીવન પ્રણાલી, ઋજુ હૃદય, બીજાના દુઃખમાં સહભાગી થનાર અને લાગણીશીલ સ્વભાવને કારણે તેમનામાં સેવાવૃત્તિનાં બીજ વવાયાં.

પોતાના પરિશુદ્ધ ચારિત્ર્યથી પ્રભુ પ્રત્યેની નિર્દંભ એકાંતિક ભક્તિ અને આત્મ સાક્ષાત્કાર કરવાથી આપણા દૃશ્ય જગતની સાથે સાથે એક અદૃશ્ય જગત પણ છે. જેમાં સૂક્ષ્મ દેહધારીઓ વસે છે. તેની સાથે જોડાયેલા દરેક સંપ્રદાયના ઋષિ-મુનીઓ વિશ્વસંકટને ટાળવાની ચિંતામાં છે. તેઓ આવનાર દુઃખદ પરિસ્થિતિને સુખદ પરિસ્થિતિમાં પલટાવવાના પ્રયત્નો કરી રહ્યાં છે. દાસી જીવણ પણ તેવા એક સંત હતાં.

એવું કહેવાય છે કે, જે પાણીમાં ચામડાં પકવવામાં આવતાં હતાં એ કુંડમાં તેમણે ગંગાજીને પ્રગટ કર્યાં હતાં. આડંબર કે કર્મકાંડ છોડીને સાચો ધર્મ અપનાવવાનું કહેતા દાસી જીવણ કહે છે :

'આંગણે ગંગા, ગોમતી, હું શીદ રેવાજી જાઉં ?
અડસઠ તીરથ આંગણે, હું તો નિત્ય ત્રિવેણી જાઉં !'

જીવણદાસના કંઠમાંથી વહેતી પરાવાણીને સાંભળવા લોકો ઉમટી પડતાં હતાં. તેમનાં પદોમાં આધ્યાત્મિકતા વિશેષ જોવા મળે છે. તેમના ગુરુ ભીમ સાહેબ માટે તેઓ કહે છે :

'અમારામાં અવગુણ છે,
પણ ગુરુજીમાં ગુણ ઘણા રે જી,
અમારા તે અવગુણ સામે નવ જોશો,
અમારામાં અવગુણ છે...'

તેમની સાદી, સરળ છતાં આધ્યાત્મિક અને ભક્તિનો કેફ ચડાવે તેવા ભક્તિપદોથી લોકોમાં 'દાસી જીવણ' તરીકે ઓળખાવા લાગ્યા. તેમની ખ્યાતિ અને સાધુપણાના કેફથી ગોંડલમાં ઘણાને ખટકતું હતું. તે સમયે ગોંડલમાં ભા' કુંભાજીનું રાજ હતું. જીવણને દેવું હતું છતાં તેઓ સાધુ સંતોને જમાડતા હતા. અને સરભરા કરતા. કોઈ'કે રાજાને ફરિયાદ કરી. રાજાએ તેમને સાંભળ્યા વગર જ જેલમાં ધકેલી દીધા. જીવણે જેલમાં ગાયું :

'હે જી મારી બૂડતી બેડીના તારણહાર
શામળિયા વે'લે રે કરજે મારી વા'ટ







જીવણ કહે જગદીશને ક્યાં ગયા તારા હજારે હાથ ?
કાં તો તારા ખજાને ખોટ પડી એ ... જી...
કાં નિર્ધન થયો છે દિનાનાથ... !'

દાસી જીવણની આર્તવાણી સાંભળીને વાણિયા વેશે પ્રભુએ આવીને રાજાનું રૂા. ૬૦૦/-નું દેવું ચૂકતે કર્યું અને જીવણ જેલમાંથી મુક્ત થયા. વળી, તેમણે તેમના એક ભજનમાં કહ્યું છે :

'કર મન ભજનનો વેપાર,
ધણી તારા નામનો આધાર;
બેડલી ઉતારો ભવ પાર જી...
સરોવર જ્યારે ભર્યા હતા,
ત્યારે પહેલી ન બાંધી પાળ જી;
આગળ નીર સૂકાઈ ગયાં,
ત્યારે હાથ ઘસે શું થાય ?
કર મન ભજનનો વેપાર જી...'

સંત એટલે કોણ ? એ વિશે ભાગવતના અગિયારમા અધ્યાયમાં કહ્યું છે :

''निरपेक्षं मुनिम् शान्तं निर्वैरं समदर्शनम् ।
अनुवजाम्यहं नित्यं पूर्येयेत्यङ्घ्रिरेणु मिः ॥''

(ભાગવત : ૧૧:૧૪:૧૬)

અર્થાત્ :

‘‘જેને કોઈ વસ્તુની અપેક્ષા નથી, જે જગતના ચિંતનથી સર્વથા, ઉદાસીન થઈ મારા જ ચિંતન-મનનમાં તલ્લીન રહે છે. જેનામાં વેરભાવનો અભાવ થયેલ છે. કોઈપણ સાથે રાગ-દ્વેષ ન રાખી જે સર્વ પ્રત્યે સમાન દૃષ્ટિ રાખે છે, તે મહાત્માની પાછળ પાછળ હું (પૂર્ણપુરુષોત્તમ) એમ વિચારીને નિરંતર ફરતો રહું છું કે તેના ચરણોની રજ ઊડીને મારા ઉપર પડે અને હું પવિત્ર થઈ જાઉં.’’

સંતશ્રી દાસી જીવણ પણ ભગવાનની અપેક્ષા પ્રમાણેના સંત હતા. તેમણે પદાર્થનો નહિ, પણ દૃષ્ટિનો ત્યાગ કર્યો હતો. ત્યાગ એટલે પદાર્થમાંથી મનને પાછું વાળવું. મનને દૃઢ કરવું. મોહ, માયા ઉપજાવે તેવી વસ્તુમાંથી મનને વાળવું. એટલે જ તો સંત શ્રી દાસી જીવણે તેમની બે પત્નીઓનો શરૂઆતમાં જ ત્યાગ કર્યો.

બાપુ સાહેબ ગાયકવાડે તેમના એક પદમાં ગાયું છે :

‘શાંતિ પમાડે તેને સંત કહીએ,
હાં રે એના દાસના દાસ થઈ રહીએ રે:’

દાસી જીવણે ગોપી ભાવે ભક્તિનો રસ આપ્યો અને કહેવા લાગ્યા :

‘કો’ક તો વિલ્યાર્તીડ મુજને કેફ કરાયો રે,
ફરું છું હું તો ઘેલીતૂર,
બાયું મુંને શામળિયે કરી છે ચકચૂર...!’

□







# ૨૫. સંતશ્રી મોરાર સાહેબ

(ઈ.સ.૧૭૫૮-૧૮૪૯)

પરમ સમર્થ સંતશ્રી મોરાર સાહેબનો જન્મ દુલેરાય કારાણીના મત અનુસાર વિક્રમ સંવત ૧૮૧૪ (ઈ.સ.૧૭૫૮)માં થયેલો છે . આ મતને શ્રી ગોવર્ધન શર્મા અને ભાવનાબ્હેન મહેતાએ સ્વીકાર્યો છે. સંત સાહિત્યના અભ્યાસી ડૉ. નિરંજન રાજ્યગુરુ ઉપર્યુક્ત મતને પુષ્ટિ આપતાં ‘સૌરાષ્ટ્રનું સંત સાહિત્ય’ ગ્રંથમાં મોરાર સાહેબનો જન્મ ઈ.સ. ૧૭૫૮ અને સમાધિ અવસાન ઈ.સ. ૧૮૪૯ જણાવે છે, એટલે કે મોરાર સાહેબ એકાણું વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવીને નીજલીલા સંકેલી હતી.

‘રવિ-ભાણ સંપ્રદાય’ના પરમ આત્મજ્ઞાની અને જેણે ‘નાદ-બ્રહ્મ’ની દિવ્ય અનુભૂતિ થઈ છે એવા તીવ્ર વૈરાગી ભગવાન ઉપર અડગ શ્રદ્ધા, સંવેદનશીલ કોમળ હૈયું, પ્રભુ મિલનની તીવ્ર અભીપ્સા અને શ્રેયનો સતત પુરુષાર્થ કરનાર રવિસાહેબનો સતસંગ થયો તેમના ઉપર આ મહાપુરુષની પરમકૃપાવર્ષા થઈ. સમર્થ સંતનો આશીર્વાદ મળ્યો. પરિણામે બનાસકાંઠા જિલ્લાના થરાદના રાજકુમાર માનસિંહજી વાઘેલાએ માતાની સંમતિ લઈ દીક્ષા લીધી અને મોરાર સાહેબ એવુ દિક્ષીત નામ ધારણ કર્યું. સંત રવિસાહેબ પાસેથી ગુરુબોધ લીધો અને જામનગર પાસેના ખંભાલીડા ગામે ગુરુગાદી સ્થાપી ગૌસેવા, અન્નદાન અને જન્મ માનસમાં ચેતનાનો સંસાર કરવાનું આધ્યાત્મિક પૂણ્ય કાર્ય શરૂ કર્યું.

મોરાર સાહેબનું ભાગ્ય ખૂલી ગયું. જનમો - જનમનાં અજ્ઞાનનાં પડળ એક ક્ષણમાં જ ખૂલી ગયાં. અને તેમને પરમજ્ઞાન - પ્રકાશ લાધ્યો. સંસારના રાગ દ્વેષ મોળાં પડી ગયાં. મન ભગવા રંગે રંગાઈ ગયું.

તેમણે અહર્નિશ પ્રભુ-આરાધનાની પવિત્ર ધૂણી ધખાવી. સંસાર વિસરાયો. પરમ્ અમૃતની પ્રાપ્તિ થઈ. જીવન ધન્ય બન્યું. અને રાજકુમાર માનસિંહ વાઘેલામાંથી મોરારસાહેબ બન્યા.

મોરાર સાહેબનું મન ભક્તિમાં તરબોળ રહેતું હતું. ભગવાનની ભક્તિ માટે અસંખ્ય ભજનો એમના હૈયામાંથી ઉદ્ભવી કંઠમાંથી અખંડ સરવાણીની જેમ વહેતા હતાં. તેમના ભજનોમાં તેમની આધ્યાત્મિક અનુભૂતિઓ વ્યક્ત થયેલી છે.

મોરારસાહેબ પરમ ઉચ્ચ કોટિના ભક્ત કવિ હતા. પરમ સંત હતા. નિષ્કામ કર્મયોગી હતા. કરુણાપૂર્ણ હૃદયવાળા હતા. એમના ભજનોની વેધકવાણી શ્રોતાઓના હૃદય-સોંસરી ઊતરીજાય તેવી છે. જીવ, જગત, સદ્‌ગુરુ, બ્રહ્મજ્ઞાન, યોગ, આત્મા, પરમાત્મા પર તેમણે બહુસંખ્ય ભજનો લખ્યાં છે.

'જગત છે ઝાંઝવાનું પાણી રે,
રહેશે નહિ નામ નિશાની,
કથા કીર્તન ને સદ્‌ગુરુ સેવા, મોજું લિયોને માણી.
બેલ થઈને બંધાણો પ્રાણી, ઘર-ધંધાની ધાણી,







જીવને જમડા આવી લેશે, ત્યારે નહિ પીવા દે પાણી,
માત-પિતા, સુત સહુ મતલબના, ઓળખને એંધાણી.'

ભગવાન શ્રીકૃષ્ણ ગોકુળ છોડીને મથુરા ગયા ત્યારે ગોપીઓ તેમને મળવા માટે અધીરી થઈ ગઈ ત્યારે શ્રીકૃષ્ણના પરમ મિત્ર ઉધ્ધવજીને કહે છે :

લાવો લાવો કાગળિયોને દોત, લખિયે એક હરિને રે,
એવો શું છે અમારો દોષ, ન આવ્યા ફરીને રે.
ઓધવ માધવ મથુરા જાય જી રે,
કૃષ્ણ કુબજાને વશ થિયા તાંઈ,
સૈયરૂ સોહાગણને કે જો સાંઈ,
લખિયો કાગળ જાજયો લઈ.
લખવા કારણ પ્રેમ પ્રણામ જી રે,
સારુ કર્યું છે સુંદર શ્યામ,
અવલ નારી પામ્યા અનામ,
રૂદિયાની પોંચી પૂરણ હામ.

●

કહો ઓધવજી ! અમે કેમ કરીએ?
પનડાં હરાણાં મારાં મોરલીએ !

વ્યાકુળ થઈને અમે વનમાં ફરીએ,
'હરિ-હરિ' મુખથી ઊચરીએ...કહોને૦
નથી રે'વાતું, ચિત્ત ચોરી લીધાં,
પ્રીત કરીને પરવશ કીધાં;
એને રે ચરણે અનેક સીધાં,
પ્રેમના પિયાલા પાઈને પીધા...કહોને૦

●

મોરાર સાહેબનો આનંદ અને રસ ઈન્દ્રિયોના વિષયોમાં નહીં, પણ તેથી પર રહેલો હતો. તેઓ સતત ઈન્દ્રિયાતીત અનુભવોની અનુભૂતિ કરતા હતા. અતિન્દ્રિય ભૂમિકાને કાયમની પ્રાપ્ત કરવા સતત ચિંતન કરતા હતા. અને સતત અધ્યાત્મરત રહેતા હતા. જે લોકોને અધ્યાત્મચિંતનમાં અપૂર્વ આનંદ મળતો હોય તેને ખાળવાનો કોઈને અધિકાર નથી. સુખની કલ્પના મનની સંસ્કારીતા પર આધાર રાખે છે. આ તત્ત્વો મોરાર સાહેબમાં જોઈને તેમના ઘણા શિષ્યો થયા.

મોરાર સાહેબને ભગવાન પ્રત્યે અતુટ શ્રદ્ધા હતી. એમના જીવનમાં અનેક ચમત્કારો પણ બનતા હતા.

ભાણચરિત્રમાં કનુભાઈ ચાર્ય મોરાર સાહેબ વિશે કરેલી નોંધ છે :

''મોરારસાહેબના પરમશિષ્ય જામનગરના રાજવી જામ રણમલસિંહ હતા. જામ રણમલસિંહને આપેલ વેણ (વચન) પાળવા મોરાર સાહેબે જીવંત સમાધિ લેવાની પૂર્વતૈયારી કરીને પ્રાણને બ્રહ્મરન્ધ્રમાં લઈ જનાર આ સંતે પ્રાણને પાછો વાળી એક વર્ષ સુધી મૃત્યુને કહ્યું : 'થંભી જા, મોત !''





અને
'ભીષ્મ પિતાએ મહિના છ મૃત્યુને પાછા ઠેલ્યા,
એવા મોરારસાહેબે મહિના બાર મૃત્યુને પાછા ઠેલ્યા.'

સમાધિમાં શ્રીફળ પધરાવ્યું ને બાર મહિના પછી એ શ્રીફળ કાઢીને તેના સ્થાને પંડ્યે (પોતાના દેહને) સમાધિમાં બેઠા.

'સિંહના ન હોય સૈન, ફાલતુંના ફરે ટોળાં,
એવા મોરાર સરિખા મહારાજ મળવાના હવે થોડા.'

લોકોક્તિ એ પણ છે કે, મોરાર સાહેબે જીવંત સમાધિ લીધી તેનાથી અકળાયેલા બ્રિટીશ રાજ્યના પ્રતિનિધિએ જામસાહેબ ઉપર કેસ કરેલો ને સમાધિ ખોદાવી અંગ્રેજ ફોજ સમાધિ પાસે આવી ત્યારે મોરાર સાહેબને જીવંત ત્યાં બેઠેલા જોયા ....! આ અચરજ જોઈ અંગ્રેજ અધિકારીઓ પાછા ચાલ્યા ગયા.

મોરાર સાહેબ મૃત્યુની અવધિને એક વર્ષ પાછળ ઠેલે છે તેનું કારણ એ દર્શાવવામાં આવ્યું છે કે, જામનગરના રાજા જામ રણમલસિંહે 'સવરોમંડપ' કરવાનો સંકલ્પ કર્યો હતો ને તે 'સવરા મંડપ'માં મોરાર સાહેબે હાજર રહેવાનું વચન આપ્યું હતું. આ વચન બાકી રહી ગયું હતું. એ મંડપ હજુ થયો ન હતો. તે પૂર્વે વિદાય લઈ શકાય નહિ. જામ રણમલજીની અંતરેચ્છા એવી હતી કે ગુરુ મહારાજનું સાંન્નિધ્ય છૂટે નહિ. આ વચન પાળવા મોરાર સાહેબ મૃત્યુને પાછું ઠેલે છે.જાણે કે :

'ભાણ થયે રવિ ઉજવલા, રવિએ ઉજળા મોરાર,
આતમકક્ષાને ઉજવલ ભયા, રવિ-ભામ દાતાર.'

□

# ૨૬. ભક્ત – કવિ સંતશ્રી ભાણ સાહેબ

(ઈ.સ. ૧૬૯૮-૧૭૫૫)

સાચું નામ સાહેબનું જુઠું નહીં જરાય
ભાણ કહે ભજી લેતું, ત્યારે કામ જ થાય.
બોલે તે બીજો નહીં, પરમેશ્વર પોતે
અજ્ઞાની ને આંધળો, અળગો જઈ ગોતે.

- ભાણ સાહેબ

રવિ-ભાણ સંપ્રદાયમાં જે જે સંતો થયા તે બધા જ સંતોના તાર ઈશ્વર સાથે જોડાયેલા હતા અને ખરે જ આપણી સાચી સંપત્તિ મિલકત, ધન-સંપત્તિ કે સંતાનો નહીં, પણ સંતો છે. તેઓ જે સમયે પ્રકટ થાય છે એ સમયના લોકો માટે એમનું જીવન માર્ગદર્શક હોય છે. ભગવાનના દર્શનથી પણ વધારે લાભ ભગવાનનાં ચરિત્ર સાંભળવાથી મળે છે અને ભગવાનના ચરિત્ર સાંભળવા કરતાં પણગુણાતીત સંતોના જીવન-ચરિત્ર વાંચવા - સાંભળવાથી અધિક લાભ થાયછે.

સંતોનો જન્મ એ ઈશ્વરજન્મનો જ સંકેત છે. કોઈ નિશ્ચિત કાર્ય માટે જ તેમનો જન્મ થાય છે અને કાર્ય પુરું થતાં જ તેઓ પંચમહાભૂતમાં વિલિન થઈ જાય છે. જો કોઈ નિર્ધારીત કાર્ય અધૂરું રહે તો તેમને સ્થાને બીજા સંતને કાર્ય પુરું કરવા તે અહીં મોકલે છે







અને અધુરું કાર્ય પૂર્ણ કરાવે છે. સંતો તો ઈશ્વર સાથે જોડનાર એક કડીરૂપ માધ્યમ છે. ઈશ્વરની સાચી ઓળખ સંતો કરાવતા હોય છે. સંતના હૃદયમાંથી પ્રકટતો શબ્દ ભગવાનની સ્તુતિ બનીને જ પ્રકટે છે અને જે ભક્ત, ભાવક કે સંત ચિંતનશીલ રહે છે તેનો શબ્દ પણ બળવત્તર થઈને પ્રકટે છે. અને તે ઈશ્વરના સ્વરૂપનું વર્ણન કરે છે એટલે જ રવિ-ભાણ સંપ્રદાયના સંત ભાણ સાહેબે કહ્યું હશે :

સાચું નામ સાહેબનું જુઠું નહીં જરાય,
ભાણ કહે ભજી લે તું, ત્યારે કામ જ થાય.
બોલે તે બીજો નહીં, પરમેશ્વર પોતે,
અજ્ઞાનીને આંધળો, અળગો જઈ ગોતે.

સંતની વ્યાખ્યા સંસ્કૃતના એક શ્લોકમાં આ રીતે અભિવ્યક્ત થઈ છે :

**संत्साडनपक्षत मपिताः प्रज्ञान्ताः समदर्शनः ।**
**निर्ममः निरहंकारा निर्द्वन्द्वो निरपरिमाः ।।**

અર્થાત્

‘તે જ સાચા સંત છે, જેનામાં નિરપેક્ષતા, ભગવદ્પરાયણતા, શાંતિ, સમદૃષ્ટિ, અહંકાર શૂન્યતા, દ્વન્દ્વહીનતા, અપરિગ્રહ આદિ ગુણો છે.’

ભાણ સાહેબ તો તેમના એકપદમાં એપણ કહે છે :

આ રે કાયામાં શું મોહી પડ્યો છે !
કોથળો છે હાડ-ચામનો રે...
તું અહીંયાં આવ્યો શા કામનો ?

તુલસીદાસજી જ્યારે પત્ની રત્નાવલીમાં મોહિત થઈને વરસતા વરસાદે જમના નદીને પાર કરીને સાસરીમાં ગયા અને બારણું ખખડાવ્યું. ત્યારે પત્ની રત્નાવલીએ બારણું ખોલ્યું તો જ તેની નજર મોહવશ પતિ તુલસીદાસજી ઉપર પડે છે અને તે કહે છે:

હાડમાંસ કો દેહમય તાપર જિતની પ્રીત,

તિસુ આધિ જો રામ પ્રતિ અવસિ મિટિ હી ભવભીતિ.

પત્નીનાં આ વચન તુલસીદાસજીના હૃદયમાં તીરની જેમ ભોંકાયાં અને શ્વસુર ગૃહેથી તે તરત જ પાછા ફર્યા. જતાં જતાં તુલસીદાસજીએ પત્નીને ઉદ્દેશીને કહ્યું : 'તેં જે પ્રકાશ આપ્યો છે, એથી તો મારું આંતરમન ખુલી ગયું છે. રામ પ્રત્યેની પ્રીતિ અને ભક્તિની તેં દિશા બતાવી છે.' અને તેઓ મહાન સંત થયા.

ઈસવીસનના સત્તરમા સૈકાન ઉત્તરાર્ધ ભારત માટે પરિવર્તનનો હતો. રાજકીય ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે અને ધર્મક્ષેત્રે અંધાધૂંધી અને અરાજકતા ભર્યો હતો. ગમે તે ભોગે સત્તા, સાહ્યબી ને સીમાડા વધારવા સૌ પ્રયત્ન કરી રહ્યા હતા. મોગલ સલ્તનતનો અસ્ત થઈ ચૂક્યો હતો. તેનો લાભ મરાઠાઓ ઉઠાવી શક્યા નહિ. સામ્રાજ્યનો વિસ્તાર કરવામાં પ્રજાનો સદ્‌ભાવ અને સહકાર મેળવવાનું ચૂકી ગયા. સંપ અને સંગઠન કરી શક્યા નહિ.







પાણીપતના મેદાનમાં તેમને હાર મળી. પેશ્વાઓ પણ અભિમાની થઈ ગયા હતા. કાર્યદક્ષતાથી શાંતિપૂર્વક રાજ્યશાસન કરી શક્યા નહિ. બીજી બાજુ પ્લાસીના યુદ્ધ પછી બંગાળમાં અંગ્રેજોએ પોતાની સત્તાની જમાવટ કરી કુનેહપૂર્વક ફિરંગીઓ અને ફ્રેન્ચોને હિન્દુસ્તાન બહાર કાઢી મૂક્યા. અંગ્રેજો સત્તા વિસ્તારવા લાગ્યા. આ રીતે તે સમયમાં ખટપટ અને આંતર વિગ્રહને કારણે કોઈએ પ્રજા તરફ ધ્યાન આપ્યું નહિ, પરિણામે પ્રજામાં પણ અસંતોષ, અશાંતિ અને તેના ફળ સ્વરૂપે અનેક અનાચારો વધી ગયા. ધર્મને નામે ધતિંગ અને ભક્તિના નામે ભ્રષ્ટાચાર પોષાતાં હતાં. જ્ઞાનને નામે અજ્ઞાન પ્રસર્યું હતું. વૈરાગ્યના અંચળા હેઠળ વિલાસિતા વિસ્તરી હતી. સત્ય અને સદાચાર ભૂલાઈ દંભ અને દુરાચાર, અનીતિ અને વ્યભિચાર, સ્વચ્છંદીપણું અને વ્યસન વ્યાપ્યું હતું. મંત્ર-તંત્રથી સિદ્ધિની ભીતિ બતાવી અંધશ્રદ્ધાળુ લોકોને ભરમાવનારા સાધુઓ, કહેવાતા ગુરુઓની જમાતે સ્થળે સ્થળે જમાવટ કરી હતી. આવી પરિસ્થિતિમાં પવિત્ર અને સાચી ભાવનાવાળી પ્રજા ત્રાસી ગઈ હતી. એવે સમયે ભક્ત કવિ ભાણ સાહેબનો જન્મ બોરસદ (જી. આણંદ) તાલુકા પાસે ભાદરણની નજીક આવેલ કીંખલોડ ગામે લોહાણા જ્ઞાતિમાં સંવત ૧૭૫૪ (ઈ.સ.૧૬૯૮) ના મહાસુદ અગીયારસને સોમવારે થયો હતો. તેમના પિતાનુંનામ કલ્યાણજી અને માતાનું નામ અંબાબાઈ હતું.

તેમના પિતા સંસ્કારી અને ભક્ત હતા અને તેમના સંસ્કાર ભાણ સાહેબમાં ઉતર્યા હતાં.

ભાણ સાહેબ સમજણા થયા ત્યારે તેમનામાં ભક્તિનો સંચાર થયો અને ઈશ્વર પ્રાપ્તિ માટે ગુરુની શોધમાં નીકળી પડયા. તેમને આંબા છઠ્ઠા નામના ભરવાડ જ્ઞાતિના ભક્ત ગુરુ મળી ગયા. તેમણે ભાણ સાહેબને ગુરુમંત્ર આપ્યો. ભાણ સાહેબના આંતરદ્વાર ખૂલી ગયાં અને હૃદયમાંથી સંતવાણીનો પ્રવાહ વહેવા લાગ્યો.

કામનો, કામનો, કામનો રે...
તું અહીંયા આવ્યો શા કામનો રે...
સંતસ્વરૂપી ગંગા ન નાહ્યો,
સત્સંગ કિયો ન સિયારામનો રે...
તું અહીયાં આવ્યો શા કામનો રે...

કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાત તેમની વાણીથી પ્રભાવિત થયેલ છે. જેને કારણે આજે પણ તેમના ભક્તિ પદો 'હંસોહાલવાને લાગ્યો, કાયાનો ગઢ ભાગ્યો' વગેરે પદો લોક કંઠે સચવાઈ રહ્યાં. ભાણ સાહેબની વાણીમાં યોગ, વેદાંત, વૈરાગ્ય અને તત્ત્વજ્ઞાનનો મધુર આધ્યાત્મિક ધ્વનિ સંભળાતો હતો. ભાણ સાહેબ ગૃહસ્થાશ્રમી હતા. તેમને ખીમ સાહેબ નામે એક પુત્ર હતા. જે રવિ સાહેબના શિષ્ય હતા.

સંવત ૧૮૦૫માં કચ્છના મહારાઓ દેશળજી બાવાએ ભૂજમાં શિવરા મંડપનો સમારંભ રચ્યો ત્યારે ભાણ સાહેબને







આમંત્રણ આપવામાં આવ્યું હતું. ભાણ સાહેબની સાથે રવિ સાહેબ, ત્રિકમ સાહેબ, ખીમ સાહેબ, અને અનેક હરિ-ભક્તો ગયા હતા. ભૂજથી પાછા ફરતાં કચ્છના ઘણાં ગામોનાં એમને વાયક મળ્યાં હતાં. એ ગામોએ હરિભક્તોના ઘરે પધરામણી કરી હતી પણ વાગડમાં આવેલ રાપર ગામના ભાવિક ભક્તોની ભક્તિથી એમને ઘણો આનંદ થયો હતો. ત્યારથી રાપર 'રવિ-ભાણ' સંપ્રદાયનું ધામ ગણાય છે. આ સંપ્રદાયની મુખ્ય ગાદી વડોદરા પાસે મહિસાગરના કાંઠે આવેલ શેરખી ગામે આવેલ છે. એ ગાદીએ રવિ સાહેબ બિરાજતા હતા. જે ભાણ સાહેબના શિષ્ય હતા.

જેમ અનેક સંતો - ભક્તોના જીવનમાં અનેક પરચા વણાયેલા છે, તેમ ભાણ સાહેબના જીવન સાથે પણ અનેક પરચા જોડાયેલા છે. ભાણ સાહેબને લોકો કબીરનો અવતાર માનતા હતા. તો કેટલાક લોકો તેમને દત્તાત્રયનો અવતાર પણ ગણતા હતા. તેમની વય જ્યારે પાંચ વર્ષની હતી ત્યારે એક અવધૂત આવ્યા અને ભાણના દર્શન માટે હઠ કરી પણ લોકોનું માનવું છે કે તે અવધૂતના વેશમાં દત્તાત્રેય ભગવાન હતા અને તેમણે સંત કવિ ભાણને ઉપદેશ આપ્યો હતો.

કહેવાય છે કે, એકવાર યાત્રિકોનો એક સંઘ તીર્થયાત્રા કરવા નીકળ્યો. રસ્તો એકાંત અને ચોર, લૂંટારાઓથી ભયગ્રસ્ત હતો. યાત્રિકો તો ભાણ સાહેબના શરણે આવ્યા. ભાણ સાહેબે

તુલસીની માળા આપી અને કહ્યું : '' આ માળા લઈ બતાવીને કહેજો, આ માળા મારા ગુરુ ભાણની છે.''

યાત્રિકો ભાણ સાહેબના આશીર્વાદ લઈને આગળ ચાલ્યા. આગળ જતાં લૂંટારાઓએ તેમને ઘેરી લીધા. એટલે યાત્રિકોએ માળા બતાવીને કહ્યું : ''આ માળા તો અમારા ગુરુ ભાણ સાહેબની છે. પણ નિર્દય લૂંટારાઓ તો યાત્રિકોને લૂંટવા લાગ્યા. ત્યારે ભાણ સાહેબ ઘોડે સવાર થઈ ત્યાં પ્રકટ થયા, અને કહ્યું : ''તમે ડરો નહીં, તમારી રક્ષા કરવા હું આવી ગયો છું.''સંતને જોઈ લૂંટારા તો સ્તબ્ધ થઈ ગયા.''

ભાણ સાહેબે લૂંટારાઓને ઉદ્દેશીને કહ્યું : ''અરે, દુષ્ટો, આંધળાઓ ! આમ ચોરી, લૂંટ અને દુષ્કર્મોનો જ ધંધો કરો છો ? તમે સંતની માળાની પણ મર્યાદા ન સાચવી ?''

આ વાણી સાંભળતાં જ બધા લૂંટારા આંધળા થઈ ગયા, એટલે ગભરાઈને ભાણ સાહેબની માફી માંગવા લાગ્યા. તેઓએ સંતના ચરણ પકડ્યા અને હવે પછી કુકર્મ નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી.

સંતનુ હૈયું તો કોમળ હોય. ભાણ સાહેબની દયાથી તેમની આંખો સારી થઈ. તે બધા પાછા ફર્યા અને સાધુ જીવન જીવવા લાગ્યા.

કચ્છના રણ તરફથી આવતા મોજુદ્દીન પઠાણને ઉપદેશ આપી સુધાર્યો અને પોતાના સંપ્રદાયમાં સ્વીકાર્યો. આગળ જતાં તે મૌજમીયાં એક સૂફી સંત અને ભજનિક ભક્ત થયા.







ઉત્તર ગુજરાતના કિરાત ભગત અભેમાલ, વાંકાનેરા સંત કવિ રતનદાસ, બંધારવાડના કુંવરજી, શ્યામદાસ, શંકરદાસ, માધવદાસ,ચરણદાસ, અને ગરીબદાસ આ બધા સંતો ભાણ સાહેબના સતસંગથી પ્રસિદ્ધ થયા. આમ ભાણ સાહેબના ઉપદેશથી ઘણાનો ઉદ્ધાર થયો. આવી અનેક વાતો અને ઘટનાઓ તેમના જીવનમાં વણાયેલી છે અને ''ભાણ ચરિત્ર'' ગ્રંથમાં તેમના પૂર્વજીવનની કથાનું વિસ્તૃત વર્ણન છે. તેમણે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનાં ગામોમાં ફરી ભગવદ્‌ગીતાનો પ્રચાર કર્યો.

તેમનો શિષ્ય સમુદાય પણ બહોળો હતો. તેમના સંપ્રદાયમાં મુખ્ય તો રવિ સાહેબ પ્રસિદ્ધ સંત કવિ થઈ ગયા. ભાણ સાહેબના પુત્ર ખીમ સાહેબ, મોરાર સાહેબ, હોથીસાહેબ, જીવણ સાહેબ, (દાસીજીવણા), વગેરે. આજે પણ આ સંપ્રદાયની મુખ્ય ગાદી શેરખીમાં છે.

ભાણ સાહેબનો દેહવિલય થયો એ પ્રસંગ પણ ભવ્ય છે.

એકવાર ભાણ સાહેબ કમીજડા ગામે જઈ ચડ્યા. ત્યાં રોકાઈને વિદાય થતી વખતે મેપા નામના એક ભક્તને ત્યાં મળવા માટે ગયા. મેપો બહારગામ ગયો હતો. એટલે ભાણ સાહેબે મેપાની પત્નીને કહ્યું : ''હું આજે અહીંથી વિદાય લઉં છું, મેપો જ્યારે ઘેર આવે ત્યારે મારા રામ રામ કહેજો.'' આમ કહી ભાણ સાહેબ ત્યાંથી વિદાય થયા. એટલામાં મેપો ઘેર આવ્યો. પત્નીએ ભાણ સાહેબનો

સંદેશો કહ્યો તે સાંભળીને તે ભાણ સાહેબને મળવા માટે દોડ્યો. ભાણ સાહેબ તો એમને વિદાય આપવા એકત્ર થયેલા લોકો વચ્ચે તળાવની પાળે ઉભા હતા. લોકો ભાણ સાહેબને રોકાઈ જવા વિનંતી કરતા હતા. એ જ વખતે મેપો ત્યાં દોડતો આવી પહોંચ્યો. એક દિવસ વધુ રોકાવાની વાત કરી ભાણ સાહેબ માનતા ન હતા. એટલે મેપાએ લોકોની વિનંતીને બળવત્તર બનાવવા ભાણ સાહેબને કહ્યું : ''હવે અહીંથી એક ડગલું પણ ઉપાડો તો રામ દુહાઈ !''

મેપાના શબ્દો કાને પડતાં જ ભાણ સાહેબના પગ થંભી ગયા, તે સ્થિર થઈ ગયા અને લોકોને કહેવા લાગ્યા : ''હવે તો મારાથી એક ડગલું આગળ-પાછળ ન ભરી શકાય ! માટે મારી સમાધિની તૈયારી કરો.''

લોકો પર વજ્રઘાત થયો ભાણસાહેબના આ નિર્ણયથી સૌ વિમાસણમાં પડી ગયાં. મેપો તો ધરતી માર્ગ આપે તો સમાઈજાઉં. એવી સ્થિતિમાં આવી ગયો. પણ હવે થાય શું ? છૂટેલું તીર પાછું ફરે ? મેપો પોતાની ભૂલ માટે પસ્તાવા લાગ્યો. પણ ભાણ સાહેબ અડગ રહ્યા અને અંતે ના છૂટકે સૌ ભાણ સાહેબના નિર્ણયને વશ થયા. ભાણ સાહેબની સમાધિ ત્યાં જ તૈયાર કરવામાં આવી. વાજતે - ગાજતે ભવ્ય સમારંભ સાથે ભાણ સાહેબ તે જ સ્થળે સંવત ૧૮૧૧ (ઈ.સ.૧૭૫૫) ના ચૈત્ર સુદ ત્રીજને ગુરુવારે જીવતાં સમાધિ લીધી. કમીજડા ગામની ભાગોળે તળાવ પર આજે પણ ભાણ સાહેબનું સમાધિ મંદિર છે.

◻







# ૨૭.સંતશ્રી રવિ સાહેબ

(ઈ.સ.૧૭૨૭-૧૮૦૪)

'રવિ-ભાણ સંપ્રદાય'ના સ્થાપક સંતશ્રી રવિ સાહેબનો જન્મ ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના તણછા ગામે શ્રીમાળી વૈશ્ય જ્ઞાતિમાં વૈષ્ણવ સંપ્રદાયના વલ્લભ કુળમાં સંવત ૧૭૮૩ (ઈ.સ. ૧૭૨૭) ના વૈશાખ સુદ પુનમને ગુરુવારે થયો હતો. એમના પિતાનું નામ મંછારામ અને માતાનું નામ ઈચ્છાબાઈ હતું. બાળપણથી જ તેમનામાં વૈરાગ્યનું બીજ રોપાયું હતું. રવિ સાહેબ તો ગુરુ ભાણ સાહેબે દીક્ષા આપીને આપેલું નામ હતું. પણ તેમનું મૂળ નામ તો રવજીભાઈ હતું.

ભાણ સાહેબના સત્સંગમાં આવતાં જ રવજીના અંતરના તાળાં તૂટી ગયાં. વૈશ્યવૃત્તિના સ્થાને પ્રભુભક્તિ અને પ્રેમરસનો પ્રવાહ એમના અંતરમાં વહેવા લાગ્યો. જે તેમની કલમ દ્વારા તેમના ભક્તિપદોમાં જોવા મળે છે. તેમના ભક્તિપદોમાં જ્ઞાનવૈરાગ્યનો બોધ આપતાં ઘણાં પદ-ભજનોની તેમણે રચના કરી છે. 'સંતો રમતા રામ હમારા'માં આંતર દર્શનનો ભાવ, 'લાવો લાવો કાગળને દોત લખીએ હરિને રે' માં ગોપી- વિરહ કે સખી ભાવ, 'નૂરતે - સુરતે નીરખો, એના ઘડનારાને પરખો, આ કોણે બનાવ્યો પવન ચરખો'માં સાચી સમજણવાળો ભક્તિભાવ સુંદર રીતે નિરૂપાયો

છે. ગુરુ ભાણદાસને પોતાનાં કેટલાંય પદોમાં તેમણે પૂજ્યભાવથી સ્મર્યા છે.

રવિ સાહેબ તેમના ગુરુ ભાણ સાહેબ, ખીમ સાહેબ, ત્રિકમ સાહેબ, મોરાર સાહેબ, હોથી સાહેબ, જીવણ સાહેબ, કે જે દાસી જીવણના નામે ઓળખાય છે. આ સર્વે સંતોનાં પદોમાં નિર્ગુણ ભક્તિ વહાવી છે. તે પદોમાં કબીર સાહેબનાં પદોની રચના રીતિ-વાણીની અસર જોવા મળે છે. આ બધા 'રવિ-ભાણ સંપ્રદાય'ના સંતોએ સાદી, સીધી, સરળ વાણીથી તો ક્યારેક અવળવાણીની માર્મિકતાથી ક્યારેક વેદાન્તિક પરિભાષાથી પોતાની સંવેદનાઓને પ્રકટ કરી છે. આ કબીરપંથી સંતોની કાવ્યવાણી તળપદી લોકબોલીથી સભર છે. એમનાં ઉપનામો કે પ્રતિરૂપો તાજગીસભર છે. રવિરામ કે રવિદાસની પદછાપવાળા આ પદને જુઓ.

લાવો લાવો કાગળ ને દોત લખીએ હરિને રે;
એવો શિયો રે અમારો દોષ, ન આવ્યા ફરીને.

- રવિ સાહેબ.

'લાવો લાવો કાગળીઆ ને દોત સોનલ દે ને લખીએ રે;'

- રમેશ પારેખ

અહીં રમેશ પારેખે રવિદાસના કે રવિ સાહેબના પદની પંક્તિનો આધાર લઈને ગીતની રચના કરી છે. મતલબ કે આ





કવિઓએ આધુનિક કવિને પણ આકર્ષ્યા છે. એટલું જ નહિ, ભાણ સાહેબ, રવિ સાહેબ, દાસી જીવણ, ખીમ સાહેબ, ગુજરાતી સાહિત્યને ભારે બુલંદીએ પહોંચાડ્યું છે અને પદધારાને પ્રોજજવલ કરી છે. રવિ સાહેબનું પદ ભજન સાહિત્યમાં સૂર્ય સમાન છે. રવિ સાહેબ સંત, ભક્ત, અને કરૂણાપ્રધાન કવિ હતા. પદ-ભજન ઉપરાંત તેમણે 'બોધ ચિંતામણિ' 'આત્મલક્ષ ચિંતામણિ', 'રામગુજાર ચિંતામણિ', વગેરે અનેક રચનાઓની રચના કરેલ છે. તો રવિ સાહેબ અને એમના શિષ્ય ખીમ સાહેબની પ્રશ્નોત્તરી પણ સમજવા જેવી છે.

એક દિવસ તેમના ગુરુ ભાણ સાહેબ શેરખીમાં રવિ સાહેબને ગાદી સોંપી, સાધનાનું રહસ્ય સમજાવી ઘોડેસવાર થઈને કમીજડા ગામે ગયા. ત્યાં મેપા ભગતે એક ડગલુ પણ આગળ નહીં ભરવા રામ દુહાઈ દેતાં સંવત ૧૮૧૧ના શ્રાવણ સુદ ત્રીજને દિવસે ભાણ સાહેબે કમીજડા ગામે સમાધિ લીધી ત્યારે તેમની ઉંમર ૫૭ વર્ષની હતી. ભાણ સાહેબના આ મહાપ્રયાણના સમાચાર શેરખી (તા. જી. વડોદરા) રવિ સાહેબને મળ્યા તેથી ગુરુ વિરહની વેદના તેમની વાણીમાં વહેવા લાગી.

ભાણ સાહેબના પુત્રનું નામ ખીમ સાહેબ હતું. પિતાના મૃત્યુના ખબર સાંભળી તેમને ઘણું દુઃખ થયું. તે રવિ સાહેબ પાસે શેરખી ગયા અને તેમનો વાર્તાલાપ સાંભળી તેમના ચિત્તને શાંતિ

થઈ અને તેઓ રવિ સાહેબના શિષ્ય થયા. પછી તેમણે (ખીમ સાહેબે) કચ્છ તરફ પ્રયાણ કર્યું. આ રીતે ભાણ સાહેબના તત્વજ્ઞાનની બે શાખા થઈ (૧) રવિ સાહેબની (શિષ્ય) નાદ શાખા અને (૨) ખીમ સાહેબની બૂંદ (પુત્ર) શાખા નામથી પ્રસિદ્ધ થઈ.

રવિ સાહેબ પણ ભ્રમણ કરતા કરતા ઉપદેશ વચનો અને ભજન-પદવાણી સંભળાવતા સંભળાવતા તેઓ સૂરત પહોંચ્યા. ત્યાં તેમણે 'વિમળ સંતવાણી'ની રચના કરી.

રવિ સાહેબના ગુરુ ભાણ સાહેબ જાતે લોહાણા હતા. તેમના સ્વર્ગારોહણ બાદ લોહાણા જાતિમાં ભગવદ્ ભક્તિનો પ્રચાર રવિ સાહેબે કર્યો. સાત હજાર લોહાણાઓએ રવિ સાહેબની શરણાગતિ સ્વીકારી અને પોતાનું જીવન સાર્થક કર્યું.

આ પછી રવિ સાહેબ લોકકલ્યાણ કરવા માટે અને દલિત પીડિત પ્રજામાં ભગવદ્ ભાવ પ્રકટ કરવા, વ્યસનોથી મુક્તિ અપાવવા માટે પરિભ્રમણ કરવા નીકળ્યા. તેઓ ગામડે ગામડે ફરતા રહ્યા, સત્સંગ કરતા રહ્યા, દુઃખીઓનાં દુઃખ દૂર કરવા લાગ્યા. આ યાત્રા દરમિયાન લોકોએ રવિ સાહેબમાં ઘણા ચમત્કારોની અનુભૂતિ કરી.

આ યાત્રા દરમિયાન તેમણે લખારા ગામમાં ચિંતામણિની રચના કરી. ત્યાંથી ભક્તિરૂપી ગંગા વહાવતા વહાવતા શેરખી પાછા ફર્યા. ત્યાં સંદેશર (તા. જી. આણંદ) થી ભક્ત પ્રીતમદાસ તેમને







મળવા શેરખી આવ્યા. બંને ભક્તોનું મિલન અને સત્સંગથી ઘણો આનંદ થયો અને આસપાસના ગામડાંના લોકો તેમના દર્શન કરી કૃતાર્થ થયા.

રવિ સાહેબ ગિરનાર (જૂનાગઢ) ની યાત્રાએ ગયા ત્યાં તેમને ગુરુ દત્તાત્રય અને ગોરખનાથનો સાક્ષાત્કાર થયો. તે થોડા દિવસ ગિરનારમાં રહ્યા. ત્યાં તેમને કચ્છના સંત નિર્ભયરામ અને અન્ય સંતોનો સત્સંગ થયો. ત્યાંથી તેઓ કચ્છ તરફ આવવા નીકળ્યા. આ પ્રવાસમાં અનેક ગામોમાં અનેક સાથે સત્સંગ અને જ્ઞાનગોષ્ઠિ થઈ અને કચ્છમાં ખીમ સાહેબને મળવાનો અવસર પ્રાપ્ત થયો. ખીમ સાહેબે પોતાના પુત્ર ગંગારામને રવિ સાહેબને અર્પણ કર્યો.

રવિ સાહેબની સંતવાણીથી પ્રભાવિત થઈને થરાદ (તા. જી. ડીસા) નામના રાજ્યના રાજકુમાર મોરાર તેમના દીવાના બની ગયા અને રવિ સાહેબના શરણમાં આવ્યા. આગળ જતાં તે રાજકુમાર સૌરાષ્ટ્રના પ્રતાપી સંત મોરાર સાહેબના નામથી પ્રસિદ્ધ થયા.

રવિ સાહેબ વાંકાનેર પહોંચ્યા. ત્યાં રતનદાસને મળ્યા. તેમના આગ્રહથી રવિ સાહેબ થોડા દિવસ વાંકાનેર રોકાયા. ત્યાં તેમની તબિયત બગડતાં મહાપ્રયાણ કર્યું. ગુરુ વિયોગમાં મોરાર સાહેબ અતિ વ્યાકુળ થયા અને મોરાર સાહેબ ગુરુજીના શરીરને

પાલખીમાં પધરાવી પોતાની ગાદી સ્થાન ખંભાલિયા લઈ જવા પાલખી પોતે ઉપાડી ચાલવા લાગ્યા. પણ તે ઉતાવાળે ચાલી રહ્યા હતા. ત્યાં જ પાલખીમાંથી અવાજ આવ્યો.

''મોરાર ! જરા ધીમે ચાલ.'' છેવટે મોરાર સાહેબની પ્રાર્થનાથી રવિ સાહેબે પડખું ફેરવી આંખો ખોલી અને મોરાર સાહેબને જ્ઞાનવાણીથી ઉપદેશ આપ્યો.

ખંભાલિયાના સંતધામમાં પ્રેમ સાગર ઉમટયો.

મોરાર સાહેબને ગુરુ રવિ સાહેબે ખંભાલિયામાં છેલ્લી ઘડીએ રહેવાનો અને સમાધિ લેવાનું આપેલ તે પરિપૂર્ણ કર્યું. સંતનું વચન સત્ય જ હોય.

આ રીતે પુણ્ય પ્રકાશમય જીવન વિતાવી સંવત ૧૮૬૦ (ઈ.સ. ૧૮૦૪) માં ૮૭ વર્ષની આયુ પૂર્ણ કરી મહા પ્રયાણ કર્યું. પરંતુ તેમની દિવ્યવાણી આજે પણ લોકહૈયામાં ગૂંજે છે.

□







# ૨૮. ભક્તકવિ પ્રેમાનંદ 'પ્રેમ સખી'

(ઈ.સ. ૧૭૮૪-૧૮૫૫)

સ્વામીનારાયણ સંપ્રદાયના આદ્ય સ્થાપક સહજાનંદ સ્વામીના શિષ્ય પ્રેમાનંદ (ઈ.સ. ૧૭૮૪ થી ૧૮૫૫) માટે તો ખુદ સહજાનંદ સ્વામીએ પણ કહ્યું હતું : 'એ સાધુને ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ એવું મન થઈ જાય છે.' એટલું જ નહિ, તેઓ 'પ્રેમસખી'ના શબ્દોથી સંબોધતા પણ હતા. તે સાધુ કવિ પ્રેમાનંદ સ્વામીનો જન્મ પાલેજ નજીકના દોરા ગામમાં થયાનું અભ્યાસીઓ કહે છે. તેમનું પૂર્વાશ્રમનું નામ હાથીરામ હતું. તેઓ જ્ઞાતિએ ગવૈયા - ગાંધર્વ હતા. પોતે કુશળ ગવૈયા હોવાથી રાગરાગિણીઓનો ઉપયોગ કરીને કર્ણમંજુલ, સુગેય પદોની રચના કરતા હતા. 'આવો આવોને સુંદર શ્યામ મારે ઘેર આવો રે !', 'હું તો હીંડું જીવન તમને જોતી રે,' 'હો રસિાય મેં તો શરણ તિહારી', 'સજની, શ્રીજી મુંને સાંભર્યા રે,' એમ અનેક પદો પ્રેમલક્ષણા ભક્તિના ગાયાં છે. શ્રી સહજાનંદસ્વામીના અંગોનું વર્ણન કરતાં પદો એની વર્ણનકળા અને ભાવ વ્યંજનોને લીધે ચિત્તાકર્ષક બન્યાં છે. સહજાનંદ સ્વામીનાં નયનોનું વર્ણન કલ્પના સભર બનાવ્યું છે.

ચંચલ લોચન જોઈને લજ્યા પામ્યા તીન રે,
ખંજન કુરંગ વન વસ્યા જલ બૂડ્યાં મીન રે.

અહીં તેમનાં સુંદર નયનોને ખંજન પક્ષી, મૃગ અને મીન સાથે સરખાવ્યાં છે. એકપદમાં 'એ દોઉ નેના શરદકમલ સમ...' એમ પણ કહે છે. સ્વામીશ્રી પ્રત્યે તેમની નિષ્ઠા સખી ભાવ સમ મધુર ભક્તિની બની છે.

એક સમયે સહજાનંદ સ્વામી સભામાં બિરાજ્યા હતા. મુક્તાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, મંજુકેશાનંદજી, વગેરે. સંતો સરોદ સાથે કીર્તન ગાતા હતા. સંગીત પ્રેમી પ્રેમાનંદ સ્વામીને સંતોના આ સંગતથી ભાવ વિભોર થઈ ગયા. તેમણે શ્રીજી પાસે આવી પોતાની સારંગીના સૂર છેડ્યા, સહજાનંદ સ્વામી તેમની ઉપર પ્રસન્ન થયા તેમણે પોતાની સંગીતકળાથી સ્વામીને ખુશ કર્યા હતા. તેમણે શ્રીજીના ચરણમાં જ જીવન ન્યોછાવર કરવાનો નિશ્ચય કરી દીધો. તેથી સહજાનંદ સ્વામીએ તેમને દીક્ષા આપી નિજબોધાનંદ નામ પાડ્યું. તે શ્રીજીમાં અપાર પ્રેમ ધરાવતા અને પ્રભુ પ્રેમના આનંદમાં મસ્ત રહેતા હોવાથી પાછળથી તેમનું નામ પ્રેમાનંદ આપ્યું.

પ્રેમાનંદ સ્વામીએ કેટલાક ગ્રંથો અને હજારો ભાવવાહી કીર્તનોની ભેટ સંપ્રદાયને કરી છે. સ્વામીનારાયણ ભગવાનના પ્રત્યેક અંગ અને શણગારનું સૂક્ષ્મ અવલોકન કરી ભાવવાહી કીર્તનો બનાવ્યાં છે. તે એટલા બધાં અસરકારક હોઈ તેને સમજપૂર્વક







વાંચતા ગાતાં સ્વામીની મૂર્તિ તાદૃશ્ય થાય છે, એટલું જ નહિ મનને શાતા મળે છે. આરતી પછી બોલાતી 'નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચિય તવ ઘનશ્યામ' એ પ્રાર્થના રાત્રે બોલાતાં સ્વામી શ્રીજીની ચેષ્ટાનાં પદો : 'વંદું સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ' તથા 'આજે મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ' જેના છેલ્લા બે પદ શ્રીજીએ પૂરાં કર્યા તથા મૂર્તિના કીર્તન સત્સંગમાં ઘણાં પ્રચલિત છે. 'વંદુ સહજાનંદ' નું પદ જ્યારે પ્રેમાનંદ સ્વામી ગાતા ત્યારે શ્રીજીમહારાજ ખૂબ રાજી થતા ને તે પદનો મહિમા શ્રીજીએ ગઢડા મધ્યના ૪૮ના વચનામૃતમાં પણ કહ્યો છે. જે, 'આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીએ... જેને એ કીર્તનમાં કહ્યું એવી રીતનું ચિંતવન થતું હોય તે તો કાળકર્મને માયાના પાશ થકી મૂકાયો છે. ('વચનામૃત પૃ : ૪૯૫') ઘણીવાર પ્રેમાનંદ સ્વામીનાં પ્રેમાળ પદો સાંભળી અડધી રાતે પણ પ્રભુ તેમને દર્શન દેવા દોડી જતા હતા.

એક વખત જૂનાગઢના નવાબ આગળ ગાવા આવેલા ગ્વાલિયરના ઉસ્તાદ ગવૈયા પ્રેમાનંદ સ્વામીનું ગાન સાંભળી ખાસ ગઢડા આવ્યા ને ભર બપોરે ભૈરવી ગાઈ પ્રભાતનું મંગલ વાતાવરણ સર્જનાર પ્રેમાનંદની પ્રશંસા કરવા લાગ્યા ત્યારે પ્રેમાનંદ સ્વામીએ નમ્ર ભાવે એટલું જ કહ્યું : 'એ તો પ્રભુ પ્રેમનો જ પ્રતાપ છે.'

પ્રેમાનંદ સ્વામીએ સખી ભાવે ઘણાં કીર્તનોની રચના કરી છે. પ્રેમાનંદ સ્વામી અને દયારામ સમકાલીન છે. પ્રેમાનંદ ઘણી વખત ડભોઈ દયારામને મળવા જતા હતા અન પોતાની પ્રેમલક્ષણા ભક્તિ પદો તેઓ દયારામને સંભળાવતા હતા.

એક ગાયક જાતિના પ્રેમાનંદ સ્વામીમાં આવી અપ્રતિમ શક્તિ આવી કેવી રીતે ? શ્રીજીના સાન્નિધ્યમાં આવવું, કવિત્વ શક્તિ ખલવવી અને તેમના દ્વારા સત્સંગ સાહિત્યની સેવા થવી. આ બધું ખરેખર ઈશ્વર પ્રેરિત હતું. તેમની પ્રસાદીની સિતાર હજુ પણ એ ભૂતકાળને તાજી કરતી ગઢડા - અક્ષર ભુવનમાં સાચવેલી છે.

□







# ૨૯. ભક્ત કવિ મીર મુરાદ

(ઈ.સ. ૧૮૨૩-૧૮૯૫)

**गंगा पापं राशि तापं दैन्यं कल्पतरुस्त था ।**

**पापं तापं च देन्यं च हन्ति संतो महाशयाः ॥**

અર્થાત્ : ગંગા પાપનો નાશ કરે છે, ચંદ્ર તાપ હરીને શીતળતા આપે છે અને કલ્પવૃક્ષ દરિદ્રતા દૂર કરે છે. પરંતુ સંતો તો પાપ, તાપ અને દીનતા ત્રણેયમાંથી મુક્ત કરે છે.

એટલે જ કહેવાયું હશે, 'સંત પરમ હિતકારી'. શરીર એ ધર્મ સાધનાનું અને તે પણ માનવધર્મની સાધનાનું પ્રાથમિક સોપાન છે. '**शरीरमाद्यं खलु धर्मसाधनम्**' । માનવ શરીરને સંતો અને શાસ્ત્રોએ 'પ્રભુનું મહામૂલ્ય વરદાન' માન્યું છે. સંતપુરુષોએ એ રીતે માનવશરીરનું મહત્ત્વ સમજાવ્યું છે. બીજું એ કે ભક્તની ભક્તિ અને સેવા જે ભગવાનથી વિભક્ત નથી. એટલે જ સંતો **गुणरहितं कामनारहितं प्रतिक्षण वर्धमानं अविच्छन्नं सूक्ष्मातरं अनुभव रुपम्** ।છે.

ભક્તિ તો કેવી હોવી જોઈએ તે શાંડિલ્ય ભક્તિસૂત્રમાં, નારદ ભક્તિસૂત્રમાં, મધુસુદન સરસ્વતીના ભક્તિ રસાયણમાં મધુરા ભક્તિના ભાવને સરસ અને સંતપર્ક રીતે સમજાવ્યું છે. તો વલ્લભાચાર્યજીએ પણ પોતાની અનુભૂતિની ઝાંખી '**मधुरापितेरखिलं मधुरम्**' માં કરાવી છે. અને કવિ જયદેવનું 'ગીત

ગોવિંદ' પણ એજ સમજાવે છે. સંતો તો વ્યક્તિના માનસના અનેક પરિમાણીય વિકાસ કરે છે.

ભક્તિ તો એવી હોવી જોઈએ કે જે રીતે અનુરક્ત પત્ની જેમ આલિંગન આપવા માટે આતુર હોય છે. તેવી સ્થિતિ ભક્તની હોવી જોઈએ. સંત ચરણદાસે તેમના એક પદમાં કહ્યું છે :

જો હરિ કે રંગ મેં ડૂબા, ઉસ ભૂષણ સે ક્યા કામ ?
ચરણદાસ કો ભય નહિ, ના કુછ ચાહિયે દામ.

આવા નિર્મોહી, નિર્લેપ અને જેનું ધ્યાન માત્ર ઈશ્વરભક્તિમાં જ રચ્યું - રટ્યું રહ્યું છે. એ ભક્તકવિ મીર મુરાદનો જન્મ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના પિલવાઈ ગામમાં સને ૧૮૨૩ માં થયો હતો. એમના પિતા મીર ગુલાબ, જાતિએ મિરાસી મુસ્લિમ હતા. ભક્તકવિ મીર મુરાદ બાળપણથી જ ગીત, સંગીત અને નૃત્યની તાલીમ મળી હતી. એનું કારણ છે. મીરાસી જ્ઞાતિ એ મુસલમાનોમાં માગણ કોમમાંથી આવે છે. અને માગવા માટે આ કોમને ગીત, સંગીત અને નૃત્યનીતાલીમ ફરજીયાત લેવી પડતી હોય છે. મીર જાતિના બાળકને ગીત, સંગીત અને નૃત્યની તાલીમ મળી હોય તો તે લોક મનોરંજન દ્વારા અથવા તો રાજવીઓનું કીર્તિગાન કરીને પોતાનું અને કુટુંબનું ભરણ પોષણ કરી શકે છે. મીર મુરાદનો સંપ્રદાય શિયા હોવા છતાં એમની વેશભૂષા હિન્દુ જેવી જ હતી.







યાચકવૃત્તિ પર જીવનારી આ કોમ 'લગ્ન જેવા માંગલિક પ્રસંગોએ અને ઉત્સવ પર્વોએ પણ આ મીર કોમ કવિતા, દુહા, સોરઠા અને રાજ-રજવાડાંઓમાં રાજવીઓના પ્રશસ્તિ કાવ્યો રચીને અને ગાઈને પોતાનું પેટીયું રળે છે. આવી આર્થિક રીતે સદાય અસ્થિર કોમમાં ભક્ત મીર મુરાદનો જન્મ થયો હતો.

ભક્ત કવિ મીર મુરાદનું લગ્ન હીરાબાઈ નામની હિન્દુ યુવતી સાથે થયું હતું. તેમને 'સાલૂ' અને 'સરદાર' નામના બે દીકરાઓ હતા. કવિએ પોતે જ તેમની આર્થિક સ્થિતિને તેમના એક કાવ્યમાં વર્ણવી છે :

માગ્યા વિના કોઈ દેત નહીં,
ઘર ખેત નહીં, મૈં ખેતી કરાઉં.
વટ નહીં સો વેપાર કરું,
પગ એત નહી, સો વિદેશ ફિરાઉં.
રાંડ નહી મૈં તો રો કે રહું,
ભાંડ નહી મૈં ફજૈત બતાઉં.
કહત મુરાદ ખુદાવિંદ ખાવિંદ,
મૈં કૈ પૈર ઘરબાર ચલાઉં.

આવી આર્થિક સ્થિતિમાં પણ તેમણે ઈશ્વરનો-ખુદાનો સાથ છોડ્યો નથી. તેઓ કૃષ્ણભક્ત હતા. તેઓ શરીરના કદમાં ઠીંગણા હતા. તેમનો દેહ પણ દુર્બળ અને મોં ઉપર શીતળાના ખાડા

હતા. વળી, તેઓ શ્યામ વર્ણના હતા. જેને કારણે તેમનો પ્રભાવ લોકો ઉપર પડતો નહોતો. તેમની આ દેહરચનાથી અકળાઈને ભગવાનને કહે છે :

રૂપ બિના કોઈ ભૂપ ન માનત,
સો ભગવત મુજે નહીં દિનો,
કરમ બિના ભટકાવત કાયકૂ,
જોર દિયો ન કિયો બલહીનો.
છોટો સો કિયો કહસે કુન કારન,
મૈં તેરો ગામ ગરાસ નહીં છીનો.
કહેત મુરાદ સોચ મિટાવત
કુન અવગુન મૈં તેરો કીનો ?...

આપણાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે :

**विपदो नैव विपदः संपदं नैव सम्पदः ।**
**विषद विस्मणं विष्णो सम्यद नारायण स्मृति ॥**

અર્થાત્ : ધન હોવું એ સંપત્તિ નથી અને ધન ન હોવું એ વિપત્તિ નથી ; પરંતુ વિષ્ણુનું વિસ્મરણ જ વિપત્તિ છે અને સ્મરણ એ જ સાચી સંપત્તિ છે.

મુરાદ પણ તેમની સ્થિતિને સમજીને અને એ સ્થિતિને કોઈની આગળ વ્યક્ત કર્યા વગર માત્ર ઈશ્વર સ્મરણમાં જ રત રહીને જે મળતું તેનાથી ચલાવી લેતા હતા. તેઓ હિન્દુ પ્રજા વચ્ચે







રહ્યા, એમના સંસ્કારો પામ્યા હતા. તેમના આચાર - વિચાર, રહેણી - કરણી અને સંસ્કારોથી મુસ્લિમ હોવા છતાં તેમનામાં મુસ્લિમ સંસ્કારો આવ્યા નહોતા. તેમના માટે તો રામ- રહીમ, સંત - પીર, ધોતી - લૂંગી, મંદિર - મસ્જીદ, બધું જ સરખું હતું. તેઓ કોઈ સંપ્રદાય કે ધર્મમાં બંધાયા ન હોતા. કવિ મુરાદ તો ખુદાની સાથે સાથે રામ, કૃષ્ણ, ગણપતિ હિન્દુ દેવતાઓનું સ્મરણ કરતા હતા. જે તેમનાં કાવ્યોમાં જોવા મળે છે.

ભક્ત કવિ મુરાદને સંગીતમાં ઊંડી અભિરુચિ હતી. કૃષ્ણલીલાના પદમાં એમણે ધ્રુપદ, ઠુમરી વગેરે શાસ્ત્રીય રાગો પ્રયોજયા છે. કવિના એક પદમાં તો મલ્હાર રાગ ગાવાથી વરસાદ વરસે છે અને દીપક રાગ ગાવાથી દીવાઓ આપોઆપ પ્રગટે છે એવી રાગની શક્તિનો પણ ઉલ્લેખ મળે છે.

ભક્ત કવિ મુરાદ એક રચનામાં ભગવાન શ્રીકૃષ્ણને કહે છે :

તંદુલ જો દિયે વાકૂ કંચન કે મહેલ કિયે,
બેરકાજ ભીલનીકું વૈમાન ચઢાઈ હૈ
વિદૂર કી ભાજી તાસે આપ હી ભયે હૈં રાજી,
સૈન્ય દુર્યોધન કો સોંપ સૈન્યમેં જમાઈ હૈ,
ઊંગલી પે લગી ધારા, ચુંદરી ઉતાર દીની,
પુરે હૈ અનેક ચીર, ઈજ્જત બઢાઈ હૈ,
કહેત હૈ મોરાદ, ઐસી લાલચ ન કીજૈ લાલ.
બિના લિયે દીજે તામેં આપકી બડાઈ હૈ.

અહીં ભક્ત કવિ મુરાદે કૃષ્ણ- સુદામાની મૈત્રી અને તેના પરિણામની, રામચંદ્ર ભગવાને ખાધેલા શબરીનાં એઠાં બોર, અને વિદુરજીની ભાજીનો પણ રસપૂર્ણ સ્વાદ કર્યો, દ્રૌપદીનું વસ્ત્રાહરણ અને ભગવાન શ્રીકૃષ્ણએ તેમનાં ચીર પૂર્યા હતાં તે મહાભારતકાલીન પ્રસંગોને બખૂબી પ્રકટ કર્યા છે. ભગવાને અનેકગણું કરીને પાછું આપ્યું છે. પણ કવિ ભગવાન પાસે કશુ જ માગતા નથી. માગવામાં પણ તેઓ નાનમ અનુભવે છે. આપણા ગઝલ સર્જક નાઝીર દેખૈયાને પણ આ પંક્તિઓ પરથી પ્રેરણા મળી હશે :

કહેત હૈ મોરાદ, ઐસી લાલચ ન કીજૈ લાલ.,
બિના લિયે દીજે તામેં આપકી બડાઈ હૈ.

- મુરાદ

સરખાવો નાઝીર દેખૈયાની ગઝલનો આ શેઅરઃ
હું હાથને મારા ફેલાવું એ વાત મને મંજૂર નથી,
હું માગું ને તું આપી દે એમાં તારી ખુદાઈ કંઈ નથી.

ભગવાન પાસે માંગીએ તો તાંદુલના બદલામાં મહેલ આપી દે. એટલો બધો એ ઉદાર છે. ચીંથરીના બદલામાં વિપત પડે એ વસ્ત્રોના તાકા ને તાકા મોકલી આપે. નરસિંહ મહેતાની હૂંડી પણ સ્વીકારી લે એટલો બધો એ દયાવાન છે. તો પછી માગીને હેઠા શું કામ પડવું જોઈએ ? એને તો આપણી બધી જ ખબર છે.







એ તો એમ પણ કહે છે :

**अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।**
**तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यम् ॥**

(શ્રીમદ ભગવદ્ ગીતા : અઃ ૯ઃ૨૨ઃ)

અર્થાત્ :

જે અનન્ય પ્રેમી ભક્તજનો મને (પરમેશ્વરને) નિરંતર ચિંતન કરતાં નિષ્કામ ભાવે ભજે છે, એ નિત્ય - નિરંતર મારું ચિંતન કરનારા ભક્તોના યોગક્ષેમનું હું પોતે વહન કરું છું.

ભગવાને પોતાના ભક્તની કેટલી બધી કાળજી રાખી છે. પછી હાથ ફેલાવીને તેની પાસે માગવાની જરૂરી ખરી ? એ તો એમ પણ કહે છે : **अनन्याचेताः सततं यो मां स्मरति नित्यशः ।** જે વ્યક્તિ મારામાં અનન્યચિત્ત થઈને સદાય નિરંતર મુજ પુરુષોત્તમને સ્મરે છે. એને હું : **तस्याहं सुलभः** સુલભ છું. પરંતુ જે **नित्ययुक्तस्य योगिनः** છે. તેને (અઃ૮ઃ૧૪) હું સુલભ છું. એમ પણ ભગવાન ઈશારો કરે છે !

'પદ્મપુરાણ'માં પણ ભગવાને આ પ્રમાણે કહ્યું છેઃ

**हरिः शरणं एव हि नित्य येषां मुखे वयः ।**
**अतः काल समाविदा जरा युष्मान् न बाधते ॥**

અર્થાતઃ

જે ઈશ્વર સ્મરણ સતત (નિત્ય) કર્યા કરે છે, તેને કાળપણ કશું કરી શકતો નથી. એ નિત્ય યોગીને વૃદ્ધત્વ અસર કરતું નથી.

વૃદ્ધત્વ એની નજીક આવી શકતું નથી. ભગવાન જ્યારે આટઆટલી જવાબદારી લે છે પછી એનું સ્મરણ કરવામાં, એની ભક્તિ કરવામાં, ક્યાં વિઘ્નો આપણને નડે છે ?

તેનો જવાબ એક જ છે : ભકિતમાં જો કોઈ પણ આડે આવતાં હોય તો તે મોહ, માયા, મત્સર, દંભ, ઈર્ષા, અને આપણામાં રહેલ ક્રોધ છે. આ બધું આપણામાંથી નિર્મૂળ થઈ જાય પછી ઈશ્વર આપણાથી દૂર નથી.

આ વાત ભક્ત કવિ મુરાદ સારી રીતે જાણતા હતા. એટલે જ તેમણે તેમના એક પદમાં કહ્યું છે :

ખુદા હૈ ખરાદી, અકલ ઉસમેં જ્યાદી,
વહ આદિ અનાદિસે ફિરતા કહા થા.
પવન આગ પાની સો મિટ્ટી મિલાની,
યે દમ કી નિશાની સે આદત બનાયા,
કિયે કાન નાસા, ચશમ કા તમાસા,
જબાં કા ખુલાસા દે કલમા પઢાયા,
મુરાદ કહે મૈંને સહી કરકે દેખા
ખુદાને કહા વો અકલમેં ન આયા.

અહીં ખુદા - ઈશ્વર ને જ બુદ્ધિમાન ગણ્યો છે. એનાથી શ્રેષ્ઠ કશું જ નથી. પંચતત્ત્વ આગ, પાણી, માટી (પૃથ્વી), હવા અને આકાશ દ્વારા આપણા શરીરની રચના થઈ છે. એમાં વાણી મુકીને એણે - ઈશ્વરે - અદ્ભૂત કામ કર્યું છે. વાણી એટલા માટે







આપી કે એ દ્વારા માણસ ઈશ્વરનું સ્મરણ કરે. પરંતુ મુરાદ કહે છે કે : 'ઈશ્વરે જે કંઈ કહ્યું તે મારી બુદ્ધિમાં ન આવ્યું.'

'કેટલાયે મુસ્લિમ સંતોએ હિન્દુ - મુસ્લિમ ઐક્યતાની ભાવના પ્રકટ કરેલ છે. એટલું જ નહિ, કૃષ્ણ અને રામના લીલાચરિત્રોપેણ ગાયા છે. તેમાં મુખ્યતઃ તો - અબ્દુર રહેમાન, દીન દરવેશ, મલેક, મુરાદે નુરુદ્દીન, રહીમજી, અમીર ખુસરો કબીરજી વગેરે.'

ભક્ત કવિ મીર મુરાદે હિંદુ પંડિતો અને મૌલવીઓ પાસેથી આધ્યાત્મિક જ્ઞાન મેળવ્યું હતું. પરિપાકરૂપે એમનાં ભક્તિપદોમાં હિન્દુ ધર્મના દેવી - દેવતાઓની સાથે સાથે ઈસ્લામનો પણ ઉલ્લેખ જોવા મળે છે. મુરાદે 'બોધ બહત્તરી', 'ગરુડ હનુમાન સંવાદ', 'ગુણવાણી વિલાસ' અને 'સુમદાતાર સંવાદ' ની રચના કરી છે. જે ખૂદ મુરાદના સ્વહસ્તાક્ષરોમાં મળી આવેલ છે. જે આજે પણ કવિની જન્મભૂમિ પીલવાઈ પાસે આવેલ બેડા ગામના એક સાહિત્ય પ્રેમી મીર પાસે છે.

વૃદ્ધાવસ્થાની છેલ્લી અવસ્થામાં તેમનાં જ્ઞાનચક્ષુ ખુલ્લાં હતાં પણ સને ૧૮૯૦ માં તેમનાં ચર્મચક્ષુનો દીપ બુઝાઈ ગયો હતો. તેઓ લખી ન શકવાને કારણે તેમની કાવ્ય રચનાઓ બંધ થવા પામી હતી. તેમને અસ્થમાનો રોગ હતો. મૃત્યુ પૂર્વે ત્રણ દિવસે તાવ આવતા અને દમના હુમલાને કારણે સને ૧૮૯૫માં ભક્ત કવિ મીર મુરાદનો જીવનદીપ બુઝાઈ ગયો.

□

# ૩૦. સંતદેવ ડુંગરપુરી

(ઈ.સ.૧૮૩૪-૧૯૧૧)

' **यथा नामा तथा गुणाः ।**' એ ઉક્તિ અનુસાર સંત ડુંગરપુરી ઉચ્ચ કોટિનું આધ્યાત્મિક જ્ઞાન ધરાવતા હતા. તેઓ પોતે પરિવ્રાજક હતા અને સાધુ તો ચલતા ભલા એ ઉક્તિ અનુસાર કાશ્મીરથી કન્યાકુમારી અને કોલકાતાથી કચ્છ સુધી સમગ્ર ભારતમાં સતત પરિભ્રમણ કરતા રહ્યા. બે વખત તો ગંગોત્રીનું ગંગાજળ ખભે કાવડ મુકીને પગપાળા દક્ષિણ ભારતમાં આવેલ ભગવાન રામેશ્વર ઉપર ગંગાજળનો અભિષેક પણ તેમણે કર્યો હતો. તેમના સંપર્કમાં અને સંસર્ગમાં જે જે આધ્યાત્મિક સંતો, મહાત્માઓ, પરિવ્રાજકો આવ્યા તેમની પાસેથી જ્ઞાનનું સતત ચયન કરતા રહ્યા. પરિણામ સ્વરૂપ તેમની જ્ઞાન વાણીની ધાર તેજદાર બની અને તેમનું આધ્યાત્મિક ચિંતન ખૂબ જ ઊંડાણમાંથી અને મનનસભર પ્રકટતું રહ્યું. જે તેમનાં પદોમાં જોઈ શકાય છે.

હે જી...
ગુરુ મળ્યા બ્રહ્મજ્ઞાની સંતો,
પીઓને પ્રેમરસ પાણી
તમે પીઓને પ્રેમરસ પાણી
જળ કેરી, પેદાશું ભાઈ, સબ જળથી રચાણી







'સોઽહમ્' ને કેમ છોડીએ બંદા, તન મનધન કુરબાની
ભૂલ્યો ભમરો ફીરિ ભટકતો, એની ગભરાણી વાણી
સતગુરુ મળ્યે સાનમાં સમજાવે, આતમને ઓળખાણી
સંતો મારા પીઓને પ્રેમરસ પાણી

આ પ્રેમરસથી પ્રકટતી આધ્યાત્મિક વાણીનો હજારો મનુષ્યોએ એનો રસ ચાખ્યો હશે. અને ગંગાજળની જેમ એનું આચમન પણ કર્યું હશે. તેમની આ ગંગાજળી પદ યાત્રા માટેનો એમણે કયો રસ્તો પસંદ કર્યો હશે ? કયા કયા પ્રદેશોમાંથી તેઓ પસાર થયા હશે ? આ દરેક સ્થાનોએ તેમણે કરેલા વિસામાએ કયા કયા મહાત્માઓ, પરિવ્રાજકો અને સંતો પાસેથી જ્ઞાન મેળવ્યું હશે અને એમણે પ્રાપ્ત કરેલા જ્ઞાનની વહેંચણી પણ કરી હશે ! સંસ્કૃતિ અને સંસ્કારની ફોરમ પણ પ્રસરાવી હશે એ જ્ઞાનગંગાની સરિતાનું અમૃત એ જ્યાં જ્યાંથી પસાર થયા હશે એ પ્રદેશના ભાવકોએ કંઠસ્થ કર્યું હશે. એમનાં ભજનો, પદ, સાખીઓને એકઠી કરવી, એ ઘણું અઘરું કાર્ય છે. તેમ છતાં એમનાં પદ, ભજનો જે લોક કંઠે સચવાયા છે તે જ સચવાયા છે. બહુધા તેમની કૃતિઓ ગુજરાતીમાં પ્રાપ્ત થાય છે. કેટલાક હિન્દી અને વ્રજની છાંટ ધરાવતાં પદો જોવા મળે છે.

ઉપરના પદમાં એક પંક્તિ એ પણ આવે છે : 'ગુરુએ હાથ ધર્યો શીશ ઉપર, જળહળ જ્યોતું દરશાણી' તો એ ગુરુ કોણ? પરંતુ

એમના ગુરુનો કોઈ જ અણસાર પ્રાપ્ત થતો નથી. ભારતની સાંસ્કૃતિક પરંપરા ત્યાગ અને સમર્પણ ઉપર નિર્ભર છે. જે વ્યક્તિએ પરંપરાને પૂર્ણતઃ અનુસરે તે જ લોકનાયક થવા લાયક ગણાય. એ અનુસાર દેવ ડુંગરપુરી દેત્રોજથી પૂર્વમાં આવેલ 'ગેબી ટિંબો' એ એમનું આશ્રય સ્થાન હતું. ત્યાં તેઓ રહેતા અને સત્સંગ કરતા હતા. લોકોકિત અનુસાર આ 'ગેબી ટિંબે' તેઓ સાધના, આરાધના અને નિદિધ્યાસન કરતા અને તેમના અનુયાયીઓ, અને ભાવકોને ઉપદેશ અને વાણીનું અમૃત પીવડાવતા હતા. લોકોકિત અનુસાર આ 'ગેબી ટિંબો' માંથી તેમને કોઈ ગેબી - ગૂઢ - વાણીનો અવાજ સંભળાયો હોય અને તેમના અંતરના પડદા ખૂલી ગયા હોય ! અથવા તો કોઈ ગેબી નાદ દ્વારા તેમને સમાજ કલ્યાણ કરવાનો કોઈ આદેશ પ્રાપ્ત થયો હોય ! જે હોય તે તેઓ જ્યારે જ્યારે ગુજરાતમાં આવતા ત્યારે આ 'ગેબી ટિંબો' એ એમનું આશ્રય સ્થાન હતું. ભક્તિ સ્થાન હતું અને એમની પરાવાણીનો સ્ત્રોત પણ અહીંથી જ શરૂ થયો હતો અને તે –

શબ્દ રણુકાર શાનમાં સમજાવે અનહદ તેજ અપાર,
ઝળહળ ઝળહળ જ્યોતું પ્રગટે એ જ્યાંતુ ચાર પ્રકાર *
એવો ઘટઘટ રમતો રે, એમાં રમે મારો આતમરામ.
એમ ડુંગરપુરી કહે છે રે, એ તો સઘળાં જીવોનું ધામ;
એનું અનહદ તેજ અપાર...

---

* રક્તેશ્વરી, શ્વેતેશ્વરી, કૃષ્ણેશ્વરી, અને નીલેશ્વરી નામની જ્યોત સાધકને દેખાય છે અને તે દ્વારા સાધક અનેક અનુભવો કરે છે.







અહીં દેત્રોજનો ઉલ્લેખ કર્યો છે. તે તેમનું જન્મસ્થાન. વિરમગામ તાલુકા ચુંવાળ પ્રદેશનું એક નાનકડું ગામ. જન્મ થતાં જ પિતાજી માવજીભાઈનું અવસાન થયું. મા રૂડીબાઈએ બીજું લગ્ન કર્યું હોત તો સમાજ તેને રોકવાનો નહોતો. તેમની હરિજન જ્ઞાતિમાં તે સમયે સહેલાઈથી વગર રોકટોકે પુનઃલગ્ન થઈ શકતાં હતાં. તેમ છતાં એકના એક પુત્રનો ઉછેર કરવા તેમણે પુનઃલગ્ન ન કર્યાં. અને બાળરંડાપો સ્વીકાર્યો. હજી તો ડુંગર ચૌદ-પંદર વરસનો જ થયો હશે, ત્યાં તો કોલેરા ફાટી નીકળ્યો. ગામમાં લોકો ટપોટપ મરવા લાગ્યા. કોણ કોની સારવાર કરે, સ્મશાને અંતિમ ક્રિયા માટે પહોંચાડે એ એક સવાલ હતો. વળી હરિજન પ્રજા તો અસ્પૃશ્ય પ્રજા એવું લોકો માનતા હતા. એવા વિકટ સમયમાં પુત્ર ડુંગરે માતાની દફનવિધિ કરી અને ગૃહત્યાગ કર્યો.

માતાની હાજરી હતી ત્યારે પણ ડુંગર ઈડરના ગઢની ગુફાઓમાં આબુના હરિયાળા શિખરોમાં અને ગિરનારના ડુંગરાઓમાં પહોંચી જતા અને દિવસોના દિવસો એ પર્વતમાળાઓના એકાંતમાં આધ્યાત્મિક ચિંતન કરતા હતા. હવે તો માતા પણ નહોતી અને એની સાર-સંભાળ રાખનાર પણ કોઈ જ નહોતું. એણે ગિરનારની વાટ પકડી અને ત્યાં તેમણે આધ્યાત્મિક ચિંતનની ધૂણી ધખાવી. ઓહમ્, સોડહમ્નો શબ્દનાદ વધુ બળવત્તર થયો અને 'દેવ ડુંગરપુરી' બન્યા. જે શબ્દનાદ તેમના આ પદમાંથી સંભળાય છે.

વે'લા થાઓને રે, આ છે હરિ ભજ્યાનું ટાણું,
મનખા સરીખું મહાપદારથ, વેળુમાં રોળાણું,
સોડતાણી સૂઈ રહ્યા પછી, હમણાં વાશે વાણું૦ વે'લા૦
ભાઈ રે, ઠાલે ઠાલું ભરિયે, ભરિયું માયામાં મૂંઝાણું,
સળગ્યું તે ઓલાશે નહિ, સગડી મોયલું છાણું,
આ છે હરિ ભજ્યાનું ટાણું૦ વે'લા૦
ભાઈ રે, ઓચિંતાનું આવશે, પછી શું ઘુંઘટમાં ઘેરાણું,
બળ કરી બોલાશે નહિ, પછી બેસશે જમનું થાણું,
આ છે હરિ ભજ્યાનું ટાણું૦ વે'લા૦
ભાઈ રે, આગળની ઓળખાણ વિના, બીજું કાંઈ ન જાણું
કહે 'ડુંગરપુરી' અહીંનો લપસ્યો, એનું બીજે નહી ઠેકાણું,
આ છે હરિ ભજ્યાનું ટાણું૦ વે'લા૦

તેમનો સમયગાળો ઈ.સ. ૧૮૩૪ (સંવત : ૧૮૯૦) થી ઈ.સ. ૧૯૧૧ (સંવત ૧૯૬૭) નો આ સમયગાળો એટલે અંધશ્રદ્ધા, વહેમ, ખોટી પ્રણાલિકા, ધર્મશાસ્ત્રોના ખોટા અર્થ કરનારો, ધર્મશાસ્ત્રોનો શાસ્ત્રાર્થ પંડિતો, સાધુઓ, બ્રાહ્મણો જે કરતા તેમાં વિશ્વાસ ધરાવતો સમાજ. હિંદુ સમજામાં પણ કેટલીય







ખોટી પ્રણાલિકાઓ, રીત રિવાજો, અને અંધશ્રદ્ધાએ સ્થાન જમાવ્યું હતું. તે વખતે અસ્પૃશ્યતા, બાળ વિવાહ, સ્ત્રી કેળવણીનો વિરોધ, સ્ત્રીઓની ગુલામી વગેરે અનેક માન્યતાઓ અને રૂઢીઓ ધર્મ અને શાસ્ત્રના નામે ચાલતી હતી. જો સુધારકો તેનો વિરોધ કરતા તો તેમને સનાતની રૂઢિચુસ્તો કહેતા કે વેદાદિ શાસ્ત્રોમાં આ પ્રમામે જ કહ્યું છે. પરંતુ દેવ ડુંગરપુરીએ તો અસ્પૃશ્યતા, બાળ વિવાહ વગેરે રૂઢિઓ વેદ વિરુદ્ધ છે. એટલું જ નહિ, પણ સ્ત્રીઓ અને શુદ્રોને પણ વેદ ભણવાનો અધિકાર છે. એમ તેમણે વેદોના આધારે સિદ્ધ કરી બતાવ્યું. વેદોમાં અંધશ્રદ્ધાને સ્થાન નથી. આમ, તેમણે સમાજ સુધારાને ઘણો વેગ આપ્યો. હિંદુ ધર્મમાં પેસી ગયેલા સડાઓથી તેમણે લોકોને જ્ઞાત કર્યા. આવા સડાઓ સામે  વિરોધ કરવા લોકોમાં જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કર્યો. તેમણે હિંદુ સમાજને અંધશ્રદ્ધા, અને દુર્બળતાનો ત્યાગ કરી ઈશ્વર નિષ્ઠા, બળવાન, નિર્ભય અને બુદ્ધિમાન બની સાચા અર્થમાં આર્ય બનવાનો ઉપદેશ આપ્યો. તેઓ કહેતા કે આર્ય એ કેવળ જાતિવાચક શબ્દ નથી. પણ આર્ય એટલે સજ્જન, ઈશ્વરમાં શ્રદ્ધા રાખનારી વ્યક્તિ.

શ્રીમદ્ ભગવદગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ પણ કહ્યું છે : 'અનન્ય પ્રેમથી મારામાં ચિત્તને પરોવનાર તથા અનન્ય ભાવથી મારે પરાયણ થઈને યોગમાં, જોડાયેલ .... મને તત્ત્વથી એટલે કે યથાર્થરૂપે જાણી શકે છે.' એવી ભાવનાથી યથાર્થ રૂપે ભક્તિ કરનાર

દેવ ડુંગર પુરી સાચા અર્થમાં ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા રાખનાર અને ઈશ્વર તત્ત્વને પામી ચૂકયા હતા. તેઓ ઈશ્વરની વધારેમાં વધારે નજીક હતા. તેમણે દેત્રોજના 'ગેબી ટિંબા' પર છપ્પનિયા દુષ્કાળમાં અન્નક્ષેત્ર પણ શરૂ કરેલું. ચોવીસે કલાક રામરોટીની દાળ ઉકળતી જાય અને જાર - બાજરાના રોટલા ટીપાતા જ હોય ! એવા પરગજુ સંત દેવ ડુંગરપુરી હરિદ્વારથી પગપાળા દેત્રોજ આવવા નીકળ્યા. ખભે ગંગાજળની કાવડ હતી અને રસ્તામાં તેઓ બીમાર પડ્યા. તેમણે ગુજરાત અને રાજસ્થાનની મધ્યમાં આવેલા અમીર ગઢમાં થોડો સમય રોકાણ કર્યું. ટૂંકી માંદગી પણ તેમના માટે જીવલેણ નીવડી. તેમને તેમના અંત સમયની જાણ થઈ ગઈ હતી. તેમણે સમાધિ લેવાનો નિર્ણય જાહેર કર્યો. અને અમીર ગઢની હિંદુ - મુસ્લિમ મિશ્ર પ્રજાએ દેવ ડુંગરપુરીની જીવતાં સમાધિ લેવા માટે ઊંડો ખાડો કર્યો. આ આજ્ઞા પણ દેવ ડુંગરપુરીએ જાતે જ કરી હતી ! પછી ભગવાન રામેશ્વરના અભિષેક માટે હરિદ્વારથી જે કાવડ ભરી લાવેલા તે ગંગાજળથી 'હર ગંગે.... હર ગંગે....' કહેતાં સ્નાન કર્યું. પછી તેઓ સમાધિના ખાડામાં ઊતર્યા અને દેહનો ત્યાગ કર્યો. તે દિવસ હતો વિક્રમ સંવત ૧૯૬૭ (ઈ.સ.૧૯૧૧) , ફાગણ વદ પાંચમ અને ગુરુવાર.

જે જગ્યાએ એમણે સમાધિ લીધી તે સ્થળ પર અમીરગઢના ગ્રામજનોએ સુંદર સમાધિ મંદિર બાંધ્યું. જે આજે





પણ વિદ્યમાન છે. અને સમય જતાં દેવ થયેલા ડુંગરપુરી 'ડુંગરા પરમેશ્વરા'થી પૂજાવા લાગ્યા.

વિરગામ તાલુકાના દેત્રોજ ગામના પૂર્વ સીમાડે આજે પણ દેવ ડુંગરપુરીને નામે પવિત્ર સ્થળ બન્યું છે. અને 'ગેબી ટિંબા' ને નામે આજે પણ ચિરંજીવી બન્યું છે.

---

* પુરક માહિતી : હરિજન : સંત અને લોકસાહિત્ય : ડૉ. દલપતભાઈ શ્રીમાળી, દ્વિ.આ. : ૧૯૯૩.

□

# ૩૧.સંતશ્રી ખીમસાહેબ

(ઈ.સ. ૧૭૩૪-૧૮૦૧)

ખીમ સાહેબ એ 'રવિ-ભાણ' સંપ્રદાયના સંત છે. તેમનો જન્મ પણ યોગાનુયોગે સંતને ત્યાં જ થયો છે. તેઓ ભાણ સાહેબના પુત્ર અને રવિ સાહેબના શિષ્ય હતા. જ્યાં પિતા અને ગુરુ બંને સબળ હોય પછી પુત્ર પણ એટલો જ તેજસ્વી અને આધ્યાત્મિક હોય જ. 'રવિ-ભાણ' સંપ્રદાયના સંતો : ભાણ સાહેબ, રવિ સાહેબ, ખીમ સાહેબ, મોરાર સાહેબ, ત્રિકમ સાહેબ, હોથી સાહેબ, જીવણ સાહેબ (દાસી જીવણ)વગેરે સંતો, કબીરપંથી સંતો છે.

'છેક બારમા સૈકાથી મધ્યકાલીન રહસ્યવાદ ભારતીય ભક્તિ સાહિત્યમાં પ્રવર્તતો જોવા મળે છે. એમાં આચાર લક્ષી તત્ત્વજ્ઞાન એની ભૂમિકારૂપ હતું. ભક્તિ અને યોગ એમાં મુખ્યત્વે સહાય રૂપ હતાં. એ સમયના સંતો માનવમાત્રની શ્રેયઃ સાધનાને કેળવવા પ્રયત્ન કરતા હતા. એમાં આ કે તે સંપ્રદાયનું તત્વ ભળેલું ન હતું તેથી પરમતત્ત્વના સાક્ષાત્કારના આનંદમય અનુભવને વર્ણવતી કવિતા આપણને મળી. કબીર, નાનક, ગોરખનાથ, સૂફી સંતો વગેરેની વાણીમાં આ બિન સાંપ્રદાયિક કવિતા પ્રવાહ વહે છે. એમાં યૌગિક ક્રિયાના પારિભાષિક શબ્દો પ્રયોજાતા હોય છે.







એથી યોગમાર્ગની પ્રક્રિયા ન સમજનારાને માટે એ અગમવાણી બની રહે એ સ્વાભાવિક છે. બૌદ્ધિક વિલાસરૂપે આ રહસ્યવાદ ખાસ કરીને ગુજરાતમાં તે સમયના નિરક્ષર લોકસમૂહને સમજાવવો તો અશક્ય હતો. તેમ છતાં પરમતત્ત્વ તરફની શ્રદ્ધા એક મોટું આલંબન હતું. આવી બિન સાંપ્રદાયિક કવિતાને આપણે સંતો - ભજનિકોની વાણીરૂપે ઓળખીએ છીએ. આ વાણી ખાસ કરીને બીન ઉજળીયાત વર્ણોના ભાવિક લોકોમાં વિશેષ રૂપે પ્રવર્તતી અને પ્રવહમાન થઈ. એ સગુણ ભક્તિ નથી; એ નિર્ગુણ ભક્તિની ઉપાસના છે.' [૧]

પરમતત્ત્વના સાક્ષાત્કારના અનુભવને વર્ણવતી આ કવિતા કે ભક્તિપદો ભાણદાસથી જીવણદાસ સુધીના સંતોમાં ખાસ જોવા મળે છે. અઢારમા સૈકાથી ઓગણીસમા સૈકાના પૂર્વાર્ધ સુધી આ કવિતા વહેતી જોવા મળે છે. આ બધા સંતો પરમતત્ત્વ - ઈશ્વર - માટે 'સાહેબ' શબ્દ (જેનો કબીર વારંવાર તેમના પદોમાં કરતા હતા) પોતાના નામ પાછળ લગાવતા હતા.

આ સંતોનું જે સાહિત્ય મળી આવે છે તે ઘણું જ મૂલ્યવાન છે. તેથી એ સંતોના જીવન વિશે આપણને જાણવાનું મન થાય એ સ્વાભાવિક છે. આ સંતો સમાજના વિવિધ સ્તરમાંથી આવતા હતા.

૧. 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : ડૉ. રમેશ ત્રિવેદી : પૃ:૮૮.'

ભાણ સાહેબ (લોહાણા), રવિ સાહેબ, (બ્રાહ્મણ), ખીમ સાહેબ (લોહાણા), મોરાર સાહેબ (રાજપૂત), ત્રિકમ સાહેબ (દલિતવર્ગ), દાસી જીવણ (દલિતવર્ગ), હોથી સાહેબ (મુસ્લિમ) વગેરે. આ સંતોએ ઘરબાર છોડીને સંન્યાસી થયા ન હોતા પણ ગૃહસ્થી હતા. એ યાદ રહે કે ખીમ સાહેબ એ ભાણ સાહેબના પુત્ર હતા. પરંતુ આ સંતો અંતરમાં વિરક્તિભાવ ધરાવતા હતા.

આ સંતોના ભક્તિપદોમાં પ્રેરણા મુખ્ય છે. આ ભક્તિપદોની વાણી તળપદી લોકબોલીમાં ઝિલાઈ છે. તેમાં નિરૂપાયેલી ઉપમાઓ, રૂપકો કે દૃષ્ટાંતો સ્વાભાવિક લાગે છે અને તેમાં તાજગીનો અનુભવ થાય છે :

'લાવો લાવો કાગળ ને દોત લખીએ હરિને રે'

- રવિ સાહેબ

'નુરતે સુરતે નીરખો, એના ઘડનારાને પરખો,
આ કોણે બનાવ્યો પવન ચરખો'

- રવિ સાહેબ

'હર મેરે હંસા ચલો નિજ દેશા
જહાં અમર પુરુષ અસ્થાના રે.'

-મોરાર સાહેબ

'લાલ મેરા દિલમાં લાગી વૈરાગી.'

- ત્રિકમ સાહેબ







'આ કાયામાં પરગટ ગંગા, શીદ ફરો પંથમાળા'

- ખીમ સાહેબ

'પ્રેમ કટારી નિકરી આરંપાર'

- દાસી જીવણ

'મોર તું તો આવડાં તે રૂપ ક્યાંથી લાવ્યો,
મોરલો મરત લોકમાં આવ્યો.'

- દાસી જીવણ

આ ભક્તિમાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો સમન્વય થયેલો આપણે જોઈ શકીએ છીએ. અને આજ સુધી એ લોકકંઠે સચવાઈ રહ્યાં છે.

'રવિ-ભાણ' સંપ્રદાયમાં ભાણ સાહેબના પુત્ર અને રવિ સાહેબના શિષ્ય એવા ખીમ સાહેબ જ્ઞાનમાર્ગી ધારાના લોકપ્રિય અને મહત્ત્વપૂર્ણ સંત છે. આતિથ્ય ધર્મના ઉપાસક તરીકે જગતને આદર્શ આપી ગયા. એમનામાં આજે સેવા, ત્યાગ અને સમર્પણની સિદ્ધિ દેખાઈ હતી. તેના મૂળમાં જેમની જીવમાત્રમાં બ્રહ્મને જોવાની દૃષ્ટિ હતી, ઊંચી આધ્યાત્મિક સૂઝ કે દર્શન હતું. તે તેમના ગુરુ રવિસાહેબ પાસેથી પ્રાપ્ત થયું હતું. ગુરુ જ્ઞાની હતા તો શિષ્ય પણ જ્ઞાની, ભક્ત અને સેવાભાવી હતા. શિષ્ય ખીમ સાહેબે ગુરુ રવિદાસને ખ્યાત કર્યા અને અપૂર્વ ગુરુ દક્ષિણા ચૂકવી. અને રવિ સાહેબે પણ ભાણ સાહેબના પુત્ર ખીમ સાહેબને સાચી ગુરુ દક્ષિણા આપીહતી.

ખીમ સાહેબની દૃષ્ટિમાં વિશ્વનો પ્રકાશ હતો, લોકવાયકા એ છેકે એમની આંખોમાં નૂરનો દરિયો છલકાતો હતો.

ખીમ સાહેબ રવિ સાહેબની આજ્ઞાથી શેરખીથી કચ્છના રાપર ગામે ગયા. ત્યાં તેમણે આશ્રમ સ્થાપી ધ્યાનમાં મસ્ત રહેવા લાગ્યા. અને મોટાભાગનો સમય દલિત- પીડિત વર્ગની સેવા અને ભગવદ્‌સ્મરણમાં પસાર કરતા હતા. 'રવિ-ભાણ' સંપ્રદાયમાં તેઓ ઘણા જ પ્રભાવશાળી સંત હતા.

તેમની અનેક ચમત્કારની વાતો લોકપ્રસિદ્ધ છે. તેમને ઘણા લોકો વરૂણદેવનો અવતાર માનતા હતા. નાવિકો તેમને 'દરિયાપીર' કહીને વંદન કરતા હતા. એટલું જ નહિ, રાપર ગામ દરિયા કિનારે હોવાથી નાવિકો દરિયો ખેડવા જતા ત્યારે ખીમ સાહેબના આશીર્વાદ લઈને જ જતા હતા. ખીમ સાહેબના આશીર્વાદથી આ દરિયા ખેડૂઓનું કલ્યાણ થતું હતું.

એમ કહેવાય છે કે નાવ જો દરિયામાં ડૂબતી ત્યારે ખીમ સાહેબ ત્યાં પ્રકટ થઈ ડૂબતી નાવને બચાવી લેતા હતા. હેબતખાન નામનો મુસલમાન ખલાસી નૌકા લઈ સમુદ્રમાં યાત્રા કરી રહ્યો હતો. અચાનક નૌકા ડૂબવા લાગી. ખલાસીએ ખીમ સાહેબને સ્મરણ કર્યું, તેની નૌકા ડૂબતી બચી ગઈ. ત્યારથી તે ખીમ સાહેબનો શિષ્ય બની ગયો.







ખીમ સાહેબ જેવા ભવસાગરથી તારનાર ગુરુ હતા. તો એવા દાની પણ હતા. કચ્છના રણમાં હરજીવન નામનો એક લખપતિ વણઝારો લૂંટાઈ ગયો. તે રડતો - કકળતો પોતાના સાથીઓ સાથે ખીમ સાહેબ પાસે આવ્યો. ખીમ સાહેબે તેને આશ્વાસન આપી રાત રોકી લીધો. અને સવાર થતાં તેને જગાડી લૂંટાયેલા રૂપિયા સવા લાખ આપી વિદાય કર્યા.

ખીમ સાહેબના આશ્રમમાં અપાર ધન છે, એમ સમજી મેઘો ખાચર નામે એક લૂંટારો ચોરી કરવાના ઈરાદે આવ્યો. તેણે ઘણી શોધખોળ કરી પણ કાંઈ મળ્યું નહીં, ખીમ સાહેબે તેને આશ્વાસન આપ્યું. પછી તે જ્યાં જુવે ત્યાં ધનના ઢગલા દેખાવા લાગ્યા, ગુરુની આવી લીલા જોઈ મેઘો ખાચર તેમના ચરણમાં પડી ગયો, કહેવાય છે કે મેઘો ખાચર પણ તે પછી સંત બની ગયો હતો.

રવિ-ભાણ સંપ્રદાયમાં ત્રિકમ સાહેબનું નામ પણ જાણીતું છે. ત્રિકમ સાહેબની વાણી પર ગુજરાત અને સૌરાષ્ટ્રના ભક્તો ભક્તિભાવપૂર્વક ગાય છે અને એટલા જ ભાવથી લોકો ઝીલે છે. કચ્છ-વાગડની ધરતીમાં આવેલ રામાવાવ ગામે ત્રિકમ ભગતનો ગરોડા જ્ઞાતિમાં જન્મ થયો હતો. ત્રિકમ ભગતને આત્મા અને પરમાત્મા સાથે તાર જોડાઈ ગયો હતો. તે ગુરુની શોધ કરવા ખૂબ જ રખડ્યા પણ સાચા સંતનો મેળાપ થતો નથી. અંતે તેઓ ગિરનારની યાત્રાએ ગયા. ત્યાંથી પણ તે નિરાશ થયા. ગુરુ

દત્તાત્રયની આજ્ઞા લઈ - દર્શન કરી - તેઓ રામાવાવ પાછા ફર્યા. કબીર સાહેબના ધંધાભાઈ ત્રિકમ સાહેબ શાળ ઉપર કપડાંના તાણા-વાણા વણતા અને રામરટણ કરતા હતા. પછી તેઓ સતની - ગુરુ - શોધમાં કાગનોરા ડુંગરમાં આવ્યા. ત્રિકમ ભગતના ખેતરથી થોડે દૂર કાગનોરા ડુંગરની ધારમાં એક મોટી ગુફા હતી. આ ગુફામાં રામગર નામે એક મહાત્મા રહેતા હતા. ત્રિકમ ભગત દરરોજ આ મહાત્માના દર્શન કરી પોતાને કૃતકૃત્ય માનતા. ત્રિકમ ભગતે આ સંતને શિષ્ય બનાવવા વિનંતી કરી ત્યારે તે સંતે કહ્યું : ''બેટા હું તો તને મારો શિષ્ય બનાવી શકું નહીં, પણ તું રાપરમાં જા, જ્યાં ભાણ સાહેબના પુત્ર અને રવિ સાહેબના સમર્થ શિષ્ય એવા ખીમ સાહેબ બિરાજે છે, એ તને ગુરુ મંત્ર આપશે. તેમને મારું નામ આપજે અને નિશાની માટે આ મારો અંચળો આપું છું. તે તેમને આપજે.''

ખીમ સાહેબ પોતાના નિત્યકર્મથી પરવારીને દરિયાસ્થાનમાં પોતાના આસન ઉપર બેઠા હતા. ત્યાં ત્રિકમ ભગતનો પ્રવેશ થયો. ખીમ સાહેબના ચરણોમાં તેઓ ઢળી પડ્યાં. ત્યાં જ ખીમ સાહેબ પોતાના સ્થાનેથી ઊભા થયા અને બંને ખભા પકડીને તેમને બેઠા કર્યા. ત્યાં બેઠેલા કેટલાક હરિભક્તોને આ ન ગમ્યું. અને ત્રિકમ ભગતના કપાળમાં એક હરિભક્તે ચાખડી છૂટી મારી. ત્રિકમ ભગતના કપાળમાંથી લોહીની ધારા વહેવા લાગી. આથી ખીમસાહેબના કોમળ હૃદયમાં અકથ્ય







વેદના થઈ, તેમની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. ખીમ સાહેબે ત્રિકમ ભગતના કપાળપર હાથ ફેરવી સાંત્વના આપી અને આવવાનું કારણ પૂછ્યું :

''બાપુજી ! હું ગુરુમંત્ર લેવા આવ્યો છું. કાગનોરા ડુંગરવાળા મહાત્મા રામગરે મને મોકલ્યો છે, આ તેમનો અંચળો નિશાની માટે લાવ્યો છું.''

''તથાસ્તુ ! કહી ખીમ સાહેબે પોતાના બંને હાથ ત્રિકમ ભગત ઉપર મુકી દીધા. આ જોઈને અન્ય ભક્તોને અપાર આશ્ચર્ય થયું.''

ખીમ સાહેબે કહ્યું : ''ભક્તો ! નવાઈ પામશો નહિ. તમારા બધા કરતાં, ત્રિકમ ભગતનો આત્મા ઘણો શુદ્ધ છે.'' પછી ત્રિકમ ભગત માટે દરિયા સ્થાનમાં આસનની વ્યવસ્થા કરી દીધી અને પોતાના શિષ્ય તરીકે સ્વીકાર કરી ત્રિકમ સાહેબ નામાભિધાન કર્યું. પણ તે પહેલાં ખીમ સાહેબે ભાણ સાહેબ પાસે આજ્ઞા માંગી હતી. ભાણ સાહેબ તો મહાત્મા હતા. તેમના મનમાં કોઈ જ સ્પર્શાસ્પર્શની ભાવના જ નહોતી. તેમણે તરત જ આજ્ઞા આપી અને ત્રિકમ ભગત મટી ત્રિકમ સાહેબ થયા. કચ્છની ધાર્મિકતામાં આ પ્રસંગ સ્થંભ સમાન બની ગયો.

'ત્રિકમ ત્રંબાળુ ગાજીઆ, નામ તણા નિશાન,
આજ અગર ઘર ઉપરે, મળી હીરાની ખાણ.'

અને ખીમ સાહેબે એક દલિતવર્ગમાંથી આવતા ત્રિકમ સાહેબનો શિષ્ય તરીકે સ્વીકાર કર્યો.

કચ્છ - રાપર સ્થાનમાં આજે પણ ભાણ સાહેબ અને ખીમ સાહેબની સમાધિ વચ્ચે ત્રિકમ સાહેબની સમાધિ મોજુદ છે. દર વરસે ચૈત્ર સુદ બીજને દિવસે ત્યાં મેળો ભરાય છે.

આવા નિર્મોહી સંતશ્રી ખીમ સાહેબનો જન્મ કિંખલોડ (તા. બોરસદ, જી. આણંદ) મુકામે મહાત્મા સંતવર્ય ભાણ સાહેબને ત્યાં સંવત ૧૭૯૦ માં થયો અને ગુરુ રવિ સાહેબના સાનિધ્યમાં રાપર (કચ્છ) માં દરિયા સ્થાનમાં સંવત ૧૮૫૭ માં સમાધિસ્થ થયા. આજે પણ એ સ્થાનનું મહત્ત્વ જળવાઈ રહ્યું છે. એટલું જ નહિ, તેમના પદો પણ લોકમુખે સચવાઈ રહ્યાં છે.







# ૩૨.સંત કવયિત્રી ગંગાસતી

ઈ.સ. ૧૮૪૭ (સત્તરમી સદીનો ઉત્તરાર્ધ)

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની જ્ઞાન, વૈરાગ્યને ભક્તિપ્રધાન કવિતાની પરંપરામાં બોધાત્મક અને ઉપદેશાત્મક વાણી સંભળાય છે. જેમાં પૌરાણિક પાત્રોના કથાપ્રસંગો, ચરિત્રો, લીલાને આલેખતાં કાવ્યો, આખ્યાનો, પદો, ભજનો, રાસ, ગરબી, ગરબા વગેરે જોવા મળે છે. એ રીતે મધ્યકાલીન, અર્વાચીન, આધુનિક અને અનુઆધુનિક ગુજરાતી કવિતામાંથી પણ આપણને આધ્યાત્મિક કવિતા જોવા મળે છે.

સંતઆરાધનાનું કેન્દ્રબિંદુ રહ્યું છે ભક્તિ. ભક્તિમાં ઈશ્વર પ્રત્યે સમર્પણની ભાવના રહેલી છે. સંતવાણીથી દેહભાન, માનવ તરીકેની મહત્તા, દેહનું અમૂલ્યપણું, આત્માની અલખજ્યોતિની જાળવણી અને સર્વ પ્રત્યે સમભાવની લાગણી જન્મે છે. સંતની વાણીમાં આધ્યાત્મિક દર્શન, વિરહ, વૈરાગ્ય, ઝંખના,ત્યાગ, સમર્પણ, વિરક્તિ, દાસત્વ, સંવેદના, ભક્તિ, માલિકભાવ, માલિકીભાવ, મિલનની ઉત્કટ સંવેદના વગેરે પ્રકટે છે. સંતવાણીથી માણસનો ગર્વ ગળી જાય છે.

ભક્તિના પથ પર ચાલવા માટે શીલ, સત્સંગ ને વૃત્તિવિરામ જોઈએ. મનની ચલાયમાન સ્થિતિ અને વૃત્તિઓ અપૂર્ણતા કદી તેમાં સંભવી ન શકે. ગંગાસતીએ એટલે જ કહ્યું છે

:

મેરુ તો ડગે જેનાં મન નો ડગે, પાનબાઈ,
મરને ભાંગી રે પડે ભરમાંડ રે,
વિપદ પડે વણસે નહીં,
ઈ તો હરિજનના પરમાણ રે.

સંત ગંગાસતીએ ચોટદાર અને વેધકવાણીમાં ભક્તિનો મર્મ સમજાવતાં માત્ર બાવન પદો રચીને ભક્તિ અને આધ્યાત્મક્ષેત્રે બહુ જ ઊંચા ગજાનું કામ કર્યું છે. તેમનાં ઉપદેશાત્મક ભજનોમાં મધ્યયુગીન રહસ્યવાદની સાથે વેદાંતની જ્ઞાનમાર્ગી ધારા અને મહાપંથના સિદ્ધાંતોને વણી લેવામાં આવેલ છે.

તત્ત્વ અને અસ્તિત્વને પામી જનાર ગંગાસતી મધ્યકાળના નહીં, પણ અર્વાચીનકાળનાં કવયિત્રી છે. ૧૮૯૪માં તેમણે દેહ છોડ્યો તેને એકસો સોળ વર્ષનો જ સમય પસાર થયો છે. 'વીજળીને ઝબકારે મોતીડાં પરોવો પાનબાઈ' નો ગંગાસતીએ વહાવેલો ભજનપ્રવાહ આપણા સંત સાહિત્યની મોંઘી મિરાત છે.

સંત એટલે કોણ ?

સંન્યાસ એટલે શું ?

આ પ્રશ્નો વારંવાર ઉદ્ભવે છે. એનો જવાબ આપણને ભાગવતમાંથી મળે છે. સંત એટલે :

**निरपेक्ष मुनि शान्त निर्वेर समदर्शनम् ।**
**अनुव्रज्राम्यहं नित्यं पूयेयेत्यड धिरेणुभिः ।।**

(૧૧:૧૪:૧૬)







અર્થાત્ : 'જેને કોઈ વસ્તુની અપેક્ષા નથી જે જગતના ચિંતનથી સર્વદા ઉદાસીન થઈ મારા જ ચિંતન મનનમાં તલ્લીન રહે છે. જેનામાં વેરભાવનો અભાવ થયેલ છે. કોઈપણ સાથે રાગ- દ્વેષ ન રાખી જે સર્વ પ્રત્યે સમાન દૃષ્ટિ રાખે છે. તે મહાત્માની પાછળ પાછળ હું (પૂર્ણપુરુષોત્તમ) એમ વિચારીને નિરંતર ફરતો રહું છું કે તેનાં ચરણોની ધૂળ ઊડીને મારા પર પડે અને હું પવિત્ર થઈ જાઉં.'

માત્ર ભગવાં પહેરવાથી સંન્યાસી થવાતું નથી. ભગવાં-વસ્ત્ર, તિલક, માળા, દંડક, અક્ષયપાત્ર, તંબુરો, મંજીરા, ખંજરી એ તો માત્ર પ્રતીક છે. મનને સાધુ જીવનમાં દૃઢ કરવાનાં માત્ર સાધન છે. શરીરે રાખ ઘસવાથી, જટા વધારવાથી, દાઢી વધારવાથી સાધુત્વ પ્રાપ્ત થતું નથી. ભીતરથી જેનું મન અને હૃદય શુદ્ધ છે તે સાધુ છે. સંસારમાં રહેવા છતાં જેને સાધુત્વનો ખરેખરો રંગ લાગ્યો છે. એવા વિશિષ્ટ ગુણો ધરાવતાં સંત ગંગાસતીની વાણીમાં અધ્યાત્મતત્ત્વ અન્ય સંતકવિઓ કરતાં જુદું જ તરી આવે છે. તેમની અનુભવવાણીની સરિતા આ રીતે વહી છે :

વીજળીને ઝબકારે મોતીડાં પરોવો પાનબાઈ !
નહીંતર અચાનક અંધારાં થાશે જી,
નિરમળ થઈને આવો મેદાનમાં,
જાણી લિયો જીવનની જાત...

એ રીતે સગુણ (નવધા) અને નિર્ગુણ (અષ્ટાંગયોગ) ભક્તિમાં સતત લીન રહેનાર ગંગાસતીએ પરબ્રહ્મ પરમાત્માની ઉપાસના કરી જીવન સફળ બનાવ્યું છે. ગંગાસતીએ તેમનાં સમગ્ર પદો પોતાનાં શિષ્યા પાનબાઈને સંબોધીને કહ્યાં છે. તો પાનબાઈએ પણ ગંગાસતીની ધાટીમાં જ ભજનો રચ્યાં છે.

જ્યાં રે જોવે ત્યાં હરિ ભાળ્યા,<br>
રસ તો પીધા અગમ અપાર,<br>
એક નવધા ભક્તિને સાધતાં,<br>
મળી ગયો તુરિયામાં તાર.

ભાવનગર જિલ્લાના પાલિતાણાથી જેસર જતા માર્ગ પર બરવાળી નદીને કાંઠે રાજપરા નામનું ગામ છે. પાલિતાણાથી પાંત્રીસ અને જેસરથી પાંચ કિલોમીટરના અંતરે આવેલા રાજપરા ગામમાં ભાઈજીભાઈ સરવૈયા નામના ગૃહસ્થને ત્યાં પ્રથમ ખોળે જ ગંગાબા (૧૮૪૩)નામે લક્ષ્મી પધાર્યાં. ત્યારબાદ તેમને ત્યાં ચાર પુત્રો થયા. પુત્રીને પગલે વંશવેલો વધવાથી ભાઈજીભાઈ તો તેમને (ગંગાબાને) પોતાનું હીર સમજતા હતા. એટલે લાડમાં તેમને હીરાબા કહીને બોલાવતા હતા. આ ગંગાબા સમય જતાં ગંગાસતીને નામે જાણીતા થયાં.

રાજપરા ગામના જ પઢિયાર કુટુંબના હમીરભાઈ પઢિયારને ત્યાં પાનબાઈ નામે પુત્રીનો જન્મ થયો. ગંગાસતી અને પાનબાઈ સમવયસ્ક હતાં અને બંને વચ્ચે બહેનપણાં પણ હતાં. બંનેમાં ધાર્મિકવૃત્તિ પ્રબળ હતી.







દીકરી ઉંમરલાયક થતાં ભાઈજીભાઈ સરવૈયા ગંગાસતીને અનુકૂળ એવા અને ભક્તિભાવમાં શૂરાપૂરા એવા યુવાનની શોધ કરવા લાગ્યા. ભાવનગર જિલ્લાના ધોળાથી નવ કિલોમીટરના અંતરે આવેલ સમઢિયાળા ગામમાં કલાજી ગોહિલ અને વખતુબા નામના ધર્મપરાયણ દંપતીને ત્યાં કહળસંગ તથા જેભાઈ નામના બે પુત્રો હતા. તેમાં કહળસંગ ભક્તિભાવમાં તલ્લીન હતા. લોકો પણ આ યુવાનને કહળસંગ ભગતના નામથી ઓળખતા હતા. કહળસંગ ભગતને એકસાંજે સીમમાં કોઈ અવધૂતનો ભેટો થઈ ગયો. સાત્વિક અને ધર્મપરાયણ વૃત્તિના આ સંતે કહળસંગને સાધના માર્ગે પળોટ્યા અને તેમાંથી સંત કહળસંગ ભગત થયા. આવા ભક્તિપરાયણ યુવાન ઉપર ભાઈજીભાઈનું મન ઠર્યું.

ક્ષત્રિય સમાજમાં પુત્રીને સાસરે વળાવે ત્યારે સાસરીમાં દીકરીને એકલતા ન સાલે તેમ જ ઘરકામમાં મદદરૂપ થવા સાથે ખાસ અણવર મોકલવાનો રિવાજ છે. ગંગાબાની બાળપણની સખી પાનબાઈ ગંગાસતી સાથે વેલડામાં બેસી સમઢિયાળા આવ્યાં. પાનબાઈ અપરણિત હતાં. ગંગાબાના ભક્તિના રસમાં પાનબાઈ પણ ઓળઘોળ થઈ ગયા અને જીવનભર અવિવાહિત જ રહ્યાં. મીરાબાઈની જેમ તેમણે સંબંધ બાંધ્યો નિરાકાર સ્વરૂપ ઈશ્વર સાથે. અને કહળસંગ ભગતને અને ગંગાસતીને પોતાના ગુરુ માન્યાં.

લગ્નપછી કહળસંગ ભગત અને ગંગાબાને ત્યાં રાજબા અને હરિબા નામે બે દિકરીઓનો જન્મ થયો. ઘર, સંસાર અને ભક્તિમાં તરબોળ આ દંપતી ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકા પ્રાપ્ત કરતું જતું હતું. પોતાને થયેલા અનુભવોની વાત કોઈનેય કહેતાં નહોતાં. ઘણાં ઘણાં ઈશ્વરી પરચાઓની તેઓને અનુભૂતિ થતી હતી. કયારેક ગંગાસતી તેને પોતાના ભક્તિપદ દ્વારા વ્યકત કરતાં હતાં :

વચન વિવેકી જે નરનારી પાનબાઈ,
તેને બ્રહ્માદિક લાગે પાય,
વસ્તુ વચનમાં છે પરિપૂરણ,
વચન છે ભક્તિનું જો ને અંગ.

એક દિવસ સમઢિયાળાના કેટલાક ઈર્ષાળું લોકોએ કહળસંગ ભગતને પરચો આપવાની મશ્કરી કરી. કહળસંગ તો પાર ઊતરી ગયા, પણ તેમના મનમાં એમ થયું કે લોકો સમય જતાં પોતાને ચમત્કારિક આત્મા માનશે. તે પહેલાં જ દેહત્યાગ કરવો. એવો સંકલ્પ લેવાઈ ગયો.

વ્યક્તિપૂજામાં તો ગંગાસતી, પાનબાઈ અને કહળસંગ માનતાં ન હતાં. એટલે વ્યક્તિપૂજા શરૂ થાય તે અગાઉ જ જીવતાં સમાધિ લઈ લેવી એવો સંકલ્પ કહળસંગે કર્યો. ગંગાબાઈ પણ પતિનો સાથ નિભાવવા તૈયાર થઈ ગયાં. પરંતુ કહળસંગે પાનબાઈ







ભક્તિમાર્ગે બરાબર તન્મય થઈ જાય ત્યાં સુધી ગંગાબાઈને રોકાઈ જવા વિનંતી કરી. ઈ.સ. ૧૮૯૪ની ૨૧મી જાન્યુઆરીના દિવસે સમઢિયાળામાં પોતાની જ વાડીમાં કહળસંગ ભગતનો આત્મા પરમાત્મામાં વિલીન થઈ ગયો. ઈ.સ. ૧૮૪૩ થી ૧૮૯૪ સુધી ૫૧ વર્ષનું આયુષ્ય જીવી કહળસંગ ભગત વિદાય થયા.

આજે તો વ્યકિતપૂજામાં માનનાર સંતો, ભક્તો, સામાન્ય માણસો અન રાજકારણીઓ પણ છે, તે સમયે પણ હતા, પણ કહળસંગ ભગતે વ્યકિતપૂજાથી દૂર રહેવા, પોતાને કોઈ ઈશ્વરનો અંશ માની ન બેસે તે માટે જીવતાં જ સમાધિ લીધી ! આ કલ્પના જ હચમચાવી મૂકે એવી છે.

શિષ્યાને પૂર્ણતાને આરે પહોંચાડવા પતિ પત્નીને વિનંતી કરે અને પત્ની તેને શિરોમાન્ય કરે તેવા બનાવ જવલ્લે જ બને. જે ગોહિલવાડના ક્ષત્રિય સમાજમાં આ અગાઉ અને તત્પશ્ચાત ક્યારેય બનેલો સાંભળ્યો નથી. એ તો સૌરાષ્ટ્રની સંતપરાયણ ભૂમિનો જ પ્રભાવ અને સંસ્કાર હતો એમ કહીએ તો પણ ખોટું નથી.

પરિવારની ભક્તિપરંપરાને ટકાવી રાખવા ગંગાસતી રોકાઈ ગયાં અનેકહ્યું :

સતગુરુ મેરે ગારુડી, કીધી મુજ પર મેર,
મારો દીનો મરમરો, ઉત્તર ગયા સબ ઝેર,

કહળસંગે સમાધિ લીધા પછી યોગ, જ્ઞાન અન ભક્તિનાં ગૂઢ રહસ્યો સમજાવતાં, સનાતન ધર્મનો સંદેશો આપતાં બાવન

ભજનો રચીને બાવન દિવસસુધી પાનબાઈને ઉપદેશ આપતાં પદો સંભળાવ્યાં. પાનબાઈ પણ ગુરુજ્ઞાન પામીને આનંદિત થઈ ગયાં અને કહેવા લાગ્યા : 'એક નવધાભક્તિને સાધતાં, મળી ગયો તૂરિયામાં તાર.' અને ગંગાસતીએ પણ સાચની પડખે રહીને જીવનસંગ્રામમાં ઝૂઝવાતી વાત કરી :

ભાઈ રે,
સાંગોપાંગ એકરસ સરખો પાનબાઈ,
બદલાય ન બીજો રંગ,
સાચની સંગે કાયમ રમવું પાનબાઈ,
કરવી ભક્તિ અભંગ.

બાવન દિવસ સુધી ગંગાસતીએ જ્ઞાન અને ભક્તિના ગૂઢ રહસ્યને ઉકેતાં પદો પાનબાઈને સંભળાવીને ઈ.સ. ૧૮૯૪ ની ૧૫ મી માર્ચે પોતાનું કર્તવ્ય પૂરું થયેલું માની દેહ છોડ્યો અને આત્મારૂપી તાર ઈશ્વર સાથે એકાકાર થઈ ગયો. પહેલાં સખી અને પછી ગુરુ બનેલાં ગંગાસતીની વિદાય પાનબાઈ માટે પણ અસહ્ય બની અને ગંગાસતીનું આ પદ યાદ કરતાં કરતાં–

ગુરુને ક્રોધ થયો એવું, જયાં લગી જાણે ને,
ત્યાં લગી શુદ્ધ અધિકારી ના કહેવાય,
સતગુરુ ચરણમાં શીશ નમાવી,
ત્યારે પૂરણ નિજારી કહેવાય.







બરાબર ચોથે દિવસે, ૧૯મી માર્ચ ૧૮૯૪ ના દિવસે પાનબાઈએ પણ પદ્માસનમાં બેસી દેહનો ત્યાગ કર્યો.

ધોળા પાસેના સમઢિયાળા ગામે, કાળુભાર નદીના દક્ષિણ કિનારે સંત ત્રિપુટીની જગા આવેલી છે. આ જગામાં કહળસંગ ભગત તથા ગંગાસતીની સમાધિ ઉપરાંત રામ, શુકર, અને હનુમાનજીનાં મંદિરોછે. પાનબાઈના ફુલ (અસ્થિ) ઉપર સમાધિ નથીપણ જગ્યાના નામમાં તેમનો સમાવેશ કરવાાં આવ્યો છે.

એકસોને સોળ વરસ વીત્યા છતાં સમઢિયાળાની પ્રતાપી ભૂમિમાંથી આજે પણ ગંગાસતીનો નાદ સંભળાય છે :

દળીદળીને ઢાંકણીમાં ઉઘરાવવું ને,
એવું કરવું નહીં કામ રે,
આપણી વસ્તુ ન જાય અવસ્થાને,
એ જવાનું લેવું નહી નામ.

□

# ૩૩. ભગિની નિવેદિતા

(૧૮૬૭-૧૯૦૫)

સ્વામી વિવેકાનંદ સપ્ટેમ્બર ૧૮૯૪માં ઈંગ્લેન્ડ પધાર્યા હતા. પછી ઈસાબેલ મારજેસનના પશ્ચિમ વિભાગ સ્થિત એક ભવનમાં સ્વામીજીની ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામીજીને સાંભળવા માટે એક અઢાર વર્ષની યુવાનીમાં પગ મૂકતી યુવતી પણ ત્યાં આવી હતી. તે સ્વામીજીના પ્રથમ દર્શનથી અત્યધિક પ્રભાવિત થઈ. તેણીને આવા ચિંતનશીલ વ્યક્તિને મળવાનો આવો અવસર પહેલાં પ્રાપ્ત થયો ન હતો. સ્વામી વિવેકાનંદના આધ્યાત્મિક અને ચિંતનશીલ વ્યાખ્યાનો સાંભળીને તે ઘણી જ પ્રભાવિત થઈ અને સ્વામીજીના ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન જ્યાં જ્યાં સ્વામીજીનું વ્યાખ્યાન ગોઠવાતું ત્યાં ત્યાં તે અચૂક હાજર રહેતી અને એ વક્તવ્યોમાંથી પોતાના પ્રશ્નોનું સમાધાન પણ મેળવતી હતી. અધ્યાત્મની આ ચર્ચાઓથી અજ્ઞાન - અંધકાર દૂર થવા લાગ્યા તથા જ્ઞાનના ઉજજવળ કિરણો હૃદય તથા મગજને સ્પર્શ કરવા લાગ્યા. પછી તો તે અનુભવ કરવા લાગી કે, જો સ્વામીજી લંડન ન આવ્યા હોત તો તેનું જીવન નિરર્થક વ્યતીત થઈ જાત. તેમણે વિચાર પ્રક્રિયા તથા કર્મ ક્ષેત્રમાં કંઈ કરવા માટેની દિશા પ્રદાન કરી. બે મહિના પછી સ્વામીજી અમેરિકા ગયા; પરંતુ તેણીના મનમાં અધ્યાત્મ વિષયક પૃષ્ઠભૂમિ સુદૃઢ રીતે નિર્માણ થઈ ચૂકી હતી.







આ યુવતી તે બીજી કોઈ નહિ, પણ દુઃખી માનવોને સુખ પ્રદાન કરનાર માર્ગરેટ નોબુલ. નોબુલનો જન્મ ૨૮મી ઓક્ટોબર ૧૮૬૭માં એક આયરીશ કુટુંબમાં થયો હતો. પિતાનું નામ : સેમ્યુઅલ ચિરમંડ તથા માતાનું નામ : મેરી હેમીલ્ટન હતું. નોબુલને જન્મથી જ ધાર્મિક વાતાવરણ પ્રાપ્ત થયું હતું. તેના પિતા એક ઈસાઈ ધર્મના પ્રચારક હતા. તેના સંદર્ભમાં ઘરે અનેક પાદરીઓની અવરજવર રહેતી હતી. ભારતમાં ધર્મપ્રચાર- મિશનરી કામ - માટે મોકલેલા એક પાદરી નોબુલના માથે સ્નેહસભર હાથ મૂકી કહ્યું : ''ભારતને કોઈક દિવસ આ બાળકીની જરૂર પડશે. ભારતના આધ્યાત્મિક વિકાસમાં આનો ફાળો મહત્ત્વનો રહેશે. બીજું જે ભારતની આઝાદીમાં પણ તેનું મહત્ત્વનું કાર્ય રહેશે.'' અને પાદરીની ભવિષ્યવાણી અક્ષરશઃ સાચી પડી.

પિતા રિચમંડનું અવસાન ભરયુવાન અવસ્થામાં માત્ર ૨૪ વર્ષના આયુષ્યકાળે થયું. ત્યારે નોબુલ તો સાવ નાની બાળકી હતી. પણ તેના દ્વારા કહેવાયેલા શબ્દો તેના જીવનનું ભવિષ્ય કથન હતું : ''નોબુલના જીવનમાં એક જબરદસ્ત વળાંક આવશે, ભગવાન તરફથી તેના માટે નિમંત્રણ આવે તો તેને રોકતા નહિ. તેણી દ્વારા માનવતાની સેવા માટે મહાન કાર્ય સંપન્ન થશે.''

ઈ.સ. ૧૮૮૬માં તેમણે અંજામ નામના સ્થાન પર ૧૯ વર્ષના આયુષ્યકાળે અધ્યયનનું કાર્ય આરંભ્યું હતું. તેમણે ઈ.સ.

૧૮૯૨માં 'રસ્કિન સ્કૂલ'ની સ્થાપના કરીને બાળકોને નૈતિકતા તરફ લઈ જવા માટે ભરપૂર પ્રયત્નો કર્યા હતા. ૧૮ વર્ષનું આયુષ્યકાળે તો દરેકના જીવનનો મહત્ત્વનો વળાંક હોય છે. ભવિષ્યના જીવનને કઈ રીતે ગોઠવવું તેવા સુવર્ણમય સ્વપ્ન જોવાનું હોય છે. આવા સમયે નોબુલનું મન અશાંત રહેવા લાગ્યું. તેઘણી વખત ગિરજાઘર - દેવળ-માં તો ઘણીવાર એકાંત સ્થાને ચિંતન - મનનમાં ખોવાયેલ રહેતી. ૧૮ વર્ષના અલ્પ આયુષ્યમાં ખ્રિસ્તી ધર્મ પ્રત્યે તેણીના મનમાં અનેક શંકાઓ ઊઠવા લાગી હતી. એનું સમાધાન તેમણે સ્વામી વિવેકાનંદના ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન તેમના વક્તવ્યો સાંભળીને મેળવ્યું હતું.

આ નોબુલ તેબીજું કોઈ જ નહિ, પણ ભગિની નિવેદિતા. તેમણે ભારતના દીન-દુઃખી માનવોના ઉદ્ધા માટે સેવાકાર્યમાં તન,મન, ધન વડે સેવા કાર્ય કર્યું. ૧૫મી એપ્રિલ ૧૮૯૬માં સ્વામી વિવેકાનંદ ફરીથી ઈંગ્લેન્ડ પધાર્યા ત્યારે તેમણે 'રસ્કિન સ્કૂલ'ની મુલાકાત લીધી હતી. ત્યાંના બાળકોને જોઈને તેમને ભારતીય નિર્ધન અને અશિક્ષિત કુટુંબોના બાળકોની યાદ આવવાથી સ્વામીજીની આંખમાંથી અશ્રુબિંદુઓ ટપકી પડ્યાં. આ જોઈ નોબુલે - ભગિની નિવેદીતા - મનોમન નક્કી કર્યું કે, અહીંનાં બાળકો કરતાં ભારતનાં બાળકો વધુ નિર્ધન છે. તો તેમની સેવા કરી તેમનામાં સમજ કેળવાય અને પોતાનો જીવન રાહ પોતે શોધી







શકે. તેમણે ભારત આવવા માટે વારંવાર સ્વામી વિવેકાનંદને વિનંતી કરી. પણ તેઓ ભારત યાત્રાને ટાળતા રહ્યા. તેઓ ઈચ્છતા ન હોતા કે ભાવુકતામાં આવીને ઉપાડેલું કદમ આગળ વધી શકતું નથી અને હાસ્યાસ્પદ બને છે. તેઓ ઈચ્છતા હતા કે નોબુલના વિચારોમાં પરિપક્વતા આવે, અંતરમાં દુઃખી માનવો માટે દુઃખ ઉત્પન્ન થાય. સ્વામી વિવેકાનંદ ૧૬મી સપ્ટેમ્બર ૧૮૯૬માં ભારત પરત આવ્યા, પરંતુ તેમણે નોબુલને ભારત આવવા માટે સ્વીકૃતિ ત્યારે આપી કે જ્યારે તેના દૃષ્ટિકોણમાં સમુચિત પરિવર્તન થયું. સ્વામીજીએ પત્રમાં લખ્યું કે, 'ભારતમાં કાર્યની દૃષ્ટિએ તમારું ભવિષ્ય ઉજ્જ્વળ છે. અહીંયાં માણસની નહિ, પરંતુ નારીની જરૂર છે. જે સિંહની માફક, અહીંયા વ્યાપેલી ગુલામી, નિર્ધનતા, અને અંધવિશ્વાસ જેવી મુશ્કેલીઓને દૂર કરી શકે. અહીં તમારે એવા અર્ધનગ્ન સ્ત્રી-પુરુષોની વચ્ચે રહેવું પડશે. જેમની જાતિવાદના સંબંધમાં વિચિત્ર ધારણાઓ છે. અહીંનું વાતાવરણ ગરમ છે. આવી પરિસ્થિતિમાં પણ તમારામાં કામ કરવાનું સાહસ હોય તો ભારત આવો.'

નોબુલ તો આ ક્ષણની જ પ્રતીક્ષા કરી રહી હતી. તેણીએ પોતાની માતા,ભાઈ, બ્હેન, મિત્ર તથા પરિચિત વ્યક્તિઓથી કરુણ વાતાવરણમાં ઈંગ્લેન્ડ છોડ્યું. તે મોમ્બાસાથી વહાણમાં બેસી ભારત આવી. ૨૮મી જાન્યુઆરી ૧૮૯૮નો તે પવિત્ર દિવસ

નોબુલના જીવનનો મહત્ત્વપૂર્ણ દિવસ હતો. સ્વામી વિવકાનંદે સ્વયં પુષ્પહારથી તેણીનું સ્વાગત કર્યું. આવતાંની સાથે જ નોબુલે અધ્યાત્મક્ષેત્રમાં પદાર્પણ કર્યું અને બંગલા ભાષા શીખી લીધી. જો વ્યક્તિમાં શ્રદ્ધા હોય, કામ પ્રત્યે નિષ્ઠાહોય અને તમન્ના, ઉન્માદ હોય તો એક તો શું પણ વીસ જેટલી ભાષાઓ જાણીને વિદ્વાન બની શકે છે.

૧૭મી માર્ચ ૧૮૯૮માં જ્યારે તે મા શારદાને મળ્યા ત્યારે તેમણે પોતાના બાહુમાં જકડી લઈને કહ્યું : ''બેટી, તને મેળવીને મને ઘણી જ પ્રસન્નતા થઈ છે.'' એક સપ્તાહ પછી નીલામ્બર મુખર્જીની વાટિકામાં સ્વામી વિવેકાનંદે નોબુલને બ્રહ્મચારિણી વ્રતની દીક્ષા આપી અને નામ રાખ્યું 'નિવેદીતા'.

કલકત્તામાં પ્લેગનો પ્રકોપ થયો ત્યારે માણસો પોતાનો જીવ બચાવીને શહેર છોડીને ભાગી રહ્યા હતા. મહેતર મળતા ન હતા. તેવા સમયની વિકટ પરિસ્થિતિમાં પોતાના પ્રાણની પરવા કર્યા વગર તેણીએ પોતાના હાથમાં પાવડો લીધો અને બાગ-બજારની ગંદકી ભરેલી ગટરોની સફાઈ કરવા લાગી. તેના આ કાર્યથી કેટલાયે યુવકો શરમાઈ ગયા અને રાહતકાર્યમાં પોતાની સેવાઓ આપવા લાગ્યા.

તેઓ માનતાં હતાં : 'જે જગ્યાની માતૃશક્તિ અપમાનિત થતી હોય તે દેશના ઉત્થાનની કોઈ આશા રાખી શકાય નહિ.' આ







ઉદ્દેશથી સ્વામીજી સાથેના પરામર્શને કારણે નિવેદીતાએ ૧૩ નવેમ્બર ૧૮૯૮ ના રોજ કલકત્તામાં 'મહિલા વિદ્યાલય' ની સ્થાપના કરી. પરંતુ વિદેશી મહિલાના સંપર્કમાં કોઈ પોતાની પુત્રીને મોકલવા માટે તૈયાર ન હતું. દરેક શુભ કાર્યનું પ્રથમ ચરણ ઉપહાસ અને વિરોધથી જ આરંભાય છે. અહીં પણ એ જ સ્થિતિ બની, પરંતુ નિવેદીતાના સરળ સ્વભાવ, સારી ભાવના તથા સ્નેહમય વ્યવહારથી પ્રભાવિત થઈ જગદીશચંદ્ર બસુ, રવિન્દ્રનાથ ટાગોર તથા કેશવચંદ્ર સેન જેવા અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ પોતાની પુત્રીઓને મોકલવાનું શરૂ કર્યું.

પ્રમુખ સંસ્થાઓના નિમંત્રણ તથા ધનરાશિ એકત્રિત કરવાના ઉદ્દેશથી તે ત્રણ વર્ષ માટે લંડન, શિકાગો, ન્યૂયોર્ક તથા પેરિસની યાત્રા માટે નીકળ્યાં. જાન્યુઆરી ૧૯૦૨માં જ્યારે તે ભારત આવ્યા તો મહિલા શિક્ષણનું અધૂરું રહેલ કાર્ય ફરીથી રસપૂર્વક અને પૂરી નિષ્ઠાથી કરવા લાગ્યા. ઈ.સ. ૧૯૦૨માં લોર્ડ કર્ઝન દ્વારા બંધાયેલી વિશ્વવિદ્યાલય આયોગની તેણીએ કટું આલોચના કરી.

તેઓ યુવાપેઢીને ત્યાગ, બલિદાન અને સેવાના પાઠ ભણાવવા માંગતા હતા. તેના માટે તેમણે વિવેકાનંદ સમિતિ, ક્રાંતિકારી સમિતિ, અનુશીલન સમિતિ તથા ડૉન સમિતીનો આશ્રય લીધો. સ્વામી વિવેકાનંદે આ સંસારમાંથી વિદાય લીધી ત્યાર પછી

ફરી ફરીને ભારતીય અધ્યાત્મનો સંદેશ જન-જન સુધી પહોંચાડવા લાગ્યાં. તેમણે 'યુગાન્તર' અને 'વન્દે માતરમ' ની લોકપ્રિયતા વધારવામાં પુરેપુરો સહયોગ આપ્યો.

જો કે ૧૩ મી માર્ચ ૧૯૦૫ (૩૮ વર્ષની વયે) થી તેમનું સ્વાસ્થય બરાબર રહેતું ન હતું. પણ એની ચિંતા કર્યા વગર બંગભંગના વિરોધમાં જ્યારે પહેલી સભાનું આયોજન થયું ત્યારે નિવેદીતાએ સિંહણની જેમ ગર્જના કરી. ખેડૂતો તથા મજૂરોની આર્થિક સ્થિતિ સુધારવા માટે તેમણે કેટલીયે સહકારી સમિતીઓની સ્થાપના કરી. તે ઈચ્છતાં હતાં. દેશના બધા ગરમ તથા નરમ દળોના નેતા એક થઈને માતૃભૂમિનાં બંધનો તોડી નાખવાનો પ્રયાસ કરે. આંતરીક વિખવાદનો લાભ અંગ્રેજોને ન મળે એટલા માટે તેમણે કોંગ્રેસના વારાણસી અધિવેશનમાં આ અંતરને પૂરવા માટે પૂરેપૂરી કોશિશ કરી.

ભગીની નિવેદીતાનું શરીર ક્ષમતાથી પણ વધારે કાર્ય કરવાને લીધે દુર્બળ થઈ રહ્યું હતું. કમળાના દર્દે તેમને વધારે કમજોર બનાવી દીધાં. છતાં પણ રોગ - પથારી પર સૂતાં સૂતાં તેમણે 'ધી માસ્ટર  એજ આઈ સૉન હિમ.' તથા 'ક્રેડલ ઓફ હિન્દુઈઝમ' ગ્રંથોની રચના કરી. તેનાથી પણ વધુ બીજી 'ફુટ ફાલ્સ ઓફ ઈન્ડીયન હિસ્ટ્રી' 'સ્ટડીઝ ફ્રોમ ઈન ડીસ્ટ્રન હાઉસ' તથા 'રામકૃષ્ણ વચનામૃત' તેમની પ્રમુખ રચનાઓ છે.

ભગિની નિવેદીતા ભારતની સ્વતંત્રતા માટે જન - જાગરણની સાથે અસ્ત્ર-શસ્ત્રોની શક્તિનેપણ જરૂરી માનતાં હતી.







તેમણે પરિધિને ઘણી જ વિસ્તૃત કરી લીધી હતી. પ્રફુલ્લચંદ્ર રાયની પ્રયોગશાળામાં ઉલ્લાસકરદત્તને તેમણે જ બોમ્બ બનાવવાનું શીખવ્યું  હતું. હેમચંદ્રને ફ્રાન્સ અને ઈટાલી મોકલવા પાછળનો ઉદ્દેશ આ જ છુપાયેલો હતો.

તેમનામાં અદભૂત શક્તિ હતી. તે ભારતમાં રહીને અહીંની ઉન્નતિ માટે સર્વસ્વ ન્યોછાવર કરવાનું ઈચ્છતાં હતાં. તેમનો જન્મ ભલે વિદેશમાં થયો હોય પરંતુ ભારતના કણ-કણ સાથે અનુપમ પ્રેમ હતો. તે કોઈના દુઃખને જોઈને બેચેન થઈ જતાં. અને કોઈપણ રીતે તેને દૂર કરવા પ્રયત્નો કરતાં હતાં. સ્વામી સદાનંદજીને અસ્વસ્થ જોયા તો તે હિમાલય તરફ ચાલી નીકળ્યાં. હવે સ્વયંનું શરીર પણ સાથ આપતું ન હતું. ફક્ત હાડકાં જ રહી ગયા હતાં. પરિશ્રમ કરવામાં કંઈ બાકી રાખ્યું ન હતું. તે જલવાયુ પરિવર્તન માટે દાર્જીલીંગ ગયાં હતાં. તેમની હાલત રસ્તામાં જ બગડી ગઈ. લોહી - પરુના  ઝાડા થવા લાગ્યા. ડૉ. નીલરત્ન સરકાર તથા વિપીન બિહારી સરકારે તેમની ચિકિત્સામાં કોઈ જ પ્રકારની ખામી રાખી ન હતી. છતાં પણ તેમને બચાવી ન શક્યા. અંતિમ ક્ષણોમાં તેમની આંગળીઓ રુદ્રાક્ષની માળા પર હતી.

ભગિની નિવેદીતા ભગવદપ્રાપ્તિની પ્યાસમાં જ જીવનની પૂર્ણ સાર્થકતા માનતાં હતાં. તે આજીવન સંસારને ભગવદમય માનીને પૂજા-અર્ચન કરતાં રહ્યાં. તેમણે દુઃખી પિડીત લોકોની સેવા કરવામાં ઘણો જ પરિશ્રમ કર્યો કે, એક સંપન્ન ઘરની સુકુમાર મહિલા પાસેથી આશા રાખી શકાય નહિ, એમણે તો પરોપકારના કાર્યનો શ્રેયસ્કરમાર્ગ બતાવી દીધો છે.

□

# ૩૪. નિકોરાના સંતશ્રી મધુસૂદનદાસજી અને શ્રી આનંદી મા

(૧૮૭૮-૧૯૯૪)

બ્રહ્મલીન શ્રી મધુસૂદનદાસજીનો જન્મ બિહારના દુર્ગાહીડ નામના ગામમાં સંવત ૧૯૩૮ના પોષ સુદ પાંચમના (ઈ.સ.૧૮૭૮) ના રોજ થયો હતો. પિતાશ્રી રામદહીનજી મિશ્રા અને માતાશ્રી સંપત્તિદેવી દેવ - દેવીસ્વરૂપ હતાં.

શ્રી મધુસૂદનદાસજીનું બાળપણનું નામ કાશીનાથ હતું. નાનપણથી જ તેમને 'હું કોણ ?' નો પ્રશ્ન અને મૃત્યુનો ડર સતાવતો હતો. વડીલોની આજ્ઞાથી શાળામાં દાખલ તો થયા પણ અભ્યાસમાં જરા પણ રુચિ ન હતી. માત્ર સાત વર્ષની વયે ગૃહત્યાગ કર્યો પરંતુ છ માસમાં સ્વજનોના હાથે ઝડપાઈ ગયા. ફરી એકવાર ૧૩ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો અને કાશી, મથુરા, અયોધ્યા, પ્રયાગ, ચિત્રકૂટ વગેરેની પરિક્રમા કરી ઘણા કષ્ટો વેઠ્યાં.

ચિત્રકૂટમાં એક અજ્ઞાત મહાત્મા દ્વારા તેમનું નામાધિકરણ થયું અને ત્યારથી 'શ્રી મધુસુદનદાસજી મહારાજ' તરીકે જાણીતા થયા. ત્યારબાદ તેઓ આબુ આવ્યા. આમ ત્રીસ વર્ષની અતૂટ, અખંડ, સંકટો - મુસીબતો સહિતની સાધના કરી.

સન્ ૧૯૨૧માં શ્રી પરમેશ્વરદાસજી મહારાજે આબુમાં એમને શક્તિપાત કર્યો. જેની જન્મોજન્મથી તૃષ્ણા હતી તે સદ્ગુરુ







કૃપાથી ક્ષણમાત્રમાં જ પ્રાપ્ત થઈ. આંતરીક અખંડ શાંતિ પ્રાપ્ત થઈ. ધૂળેટીના રોજ આબુ પર્વતની 'હાથી ગુફા'માં આત્મસાક્ષાત્કાર થયો.

ઈ.સ. ૧૯૪૭ થી શ્રી ધ્યાનીજી (મધુસૂદનદાસજી)એ લોકકલ્યાણયજ્ઞનો આરંભ કરી શક્તિપાત અને ધ્યાનની શરૂઆત કરી. ઈ.સ. ૧૯૬૧ની સમૂહધ્યાન અને સમૂહ શક્તિપાતની શરૂઆત કરી. તેઓ ઘણો સમય બંધવડ (રાધનપુર પાસે) રહ્યા. ૧૯૭૨માં શ્રી ધ્યાનીજી (મધુસૂદનદાસજી) એ મૃત્યુનો સાક્ષાત્કાર કર્યો. એ સમયે એમનાં શિષ્યા પૂજ્ય આનંદીમાની આંખોમાંથી બે પ્રકાશના કિરણો નીકળી પોતાનામાં સમાયા અને પુનઃજીવન પ્રાપ્ત થયું.

પૂજ્ય ધ્યાનીજી મંત્રશાસ્ત્ર, વેદશાસ્ત્ર, હઠયોગ, સંગીત, વનસ્પતિશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, વગેરેના આંતરદૃષ્ટા હતા. એમના રોમરોમમાં તો રામ રમતા હતા. તેઓ જે ભજન ગાતાએ પણ ઘણું સૂચક છે :

હમ તો રમતે રામ હૈ,
દુનિયા પર વિશ્રામ હૈ,
હમ તો રમતે રામ.

શ્રી ધ્યાનયોગીજીએ ૧૧૬વર્ષની ઉંમરે ૨૯ ઓગષ્ટ ૧૯૯૪ ને જન્માષ્ટમીના રોજ મહાસમાધિ લીધી. તેમની શક્તિ

એમનાં આધ્યાત્મિક શિષ્યા શ્રી આનંદીમાં આજે પણ કાર્ય કરી રહ્યાં છે.

શ્રી આનંદીમાનાં બાળપણાનાં વર્ષો આધ્યાત્મિક સાધના અને શક્તિથી સમૃદ્ધ હતાં. ઈ.સ. ૧૯૭૨ માં ૧૪ વર્ષની ઉંમરે જ તેઓ ઊંડા ધ્યાનમાં ઊતરી ગયાં. એમણે 'લાખ જેટલા સૂર્યનો પ્રકાશ' જોયો અને સાક્ષાત દેવીમાને પોતાનામાં સમાવેશ થતાં નિહાળ્યાં. ત્યારબાદ આનંદીમાં અવિરતપણે ધ્યાન અવસ્થામાં રહેવા લાગ્યાં. તેમના પિતાજીએ શ્રી ધ્યાન યોગીજીને આધ્યાત્મિક સલાહ અને મદદ માટે વિનંતી કરી. શ્રી ધ્યાનયોગીજી આનંદીમાને ઊંડા ધ્યાનમાંથી બહાર લાવ્યા અને દેવીમા સાથેના સંબંધ વિશે પૃચ્છા કરી. 'તમે દેવીમાને છબી, મૂર્તિ કે જીવિત વ્યક્તિ સ્વરૂપે જોયાં હતાં ?' શ્રી આનંદીમાએ જવાબ આપ્યો, 'તમને અત્યારે જે સ્વરૂપે જોઉં છું તેવા સ્વરૂપે.' 'શ્રી ધ્યાનયોગીજી કહેતા કે શ્રી આનંદીમા તેમની નાની ઉંમરે ઘણાં આગળ પડતાં આધ્યાત્મિક વ્યક્તિ હતાં. આનંદીમાએ પોતાના માતાપિતાની સંમતિથી શક્તિપાત લીધાના થોડા સમયમાં જ શ્રી ધ્યાન યોગીજી સાથે રહેવા ઘર છોડ્યું. શ્રી ધ્યાનીજીએ જણાવ્યું : 'મારા ગુરુદેવે શક્તિની સાંકળ શ્રી આનંદીમાને સોંપવા કહ્યું છે.' શ્રી આનંદીમા ૧૯૭૬માં ધ્યાનયોગીજી સાથે અમેરિકા ગયાં અને સાથે જ ધર્મકાર્ય અને સત્કાર્યમાં રત રહ્યાં.







શ્રી ધ્યાનયોગીજી ૧૯૮૦ માં ભારત પધાર્યા ત્યારે શ્રી આનંદીમાં અને શ્રી દિલીપજીના લગ્ન કર્યા અને સાથે કાર્ય કરવા કહ્યું. તેમણે શ્રી દિલીપજીને પણ શક્તિપાત કરવાની ક્ષમતા બક્ષી. શ્રી આનંદીમા અને શ્રી દિલીપજી ભારતમાં તેમજ અમેરિકા અને યુરોપમાં ઘણાં પ્રવાસો કરી ધ્યાન અને યોગની શિબિરો યોજી રહ્યાં છે. તેઓ ધ્યાનીજીએ પ્રેરેલા માનવતાલક્ષી કાર્યો જેવા કે મફત તબીબી સારવાર, હોસ્પિટલ, મોતિયાનાં ઓપરેશનો, બાળકો તેમજ ગરીબોને ખોરાક અને અન્ય મદદ કરી રહ્યાં છે.

પવિત્ર નર્મદા નદી, યોગીપુરુષોના કહેવા મુજબ જન્મોના કર્મો દૂર કરી મનુષ્યને શુદ્ધ કરે છે. માન્યતા મુજબ ગંગા કનખલા પાસે, સરસ્વતી કુરુક્ષેત્ર પાસે પવિત્ર મનાય છે. જ્યારે નર્મદા દરેક સ્થળે પવિત્ર મનાય છે. શ્રી ધ્યાનીજીની પણ અંતિમ ઈચ્છા હતી કે પવિત્ર નર્મદામૈયાને કિનારે એવો આશ્રમ બને કે જ્યાં સાધકો આવી સઘનપણે સાધના કરી આધ્યાત્મિક પ્રગતિ કરી શકે. ગુરુજીની ઈચ્છાને પાર પાડવાનો શ્રી આનંદીમાનો સંકલ્પ એટલે રામની દિવ્ય શક્તિનો જ સંકલ્પ. પરિણામ સ્વરૂપે નિકોરા ગામ (શુકલતીર્થ પાસે - ભરૂચ)માં નર્મદા તટે ધ્યાન માટે સાનુકૂળ , શાંત, સુરમ્ય વાતાવરણ મળ્યું. જરૂરી જમીન મળી, ૧૮ રૂમોવાળું શરૂઆતમાં મકાન બન્યું. હવે ધ્યાનીસ્મૃતિ મંદિર, ધ્યાન હોલ, પંચકર્મ હોસ્પિટલ, ગૌશાળા, રસોડું અને જરૂરી રહેઠાણ વ્યવસ્થાની યોજના બની રહી છે.

□

# ૩૫. શ્રી શ્રી મા આનંદમયી

(ઈ.સ. ૧૮૯૬-૧૯૯૨)

જે કુટુંબમાં ધ્યાન, ભક્તિ, પૂજા-પાઠ અને ઈશ્વરસ્મરણ સતત થતું હોય અને ઘરનું વાતાવરણ ધાર્મિક અને આધ્યાત્મિક હોય, માતા- પિતા તરફથી જેને આધ્યાત્મિક વારસો મળ્યો હોય એ સંતાનોમાં જ્ઞાન અને ભક્તિભાવનો પ્રભાવ તેમના કોમળ મન પર પૂર્ણરૂપે પ્રત્યક્ષ થતો હોય છે. એ આધ્યાત્મિક વારસો પ્રાપ્ત થયા પછી એના મનમાં આધ્યાત્મિકતા એ આદર્શ બની જાય છે. એ આધ્યાત્મિક આદર્શથી મનમાં ઉત્સાહ વધે છે, આનંદ વધે છે, આનંદ એ પરબ્રહ્મનું અંતરંગ સ્વરૂપ છે. આનંદમાંથી જ અખિલ વિશ્વની ઉત્પત્તિ થઈ છે. ઉપનિષદના ઋષિઓએ આ તથ્યને: 'આનન્દો બ્રહ્મેતિ વ્યંજનાત । આનન્દૈઃ ઈમાનિ ભૂતાનિ જાયન્તે આનન્દૈઃ જાતાનિ જીવન્તિ ।।' વગેરે ઋચાઓ દ્વારા પ્રગટ કર્યું છે. આનંદના અનેક પ્રકારો આપણા પ્રાચીન ગ્રંથોમાં વર્ણવ્યા છે. જેમાં આત્માનંદ, ભાવાનંદ, નિજાનંદ, બ્રહ્માનંદ, રસાનંદને 'શ્રેષ્ઠ આનંદ'માની કહ્યું છે કે, 'ભાવેષું વિદ્યતે દેવઃ તસ્માદ ભાવો હિ કારણમ્ ।'

શ્રીમદ ભગવદગીતામાં ભગવાન શ્રીકૃષ્ણજીએ કહ્યું છે :





प्राप्य पुण्यकृतां लोकानुंषित्वा शाश्वती समाः ।
शुचीनां श्रीमतां गेहे योग भ्रष्टाङ भिजायते ।।
अथवा योगिनामेव कुले भक्ति धीयताम् ।
ऐतेद्धि दुर्लभतरं लोके जन्म यदीदशम् ।।

(શ્રીમદ ભગવદગીતા : ૨:૬:૪૧:૪૨)

અર્થાત્ :

'યોગ ભ્રષ્ટ માણસ પુણ્ય શાળી લોકને એટલે સ્વર્ગ વગેરે ઉત્તમ લોકને પામીને ત્યાં ઘણાં વર્ષો સુધી નિવાસ કર્યા પછી શુદ્ધ આવરણ શીલ ધનવાનોના ઘરે જન્મ લે છે. અથવા આ સિવાયના જે વૈરાગ્ય વાન યોગભ્રષ્ટ હોય છે. એવા માણસો એ લોકમાં ન જતાં જ્ઞાનવાન યોગીઓના કુળમાં જન્મે છે. પરંતુ આ પ્રકારનો જે જન્મ છે એ સંસારમાં ખરેખર દુર્લભ છે.'

આવા પવિત્ર કુળમાં ઈ.સ. ૧૮૯૬ની ૩૦મી એપ્રિલે મા આનંદમયીનો જન્મ માતા મોક્ષદાસુંદરીની કુખે (અવતાર ધારણ કર્યો.) થયો. તેમના પિતા બિપીનબિહારી એક ભલા, ભોળા અને ભાવુક પુરુષ હતા. મા આનંદમયીનું બાળપણમાં નામ નિર્મલાસુંદરી હતું. નિર્મલાસુંદરીના જન્મ પહેલાં પિતા બિપીનબિહારી સાધુ - સંતોની મંડળી સાથે ઘર છોડીને ચાલ્યા ગયા હતા. કુટુંબીજનો તેમના ગૃહત્યાગથી ચિંતાતુર થઈ ગયા હતા અને ચારે તરફ તેમને શોધવા નીકળી પડ્યા હતા. એક વર્ષ પછી તેમના વાવડ મળ્યા અને તેમને સમજાવીને ઘેર લાવવામાં આવ્યા હતા. સાધુ-સંતોના

સતત સહવાસથી તેમનું મન ભક્તિ અને વૈરાગ્યના રંગે રંગાઈ ચૂક્યું હતું. વારંવાર તેમના મુખેથી પ્રભુસ્મરણ અને પ્રભુની લીલાનું વર્ણન સંભળાતું હતું. તેઓ વાંરવાર કહેતા કેઃ

''ભગવાન કી લીલા નિરાલી
કહીં સૂખા, કહીં હરિયાલી,
ધ્યાન લગા કે જગ કો દેખો
પ્રભુ ચરનોં મેં જીવન ધર દો.''

નિર્મલાસુંદરી - મા આનંદમયીનાં માતા મોક્ષદાસુંદરી પણ ભક્તિ મતી સ્ત્રી હતી. નિર્મલાસુંદરીના જન્મ પહેલાં એક પુત્રી જન્મીને તરત જ અવસાન પામી હતી, તેથી તેમણે નિર્મલાને જન્મ પછી તુલસી ક્યારે ધરી દીધી. ભગવતી તુલસીમાતા પુત્રીનું રક્ષણ કરશે, એવી માતા મોક્ષદાને શ્રદ્ધા હતી. તુલસીમાતાના મહિમા વિશે તેમણે અનેક કથાઓ વાંચી હતી અનેસંતોના મુખેથી તુલસીક્યારા વિશે સાંભળ્યું હતું કે :

''ઘર કા તીરથ તુલીસ ક્યારા, શોભા ઉન કી ન્યારી હૈ,
તુલસી પત્તા પ્રભુ કો પ્યારા, પૂજા ઉન કો પ્યારી હૈ.''

સતત દોઢ વરસ સુધી રોજ સવારે માતા મોક્ષદાસુંદરીએ બાલિકા નિર્મલાસુંદરીને તુલસી ક્યારે મૂકીને તેની રક્ષા માટે







તુલસીમાતાને પ્રાર્થના કરી હતી, તેથી મોટી થઈ નિર્મલાસુંદરી તુલસી જેવી પવિત્ર અને પ્રભાવશાળી બની હતી. નિર્મલા સુંદરી નાનપણથી જ વાચાળ અને તીવ્ર બુદ્ધિશક્તિ ધરાવતાં હતાં. શુકદેવજી જેમ ગર્ભયોગી હતા. તેમ નિર્મલા પણ જન્મથી જ મહાસમર્થ યોગી હતાં.

પરિવારની પરિસ્થિતિ પ્રતિકૂળ હોવાથી નિર્મલા પહેલા ધોરણથી આગળ શાળાકીય શિક્ષણ મેળવી શક્યા નહિ.,બાર વર્ષની નાની વયે તેમનાં લગ્ન ચક્રવર્તી કુટુંબના રમણીમોહન સાથે કરી દેવામાં આવ્યાં. ચક્રવર્તી કુટુંબ ખૂબ જ આગળ પડતું, શ્રીમંત અને શિક્ષીત ગણાતું. રમણીમોહન પોલીસ ખાતામાં નોકરી કરતા હતા. તેમના મોટા ભાઈ રેવતીમોહન શ્રીપુરમાં મદદનીશ સ્ટેશન માસ્તર હતા. તેમના નાના બે ભાઈઓ પણ સરકારી કચેરીમાં નોકરી કરતા હતા. સંયુક્ત કુટુંબમાં નિર્મલાસુંદરીને વધારે જવાબદારી ઊઠાવવી પડતી હતી. તેમનાં જેઠાણી તો સતત બીમાર રહેતાં, એટલે ઘરનું બધું જ કામ નિર્મલાસુંદરીને કરવું પડતું.

મૂળે તો આ જીવ ગર્ભયોગિની હતો એટલે સ્હેજે સ્હેજે તેઓ ભાવવિભોર થઈ જતાં હતાં. શાળામાં ભણતાં ભણતાં અને ઘરનું કામકાજ કરતાં તેમને ભાવસમાધિ લાગી જતી હતી. સ્વપ્નમાં તેમને અનેક અલૌકિક દશ્યો જોવા મળતાં, પણ તેઓ પોતાનો અનુભવ કોઈની પાસે વ્યક્ત કરવામાં માનતાં ન હતાં. પૂર્વજન્મના

સંસ્કારો પારણામાંથી જ જાગ્રત થઈ ગયા હતા. માતા - પિતાની ભક્તિભાવનાનો પ્રભાવ પણ તેમના કોમળમન પર પૂરી રીતે પ્રત્યક્ષ થતો હતો. સંત - મહાત્માનો સતસંગ થતાં અને સંકીર્તનના સ્વરો સાંભળતાં તેઓ ધ્યાનમગ્ન થઈ જતાં. તેમને અંતરબ્રહ્મની પ્રતીતિ થતી હતી. સૂરદાસજીએ ભગવાન પાસે માત્ર એટલું જ માગ્યું : 'દૂસરોં ના રૂપ દેખોં દેખિ રાધા-શ્યામ' એ રીતે નિર્મલાસુંદરી પણ ભાવવિભોર થઈ જતાં અને તેમના આંતરચક્ષુ દ્વારા પ્રભુના દર્શન કરતાં. તેઓ જાણતાં હતાં કે પોતાના જીવની ભૌતિક અવસ્થા ભગવાનના સંપૂર્ણ અંકુશ હેઠળ છે. તેથી તેઓ કોઈપણ પ્રકારના કર્મબંધનથી ક્ષુબ્ધ થતાં ન હતાં.

કહેવાનું તાત્પર્ય એ કે પોતાના કર્મોની સાથે સાથે ભગવાનનાં કર્મ વિશે જે વિચાર કરે છે, તે ઈશ્વરના દિવ્યસ્વરૂપને પામી શકે છે. પરંતુ એ માટે આપણામાં ભગવાન પ્રત્યે અનન્ય શ્રદ્ધા અને આત્મ સાક્ષાત્કારની પ્રબળ ઈચ્છા હોવી જોઈએ. નિર્મલાસુંદરી-મા આનંદમયી-ની પ્રકૃતિ પણ આ પ્રકારની હતી. તેઓ ઘરમાં કામ કરતાં હોય કે, પતિ પાસે હોય ત્યારે પણ ભક્ત કવયિત્રી મીરાની જેમ 'મેરે તો ગિરધર ગોપાળ દૂસરો ન કોઈ' એ ભાવ એમના મનહૃદયમાં સતત ગૂંજ્યા કરતો હતો. એમને મન ઈશ્વર એજ સર્વસ્વ હતું અને એટલે જ એમનામાં ભક્તિ અને અધ્યાત્મનું ઝરણું સતત વહ્યા કરતું હતું. તેઓ સુખના કે દુઃખના





પ્રસંગે સતત આનંદમય રહેતાં હતાં. આધ્યાત્મિક આદર્શથી મનુષ્યના મનમાં જેટલો ઉત્સાહ અને આનંદ મળે છે, તેટલો કોઈ આદર્શથી મળતો નથી.

પરણીને સાસરે આવ્યા પછી પણ નિર્મલાસુંદરીની ભાવદશામાં કોઈ જ પરિવર્તન ન આવ્યું. ઘરનું કામ કરતાં કરતાં જ્યારે તેઓ સમાધિલીન બની જતાં, ત્યારે ઘરનાં લોકો ચિંતામાં પડી જતાં. કેટલાંકને ભૂતપ્રેતની છાયાનો આભાસ થતો, તો કેટલાક તેમને 'વાઈ'નું દર્દ છે. તેમ સમજતાં. જેઠાણી અનેકવાર તેમને ટોકતી પણ ભાવાનંદમાં તેઓ બધું જ ભૂલી જતાં, વિષય - વાસનાથી પર હોવાથી તેઓ પતિને શારીરીક સુખ આપી શક્યાં ન હતાં. પતિ રમણીમોહન (ભોળાનાથ) અનેકવાર નિર્મલાસુન્દરીની વાસના જાગ્રત કરવા પ્રયત્ન કરતા, પરન્તુ એ વખતે નિર્મલાનું શરીર ઉષ્માપૂર્ણ થવાને બદલે શીતળ થઈ જતું. જેના સ્પર્શથી રમણીમોહન પણ નિર્વિકાર બની જતા..! તેઓ જાણે કોઈ મડદા સાથે અથવા તો કોઈ બાળકની પાસે સૂતા હોય એવો ભાવ અનુભવતા હતા.

કેટલીક સ્ત્રીઓએ 'મા'ને પ્રશ્ન કર્યો : ''પતિ તથા અન્ય સઘળાં શું આપની આગળ સમાન છે ?'' ત્યારે મા કહેતાં : ''હા, બધા જ સરખાં. છતાં જ્યાં જે ભાવ પ્રગટ કરવાની જરૂર પડે ત્યાં તે પ્રમાણે થઈ જાય છે.'' (પૃઃ ૨૬)

સંસારના સુખ વિશે તેઓ કહેતાં : 'સંસારનું સુખ મેળવવા પ્રયત્ન કરીએ તો ખોવાઈ જવું પડે. હું જે સુખની વાત કરું છું. તેને પકડી ના શકાય. તે એની મેળે આવે તેમ જ હંમેશને માટે ટકી રહે. અહીં આનંદ પ્રયત્ન સાપેક્ષ નથી. આનંદ એ તો સ્વભવ છે. વિષયનો આનંદ પ્રયત્ન સાપેક્ષ તેમજ તે ખંડ તથા ક્ષણ સ્થાયી છે. જ્યારે સચ્ચિદાનંદનો આનંદ ચિરસ્થાયી છે.... આપણે સંસારમાં જે આનંદ મેળવીએ છીએ. તેનાથીયે વિશેષ સ્થાયી આનંદ આપણી અંદર જ છે.' (પૃ:૧૨૨) ગૃહસ્થધર્મ વિશે તેઓ કહે છે : 'આપણે ગૃહસ્થ ધર્મનું પાલન બરાબર ક્યાં કરી શકીએ છીએ ? અગાઉ ચાર આશ્રમો હતા. તેમાં પહેલું હતું બ્રહ્મચર્ય, તે હાલમાં નથી જ એમ કહીએ તો ચાલે. એના ન રહેવાથી બધા જ આશ્રમોમાં ગોટાળા થઈ ગયા છે. ગૃહસ્થનો અર્થ હું ગૃહને હસ્તગત કરવાનું સમજુ છું....પણ ગૃહે આપણને હસ્તગત કરી લીધા છે.'(પૃ:૧૨૨)

ધીરે ધીરે રમણીમોહનને પત્નીની ભવ્યતાનું અને આધ્યાત્મિકભાવનું ભાન થવા લાગ્યું અને તેમને પત્નીમાં શક્તિના દર્શન થવા લાગ્યાં. માં આદ્યશક્તિ જગદંબા સાક્ષાત બિરાજતાં હોય તેવી અનુભૂતિ થવા લાગી. પત્ની તેમના માટે 'માતા આનંદમયી' બની ગયાં અને તેઓ માના શિષ્ય બની ગયા. માએ તેમને 'ભોળાનાથ'નામ આપ્યું અને યોગસાધનાની અલૌકિક સિદ્ધિઓનો અનુભવ કરાવ્યો.





મા આનંદમયીનો આનંદ અને રસ ઈન્દ્રિયોના વિષયોમાં નહિ, પણ તેથી પર રહેલો હતો. તેઓ સતત ઈન્દ્રિયાતીત અનુભવોની અનુભૂતિ કરતાં હતાં. અતિન્દ્રિય ભૂમિકાને કાયમની પ્રાપ્ત કરવા સતત ચિંતન કરતાં હતાં અને સતત અધ્યાત્મરત રહેતાં હતાં. જે લોકોને અધ્યાત્મચિંતનમાં અપૂર્વ આનંદ પડતો તેમને ખાળવાનો કોઈને અધિકાર નથી. સુખની કલ્પના મનની સંસ્કારિતા પર આધાર રાખે છે. એટલે જ તો નિર્મલાસુન્દરીના પતિએ પત્નીમાં શક્તિના દર્શન કરી તેમનું શિષ્યત્વ સ્વીકાર્યું.

મા આનંદમયી પાસે બાળકો આવે ત્યારે તે બાળક જેવાં થઈ જતાં અને તેમની સાથે હસીમજાક કરી લેતાં. જ્યારે કોઈ આધ્યાત્મિક વ્યક્તિ મળવા આવે ત્યારે તેઓ ધર્મ અને અધ્યાત્મની ચર્ચા કરતાં. કોઈ ખરાબ વ્યકિત મળવા આવે ત્યારે તેઓ તેમને ગમે તેવી વાતો કરતાં હતાં. તેમનું વ્યકિતત્વ હંમેશાં આનંદમય લાગ્યા કરતું. તેઓ કહે છે : ''ક્ષુદ્ર એવાં કીડા-પતંગિયાથી માંડીને અનંત બ્રહ્માંડ પણ હું છું.'' (પૃ : ૫૭)

ઈ.સ. ૧૯૨૩-૧૯૨૬ દરમિયાન એકવાર જયારે બાજીતપુરમાં મા આનંદમયીની મૌન સાધના ચાલતી હતી, ત્યારે તેઓ એકાએક ભાવાવેશમાં આવી જઈ મંત્રોચ્ચાર કરવા લાગ્યાં :

''એહિ ભાવનાયં ભાયં એહિ યં યં તાનિ,
તા યં ભાવામયં ભવભય હરણં હે...''

માએ ક્યારેય પણ સંસ્કૃત ભાષાનું શિક્ષણ મેળવ્યું ન હતું. તેમના મુખમાંથી મંત્રવાણી નીકળતી સાંભળી ભક્ત અને શિષ્યો તો આશ્ચર્યચકિત થઈ ગયા.

જેના મનોજગતમાં આધ્યાત્મીક ચિંતન સતત ચાલતું હોય છે. એને મન ધર્મ કર્મ પ્રત્યે કે સંપ્રદાય પ્રત્યે કોઈ જ અંતર હોતું નથી પરંતુ તે તો માત્ર ઈશ્વરમાં જ શ્રદ્ધા રાખે છે, પછી એ ઈશ્વર, અલ્લાહ હોય, ઈશુ હોય, જરસ્થોસ્થ હોય કે યહુદી હોય એમાં કોઈ જ ભેદભાવ હોતો નથી. બાઈબલમાં કહ્યું છે : ''મનુષ્ય કે જેને તમે જોયો છે, જાણ્યો છે, તેને જો તમે ચાહી નહીં શકો તો પછી ઈશ્વર કે જેને તમે નજરેજોયો કે જાણ્યો નથી, તેને તો તમે ચાહી જ શી રીતે શકશો ?'' અર્થાત્ કે માણસના ચહેરામાં જો તમને ઈશ્વરની ઝાંખી નહિ થાય, તો પછી આકાશના વાદળામાં કે જડ પદાર્થની બનાવેલી અચેતન મૂર્તિમાં તો ઈશ્વરના દર્શન ક્યાંથી થશે ?

જેનું મન આધ્યાત્મિક ચિંતનમાં હોય તેને મન મંદિર, મસ્જીદ, ગુરુદ્વારા કે અગિયારીમાં કોઈ જ ભેદ હોતો નથી. એક વખત મા આનંદમયીના શાહબાગ (ઢાકા) નિવાસ દરમિયાન મા તેમના ભક્તો અને શિષ્યો સાથે કીર્તન કરી રહ્યાં હતાં, તેની બાજુમાં જ એક મસ્જીદ આવેલી હતી. કીર્તન કરતાં કરતાં મા આવેશમાં આવી ઊભાં થઈ ગયાં. અને મસ્જિદ તરફ ચાલવા લાગ્યા. ભક્તો અને શિષ્યો પણ તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યા. મસ્જિદમાં





જઈ મા કુરાનની આયાતો -કલમો-પઢવા લાગ્યાં અને વ્યવસ્થિત રીતે નમાજ પઢવા લાગ્યાં....!!

ગુરુ કરવા વિશે તેઓ કહે છે : 'જેની ઉપર તમને સૌથી વધુ શ્રદ્ધા હોય, જેની આગળ તમારાથી નતમસ્તક બની જવાય તેને સૌથી વધુ ગુરુ તરીકે સ્વીકારી લેજો. તેમની વાતોનું વિચાર્યા વિના પાલન કરજો, જો તમે કોઈ અન્યને ગુરુ કર્યા ન હોય તો... આ ગુરુ તમને હાથ ઝાલીને ભગવાનની પાસે પહોંચાડી દેશે. એટલે જ તેઓ જે કહે, તેનું પાલન કરવું એ જ તમારું કર્તવ્ય ગણાશે. (પૃ:૧૭૨)' 'સદગુરુ મેળવવા હોય તો વિશુદ્ધ પ્રયત્ન જોઈએ... ગુરુ શક્તિનું જ્યાં સુધી જ્ઞાન પ્રકટ ન થાય, ત્યાં સુધી નિજસ્વરૂપના અનુભવની વિશેષ યાત્રા જ નથી આરંભાઈ, એટલે જ પોતાની એકધારી ગતિપ્રાપ્ત થતી નથી. પ્રાકૃત ગતિથી જ સાધના ચાલે છે.. મનુષ્યનું કર્તવ્ય છે : તીવ્ર, તેજસ્વી, ગતિશીલ બનવા માટે હંમેશા પ્રયત્ન કરવો, સદગુરુ મેળવવાનો પ્રયત્ન વિશુદ્ધ હોય તો કેવી દોડી આવે છે? તે રીતે જો સદ્ગુરુની ઈચ્છા કરીએ તો તેમણે - ગુરુએ - આવવું જ પડશે.' (પૃ:૧૬૯,૧૭૦)

શાહબાગના જંગલમાં એક ચમત્કારી શક્તિપીઠ-સિદ્ધેશ્વરીનું કાલીમંદિર - કેટલાંય વર્ષોથી અજ્ઞાત અને અપૂજ અવસ્થામાં હતું. મા એક દિવસ (પતિ) ભોળાનાથ સાથે ત્યાં પહોંચી ગયાં અને મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી ત્યાં યોગસાધના કરવા લાગ્યાં.

શ્રી શ્રી મા આનંદમયી વ્યવહારું, આધ્યાત્મિક અને જીવનને ઉજાગર કરનારાં ખરા અર્થમાં સંત હતાં. જે આધ્યાત્મિક જ્ઞાન એમણે મેળવ્યું તે જીવનમાં ઉતાર્યું. એટલું જ નહિ,એ જ્ઞાન એમણે એમના અનુભવ દ્વારા આપણી સમક્ષ મૂક્યું. આત્મ સાક્ષાત્કાર પામેલા આ સંત પરમકૃપાળુ પરમાત્માના પરમ પ્રકાશમાં એકાકાર બની ગયાં. તેમ છતાં મા એક સામાન્ય માણસની જેમ બધાં સાથે વ્યવહાર કરતાં હતાં.

એકવાર ભીમપુરા (ચાણોદ, તા.ડભોઈ, જી. વડોદરા) આશ્રમમાં શ્રી મા આનંદમયી બીમારી પડી ગયાં. રાત્રિના સમયે પવનપુત્ર હનુમાનજી માના ખબર-અંતર પૂછ્વા આવ્યા અને સવાર સુધી આશ્રમના પ્રવેશ દ્વાર પાસે આવેલા વૃક્ષ પર બેસી રહ્યા. સવારે શ્રીમાએ ભક્તોને કહ્યું : ‘‘પ્રવેશદ્વાર પાસેના વૃક્ષ પર શ્રી હનુમાનજી બેઠા છે. તેમને સુખડીનો ભોગ ધરાવો.’’ ભક્તોએ સુખડીનો ભોગ ધરાવ્યો. શ્રી હનુમાનજી સુખડી આરોગી ચાલ્યા ગયા. આશ્રમમાં સૌને સુખડીનો પ્રસાદ વહેંચ્યો. શ્રીમાએ પોતે પણ પ્રસાદ લીધો. બે-ચાર કલાકમાં જ તેમની બીમારી દૂર થઈ ગઈ.

કુન્ડલિની જાગ્રત કરવા વિશે તેઓ કહે છે : ‘‘જે અખંડ શૂન્યતા પ્રાપ્ત કરે છે તેની પાસે વિશ્વનું કોઈ રહસ્ય ગુપ્ત રહેતું નથી.’’







કુન્ડલિની શક્તિ જાગ્રત થવાની સાથે સાથે જ બધી ગ્રંથિઓ ભેદાવાની શરૂઆત થાય, તેમજ એ ગ્રંથિભેદની સાથે કેવળ વિવિધ સ્વરૂપોના જ દર્શન થાય એવું નથી, પણ ઘણી અલૌકિક શક્તિઓ મેળવાય છે. એ સઘળી શક્તિઓને ખૂબ ગોપિત રાખવી પડે. પ્રગટ કરવા જતાં ધર્મ (આધ્યાત્મીક) માર્ગે અગ્રેસર ન થવાય તેમજ શક્તિઓ પણ લોપાઈ જાય.’’ (પૃઃ૧૯૪)

ક્યારેક ભાવમગ્ન થઈ શ્રીમા પોતે જ પોતાની પૂજા કરતાં અને મસ્તકપર પુષ્પો ચઢાવતાં. ભોળાનાથ પણ શ્રીમાની પૂજા અર્ચના કરતા.

સુપ્રસિદ્ધ શક્તિ સાધક પંડિત ગોપીનાથ કવિરાજ શ્રીમાના પરમ ભક્ત હતા. તેઓ કહેતા કે : ‘‘શ્રીમા સિદ્ધ પણ નથી ને સાધક પણ નથી, તેઓ તો પૂર્ણતઃ ભાવમૂર્તિ છે !’’

શ્રી શ્રીમા મન વિશે કહે છે : ‘‘એકબીજાનો સંગ કર્યા સિવાય બને તેટલા સ્થિર થઈ એકાંતે બેસો અને શરીરને પથ્થરની જેમ સ્થિર કરવાનો પ્રયત્ન કરો. અસ્થિર થવાનો જેમ મનનો સ્વભાવ છે, સ્થિર થવાનો પણ મનનો જ સ્વભાવ છે. મન પણ પૂર્ણ આનંદને ઈચ્છે છે. એક જગ્યાએ સ્થિર બેસીને કામ કરવાની જરૂર છે. પોતાને ઓળખો એટલે બધું થાય. બધામાં એક એક પુસ્તક છે. પોતાને વાંચવાનો પ્રયત્ન કરો. તે વાંચશો એટલે અન્ય કોઈ બાબતે શંકા નહિ જાગે કે પ્રશ્ન રહેશે નહિ.’’ (પૃઃ૨૫૨)

સાથે સાથે આપણે સત્સંગ વિશે માના વિચારો જાણીએ. ‘‘સત્સંગ કરવો એ સરળ સીધો રસ્તો છે. સત્સંગ એ પરમાનંદ પ્રાપ્તિનો રસ્તો ખોલી આપે છે. વિચારધારાની વિકૃતિ જ તો દુર્ઘટના છે.જ્યાં ભગવત્ ચિંતન, સત્સંગ હોય ત્યાં એક્સિડેન્ટ ન થાય. જ્યાં દુનિયા પણ હોય, તેમજ જ્યાં નામસ્મરણ પણ હોય જ્યાં ભૂત પણ રહે,વળી, ભગવાનની માગણી, ત્યાં તો દુર્ઘટનાની શક્યતા ખરી. સમજ્યા ! સાધકની બીજી ચિંતા,બીજી રીતે જ વિઘ્ન એક્સિડેન્ટ વિવિધ પ્રકારની વિભૂતિઓ પણ પેદા કરે છે. વિભૂતિનો ઉપયોગ કરતાં ન આવડે તો સાધક બ્રહ્મલોકમાં જઈને પણ પાછો ફરે છે.’’ (પૃઃ૨૫૩)

તારીખ :૨૭મી ઓગષ્ટ ૧૯૮૨ના રોજ શ્રી શ્રીમા આનંદમયી પોતાની દેહલીલા સંકેલી ચિર ભાવસમાધિમાં લીન થઈ ગયા અને ભક્તો માટે ભાવમૂર્તિ બની ગયાં.

□







# ૩૯. પૂજ્ય મા હરેશ્વરી દેવી

(ઈ.સ.૧૯૬૪)

પૂજ્ય મા હરેશ્વરીદેવીનાં દર્શન કરતાં જ અંદરના બધા જ કમાડ ખૂલી જાય છે. તેઓશ્રીની મુલાકાત દરમિયાન તેમણે કહ્યું : ‘‘સ્વસ્થ દેહ અને પ્રસન્નમન ઈશ્વરનું મંદિર છે.’’ પોતાના ક્રાંતિકારી વિચારો દ્વારા પોતાનું વ્યક્તિત્વ પ્રકટ કર્યું છે. કોઈપણ ધર્મ,સંપ્રદાય, વાદની કંઠી બાંધી નથી. કે આવાં માધ્યમોનો સહારો લઈને કે શાસ્ત્રોનો સહારોલઈને વાતકરી નથી. આધુનિક ચિંતકને એ પોષાય પણ નહિ. હા, જરૂર જણાય ત્યાં જ પોતાના વિચારોને પુષ્ટિ મળે તે માટે અને લોક માનસ પોતાના વિચારોને સરળ રીતે સમજી શકે તેટલા પૂરતું જ તેઓશ્રીએ ધર્મ શાસ્ત્રનો ચિંતકોનો અને આર્ષદૃષ્ટાઓના વિચારોને પોતાની રીતે આધ્યાત્મિક ચિંતન દ્વારા અને અનેક પરિમાણીય દૃષ્ટિકોણથી રજૂ કર્યા છે.એ દ્વારા ધાર્મિક ક્ષેત્રે, આધ્યાત્મિક ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે, આરોગ્ય ક્ષેત્રે,સાહિત્ય ક્ષેત્રે પોતાના ક્રાંતિકારી વિચારોને પ્રકટ કર્યા છે એટલું જ નહિ, પોતાના કાર્ય દ્વારા સમાજમાં મૂકી આપ્યાપણ છે.

આવા વૈચારિક,ક્રાંતિના પ્રણેતા અને તત્વચિંતક મા હરેશ્વરીદેવીનો જન્મ તારીખ : ૨૪-૦૬-૧૯૬૪ને અષાઢી બીજના પવિત્ર દિવસે સૌરાષ્ટ્ર પંથકમાં આવેલ તીર્થ સ્થળ અને ભગવાન

સહજાનંદ સ્વામી તેમના જીવનનો મહત્તમ કાળ જ્યાં ગુજાર્યો છે તે ગઢડા (સ્વામીના) મુકામે બ્રાહ્મણ પરિવારમાં થયો. બાળપણથી જ આ બાલિકામાં બ્રહ્મતેજના દર્શન થતા હતાં. ભગવો રંગ ઓઢીને અવતરેલી આ બાલિકામાં અધ્યાત્મિકરંગ ઘેરો બનતો ગયો તેનુંય એક કારણ છે. તેમનું કુટુંબ આધ્યાત્મિક અને ભક્તિના રંગે રંગાયેલું. વળી, જૈન સાધુઓ અને સાધ્વીજીઓ તેમના પિતાને ત્યાં વ્હોરવા માટે આવે. આ સાધુઓ અને સાધ્વીજીઓને જોઈને તેમનામાં વૈરાગ્યવૃત્તિ બળવત્તર થવા લાગી. મનમાં એક નિશ્ચય પાકો થવાલાગ્યો. તેમના ઘરની નજીક સ્વામિનારાયણ મંદિર, અહીં સંતો અને બાઈજીઓને જોઈ તેમનામાં વૈરાગ્યવૃત્તિ તીવ્ર થવા લાગી. મીરાબાઈએ કહ્યું છે તેમ તેમને : ‘‘સંસારીનું સુખ કાચું ઝાંઝવના નીર જેવું’’ વળી, ‘‘ઓઢ્યો છે કાળો કામળો દુજો ડાઘ ન લાગે કોઈ.’’ એવી ભાવના બળવત્તર થવા લાગી. બાળપણથી જ સાવ સાદું જીવન જીવવાની ટેવ. શૃંગાર પ્રતિ અમોને ધોરણ દસ પાસ કર્યા પછી ચૌદ વર્ષની વયેજીવનની સીમાઓથી ઉપર ઊઠવાનો મનોમન નિર્ણય કરી સત્તર વર્ષની વયે તેનો અમલ કર્યો. દોઢ વર્ષ સુધી આકાશની ઓઢણી અને ધરતીની પથારી કરી પર્ણકુટી બાંધી ઈશ્વરની પ્રાપ્તિ માટે એકાંત વાસ કર્યો અને ત્યાં ધ્યાન, ચિંતન, મનન, અભ્યાસ,







નિદિધ્યાસન ઉપરાંત કઠોર સાધના પદ્ધતિના પરિપાકરૂપે અંતરનો અવાજ સાંભળી આત્મકલ્યાણ અને સમાજકલ્યાણ માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરવાનો નિર્ણય કર્યો. ચૌદમા વર્ષે ગૃહત્યાગ કર્યા પછી દસ વર્ષ સુધી વિદ્યાભ્યાસ - શાળાકીય અભ્યાસ - છૂટી ગયો. પરંતુ આપણા વૈદિક ગ્રંથો, રામાયણ, મહાભારત, ભાગવત,દેવી ભાગવત, શ્રીમદ ભાગવદ ગીતાનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. દસ વર્ષ સુધીની પરિપક્વ સાધના અને તપશ્ચર્યા પછી ફરીથી શાળાકીય અને મહાવિદ્યાલયમાં અભ્યાસ શરૂ કર્યો. મહારાજા સયાજીરાવ યુનિ. માંથી એમ.એ. થયાં. હિન્દીના મુખ્ય વિષય સાથે સને ૧૯૯૯માં ‘માનસ મેં નિહિત ભક્તિ એવં દર્શન કા અનુશિલન’ વિષય લઈને મહાનિબંધ લખ્યો. અને પીએચ.ડી.ની ઉપાધી પ્રાપ્ત કરી.

હું તેઓશ્રીને મળવા ગયો ત્યારે તેઓ ‘શ્રીમદ્ રાજચંદ્રજી : જીવન અને કથન’ પુસ્તક વાંચી રહ્યાં હતાં. તેમના આસન પાછળ એક વાક્ય વાંચવા મળ્યું જે મને બહું જગમી ગયું : ‘જીવનમાં જે મળે છે તે સંબંધો બાંધવાથી મળે છે, તોડવાથી ખાસ મળતું નથી.’ આવા વૈચારિક ક્રાંતિના પ્રણેતાને મળતાં જ આપણામાં રહેલ સાંસારિક વાસનાઓ ઓગળી જાય છે.

ધર્મના શાબ્દિક અર્થો અને પરંપરાગત ધાર્મિક અર્થો, માન્યતાઓનો છેદ ઊડાડીને પોતાના મૌલિક અને ક્રાંતિકારી વિચારોને તેઓશ્રીએ તેમની વાણીના ઉદ્‌ઘોષ દ્વારા પ્રકટ કર્યા છે. તેઓ કહે છે : ''જેમ શરીરની સ્વસ્થતા માટે મગજ, હૃદય,ફેફસાં, કિડની અને લીવર આ પાંચ અવયવો અનિવાર્ય છે. એવી જ રીતે ધર્મ, અધ્યાત્મ, શિક્ષણ, સંસ્કૃતિ (સાહિત્ય) અને આરોગ્ય આ પાંચ અંગો સ્વસ્થ અને આનંદમય જીવન જીવવા માટે અનિવાર્ય છે.'' એ વિચારોને માત્ર વિચાર સુધી સીમિત ન રાખતાં સમગ્ર સમાજને નવજીવન બક્ષવાનો શુભ સંકલ્પ અને પ્રયાસ પણ આરંભ્યો છે. સેવાનાં આ પાંચ અંગો દ્વારા પ્રેમ, કરુણા, સહાનુભૂતિ,સેવા અને સમર્પણ ભાવનાને પણ ધર્મનો એક ભાગ ગણે છે. ધર્મને તેઓ ક્રિયા કાંડ, કંઠી,માળા, તિલક, પૂજા, અને સંપ્રદાયો પૂરતો મર્યાદિત ન ગણતાં પ્રાચીન - વેદકાલીન - ઋષિઓના વિચારોનો જાણે કે જિર્ણોદ્ધાર કરી રહ્યાં હોય તેમ શારિરીક અને માનસિક શુદ્ધિ માટેના આચાર - વિચાર અને નીતિ-નિયમો ઉપરાંત પ્રેમ અને પરોપકાર જેવા ગુણો વડે આત્મસંતોષ પામવાની પ્રક્રિયાને પણ ધર્મ ગણી મંદિર ઉપરાંત વિવિધ સમાજ સેવાકીય પ્રવૃત્તિઓને ધર્મ સાથે સાંકળી લેવાની વિચારધારાને તેમણે પ્રવાહિત કરી છે.





માના આધ્યાત્મિક વિચારો કેટલા ક્રાંતિકારી છે અને તેમણે ગૃહસ્થાશ્રમની જે વ્યાખ્યા બાંધી છે તેમાં પણ તેમના આધુનિક વિચારોને પુષ્ટિ મળે છે : ''ગૃહસ્થાશ્રમ એ શ્રેષ્ઠ આશ્રમ છે. ભગવાનને અવતાર લેવા માટે પણ ગૃહસ્થામનો જ આશરો લેવો પડ્યો છે. પણ ગૃહસ્થાશ્રમમાં જે બદી છે. તેને નિર્મૂળ કરવાની જરૂર છે. સમાજમાં માનસિક રીતે પીડાતા એવા વર્ગને શરાબ, સુંદરી, માંસ અને અન્ય વિકૃતિઓ તરફ જતા બચાવવાના છે. વૃત્તિઓનું સમન કરવાનું છે. બીજું કે ધ્યાન, યોગ અને જ્ઞાનયજ્ઞો (સત્સંગ) માં આધ્યાત્મિકતાનાં મૂળ છે અને આ કલ્પવૃક્ષને પુનઃ પલ્લવિત, પુષ્પિત તથા સુફલિત કરવા વૈચારિક ક્રાંતિનાં જળ સિંચનની જરૂર છે.''

પૂજ્ય મા હરેશ્વરી દેવીએ તો સમાજની સાંપ્રત સમસ્યાઓ અને આવશ્યકતાઓને પુષ્ટિ મળે તે માટે અધ્યાત્મને સરળમાં સરળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. આપણા વેદ અને ઉપનિષદની ભાષા લોકો માટે અઘરી લાગતાં તેમાં બતાવેલા પરમ આધ્યાત્મિક સત્યોને પોતાની સરળ બાનીમાં ભાવકો સમક્ષ મૂકી આપ્યા છે.

ધ્યાનનું મહત્વ સમજાવવા એમણે ''ૐ સર્વાત્મને નમઃ'' મંત્ર સાધકોમાં પ્રવાહિત કર્યો છે. સાધક શિષ્યોને આત્મીય બળ મળે અને સાધનાનું સાતત્ય જળવાય તે હેતુથી સાધકવર્ગ માટે

ચિંતન અને સાધના શિબિરોનું આયોજન પણ મા ડૉ. હરેશ્વરી દેવી કરે છે. આ રીતે પૂજ્ય માનું આધ્યાત્મિક સાન્નિધ્ય પણ પ્રાપ્ત થાય છે. માએ તો એમના અનુભવનું અમૃત એમની આર્ષદષ્ટિ દ્વારા લોકોને આપ્યું અને પોતાની ક્રાંતિકારી વાણીનો ઉદઘોષ કરી લોકોના વિચારોમાં પરિવર્તન લાવ્યાં છે. આ સહેલું નથી, ઘણી મથામણને અંતે લોકોના મનમાં પ્રવેશી શકાય છે.

જ્યારે કોઈ વિચાર કે પ્રણાલીનું ખંડન કે સ્થાપન થાય છે ત્યારે લોકો તેનો તરત જ સ્વીકાર કરતા નથી. કેટલાક મૌન રહે છે, તો કેટલાક પરંપરાવાદીઓના મનમાં જૂની પ્રણાલી કે પરંપરાને તોડવાની હિંમત હોતી નથી.તેથી જ તો ધંધાધારી ભૂવાઓ, દોરા - ધાગા, માદળિયાં કરનારાઓને બાધા - આખડી આપનારાઓ મોકળું મેદાન મળે છે. લોકોના મનમાં ભયનું વાતાવરણ પેદા કરી પોતાનું કલ્યાણ કરતા હોય છે. આ પ્રવૃત્તિ લોકમાનસને બગાડે છે. પરંતુ ક્રાંતિકારી સંતો લોકોના મનમાં રહેલ શંકાઓને અને ભયને નિર્મૂળ કરી લોક કલ્યાણની પ્રવૃત્તિ કરે છે. આ પ્રવૃત્તિને બૌદ્ધિકો, વૈચારિક દૃષ્ટિકોણ ધરાવનારાઓ અને જેમને કશુંક નૂતન અને નવનિત પ્રાપ્ત કરવું છે તેવા લોકોએ ડૉ. હરેશ્વરી દેવીના વિચારોનો સ્વીકાર કર્યો છે કારણ કે, બૌદ્ધિક લોકો 'મા' ની પારદર્શકતાને એ કશુંક નવું આપવાની ભાવનાને પામી ગયાં છે. આવા લોકોએ મા ના વિચારોને એમના ક્રાંતિકારી શબ્દને સ્વીકાર્યો છે.







ડૉ. મા હરેશ્વરી દેવીના શબ્દનું બળ એટલું બધું છે કે, જે વિષય ઉપર પોતાનું વકતવ્ય આપે તેમાં પરંપરાનો છેદ ઊડાવીને નૂતન શબ્દનો આવિષ્કાર કરે છે અને એ દ્વારા ધર્મ, સાહિત્ય, અધ્યાત્મ, કળા, સંસ્કૃતિ લોકમનસનું આરોગ્ય અને લોકોના શારિરીક આરોગ્ય વિશે ચિંતન કરી એક નવો જ અભિગમ સમાજ સમક્ષ લઈ આવ્યાં છે. પૂજ્ય માની પરમચેતના દ્વારા અનેક આત્માઓની ચેતનાનું રૂપાંતર અને ઉર્ધ્વિકરણ થાય તે હેતુથી આત્મસાધના કેન્દ્રોની સ્થાપના કરી પ્રત્યેક વર્ગ સુધી પોતાના ક્રાંતિકારી વિચારો પહોંચે અને સમુચિત માનવચેતનાને આધ્યાત્મિક લાભ મળે તેવા પ્રયત્નો પણ તેઓ કરી રહ્યાં છે. તેમના, ક્રાંતિકારી અને તેજાબી વિચારોને પ્રકટ કરતાં પુસ્તકો કે જેમાં ધર્મ, અધ્યાત્મ, મનોવિજ્ઞાન, સમાજસેવા, કવિતા જેવા અનેક પુસ્તકો પ્રકટ થયેલ છે. જેમાં મુખ્યતઃ (૧) 'ગુરુપૂર્ણિમાને ધાર્મિક લૂંટ.' આ પુસ્તકમાં ગુરુ અને ચેલા વચ્ચે અને ધાર્મિક ક્ષેત્રોમાં થતાં માનવીય શોષણ વિષય પર તેમણે પોતાના ક્રાંતિકારી વિચારોને પ્રકટ કર્યા છે. (૨) 'હનુમાન ચાલિસા એક અભિનવ દર્શનઃ' આ પુસ્તકમાં કેટલાક પારંપરિક પ્રશ્નોની છણાવટ કરી છે : સ્ત્રીઓથી હનુમાન ચાલિસાનો પાઠ કરાય કેમ ? હનુમાનજીની ઉપાસના

થાય કે કેમ ? બ્રહ્મચર્ય એટલે શું ? મહાવીર એટલે શું ? સેવક, દૂત અને ભક્ત કેવો હોવો જોઈએ ?વગેરે પ્રશ્નો પર પોતાના મૌલિક અને તેજાબી વિચારો પ્રકટ કર્યા છે. (૩) 'ભક્તિયોગઃ' આ પુસ્તકમાં શ્રીમદ ભગવદ્ગીતાના ૧૨ મા અધ્યાયમાં વર્ણવેલા ભક્તોના લક્ષણો ઉપર ટીકા-ટીપ્પણ કરી છે. આ ગ્રંથો ઉપરાંત એમની અંદર જીવતા કવિએ કેટલીક કવિતાઓ પણ લખાવી છે તેવાં પદ્ય પુસ્તકો : (૧) 'સ્પર્શ' ગુજરાતી ગઝલ સંગ્રહ. આ ગઝલો વાંચતા તેમનો ભગવો રંગ વધુ ઘેરો થતો જણાય છે. તેમની ગઝલનો એ સંદર્ભે આ શેઅર :

કેટલું તપતી હશે મધ્યાહનમાં સંધ્યા,
નહિ તો આટલી રંગીન ક્યાંથી હોય ?

તેઓશ્રીનો બીજો કાવ્યસંગ્રહ : 'મોહિની સુધા' જે હિન્દી ભાષામાં છે. જેમાં ધનાક્ષરી, ભુજંગી, ત્રિભંગી, સવૈયા વગેરે છંદોમાં પૌરાણિક કથાવસ્તુ લઈને ભકિતપરક કાવ્યો લખ્યાં છે. (૩) 'વિઠ્ઠલ સ્મરણિકા' જેમાં ભક્તિરસ પ્રચુર ૧૦૮ સોરઠાઓ વાંચવા મળે છે. (૪) 'હરેશ્વરી દેવી ભાગવતઃ' આ પુસ્તકમાં ૧૮૦૦૦ શ્લોકોનું સંક્ષિપ્તીકરણ કરી પ્રાકૃતભાષામાં ચોપાઈઓ પણ લખી છે. (૫) તેમનો હિન્દી નઝમ સંગ્રહઃ 'ઝર્રે ઝર્રે સે પ્યાર'







માં સુફીવાદને પ્રકટ કર્યો છે. (૬) 'અનુભૂતિ' એ તેમનો દ્વિતીય ગુજરાતી ગઝલ સંગ્રહ છે. (૭) 'મૈં મૈં માનવ કયું કરતા'માં હિન્દી કવિતા છે. (૮) 'યારી' એ હિન્દી સુફીવાદી નઝમોનો સંગ્રહ છે. તેમજ (૯) 'મૃત્યુ તો હૈ મોક્ષદ્વાર' મૃત્યુના રહસ્યને ઉજાગર કરતી અને મૃત્યુના ભયથી સામાન્ય મનુષ્યને મુક્ત થવાની પ્રેરણા આપતી હિન્દી કવિતાનો સંગ્રહ. (૧૦) માતૃવાણી પુસ્તકમાં ધાર્મિક અને ચિંતન પ્રવૃત્તિનાં ૧૦૦ જેટલાં ભજનો છે.

આમ, પૂજય માએ લોક માનસમાં નવીજ ચેતનાની જ્યોતિ પ્રકટાવવા અનેક પુસ્તકોનું સર્જન કર્યું છે.

પૂજ્ય મા હરેશ્વરી દેવીએ : ''નિષ્કામ કર્મની પ્રત્યંચા પર વ્હાલની વાંસળી વડે બ્રહ્મ પ્રતિ...'' ગતિ કરવાનો બ્રહ્મબોધ પણ કરાવ્યો છે.

આજે સમાજમાં સંગઠનનો અભાવ, ફૂટફાટ અને ઘૃણાનું વર્ચસ્વ છે. જાતિ અને પેટા જાતિની ભ્રમજાળમાં ફસાઈ આ સમાજે પોતાની જાતને હજારો ટુકડામાં વહેંચી દીધી છે. એક ટુકડો બીજા ટુકડાને સ્પર્શ કરવા ઘૃણા કરતો હોય છે. અહીં તો કુટુંબોના ટુકડા થયા છે. પરિવારોમાં વૈચારિક મતભેદોને કારણે ઝઘડા થતા રહે છે. પતિ, પત્ની, સંતાનો વચ્ચે વૈચારિક ઐક્ય જોવા મળતું નથી.

એવા નાજુક સમયે પૂજ્ય મા આપણ સૌને પરસ્પર હળીમળી વિચાર વિનિયમનીટેવ પાડવાની સલાહ આપે છે. પોતાના ભૂતકાળ અને ભવિષ્યનું ચિંતન કરી જાતને અજવાળી ઉજળી કરવાનું કહે છે.જો આમ બને તો પ્રાપ્ત થાય છે પરસ્પર પ્રેમ, એકતા અને સંગઠનનો મહિમા, એકબીજાની ઉન્નતિ, પ્રગતિ અને સર્વાંગી વિકાસ. જે અવિવેકી કારણ આપણી એકતામાં, વિચારોમાં,શાંતિમા અવરોધરૂપ થાય તે કારણને ફેંકી દો. વ્યકિત અને વ્યક્તિત્વ વિકાસનો આ ઉત્તમ માર્ગ છે.

પૂજ્ય મા ડૉ. હરેશ્વરી દેવીએ દહેજ પ્રથા દૂર કરવા અને લગ્નવિધિના આકરા ખર્ચાઓને નાથવા સમૂહ લગ્નોની પ્રથા અપનાવી છે. તો એસ.એસ.સી.બોર્ડમાં પ્રથમ વિદ્યાર્થી અને એચ.એસ.સી. બોર્ડમાં સાયન્સમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીનેતેમજ મ.સ. યુનિ. વડોદરામાં એમ.એ. હિન્દી ફર્સ્ટકલાસ ફર્સ્ટ વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક દર વર્ષે અર્પણ કરે છે. તો સાહિત્ય, સંગીત, અને કળાના ક્ષેત્રમાં વિવિધ, કાર્યક્રમોનું અવાર નવાર આયોજન કરે છે અને વિવિધ પ્રતિભાઓને સુવર્ણ ચંદ્રક અર્પણ કરી પ્રોત્સાહિત કરે છે. પૂજ્ય માની ‘યુગ શક્તિ મા ડૉ.







હરેશ્વરી દેવી સંસ્થાન’ દ્વારા અવારનવાર ચશ્મા શિબિર, દંતયજ્ઞ, નિદાન યજ્ઞ, ફિઝિયોથેરાપી, એક્યુપ્રેશર, પોલિયો, બહેરાશ નિવારણ વગેરે કેમ્પોનું આયોજન કરે છે. જેમાં નિષ્ણાંત ડોક્ટરો નિઃશુકલ સેવા આપે છે. કુદરતી આફતોને સમયે આ સંસ્થા અગ્રેસર રહે છે. પૂજ્ય મા ડૉ. હરેશ્વરી દેવીએ સને ૧૯૮૮માં જૂનાગઢમાં અને સને ૧૯૯૩ માં વડોદરામાં પણ સંસ્થાની સ્થાપના કરી પોતાના સેવા કાર્યોનો વિકાસ કર્યો છે.

□